पंचमहाल ना आदि वासियो 30002
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચમહાલના આદિવાસીઓ

જયંતીલાલ મણિલાલ મલકાણ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

४४ग / १८

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

aj Foundation C

પંચમહાલના આદિવાસીઓ — જયંતીલાલ મલકાણ

Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CH 1973
Initial

४४ ग
वद
३०००२

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

ओ३म्
पुस्तक संख्या ४४ ग / वद
पञ्जिका संख्या ३०००२

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મહાદેવ દેસાઈ સ્મારકમાળા પુ૰ ૪

પંચમહાલના આદિવાસીઓ

(આર્થિક અને સામાજિક તપાસ)

જયંતીલાલ મણિલાલ મલકાણ

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ – ૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૧૪
મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ – ૧૪

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૨૫૦

સવા બે રૂપિયા

ઑક્ટોબર, ૧૯૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

શ્રી મહાદેવ દેસાઈ સ્મારક ટ્રસ્ટની મદદથી વિદ્યાપીઠમાં શ્રી મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય ઈ. સ. ૧૯૪૭થી ચાલે છે. તેના વિદ્યાર્થીને, પોતાના અભ્યાસના એક વિષય તરીકે, પોતે પસંદ કરેલા કોઈ એક પ્રશ્નની તપાસ કરીને તે ઉપર નિબંધ લખવાનો હોય છે. તેવા નિબંધોમાંથી છપાવવા યોગ્ય નિબંધો આ માળામાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. ભાઈ જયંતીલાલ મલકાણ સને ૧૯૫૨માં સ્નાતક થયા, તે અંગે તેમણે આ નિબંધ તૈયાર કર્યો હતો. તેનાં પરીક્ષકો તરીકે, દાહોદના ભીલ સેવા મંડળના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ જીવણજી નાયક અને મધ્ય પ્રદેશમાં ત્યાંની સરકાર તરફથી છીંદવાડામાં ચાલતા આદિવાસી સંશોધન વિદ્યાલયના સંચાલક ડૉ. ઠાકોરભાઈ ભાણાભાઈ નાયક હતા. તે બંનેએ નિબંધને પાસ કરી બીજી શ્રેણીને લાયક ગણ્યો હતો અને કેટલાક સુધારાવધારા સાથે છપાવવા યોગ્ય માન્યો હતો. તે અનુસાર સુધારાવધારા કરીને આ નિબંધ બહાર પાડવામાં આવે છે.

પછાત કોમોને ઊંચે લાવવાનું કામ આપણા લોકશાહી પ્રજાતંત્રનું ધ્યેય છે. એટલે પછાત ગણાતી કોમોના જીવનનો અભ્યાસ થાય અને તેમની ઉન્નતિના માર્ગો વિચારાય એ જરૂરી છે. એ દૃષ્ટિએ, પંચમહાલના ભીલોનું જીવન સમજવામાં આ પુસ્તક મદદરૂપ થશે એવી આશા છે.

આ નિબંધને તૈયાર કરવામાં માર્ગદર્શક તરીકે અને પછીથી તેને સુધારવામાં શ્રી ડાહ્યાભાઈએ સારી પેઠે રસ લઈને મદદ કરી છે. તેની પ્રસ્તાવના પણ લખી આપી છે. તેઓ સ્નાતક થયા પછી આજીવન ભીલ સેવાના કામમાં પડેલા છે. તેથી આવું પુસ્તક પ્રસિદ્ધ થાય તેમાં તેમને રસ હોય એ સ્વાભાવિક છે. એ રીતે તેમણે આ કામમાં ઉત્સાહપૂર્વક મદદ કરી છે. પુસ્તકમાં વાપરવા માટે ભીલ સેવા મંડળે તૈયાર કરાવેલા બ્લૉક પણ આપ્યા છે. આ સર્વ મદદની અહીં સાભાર નોંધ લેવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન	૩
	પ્રસ્તાવના— શ્રી ડાહ્યાભાઈ નાયક	૫
૧.	હિંદના આદિવાસીઓ અને તેમનું જીવન	૩
૨.	સુધારાની પ્રવૃત્તિઓ	૨૪
૩.	ભીલો	૨૯
૪.	ભૌગોલિક સ્થિતિ	૬૭
૫.	જમીન અને તેનો ઉપયોગ	૭૨
૬.	ખેતીવાડી	૭૯
૭.	જમીન અને તેના પ્રશ્નો	૯૨
૮.	ભીલ મજૂરો	૧૦૮
૯.	ખેતી અંગેનું ધીરાણ	૧૧૧
૧૦.	સહકારી પ્રવૃત્તિ	૧૨૦
૧૧.	આર્થિક સ્થિતિ	૧૨૬
૧૨.	દેવું	૧૩૬
૧૩.	દારૂબંધીની અસર	૧૪૧
૧૪.	ભીલ સેવા મંડળ	૧૪૫
૧૫.	ઉપસંહાર	૧૫૫

ચિત્રો

આકૃતિ ૧ શ્રી અમૃતલાલ ઠક્કર (ઠક્કરબાપા)	૩
„ ૨ સને ૧૯૧૮–૧૯ના દુકાળનાં દૃશ્યો	૪ (આગળ)
„ ૩ બાણધારી ભીલ	૪ (પાછળ)
„ ૪–૫ ભીલોનો પહેરવેશ	૪૨
„ ૬ દાહોદ–ઝાલોદ તાલુકાનો નકશો	૬૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

"પંચમહાલના આદિવાસીઓ" નામના નિબંધ ઉપર પ્રસ્તાવના લખવાની મને વિદ્યાપીઠ તરફથી સૂચના કરવામાં આવી, ત્યારે તે સૂચના મેં કંઈક સંકોચ સાથે સ્વીકારી. સંકોચ તો એટલા માટે કે શ્રી. મલકાણે આ નિબંધ તૈયાર કરવામાં મારી થોડી ઘણી મદદ લીધી હતી. ઉપરાંત આ નિબંધના બે પરીક્ષકોમાંનો હું એક હતો. નિબંધમાં ભીલ સેવા મંડળના કાર્યનું નિરૂપણ પણ થયેલું છે, એ પણ સંકોચનું એક કારણ ખરું. છતાં આ કામ મેં સ્વીકારી લીધું તે એટલા માટે કે, ગુજરાતી ભાષામાં ગુજરાતમાં રહેતી આદિવાસી કોમો ઉપર બહુ જ ઓછું સાહિત્ય લખાયું છે. ગુજરાતના માનવવંશશાસ્ત્રીઓ અને સમાજસેવકોએ આ દિશામાં આજ સુધી કંઈ પ્રયત્ન કર્યો નથી, તે એક દુઃખદ બીના છે. આ સ્થિતિમાં આ નિબંધ ખૂબ આવકારપાત્ર ગણાય. આ નિબંધ ગૂજરાત વિદ્યાપીઠના સ્વ. મહાદેવભાઈ સ્મારક સમાજસેવક મહાવિદ્યાલયની સ્નાતકની પરીક્ષા અંગે શ્રી. મલકાણે તૈયાર કર્યો છે. નિબંધમાં પંચમહાલના ભીલો અંગે સારી એવી માહિતી આપવામાં આવી છે. તેમની સામાજિક અને આર્થિક સ્થિતિની ઠીક સમાલોચના કરી છે. ભીલ સેવા મંડળે કરેલા સફળ અખતરાઓની પૂર્વ ભૂમિકા ઉપર કેટલાક ઉપાયો સૂચવવામાં આવ્યા છે. ભીલોના રીતરિવાજો, રહેણીકરણી, તેમની ધાર્મિક માન્યતા વિષે પણ ઠીક સંશોધન કર્યું છે. તે જોતાં મને અને વિદ્યાપીઠની પુસ્તક પ્રકાશન સમિતિને લાગ્યું કે, આ નિબંધને વિદ્યાપીઠની ફાઈલમાં મૂકી ન રાખતાં તેને છપાવવો, જેથી ગુજરાતના આદિવાસીઓ ઉપર યતકિંચિત્ સાહિત્ય છે તેમાં એક સારો ઉમેરો થાય.

નિબંધ પરીક્ષા અર્થે એક વિદ્યાર્થીએ લખ્યો છે, એટલે એમાં ખામીઓ છે, કેટલીક હકીકતો અપૂર્ણ છે, અને કેટલીક યથાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરૂપમાં રજૂ થઈ નથી. એક આશાસ્પદ વિદ્યાર્થીએ ખૂબ મહેનત કરી તેને જે ઉપલબ્ધ થયું તેમાંથી તારવણી કરી નિબંધરૂપે રજૂ કર્યું છે, તે આવકારદાયક છે. આ નિબંધ આથી પણ વિશેષ માહિતીપૂર્ણ બીજા નિબંધોનો પુરોગામી થાય એવી આશા રાખવી વધુપડતી નથી. ને એમ જો થાય તો આની પાછળ જે મહેનત શ્રી. મલકાણે કરી છે તે સાર્થક થશે.

ગુજરાતમાં આદિવાસીઓની મુખ્ય જાતિઓ નીચે પ્રમાણે છે:

૧. ભીલ, ૨. ચોધરા, ૩. ધાણુકા, ૪. ધોડિયા, ૫. દૂબળા, ૬. નાયક – નાયકડા, ૭. પટેલિયા, ૮. વસાવા, ૯. રાઠવા વગેરે.

એમની વસ્તી સુરત, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સાબરકાંઠા ને બનાસકાંઠા જિલ્લામાં છે. આદિવાસીઓ મોટે ભાગે જંગલોમાં અને પહાડીમાં રહે છે. એટલે શ્રી. કાકાસાહેબે એમને ગિરિજનો – ભૂમિજનોનું નવું નામ આપ્યું છે, જે મને વધુ સારું અને વધુ યોગ્ય લાગે છે. જ્ઞાતિવાદનું જે ઝેર આપણા સમાજશરીરમાં ફેલાઈ રહ્યું છે તે ઝેરની તીવ્રતા આવા નામથી દૂર થશે એવું મારું માનવું છે. અહીં પ્રસ્તાવનામાં ગિરિજન શબ્દ એ કારણે બહુધા વાપરવામાં આવ્યો છે.

ગિરિજનોની વસ્તી ગુજરાતમાં નીચે પ્રમાણે છે :

જિલ્લો	સંખ્યા	જિલ્લો	સંખ્યા
૧. સુરત	૮૫૪,૪૦૫	૪. ભરૂચ	૨૬૩,૨૩૫
૨. પંચમહાલ	૪૭૦,૫૦૦	૫. સાબરકાંઠા	૭૧,૪૦૫
૩. વડોદરા	૨૦૮,૮૯૯	૬. બનાસકાંઠા	૩૭,૮૫૫

સાબરકાંઠા અને બનાસકાંઠા એ બે જિલ્લાઓમાં ભીલોની વસ્તી ઉપર જણાવેલ વસ્તીથી વધારે છે. પણ ભીલો પોતાની જાતને ગરાસિયાક્ષત્રિય તરીકે હવે ઓળખાવતા થયા છે. તેથી તેમ ગણાવનારાઓને 'અનુસૂચિત જનજાતિ' કોમોમાં (Scheduled Tribes) ગણવામાં આવ્યા નથી. ખેડા, અમદાવાદ, મહેસાણા અને અમરેલી જિલ્લાઓમાં તેમની વસ્તી બહુ જ જૂજ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલી મોટી વસ્તી જે કોમોની છે તે કોમોના રીતરિવાજો, રહેણીકરણી, ધાર્મિક માન્યતા, સંસ્કાર, આર્થિક પરિસ્થિતિ વગેરે બાબતો વિષે આપણું અજ્ઞાન ઘણું છે. તેમની સાથેનો આપણો સંબંધ શોષક વર્ગ અને શોષિત વર્ગનો જે સંબંધ હોય તે જાતનો છે. આ સંબંધ પ્રાચીન કાળથી ચાલતો આવ્યો છે. પણ હવે યુગપલટો આવ્યો છે. આજનો યુગ-ધર્મ છે: શોષિતોને શોષણમાંથી મુક્તિ આપવાનો અને અપાવવાનો, ઊંચનીચના ભેદ ટાળવાનો, વર્ગ વર્ગ વચ્ચેના ભેદ મીટાવવાનો, ગરીબ અને તવંગરના ભેદ દૂર કરવાનો. એ યુગધર્મના પ્રવાહ બળે સમાજનું ધ્યાન પહાડીઓમાં, ડુંગરોમાં અને જંગલોમાં રૂંધાઈ રહેલા સમાજના એક મોટા અંગ તરફ ખેંચાયું છે; અને તેના પરિણામે તેમની આર્થિક અને સામાજિક પરિસ્થિતિનું, તેમની રહેણીકરણી, તેમના રીતરિવાજોનું, તેમની ધાર્મિક માન્યતાઓનું, તેમની ઉપર બીજી સંસ્કૃતિઓની થયેલી અસર વગેરે બાબતોનું સંશોધન ચાલી રહ્યું છે. તેમાં એક નાની અંજલિરૂપે આ નિબંધ ગણાય. આ નિબંધ ફક્ત પંચમહાલના ગિરિજનો એટલે ભીલો ઉપર જ લખવામાં આવ્યો છે. પંચમહાલના ગિરિજન લોકોમાં ભીલ, નાયક અને રાઠવા મુખ્ય છે. ચાર લાખ અને સિત્તેર હજારની ગિરિજનોની વસ્તીમાં ભીલોની વસ્તી ચારેક લાખની ગણાય. એના ચોક્કસ આંકડા મેળવવા હવે શક્ય નથી. કારણ કે હવે વસ્તીગણત્રી પત્રકોમાં જાતિ કે કોમવાર વસ્તીના આંકડા આપવામાં આવતા નથી. પણ ભીલ જાતિ એ હિન્દુસ્તાનની ગિરિજન જાતિઓમાં અગત્યની જાતિ છે. એ જાતિ ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન ને મધ્યભારતમાં પથરાયેલી છે; ને તેની કુલ વસ્તી ૨૫ લાખ જેટલી છે. વસ્તીને હિસાબે સાંથાલ અને ગૌંડ પછી ભીલ જાતિ આવે છે. આ નિબંધ પંચમહાલના ભીલો ઉપર છે, નહિ કે, પંચમહાલના તમામ ગિરિજનો ઉપર. તેમની રહેણીકરણી, ધાર્મિક માન્યતાઓ અને સામાજિક જીવન, હિન્દની બીજી ગિરિજન જાતિઓની રહેણીકરણી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્મિક માન્યતા અને તેમનાં સામાજિક જીવનની સાથે ઘણે અંશે મળતાં હોવાથી નિબંધની પૂર્વ ભૂમિકારૂપ હિન્દની ગિરિજન જાતિઓ અને તેમના જીવનનું શ્રી. મલકાણે ઠીક ઠીક નિરૂપણ કર્યું છે. જુદા જુદા માનવવંશશાસ્ત્રીઓના અને ખાસ કરીને ડૉ. એલ્વિનનાં મંતવ્યો રજૂ કરી તે ઉપર ચર્ચા કરી છે. તેમના જીવનને ઊંચું બનાવવાને એ પ્રકરણને છેડે સુધારણાના સાચા માર્ગના શીર્ષક હેઠળ ઉપાયો સૂચવ્યા છે. થોડાં વર્ષો પહેલાં સમાજસેવકો અને માનવવંશ-શાસ્ત્રીઓ વચ્ચે ગિરિજનો પ્રત્યેની દૃષ્ટિમાં અને તેમને આધુનિક સંસ્કૃતિની અસર નીચે લાવવા કે નહિ તે અંગે મોટો મતભેદ હતો. માનવવંશશાસ્ત્રીઓનું માનવું હતું કે, આદિવાસી કોમોની સંસ્કૃતિના રક્ષણ અર્થે તેમને જુદા રાખવા જોઈએ. તેમને આધુનિક સંસ્કૃતિની અસર હેઠળ લાવવાથી તેમની જીવનશક્તિનો હ્રાસ થશે અને ધીમે ધીમે આખી પ્રજા નાબૂદ થશે. જ્યારે સમાજસેવકો જેના અગ્રણી પૂ. ઠક્કરબાપા હતા. તેમનું માનવું છે કે, આદિવાસી સંસ્કૃતિનાં તમામ સારાં લક્ષણોને સાચવી, બલ્કે તેનો વિકાસ કરવાના પ્રયત્નો કરી તેમને શિક્ષણ આપવું, તેમનામાં પ્રચલિત વહેમો દૂર કરવા, તેમની આર્થિક સ્થિતિની સુધારણા કરવી, અને એ રીતે હિન્દના વિશાળ સમાજમાં તેમને સમાવી લેવા જોઈએ. આજે તો એ મતભેદ રહ્યો નથી. ગિરિજન જાતિઓની સંસ્કૃતિનો નાશ ન થાય, બલ્કે તે સંસ્કૃતિનાં ઉત્તમ લક્ષણોનો વિકાસ થાય, એવી રીતે શિક્ષણ અને કેળવણી તેમને આપવી અને તેમના આર્થિક જીવનને સમૃદ્ધ બનાવવું જોઈએ એવું માનવવંશશાસ્ત્રીઓ કહે છે. ગિરિજનોને અલાયદા રાખવાથી તેમના પ્રશ્નોનો ઉકેલ આવશે નહીં, પણ જેમ શરીરનું એક અંગ બીજા અંગથી જુદું છે, છતાં તે શરીરનો એક અવિભાજ્ય ભાગ છે અને આખાએ શરીરના વિકાસ ઉપર જ તેનો વિકાસ અવલંબે છે, તેમ ગિરિજન જાતિઓ ભારતના એક વિશાળ સમાજના એક અવિભાજ્ય અંગરૂપ છે ને તે જાતિઓને જુદી પાડી શકાય નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો વિકાસ સમાજશરીરના વિકાસ ઉપર અવલંબે છે. ગિરિજન જાતિઓ જેટલી આર્થિક રીતે કે નૈતિક રીતે કે સંસ્કારિતામાં નબળી રહેશે તેટલી આખા સમાજની નબળાઈ રહેશે.

પ્રખ્યાત માનવવંશશાસ્ત્રી પ્રો. વિશ્વાસ તાજેતરના પોતાના ભાષણમાં જણાવે છે :–

'બધા કબૂલ કરે છે કે સંસ્કારમિશ્રણનું કામ આદિવાસીઓને લાભદાયી થાય એ રીતે ગોઠવાવું જોઈએ. આ દૃષ્ટિએ, પ્રજાના પછાત વિભાગના લોકોની ઉન્નતિ અર્થે હિંમતપૂર્વક યોજના કરીને તેમનામાં શાસ્ત્રીય અને ક્રિયાત્મક કેળવણી, ખેતીસુધારણાની નવી રીતો અને પેટા ધંધાઓનો પ્રચાર કરવા, અને રમતગમત, હરીફાઈઓ અને નાચગાન દ્વારા તેમનું જીવન ઘડવાને ઉત્તેજન આપવામાં આવે છે.*

આધુનિક સંસ્કૃતિ વગર વિચાર્યે લાદવાથી અથવા એ સંસ્કૃતિના દોષોના સંપર્કમાં આવ્યાથી ગિરિજન જાતિનો નાશ ન થાય તે માટે સાવચેત રહેવાનું છે. અમેરિકાના રેડ ઇન્ડિયનોની અને આપણા જ દેશના ટોડાની અને લંકાના વેડાની, જે કંગાલ પરિસ્થિતિ થઈ છે અને પરિણામે એ જાતિઓ વિનાશને આરે ઊભી છે, તેવું હવે ન થવું જોઈએ. માનવવંશશાસ્ત્રીઓએ કરેલ અનેક જાતિઓની સંસ્કૃતિનું અને તેમનાં લક્ષણોનું જે સંશોધન કર્યું છે તેનો પૂરો અભ્યાસ કરી સમાજ-સેવકોએ અને પ્રાંતિક સરકારોએ ગિરિજનોના જીવનને સર્વાંગીણ રીતે સમૃદ્ધ બનાવવાને યોજનાઓ કરવી જોઈએ, જેથી ગિરિજનો દેશના

---

* "It is recognised by all that this process of culture contact must be organised so as to benifit the tribal. Thus proper education both academic and practical, new methods of agriculture and subsidiary crafts and the building up of the people through dances, games, sports and contests are being encouraged in a bold plan to up-lift the backward section of the population."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વકાસમાં પોતાનો ફાળો આપે અને બીજાઓની સાથે હરોળમાં ઊભા રહે.

શ્રી. કાકાસાહેબ કાલેલકરે ત્રીજી અખિલ હિંદ આદિવાસી પરિષદના પ્રમુખ તરીકે પોતાના પ્રવચનમાં જે સૂચના કરી છે તેનો ઉલ્લેખ કરવો અસ્થાને નથી.

"જ્યારે જ્યારે આપણે ભૂમિજનો અને ગિરિજનોની સ્થિતિ સુધારવાનું કામ કરતા હોઈએ ત્યારે આપણે આપણા ખ્યાલો એમની ઉપર લાદવાનો પ્રયત્ન નહિ કરવો જોઈએ. આપણી પસંદગી અને કલ્પના મુજબના બીબામાં તેમના જીવનને ઢાળવાનો પ્રયત્ન નહિ કરવો જોઈએ. આદિવાસીઓ એ પ્રભુનું કલાત્મક સર્જન છે. આપણે તેમની સમક્ષ આધુનિક માણસની ઇચ્છા મુજબની બધી સગવડો અને આદર્શો મૂકીએ અને તેમાંથી તેમને ઠીક લાગે તે તેઓ પસંદ કરી લે. તેમને ગમશે તે તેઓ પસંદ કરશે. તેમને પસંદ ન પડે તેનો અસ્વીકાર કરવા તેઓ સ્વતંત્ર હોવા જોઈએ."*

પૂ. ઠક્કરબાપાએ ૧૯૨૨ ની સાલમાં જે દૃષ્ટિથી આદિવાસીઓના કલ્યાણકાર્યનો આરંભ કર્યો તે દૃષ્ટિ આજે માનવવંશશાસ્ત્રીઓએ અપનાવી છે તે એક સુખદ બીના છે.

---

* "Whenever we work for the betterment of the conditions of the BHUMIJANS and GIRIJANS we must not try to impress on them a shape of our own making. We should not try to mould them in a cast of our own liking and conception. The tribal people are an artistic creation of God. Let us place before them all the ideals and all the facilities desired by modern man and leave them to choose for themselves. They will assimilate whatever appeals them. They must be free to reject whatever they do not like."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મલકાણુ યથાર્થ રીતે નિબંધમાં નીચે પ્રમાણે રજૂ કરે છે:

"તેથી દરેક જાતિના આદિવાસીઓનું રાષ્ટ્રીય જીવન અમુક પ્રકારનું જ થવું જોઈએ એવો આગ્રહ રાખવો યોગ્ય નથી. તેમનાં અને આપણાં જીવન વધુ ઉન્નત બને એ રીતે એકબીજાના જીવનમાં ભળવું જોઈએ. પરસ્પર બંધુતા અને એકતાનો ભાવ નિર્માણ થવો જોઈએ. તેઓ પોતે પોતાને સમસ્ત દેશના એક નાગરિક તરીકે સમજે અને સમસ્ત દેશનું હિત યા અહિત વિચારી શકે. સમસ્ત સંકટોનો સામનો કરવા તૈયાર રહે અને રાષ્ટ્રના હિતમાં જ પોતાનું હિત સમજે. રાષ્ટ્રના નવઘડતરમાં એક નાગરિક તરીકે અમૂલ્ય ફાળો આપે. ઓછામાં ઓછો આટલી કક્ષાએ દરેક આદિવાસી પહોંચવો જોઈએ."

બીજા દેશોના ખ્રિસ્તી પાદરીઓએ આદિવાસીઓમાં જે કામ કર્યું છે તે પ્રશંસાપાત્ર છે. આ દેશના અનેક સમાજસેવકો માટે તેમણે દાખલો પૂરો પાડ્યો છે. શ્રી. મલકાણે ખ્રિસ્તી પાદરીઓને તેમની માનવ સેવા માટે અંજલિ આપી છે, તે યોગ્ય છે. પણ સાથે સાથે તેમની વટાળ પ્રવૃત્તિની ઠીક ઠીક ઝાટકણી કાઢી છે.

નિબંધમાં ભીલોનું મૂળ, તેમની રહેણીકરણી, ધાર્મિક માન્યતાઓ, વહેમો, સામાજિક જીવન ઉપર અભ્યાસપૂર્ણ સારી માહિતી આપી છે.

ભીલોના મૂળ વિષેના પ્રકરણમાં શ્રી. મલકાણે ઠીક છણાવટ કરી છે. ડૉ. મજમુદારે તે અંગે, શાસ્ત્રીય સંશોધન કર્યું છે તે બતાવે છે કે, ભીલો પ્રિડ્રાવિડિયન નથી. તેમનામાં આર્ય લોકોનું સારું એવું મિશ્રણ થયું છે. એ અનુમાન તારવવાને કારણો છે. તેઓ ગુજરાતી ભાષા બોલે છે. જેમ નાગા, સ્કંધ, મીકીર, સાંથાલ વગેરે આદિવાસીઓની ભાષાઓ જુદી છે, ને એ ભાષાઓને સંસ્કૃત, પ્રાકૃત કે કોઈ પ્રાદેશિક ભાષા સાથે સંબંધ નથી; તેમ ભીલની ભાષા જુદી નથી. આ હકીકત પણ ભીલો હિંદુ સંસ્કૃતિની સારી એવી અસર નીચે આવી ગયા છે, અને તેમનામાં આર્ય-લોહીનું સંમિશ્રણ છે એ અનુમાન તારવવાને સબળ કારણ આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું ખરું કે, તેમનું ભાષા ભંડોળ ઓછું છે. ઉચ્ચારની અશુદ્ધિને લીધે તેમની બોલી તેમનો પ્રથમ પરિચય કરનારને સમજમાં ન આવે. માળવી ને રાજસ્થાની બોલીના કેટલાક શબ્દો તેમની બોલીમાં જોવામાં આવે છે. કારણ કે, રાજસ્થાન ને માળવાની ગુજરાત તરફની સરહદના ભીલોની ગુજરાતીમાં રાજસ્થાની ને માળવી શબ્દો વધારે છે, અને એકબીજાનો સંપર્ક હોવાથી રાજસ્થાનીને માળવી શબ્દોનું મિશ્રણ થયું છે. પણ મુંબઈ, રાજસ્થાન અને મધ્યભારતમાં રહેતા તમામ ભીલોની ભાષા ગુજરાતી છે એ નિર્વિવાદ હકીકત છે. પ્રાદેશિક ભાષાની અસરને લીધે, રાજસ્થાન કે મધ્યભારતમાં રહેતા ભીલોની ગુજરાતી બોલીમાં તે તે પ્રાદેશિક ભાષાના શબ્દોનું સારું એવું મિશ્રણ છે. પણ આ વિષે વિશેષ સંશોધન થવું જોઈએ.

ભીલોના સામાજિક જીવન, રીતરિવાજો, ઉત્સવો વગેરેનું નિરૂપણ આ નિબંધમાં કરવામાં આવેલું છે તે યથાર્થ છે. આવું વિસ્તૃત નિરૂપણ પ્રથમ વાર જ થયું છે તે ધ્યાન ખેંચે છે. કોઈક સમાજસેવક ભીલોના સામાજિક જીવન ઉપર હજુ પણ વિશેષ સંશોધન કરે એ જરૂરનું છે. એક જ જિલ્લામાં રહેતા ભીલોને બદલે, જુદા જુદા પ્રદેશોમાં રહેતા તમામ ભીલોના ઉત્સવો અને રીતરિવાજોનું તુલનાત્મક નિરૂપણ થવું જોઈએ.

ભીલોની ધાર્મિક માન્યતા વિષે વિશેષ સંશોધનની જરૂર છે. ઇંદરાજની બાધા તેઓ માને છે, એ ઇંદરાજ ઇંદ્રદેવ તો નહિ હોય? વૃંદાવનના ગોપો ઇંદ્રની પૂજા કરતા હતા તેના અવશેષરૂપ તો ઇંદરાજની પૂજા ન હોય? આ એક અનુમાન છે. એ અનુમાનમાં સત્યનો કેટલો અંશ છે તે તો માનવવંશશાસ્ત્રીઓનું સંશોધન તારવી શકે. ભીલો અને ગુજરાતના આદિવાસીઓ હિંદુ ધર્મની અને સંસ્કૃતિની અસર નીચે આવી ગયા છે. હિંદુ ધર્મના ઉત્સવો અને તહેવારો તેઓ ઊજવે છે. વૃક્ષપૂજા, પિતૃપૂજા, ભૂતપ્રેતમાં માન્યતા વગેરે આદિવાસીઓની સામાન્ય ધાર્મિક માન્યતા તેમનામાં છે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધુનિક સંસ્કૃતિની અસર નીચે તેઓ વિશેષ ને વિશેષ આવતા જાય છે, અને તેમના વહેમો, જૂની માન્યતાઓ, રૂઢિઓ ઘસાતાં જાય છે એ શુભ ચિહ્‌ન છે. સમાજસેવાની સંસ્થાઓએ આ પરિવર્તનમાં ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે. વિશેષ આનંદની વાત તો એ છે કે, આ પરિવર્તનથી જેમ ડૉ. એલ્વિન માને છે તેમ બીજી સંસ્કૃતિની અસર નીચે આવવાથી તેમનામાં અંતર્ગત જીવનશક્તિનો હ્રાસ (Loss of nerve) થશે તેવું કંઈ થયું નથી. એનું એક જ કારણ એ છે કે, જે સમાજસેવાની સંસ્થાઓ ગુજરાતના આદિવાસીઓમાં કામ કરી રહી છે તે પૂ. ઠક્કરબાપાના ચીંધેલ માર્ગે આગળ વધી રહી છે.

ભીલોની આર્થિક સ્થિતિની તપાસણી શ્રી. મલકાણે કરી છે. પંચમહાલનો ભીલવિસ્તાર દુષ્કાળ પીડિત છે. દર ત્રણ વર્ષે એક વર્ષ નબળું હોય છે ને દર ચાર પાંચ વર્ષને આંતરે એક વર્ષ અછતનું કે દુષ્કાળનું આવે છે. સને ૧૯૦૧ થી આજ સુધીમાં ૧૬ વર્ષ અછત કે દુકાળનાં આવ્યાં છે. મુખ્યત્વે આ કારણથી ભીલની આર્થિક સ્થિતિ નબળી છે. આનાં બીજાં પણ કારણો છે, જે નીચે મુજબ છે: (૧) ઊંચી કે નીચી જમીન હોવાથી સતત ધોવાણને લીધે તેની ફળદ્રુપતા ઓછી છે. (૨) ખેતી કરવાની રીત પ્રાથમિક છે. (૩) શાહુકાર અને જમીનદાર વર્ગનું શોષણ પણ વધારે છે. (૪) ખેતીના સહાયક ધંધા તરીકે બીજો કોઈ ધંધો નથી, સિવાય કે જંગલની મજૂરી. (૫) ઢોરની ઓલાદ પણ હલકી છે. ભીલ ખેડૂત પ્રમાણમાં ઘણાં ઢોર રાખે છે ને તેથી ઢોર આવકનું સાધન નથી પણ ભારરૂપ છે; ને તેમાંય ખાસ કરીને દુષ્કાળના સમયમાં. (૬) ઇનામદારી ને તાલુકદારી ગામોની સંખ્યા પણ ઠીક ઠીક છે. ઇનામદાર ને તાલુકદાર શાહુકારનો ધંધો પણ કરે છે, અને ખેડૂતનું બે પ્રકારે શોષણ કરે છે. જમીન ફળદ્રુપ તો નથી જ, છે તેમાં વળી કુલ ખાતેદારોના અર્ધા જેટલા ખાતેદારો પાસે પાંચ એકર ને તેથી પણ ઓછી જમીન હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મલકાણે એવાં કુટુંબોની તપાસણી કરી તો જણાયું છે કે, જો તેઓ કેવળ ખોરાક ખાય, અને કપડાં વગેરે ન પહેરે કે ખરીદે, સામાજિક ખર્ચ એક પાઈનો પણ ન કરે તો તે ખુશીથી પોતાનું નગ્ન જીવન ટકાવી શકે. આદિવાસીઓની બહુધા આ જ સ્થિતિ છે. તેમને એમાંથી મુક્ત કરી તેમની આર્થિક સ્થિતિ સધ્ધર કરવાનું કામ ઘણું મોટું છે. જમીનનું માથા દીઠ પ્રમાણ જો વધારે હોય તો જીવન-નિર્વાહ સારી રીતે થઈ શકે, એમ શ્રી. મલકાણનું તપાસ અંગે સંશોધન થયું છે. પણ માથા દીઠ આજે આશરે એક એકર જમીન છે તેમાં ૫૦ ટકાનો વધારો કરવો એ અસંભવિત છે. માર્ગ એક જ છે કે ખેતીનું ઉત્પાદન વધારવું. એ ઉત્પાદન ખાતરના ઉપયોગથી, સારી ખેડ કરવાથી અને સારું બીજ વાપરવાથી થઈ શકે. સિંચાઈનાં સાધનો દ્વારા બે પાક તો જરૂર લઈ શકાય ને દુષ્કાળ કે અછતના સમયમાં એ સાધન દ્વારા તેનો ઠીક ઠીક સામનો કરીને તેની તીવ્રતા ઓછી કરી શકાય. પાળા બાંધી જમીનોનું ધોવાણ અટકાવી શકાય ને તેની ફળદ્રુપતા સાચવીને વધારી શકાય.

શાહુકારોના શોષણમાંથી બચવાને સહકારી પ્રવૃત્તિ એ જ એક તારણહાર ઉપાય છે. સહકારી પ્રવૃત્તિ આ પ્રદેશમાં સારી રીતે વિકાસ પામી છે અને તે પછાત પ્રદેશોને માટે એક આદર્શ ગણાય છે. એનો મોટા ભાગનો યશ ભીલ સેવા મંડળના કાર્યકર્તાઓને ફાળે જાય છે. એ પ્રવૃત્તિમાં ઊણપો છે જ, પણ એ ઊણપો જ્યાં સુધી સહકારી ધીરાણમાં ધરમૂળનો ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી રહેવાની છે. એ ઊણપોને લીધે સહકારી મંડળીનો સભાસદ પોતાની જરૂરિયાતો મંડળીમાંથી મેળવી શકતો નથી. રીઝર્વ બેન્કે તાજેતરમાં નીમેલી રુરલ ક્રેડિટ સર્વે કમિટીએ (Rural Credit Survey Committee) એ ઊણપોને દૂર કરવાને એક ક્રાંતિકારી ભલામણ કરી છે, જેનો સ્વીકાર રાજ્યની સરકારે કર્યો છે. એ સમિતિએ ભલામણ કરી છે કે, સભાસદની આંટ તેની માલિકીની જમીન ઉપર નહીં, પણ તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીનમાંથી તે જે ઉત્પન્ન લેતો હોય તેની ઉપર નક્કી થવી જોઈએ. જમીનની કિંમતને બદલે ખેડૂતની પ્રમાણિકતા અને તેની ઉત્પાદન કરવાની બુદ્ધિ-શક્તિ એટલે કે તેના બાહુબળ ઉપર તેની આંટ અંકાય એ ખરેખર ક્રાંતિકારી ફેરફાર છે.સાથે સાથે એની પેદાશનો સહકારી ધોરણે વિક્રય કરવાનું તંત્ર ઊભું થવું જોઈએ. એના પાકની ઉપર મંડળીનો બોજો રહેવો જોઈએ. આમ બધી રીતે ઉપાયો લેવાય તો જ સહકારી મંડળી ખેડૂત-સભાસદની તમામ વાજબી જરૂરિયાતો પૂરી પાડે. મતલબ કે સહકારી મંડળીને આજે જે રક્ષણ અને હક્કો મળ્યા છે તે સર્વે કમિટીની ભલામણ મુજબ વિસ્તારવાં જોઈએ.

શ્રી. મલકાણે કરેલાં સૂચનો ઉપરનાં સૂચનોની સરખામણીમાં કંઈક અવ્યવહારુ છે અને તેમણે દર્શાવેલી ઊણપોનો ઉકેલ એ સૂચનોમાં સારો બતાવ્યો છે એમ લાગે છે. અહીંની જંગલ મંડળીઓનો અખતરો પણ સારો ગણાય છે. ખેડૂતની શરાફી મંડળીઓ, ખરીદ વેચાણ ધંધો ને જંગલ સહકારી મંડળીઓનો જે અનુભવ થયો છે તે ઉપરથી એટલું તો ભારપૂર્વક કહી શકાય કે, આદિવાસીઓની આર્થિક સ્થિતિની સુધારણા માટે સહકારી પ્રવૃત્તિ એ રાજમાર્ગ છે.

દારૂબંધીથી પણ એમની આર્થિક સુધારણા સારી રીતે થઈ રહી છે, એટલું જ નહિ પણ, એમના જીવનમાં નવી આશા પ્રગટી છે. એમનું કૌટુંબિક જીવન આનંદભર્યું ને ઉલ્લાસભર્યું થયું છે; અને આદિવાસીઓના ધાર્મિક અને સામાજિક જીવનમાં દારૂ અનિવાર્ય છે એવી માનવવંશશાસ્ત્રીઓની રૂઢ થયેલી માન્યતાને જૂઠી ઠરાવી છે. આ બે તાલુકાના પોણા બે લાખ ભીલો દર વર્ષે આશરે રૂા. ૨૦ લાખ બચાવે છે, અને તે દારૂબંધીથી બચે છે એ ઘટના આશ્ચર્ય નહિ તો બીજું શું? મુંબઈ રાજ્યની સરકારે આદિવાસી વિસ્તારોમાં પણ દારૂબંધીને સફળ બનાવી છે એ તેની એ નીતિમાંની સબળ શ્રદ્ધાને આભારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મલકાણે ભીલ સેવા મંડળ વિષે સારો એવો ઉલ્લેખ કર્યો છે. ભીલ સેવા મંડળ ભીલોની કેળવણીવિષયક, આર્થિક અને સામાજિક સુધારણાનું કામ કરે છે એ પ્રશંસનીય છે.

સરકાર તરફથી બધા પછાત પ્રદેશોમાં જળસિંચાઈની યોજનાઓ અમલમાં આવી છે અને આવી રહી છે. કૂવાઓ મોટી સંખ્યામાં સર્વોદય કેન્દ્રના આશરા હેઠળ ખોદાઈ રહ્યા છે, ખેતીની સુધારણા માટે ઝડપી પગલાં લેવાઈ રહ્યાં છે, જમીનનું ધોવાણ અટકાવવાને પાળાઓ બાંધવાની પ્રવૃત્તિ પૂરજોરથી સરકારે ઉપાડી છે, જંગલનો વિનાશ થતો અટકાવવાને પગલાં લેવાઈ રહ્યાં છે, અને નવાં જંગલોનું પુનર્-નિર્માણ થઈ રહ્યું છે. અ.શ્રમો ને આશ્રમશાળાઓ મારફત કાર્યકર્તાઓ પણ તૈયાર થઈ રહ્યા છે. આ બધું જોતાં સ્વ૦ પૂ. ઠક્કરબાપાએ જે આશા રાખી છે તે આશા પરિપૂર્ણ થશે. એ આશા તે નીચેના શબ્દોમાં તેમણે વ્યક્ત કરી છે:

"આપણે પ્રાપ્ત કરેલા સ્વરાજના પાયા સંગીન બનાવી ગુજરાતના તમામ પછાત વર્ગોનું તેમનાં સુસંસ્કૃત ભાઈબહેનો સાથે ઝડપી એકીકરણ થશે."

ભીલ સેવા મંડળ,
દાહોદ, જિ. પંચમહાલ,
તા. ૧૩-૯-'૫૫

ડાહ્યાભાઈ જીવણજી નાયક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચમહાલના આદિવાસીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આકૃતિ ૧
શ્રી. અમૃતલાલ વિ૦ ઠક્કર (ઠક્કરબાપા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

હિંદના આદિવાસીઓ અને તેમનું જીવન

યુગો પહેલાં માનવસંસ્કૃતિ આજના કરતાં અનેક રીતે જુદી હતી, અને હજારો વર્ષો પછી આજના કરતાં ઘણી જ જુદી હશે. આવું સતત પરિવર્તન એ સમાજ શરીરનું એક લક્ષણ છે. તેથી નિરંતર પરિવર્તન થયા જ કરે છે. હજારો વર્ષથી આ પ્રમાણે ચાલ્યા જ કરે છે. પણ દુનિયાના ઇતિહાસમાં હજારો વર્ષનો કાળ કેવળ ક્ષણ સમાન જ છે. માનવસમાજના ઇતિહાસમાં, એક ક્ષણની પણ ક્ષણમાં ઘણાં ભારે પરિવર્તનો થયાં છે. આજનો સમાજ પોતાના અનેકવિધ ક્ષેત્રમાં પૂરઝડપે પ્રગતિ કરી રહ્યો છે. દુનિયાની કૂદકે ને ભૂસકે આગળ ધપતી પ્રગતિની સાથે આપણે ગુલામીને કારણે પ્રગતિ કરી શક્યા ન હતા, પણ હવે માર્ગ મોકળો છે; તેમાં કોઈ અંતરાય નથી. એટલે રાહ જોવાની જરૂર નથી; પણ સાથે સાથે બીજી કેટલીક મહત્ત્વની બાબતોનો ખ્યાલ કરવાનો છે. આપણા દેશનાં જંગલો, પહાડો અને ખીણોમાં હજી સદીઓ પહેલાંનો 'ગોકળ ગાય'ની ગતિએ પ્રગતિ કરતો સમાજ પડ્યો છે. તેને સાથે લીધા વગર આપણા દેશની કદી પ્રગતિ થઈ શકવાની નથી. વહેલામાં વહેલી તકે તેને આપણી સાથે કરી દેવો પડશે. તે વિના મળેલી આઝાદી કરમાઈ જશે. હજારો વર્ષ પાછળ પડેલાં, અજ્ઞાનતાના ખડકોમાં અટવાતાં, પછાત ગણાતાં અને શોષણ તેમ જ દુઃખથી પીડાતાં એ ગરીબ દુઃખી ૨½ કરોડ માનવપંખીડાંને ટૂંક સમયમાં આધુનિક પ્રગતિને આરે આણતાં હિંદના યુવાનોએ ખપી જવું પડશે.

ઠક્કર બાપાનું કાર્ય

આ અઢી કરોડ કુદરતનાં નિર્દોષ બાળકોનો દીન, દુઃખી અને કરુણ સાદ સાંભળનાર પૂ. ઠક્કરબાપા હતા. ભૂખ્યા તરસ્યા ભીલોને જોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનું હૈયું ભરાઈ આવ્યું. તેમનાથી એ દુઃખ સહન ન થઈ શક્યું. ૨૬ કરોડ માનવીઓનું દુઃખ તો કેમ સહન થાય! તેઓએ પોતાનું સમગ્ર જીવન તેમની સેવામાં ધર્યું અને અનેક યુવાનોને પ્રેરણા આપી. આજે તેઓ આપણી વચ્ચે નથી, પણ જંગલો અને પહાડોમાં વસતા આદિવાસીઓના ઝૂંપડેઝૂંપડેથી તેમનો આત્મા ભારતવાસીઓને દરિદ્રનારાયણની સેવા કરવા માટે પ્રેરી રહ્યો છે.

અત્યાર સુધી તો આપણે તેઓ પ્રત્યે બેદરકારી સેવતા આવ્યા છીએ. વર્ષોથી આગળ ધપતી સુધારાની અને પ્રગતિની કૂચ તેમને કાં તો જંગલો અને ડુંગરોમાં ધકેલતી આવી છે; અથવા તો કહેવાતા સુધરેલા સમાજમાં તેઓ મજૂર, લાકડાં ફાડનાર કે પાણી ભરનાર એવી હલકી કોમ તરીકે ઓળખાય છે.

સામાન્ય રીતે તેઓ વર્તમાન સમાજથી અલગ રહેતા આવ્યા છે. શહેરો અને ગામડાંઓથી દૂર દૂર આવેલા ડુંગરોના ઢોળાવો, ટોચો અથવા તો જંગલોથી ઘેરાયેલાં મેદાનોવાળા ભાગોમાં છૂટાંછવાયાં ઝૂંપડાં બાંધીને રહે છે; અને વર્ષોથી ચાલી આવતી જૂની સંસ્કૃતિ અને પરંપરાને અનુરૂપ જીવન ગુજારે છે.

બીજી સંસ્કૃતિઓના સંસર્ગથી અલગ પડી જવાને લીધે તેમનો સાંસ્કૃતિક વિકાસ બીજી સંસ્કૃતિઓ અને સમાજ જેટલો ન થઈ શક્યો. એ પહાડો, ખીણો અને જંગલોમાં રૂંધાઈ રહ્યો. પોતાના સામ્રાજ્યના પાયા મજબૂત કરવાના હેતુને કેન્દ્રમાં રાખી અંગ્રેજોએ તેમની આર્થિક યા સામાજિક સ્થિતિ સુધારવાના બહાના હેઠળ અનેક પ્રયત્નો કર્યા. તેમનાં જૂથોને તોડયાં. આદિવાસીઓના હકનું રક્ષણ કરતા કાયદા ઘડયા. બાકાત અને અર્ધબાકાત (Excluded and partially excluded) વિસ્તાર પાડયા અને આવાં રૂપાળાં બહાનાં હેઠળ પોતાનો સ્વાર્થ સાધ્યો. કુદરતનાં સંતાન સમા આદિવાસીઓ કાયદા, કોર્ટ, કરવેરા, જમીન-મહેસૂલ વગેરેના ખપ્પરમાં હોમાવા લાગ્યા. તેમની પાસેથી વેઠ લેવાની પદ્ધતિ શરૂ થઈ. ગુલામી, દુઃખ, દારિદ્ર અને ગરીબાઈથી તેઓ ઘેરાઈ ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આકૃતિ ૨ — દુકાળનું દૃશ્ય

સને ૧૯૧[illegible] ભીલોની
સેવા કરવાનો સંકલ્પ કર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આકૃતિ ૩ — બાણ એ ભીલોનું હંમેશનું સાથી હથિયાર છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીનની માલકી ગુમાવી. સામંતો, જમીનદારો અને અમલદારોની પજવણી વધી. ચોમેરથી તેમનું શોષણ થવા લાગ્યું. કરજના બોજા વધ્યા. તેમની સાથે હલકો અને અન્યાયભર્યો વર્તાવ થવા લાગ્યો. અને દારૂ જેવાં જીવનભક્ષક વ્યસનના શિકાર બન્યા. આમ સરકાર, શાહુકાર અને શરાબે તેમને ઘેરી લીધા. પરિણામે તેઓમાં ચોરી, લૂંટફાટ અને ખુનામરકી જેવા દુર્ગુણો પેદા. તેઓનું અનેક રીતે પતન થયું.

વસ્તી અને રહેઠાણ

આપણા દેશમાં આવા લગભગ ૨૩ કરોડ આદિવાસીઓ વસે છે. હિંદની કુલ વસ્તીના ૭૩ ટકા જેટલું તેમનું પ્રમાણ છે. જો બધા આદિવાસીઓને હિંદના એક જ ભાગમાં ખસેડવામાં આવે તો એક મોટો પ્રાંત બને. પરંતુ શહેરની સડકો અને ગંદી ગલીઓમાં ભટકતા માનવીને તેમનાં દર્શન ક્યાંથી થાય? જો તે હિંદનાં ગામડાં, જંગલો અને પહાડો વીંધીને મુસાફરી કરે તો આ ધરતીના પુત્રનાં દર્શન તેને હજારોની સંખ્યામાં થયા વગર રહેશે નહીં. તે તો કુદરતનાં નિર્દોષ સંતાન એટલે કુદરતની જ ગોદમાં રમે, તેથી તેમનાં દર્શન તો ત્યાં જ થઈ શકે. પણ દુર્ભાગ્યે આપણે તેમની એ કુદરત-દીધી ગોદમાં કાંટા પાથરી તેમના સુખી, સંતોષી અને કુદરતી જીવનને દુઃખ, વેઠ, ત્રાસ અને શોષણથી છિન્નભિન્ન કરી મૂક્યું છે.

આદિવાસીઓનું મૂળ

સારાયે ભારતવર્ષનાં જંગલો અને પહાડોમાં આદિવાસીઓ પથરાયેલા પડ્યા છે. ત્યાં તેમની અનેક જુદી, જુદી ટોળીઓ નજરે પડે છે. તેઓ એકબીજાથી જરા અલગ તરી આવે છે. મૂળે તેઓ કયા વંશના છે એ અંગે અનેક મતભેદ પ્રવર્તે છે. તે અંગે કોઈ એક ચોક્કસ નિર્ણય થઈ શક્યો નથી. હિંદી સરકારના એન્થ્રોપૉલૉજિકલ ડીપાર્ટમેન્ટના સંચાલક શ્રી. ગુહાનું મંતવ્ય કાંઈક વધુ સાચું લાગે છે. આદિવાસીઓના રહેઠાણને લક્ષમાં રાખી તેમણે ત્રણ પ્રકાર પાડ્યા છે: (૧) ઉત્તર-પૂર્વના (૨) મધ્યના અને (૩) દક્ષિણના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ત્યાંના આદિવાસીઓ મુખ્યત્વે ત્રણ જાતિના વંશજો છે એમ તેઓ માને છે: (૧) મૉંગોલૉઇડ (૨) પ્રોટો-ઑસ્ટ્રૉલૉઇડ (૩) નીગ્રોટો-લૉઇડ. આ ત્રણે વંશનાં તત્ત્વો આપણે ત્યાંના આદિવાસીઓમાં જોવામાં આવે છે. પરંતુ અનેક સૈકાઓથી વહેતા કાળ દરમ્યાન તેઓ અનેક જાતો અને ટોળીઓમાં વહેંચાઈ ગયા. પરિણામે તેઓ આજે એકબીજાથી ભિન્ન જણાય છે, અને તેઓ મૂળે કયા વંશના છે તે શોધવું અતિ મુશ્કેલ બન્યું છે.

હિંદુસ્તાન એ ઘણો પ્રાચીન મુલક છે. તેનો ઇતિહાસ હજારો વર્ષ પુરાણો છે. વેદમાં પણ આદિવાસીઓનાં રૂપ, મોં, રંગ વગેરેનું વર્ણન કરતા ઉલ્લેખો મળી આવે છે. ત્યાર પછી આર્યો સાથેના યુદ્ધમાં પણ આ જ લોકો હતા એમ મનાય છે. તેઓએ પોતાનાં સામ્રાજ્યો જંગલો અને પહાડોમાં વિસ્તાર્યાં હતાં. મધ્યકાલીન યુગમાં કેટલાય રજપૂત રાજાઓએ તેમની સહાય લીધાના ઉલ્લેખ પણ ઇતિહાસમાં મળે છે.

આર્થિક જીવન

આર્થિક દૃષ્ટિએ જોતાં તેમનું જીવનધોરણ ઘણું નીચું છે. તેમની જરૂરિયાતો ઘણી ઓછી છે. પોતાને જોઈતી વસ્તુ તે પોતે જ પેદા કરી લે છે એમ કહેવામાં અતિશયોક્તિનો દોષ નથી. તેમનો મુખ્ય ધંધો ખેતીનો છે. શિકાર કરવો, માછલાં પકડવાં, મધ વેચવું, જંગલમાંથી લાકડાં વીણવાં, ફળફળાદિ એકઠાં કરવાં, મજૂરી કરવી વગેરે તેમના સહાયક ધંધાઓ છે. તેઓ હજી ઘણા પછાત છે. ખેતી કરવાની પદ્ધતિ અને તેનાં ઓજારો પાછલી સદીઓમાં વપરાતાં તે છે. કેટલીક જગ્યાએ તો તેઓ સાવ વિચિત્ર ઢબે ખેતી કરે છે. ડુંગરના ઢોળાવો ઉપરનાં જંગલો બાળી તેની રાખમાં બી નાખે છે. આમ તદ્દન પ્રાથમિક દશાની પદ્ધતિ ઘણે ઠેકાણે પ્રચલિત છે. તેને અંગ્રેજીમાં 'શિફ્ટિંગ કલ્ટિવેશન' (Shifting cultivation) કહેવામાં આવે છે. આ પદ્ધતિથી જંગલો અને જમીનોને ભારે નુકસાન પહોંચે છે. માટે તે અટકાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતરિવાજો

હિંદમાં ગરીબમાં ગરીબ પ્રજા તરીકે હરિજનો ઉપરાંત આદિવાસીને પણ ગણી શકાય. તેનાં કારણોમાં આપણે અહીં ઊતરવા માગતા નથી. આદિવાસીઓની જીવનપ્રણાલિ પ્રાચીન કાળના એક નમૂનારૂપ છે. પ્રાચીન કાળની ઘણી વસ્તુઓ તેમના જીવનમાં આજે પણ જોવા મળે છે. પ્રાચીન કાળથી પરંપરાગત ચાલતા આવેલા ધર્મ, રીતરિવાજ, માન્યતા અને રૂઢિઓને તેઓ જાળવતા આવ્યા છે. તેઓ અનેક જાતનાં દેવ-દેવીઓ, ભૂતપ્રેતના વહેમો અને પશુ-બલિદાનોમાં શ્રદ્ધા ધરાવે છે. હિંદુ જાતિના ધર્મો અને રીતરિવાજો અને તેમના ધર્મો અને રીતરિવાજોમાં બહુ ઝાઝો ફેર નથી. તેમનું આર્થિક અને સામાજિક જીવન પણ ધાર્મિક ક્રિયાઓથી વણાયેલું નજરે પડે છે.

ઉચ્ચ ગણાતી હિંદુ કોમમાં લગ્ન જેમ એક પવિત્ર પ્રસંગ મનાય છે અને તેમાં છૂટાછેડા તેમ જ વિધવાવિવાહ અથવા પુનર્લગ્ન ઉપર પ્રતિબંધ હોય છે તેમ આ જાતિઓમાં નથી. અહીં તો પ્રેમલગ્ન, પુનર્લગ્ન, વિધવાલગ્ન, અપહરણ વગેરે પ્રચલિત છે. બાળલગ્નને સ્થાન નથી. નાચ, ગાન અને ઉત્સવોને ભારે મહત્ત્વ આપવામાં આવે છે. પ્રેમ, કંકાસ, લગ્ન, મરણ વગેરે પ્રસંગોનાં અનેક સમૂહગીતો અને ભજનો જોવા મળે છે. પણ તે ક્યાંય લખેલાં કે છાપેલાં નથી. તેમને પરંપરાથી તેઓ મોઢે રાખતા આવ્યા છે. આ પ્રણાલિકા આપણને વેદકાળની કાંઈક યાદ આપે છે.

ભાષા અને ભણતર

તેમની ભાષા પણ ખાસ પ્રકારની છે. તેના ઉપર સ્થાનિક અને પ્રાંતીય ભાષાની પણ અસર હોય છે. તેમાં દૂર દૂરની ભાષાના પણ શબ્દો ભળેલા હોય છે. બહારની પ્રજાના સંસર્ગને લીધે તે વધુ શુદ્ધ અને વ્યવસ્થિત બનતી જાય છે. પણ તેમની પાસે લિપિ નથી. અક્ષરજ્ઞાનથી તેઓ અપરિચિત છે. પણ, તેથી ત્યાં શિક્ષણસંસ્થાઓ નથી એમ ન કહી શકાય. અલબત્ત આધુનિક ઢબની નિશાળો નથી, પણ તેમના જીવનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુરૂપ એવી પ્રથાઓ શિક્ષણસંસ્થાની ગરજ સારે છે. મહાવાર્તાઓ, રામાયણો અને મહાભારતની વાર્તાઓ, તેમ જ તેમનાં ભજનો અને ગીતો તેમની શિક્ષણસંસ્થાઓ છે. તે દ્વારા તેમને તેમની સંસ્કૃતિનું અને ઊંચા જીવનનું દર્શન મળી રહે છે. તેમનું સામાજિક અને ધાર્મિક જીવન તેમની ઊગતી પેઢીઓને નાચગાનની કળાનો ભવ્ય વારસો સહજ રીતે અર્પે છે. પેઢીઓની પેઢીઓ સુધી વારસાગત શિક્ષણ મળતું રહે છે. એ શિક્ષણ તેમને તેમના સમુદાય પૂરતું જીવન ગુજારવા માટે પૂરતું છે; પણ આઝાદ હિંદના એક નાગરિક થવા માટે એ શિક્ષણથી સંતોષ માની શકાય તેમ નથી. તેમના જીવનને ઘેરી વળેલી, પહાડો અને જંગલોની દીવાલો હવે તૂટવા આવી છે. હિંદના આખાય રાષ્ટ્રજીવનમાં તેમણે એકરૂપ થવાનું હોવાને લીધે સમગ્ર હિંદને અનુરૂપ શિક્ષણ તેમણે લેવું પડશે; તેમ જ જીવન પણ આઝાદ રાષ્ટ્રના નાગરિકને છાજે તેવું બનાવવું પડશે.

દુનિયાના બીજા ભાગોમાં આજે પણ આદિવાસીઓ ક્યાંક ક્યાંક નજરે ચઢે છે. પણ જેમ જેમ તેઓ બીજી સુધરેલી પ્રજાના સંસર્ગમાં આવતા ગયા તેમ તેમ તેમની ઉન્નતિને બદલે અવનતિ થતી ગઈ. તેઓ સ્વતંત્ર મટી ગુલામ બન્યા. તેમનાં ઘરબાર તૂટ્યાં અને જીવન છિન્નભિન્ન થયું. તેમનો વંશ પૃથ્વીના પટ ઉપરથી નાશ પામવા લાગ્યો. જેમ કે અમેરિકાના 'રેડ ઇન્ડિયનો'. તેઓને અમેરિકામાંથી હઠાવતા હઠાવતા છેક અલાસ્કા સુધી લઈ જવામાં આવ્યા. જે પ્રજા એક સમયે આખા ઉત્તર અમેરિકામાં પથરાયેલી હતી તે પ્રજા આજે અલાસ્કામાં ગંધાયા કરે છે. પશુ કરતાં પણ તેમની સ્થિતિ કફોડી છે. દુનિયાના ઇતિહાસમાં આવાં અનેક દૃષ્ટાંતો પડ્યાં છે, જે માનવતાના ઇતિહાસને કલંકરૂપ છે. સદ્‌ભાગ્યે આપણા દેશમાં આટલી હદ સુધી ક્રૂરતા વ્યાપી નથી. આરણ્યક–પછાત પ્રજાઓને, માનવના આદિયુગના નમૂના લુપ્ત ન થઈ જાય તે માટે, આદિ દશામાં રહેવા દેવી જોઈએ એવો વિચાર ધરાવનારાયે પુરાતત્ત્વવાદીઓ આપણા દેશમાં પડ્યા છે. પણ તેમના પ્રયત્નોને હવે અવકાશ રહ્યો નથી. અત્યાર સુધી આદિવાસીઓના હિતાર્થે જે કાંઈ પ્રયત્નો થયા છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી તેમનું હિત થવાને બદલે અહિત અને પતન જ થયું છે. અને હજી પણ ચાલુ પ્રણાલિકાએ તેમનું હિત સાધવાના પ્રયત્નો કરતા રહીશું તો તેમની અવનતિ અને પતન થયાં જ કરશે, એવાં વિધાનો પણ કેટલાક વિદ્વાનોએ કર્યાં છે. તેમાં મુખ્યત્વે વેરિયર એલ્વિનનો સમાવેશ થાય છે. તેમના વિચારો કાંઈક નવીન અને વિચિત્ર લાગે છે. જોકે તેઓ એક અનુભવી વ્યક્તિ છે. તેઓએ ઘણાં વર્ષ સુધી આદિવાસીઓ વચ્ચે રહી કામ કર્યું છે.

સાચું પૂછો તો આદિવાસીઓને સુધારવા માટે આપણે પહેલાં કાંઈ કર્યું ન હતું. જે કાંઈ થયું હતું તે મિશનરીઓ અને સરકાર દ્વારા થયું હતું. તેમાંય તે સરકારે તો પોતાનો સ્વાર્થ સાધવા પૂરતા જ સુધારા કર્યા હતા. આદિવાસીઓના પતનમાં એ સુધારા એક કારણરૂપ બન્યા છે. પણ બીજું મહત્ત્વનું કારણ તો તેમનો બીજી પ્રજાઓ સાથે થયેલો થોડો પણ સંપર્ક છે, એમ કહેવામાં આવે છે. પરંતુ તે સંપર્ક સાચો અથવા માનવતાભર્યો સંપર્ક ન હતો, પણ સ્વાર્થી સંપર્ક હતો. પોતાના સ્વાર્થ પૂરતો મર્યાદિત હતો, તે સંપર્ક કેવળ તેમની અજ્ઞાનતાનો પૂરેપૂરો લાભ ઉઠાવી તેમનું અનેક રીતે શોષણ કરવાની દૃષ્ટિથી જ થયો હતો, નહીં કે તેમને આગળ લાવવા કે તેમનું દુઃખ દારિદ્ર ટાળવા.

વેરિયર એલ્વિનનો મત

આદિવાસી પ્રશ્નોના ઉકેલ સંબંધી વિદ્વાનોમાં બે વિચારસરણી છે: પહેલો વર્ગ જેના આગેવાન ડૉ. વેરિયર એલ્વિન છે. તેઓ એમ માને છે કે, જે આદિવાસીઓ આધુનિક સંસ્કૃતિની અસર નીચે આવ્યા નથી અર્થાત્ જેમને એ સંસ્કૃતિનો સ્પર્શ થયો નથી, જેઓ હજુ જંગલો અને પહાડોમાં જ વસે છે અને જેમનું મૂળ સમાજજીવન હજુ પણ જીવંત રહ્યું છે તેમને બીજી સુધરેલી સંસ્કૃતિની અસર નીચે લાવવા ન જોઈએ; પણ જે વાતાવરણમાં તેઓ આજ સુધી રહ્યા છે તે જ વાતાવરણમાં તેમનો વિકાસ ખૂબ સાવધાનીથી કરવો જોઈએ, કે જેથી તેમની સંસ્કૃતિ અને તેમનું સામાજિક જીવન છિન્નભિન્ન ન થતાં જળવાઈ રહે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો વર્ગ માને છે કે, આદિવાસીઓ પણ રાષ્ટ્રનું એક અંગ છે અને તેમને રાષ્ટ્રનાં બીજાં અંગોથી અળગા પાડી શકાય નહીં, કારણ કે એક અંગનો સામાજિક ને આર્થિક વિકાસ બીજાં અંગોના વિકાસ ઉપર અવલંબે છે. એક અંગને અલગ રાખવાથી અલગતાવાદ પેદા થવાનો ભય રહે છે ને એના સર્વાંગીણ વિકાસનું રૂંધન થવાનો પૂરો સંભવ રહે છે. આ બંને વિચારસરણીમાં સત્ય છે.

અત્યાર સુધી આપણે આદિવાસીઓને માટે જે કાંઈ કર્યું છે તે તેમના હિતની દૃષ્ટિથી જ કર્યું છે. એટલે આપણા કાર્યની પાછળનો હેતુ શુદ્ધ છે, પણ તેનું પરિણામ વિપરીત જ આવ્યું છે. હિત થવાને બદલે તેમનું અહિત જ થયું છે. તેમનાં જીવન ઉન્નત થવાને બદલે છિન્નભિન્ન થયાં છે. તેમનાં જીવનનો આનંદ વિકસવાને બદલે કરમાઈ ગયો છે, અને તેમનાં કુદરતી જીવન ચૂંથાઈ ગયાં છે.

તેમના નૈસર્ગિક જીવનમાં જરાય અંતરાય કે વિઘ્નરૂપ ન નીવડે એવો માર્ગ એમના કલ્યાણનો તથા ઉદ્ધારનો ગણી શકાય. લગભગ કાંઈક આવી મતલબનું ડૉ. વેરિયર એલ્વિન અને તેમના મિત્રોનું કહેવું છે. પણ તેનો અર્થ એવો પણ નથી કે, પુરાતત્ત્વવેત્તાઓની માફક આદિવાસીઓને બીજા સમાજોથી અલગ રાખવાની તે હિમાયત કરે છે.

પતનનાં કારણો

કેટલાય કાયદાઓ પણ એવા છે કે, જેમાં આદિવાસીઓનું હિત ઘવાયા વગર રહ્યું નથી. તે કાયદાઓથી આદિવાસીઓનાં જીવન પર શી અસર થશે તેનો જરાય ખ્યાલ રાખવામાં આવ્યો નથી. તેમનાં હિતોનું રક્ષણ કરવાના બહાના હેઠળ બ્રિટિશ સરકારે બાકાત અને અર્ધબાકાત વિસ્તારો જાહેર કરી તેનો વહીવટ ખાસ પ્રધાનને કે ગવર્નરને સોંપ્યો, પણ આ કાર્યો ગવર્નરો કરી શક્યા નથી. તેમની સંભાળ રાખવાની તેમને ફુરસદ પણ ન હતી. તેથી આદિવાસીઓના હિતનું રક્ષણ થયું છે એમ ન કહી શકાય. ઊલટું એ પદ્ધતિથી તેમનું પતન થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજ, સરકાર અને આદિવાસીઓ

બ્રિટિશ સરકારનો મૂળ ઉદ્દેશ પોતાના સામ્રાજ્યના પાયા વધુ મજબૂત કરવાનો હોવાથી, તેમના અનેક કાયદાઓથી સામંતો, શાહુકારો, જાગીરદારો અને જમીનદારોના હક વધતા ગયા. તેને પરિણામે આદિવાસીઓ તેમના સાણસામાં વધુ ને વધુ ભીંસાતા ગયા. અંતે પોતાના હાથમાંથી જમીન પણ ગુમાવી. તેઓ જમીનના માલિક મટી ગણોતિયા બન્યા. જેણે કદી જમીન જોઈ નથી એવા લોકો જમીનના માલિક બન્યા. અત્યાર સુધી જમીન એ એમનાં સ્થાયી અને સંતોષી જીવનનો આધાર હતી. તેના ખોળે બેસી જીવનનો અનેરો આનંદ લૂંટતા. હવે તેઓ જમીન અને માલમિલકત વગરના ગરીબ મજૂર બન્યા. તેઓ ગુલામ અને પરાધીન થયા. ગમે તેટલી મહેનત કરે તોપણ લૂખા રોટલા સિવાય બીજું કાંઈ જોવા ન મળે. તેની બધી મહેનતનો બદલો જમીનદાર યા શાહુકારને જ મળે. તે જીવાડે તો જ જીવી શકે. શાહુકારોએ તેમનું ચારેકોરથી લોહી ચૂસ્યું. તેમની પાસે મનગમતી વેઠ કરાવી. આ રીતે આદિવાસીઓ નિર્ધન અને કંગાળ બન્યા. નિર્બળ અને અપંગ બન્યા. તેમને માનવ તરીકે દુનિયામાં જીવતા રહેવાનું ક્યાંય સ્થાન ન રહ્યું.

સામાન્ય રીતે બધા જ આદિવાસીઓ પાસે જમીન ન હતી. કેટલાક જમીન વગરના પણ હતા. પરંતુ તેમને જમીનની જરૂર ન હતી. જંગલો અને ડુંગરો એ જ તેમનાં ઘર હતાં. એ જ તેમનું સર્વસ્વ હતું. સૈકાઓથી તેઓ પોતાને જોઈતી વસ્તુઓ તેમાંથી મેળવી લેતા. પણ જ્યારથી જંગલ અંગેના કાયદાઓ ઘડાયા ત્યારથી તેઓએ પણ સ્વાતંત્ર્ય ગુમાવ્યું. તેમને પ્રાણથી પણ પ્રિય એવાં જંગલો અને ડુંગરો છોડી ગામડાં-ઓમાં વસવું પડ્યું. જંગલ ખાતાના માણસોનો ત્રાસ વધ્યો. તેઓ પણ તેમની પાસે વેઠ કરાવવા લાગ્યા. આ પ્રમાણે ચારેકોરથી તેમના ઉપર દુઃખના ઓળા ચઢી આવ્યા. ડૉ. વેરિયર એલ્વિન આ કાયદાઓનું પરિણામ વ્યક્ત કરતાં કહે છે કે, "દરેક રીતે જંગલને લગતા કાયદાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદિવાસીના જીવનને વીંધે છે. તેના જીવનને મર્યાદિત કરે છે, હતાશ કરે છે અને તેના આત્મવિશ્વાસને હણે છે."*

મનુષ્યનું જીવન કોઈ ને કોઈ રીતે સંજોગોને અનુરૂપ થાય તો જ તે જીવી શકે. એટલા માટે મનુષ્ય જાણતાં અજાણતાં પણ કેટલેક અંશે કુદરત ઉપર વિજય મેળવીને અને કેટલેક અંશે તેને તાબે થઈને પોતાનું જીવન સંજોગોને અનુરૂપ કરે છે. જંગલો અને પહાડો વચ્ચે વસતા લોકોને સદા હિંસક પ્રાણીઓનો ભય રહે છે. તે ભયનો મુકાબલો કરવા તેમણે બાણ અથવા તીર શોધ્યું, અને તેને લઈને તે જંગલમાં નિર્ભય રીતે ફરી શકે છે. કેટલાય આદિવાસીઓ તો પોતાનું જીવન પણ શિકાર દ્વારા ચલાવે છે અને તે તેમના જીવનનો આધાર છે. પરંતુ દુર્ભાગ્યે કેટલાય ભાગોમાં હથિયારબંધી અને શિકારબંધી કરી તેમના આ હક પર પણ તરાપ મારવામાં આવી છે.

બીજા સમાજના સંપર્કથી જેટલું પતન થયું છે તેથી પણ અનેકગણું નુકસાન તો કોર્ટ અને વકીલોના સંસર્ગથી થયું છે. કેટલાય કાયદા હિંદુ કે મુસ્લિમ સંસ્કૃતિને લાગુ પડતા હોય છે. તે જ કાયદા આદિવાસીઓની સંસ્કૃતિ સાથે મેળ ખાતા નહીં હોવા છતાં પણ, તે જ કાયદાઓ તેમને સમાન રીતે લાગુ પાડવામાં આવ્યા હોવાથી તેમને ભારે હાનિ પહોંચી છે. અંદરઅંદરના રગડા-ઝઘડા પતાવવા તેમને વારંવાર કોર્ટનો આશરો લેવો પડે છે. પોતાનો કામધંધો છોડી નજીકના શહેરમાં આવેલી કોર્ટમાં વારંવાર ધક્કા ખાવા પડે છે. આ રીતે તેમના જીવનમાં અનેક પ્રકારના અંતરાયો નાખવામાં આવ્યા છે.

આદિવાસીઓનું જીવન ધાર્મિક ક્રિયાઓથી વણાયેલું હોય છે. વળી તેમની દરેક ક્રિયામાં દારૂ લેવાની પ્રથા પડેલી છે. દારૂ પીને તેઓ

---

* "At every turn the forest-laws cut across his life, limiting, frustrating, destroying his self-confidence."
[*From Loss of Nerve.* By Elvin]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના જીવનનો મસ્ત આનંદ લૂંટી શકે છે. વળી અત્યાર સુધી તેઓ જંગલમાં જ દારૂ ગાળતા, પણ તે ઉપર પ્રતિબંધ મુકાયાથી દારૂ તેઓને બહારથી ખરીદવો પડે છે. તેથી તેમની આર્થિક સ્થિતિ ઉપર પણ ફટકો પડ્યો છે. તેમ જ તેમની ધાર્મિક ક્રિયાઓમાં વિક્ષેપ પડ્યો છે. મદ્યનિષેધ થતાં જીવનમાં આનંદ લૂંટવાના તેમના રહ્યાસહ્યા માર્ગો પણ બંધ કરી તેમના જીવનને કચડી નાખવામાં આવ્યું છે.

ઉપરનો દારૂ અંગેનો મત ડૉ. વેરિયર એલ્વિન સાહેબનો છે. તેમણે રજૂ કરેલાં આદિવાસીઓના પતનનાં કારણો સર્વાંશે સાચાં જણાતાં નથી. જોકે તેમાંનાં ઘણાંખરાં કારણો સાચાં લાગે છે અને વિચારવા યોગ્ય છે. પણ દારૂબંધી વગેરે ઉપરના તેમના અભિપ્રાયો અને કારણો થોડાંઘણાં ખટકયા વગર રહેતાં નથી. એ અંગે આપણે આગળ ઉપર વિચાર કરીશું. શિક્ષણ અંગે પણ તેમના કેટલાક સ્વતંત્ર વિચાર છે, પણ તેનો આપણે અહીં અલગ રીતે વિચાર ન કરતાં આગળ ઉપર તે વિચારીશું.

કેળવણી

કેવળ અક્ષરજ્ઞાન એ કાંઈ શિક્ષણ યા કેળવણી નથી. આજકાલ તો લખતાંવાંચતાં આવડ્યું એટલે શિક્ષિત થઈ ગયા એમ માનવામાં આવે છે. આદિવાસીઓને માટે અક્ષરજ્ઞાન એ કાંઈ બહુ મહત્ત્વની વસ્તુ નથી. છતાંય અત્યારે તેઓને પણ શિક્ષણના નામે કેવળ અક્ષરજ્ઞાન જ આપી સંતોષ માનવામાં આવે છે.

આદિવાસીઓને અત્યારે જે પ્રકારનું શિક્ષણ અપાઈ રહ્યું છે તે તેમને ઓછું અનુકૂળ અને ઓછું ઉપયોગી છે. તેમને સુધરેલી તેમ જ શહેરી સંસ્કૃતિને અનુરૂપ એવું શિક્ષણ અપાઈ રહ્યું છે. આદિવાસીઓની સંસ્કૃતિને તે અનુરૂપ નથી. જે શિક્ષકો, પુસ્તકો, અભ્યાસક્રમ વગેરે સુધરેલા લોકોની સંસ્કૃતિને અનુરૂપ છે તે જ આ જુદા સંસ્કારવાળી પ્રજાને આપવામાં આવી રહ્યું છે. ઘેર જે છોકરાને જુદા પ્રકારનું વાતાવરણ, રહેણીકરણી, વિચાર, માન્યતાઓ અને પ્રાર્થના હોય છે તે નિશાળમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ જુદી જ દુનિયાના વાતાવરણમાં આવી ચડે છે. તેને બધું જુદું અને પરાયું લાગ્યા કરે છે. નિશાળમાં આવી તે ઇંગ્લૅન્ડ અને હિંદની સંસ્કૃતિ તથા ઇતિહાસ જાણશે, પણ પોતાનાં સંસ્કૃતિ અને ઇતિહાસ અંગે કાંઈ પણ મેળવી નહીં શકે. આવું શિક્ષણ તેમને તેમનાં જીવન અને સંસ્કૃતિથી વિમુખ કરે છે. હિંદીઓને અંગ્રેજી ભાષા દ્વારા અને અંગ્રેજી ઢબનું શિક્ષણ આપવાથી તે કેળવણી પામેલા પશ્ચિમી ઢબના હિંદીઓ થયા, પોતાની સંસ્કૃતિ અને કોમ પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર દર્શાવતા થયા, પોતાની જાતને ઊંચા માનવા લાગ્યા. બીજી તરફ તે યુરોપીય સમાજ સાથે ભળી ન શક્યા, એટલું જ નહીં પણ તે પોતાની જાતને ગોરાઓથી હલકી માનતા થયા. આ પ્રમાણે તે ન તો પોતાના સમાજમાં ભળી શક્યા કે ન ગોરાઓના સમાજમાં ભળી શક્યા. એક તરફ અંગ્રેજી શિક્ષણ પામેલો હિંદી પોતાની જાતને ઊંચો માનતો થયો ત્યારે બીજી તરફ તેનો ભાવ પૂછવાવાળું પણ કોઈ ન હતું. આથી ન તો તે પોતાની કોમનું ભલું કરી શક્યો કે ન તો પોતાનું. તે માત્ર હિંદની ગુલામીની બેડીઓ મજબૂત કરવાના એક સાધનરૂપ થયો. આ જ પ્રમાણે કેળવાયેલો આદિવાસી પોતાની કોમને હલકી અને પછાત ગણી તે તરફ તિરસ્કાર અને ઘૃણા બતાવી તેથી અળગો રહે છે. તેની સેવા કરી શકતો નથી. બીજી તરફ સુધરેલા સમાજમાં, તે ભણેલોગણેલો હોવા છતાં પોતાને નીચો અને હલકી કોમનો જ ગણે છે. આમ તે બન્ને રીતે (Inferiority and Superiority complex) સપડાય છે; તેથી તેનો વિકાસ રૂંધાય છે. તેને પોતાનું જીવન બોજારૂપ લાગે છે અને તે ખરેખર સમાજને બોજારૂપ જ નીવડે છે. જોકે આ ઊણપ આદિવાસીઓના શિક્ષણ પૂરતી જ મર્યાદિત નથી, પણ સમગ્ર ભારતની કેળવણીને તે લાગુ પડે છે.

આદિવાસીઓને મળેલી કેળવણીનું પરિણામ એવું આવવું જોઈએ કે, તે પોતે પોતાની સંસ્કૃતિ અને કોમને માનથી જુએ અને તેમાં ભળી જાય. પોતાને તેમનાથી ઊંચો ન માને. વળી બીજી તરફ સુધરેલા અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ પડતા સમાજમાં પોતાને હલકો યા નીચો ન માને. પણ પોતાને સામા જેટલો શક્તિશાળી માને.

શિક્ષકો અને શિષ્યો

નિશાળમાં બાળક અને શિક્ષક બન્ને ભિન્ન ભિન્ન સંસ્કારવાળા સમાજમાંથી આવેલા હોવાથી બન્નેની માન્યતાઓ અને ખ્યાલોનો મેળ બેસતો નથી. જો શિક્ષક કોઈ બ્રાહ્મણ જેવા ઉચ્ચ વર્ગનો હોય તો તેનામાં સ્વાભાવિક રીતે જાતીય અભિમાન હોય જ. ભીલ બાળકો સાથે તે ઊંચનીચના ખ્યાલથી જ વર્તવાનો. મિથ્યા જાતિ-અભિમાનને લીધે તેને આદિવાસી પ્રત્યે ઊંડે ઊંડે તિરસ્કાર અને ઘૃણા હોય છે. આદિવાસીઓના જીવનથી પણ તે અપરિચિત હોય છે; તેને તેઓનાં જીવન, સંસ્કૃતિ કે વારતહેવારો પ્રત્યે જરાય માન કે આદર હોતાં નથી. ભીલોનાં બાળકોને કેળવવાની તેને દિલથી ધગશ કે તમન્ના હોતી નથી. તેનું બધું જ કાર્ય નોકરી પૂરતું જ હોય છે. વળી ભીલ બાળકોને તે ‘જંગલી’, ‘અનાડી’ વગેરે તુચ્છકારવાચક શબ્દોથી સંબોધે છે. આમ તે જાણતાં અજાણતાં બાળકોના દિલમાં તેઓ હલકાં અને નીચાં છે એવા પ્રકારનો ખ્યાલ દૃઢ કરે છે.

આ બદીઓ દૂર કરવા માટે તો નિશાળોમાં ઉમદા પ્રકારના શિક્ષકો મૂકવા જોઈએ, જેમના દિલમાં આદિવાસીઓ પ્રત્યે પ્રેમ અને આદરભાવ હોય અને તેમની સાચી સેવા કરવાની ધગશ હોય. આવી કોટિનો શિક્ષક જ આદિવાસીઓમાં સાચા શિક્ષણનો ફેલાવો કરી શકશે. પછી ભલે તે ભીલ કોમનો કે બીજી કોઈ પણ કોમનો હોય. શાળાઓ પણ સાદાં ઝૂંપડાંઓમાં હોય. વળી શિક્ષણ મફત અને ફરજિયાત હોય તો જ તેનો શુભ હેતુ સાધી શકાશે. આદિવાસીઓની શાળામાં કામ કરતો શિક્ષક આપણા તરફથી (આગળ વધેલા સમાજ તરફથી) એ પછાત કોમની કેળવણી દ્વારા સેવા કરવા અર્થે મોકલવામાં આવેલા પ્રતિનિધિ સમો છે. પરંતુ દુર્ભાગ્યે આજે તો તે પોતાની જવાબદારી અને કર્તવ્યથી ઘણે અંશે વિમુખ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તમાન શિક્ષણે તો તેમને સાવ મૂઢ બનાવ્યા છે એમ ડૉ. વેરિયર એલ્વિન સાહેબનો મત છે.

ખામીઓ દૂર કરવાના મુદ્દા

ઉપર જણાવેલી શૈક્ષણિક ખામીઓ કાંઈ એક જ સપાટે દૂર કરી શકાય એમ નથી. તેમ એ પ્રત્યે તદ્દન બેદરકારી બતાવી શકાશે નહીં. પણ આપણે જાગૃત રહી, અનેક રીતે વિચાર કરી આદિવાસીઓ માટે સુધારાનું પગલું લેવું ઘટે. આ અંગે નીચેના મુદ્દાઓને ખાસ લક્ષમાં રાખીને કામ કરવું યોગ્ય ગણાશે:

(૧) તેમના ધર્મ, સંસ્કૃતિ વગેરેમાં જે કાંઈ સારાં તત્ત્વો હોય તે સંઘરી તેને યોગ્ય રક્ષણ આપવું તેમ જ તે વિકસાવવા પ્રયત્નો કરવા. બીજી તરફ આદિવાસીઓમાં વર્ષોથી ઘર કરી બેઠેલા દોષો અને અનિષ્ટ તત્ત્વો નાબૂદ કરવાં.

(૨) તેઓ પોતે બીજી કોમો કરતાં હલકા યા નીચા છે એવા ખોટા ભાવ તેમના દિલમાં ઊઠવા ન દેવા. તેઓ બીજી પ્રજાઓ જેટલા જ સમર્થ અને શક્તિશાળી છે એવો તેમનામાં વિશ્વાસ પેદા કરવો.

(૩) તેમને અનુકૂળ અને આવશ્યક એવા ઉદ્યોગો દ્વારા કેળવણી આપવી. તે કેળવણી કેવળ એકાંગી ન થતાં સર્વાંગી બનવી જોઈએ.

(૪) તેઓની આર્થિક સ્થિતિ સુધારવી.

દરેક પ્રજાની ઉન્નતિનો ઘણોખરો આધાર કેળવણી ઉપર છે. પ્રાથમિક શાળામાં તેમને અનુકૂળ ઉદ્યોગકળાનું શિક્ષણ આપવું, પણ તે ઉદ્યોગકળા તેમની સંસ્કૃતિ અને જીવનને અનુરૂપ હોવાં જોઈએ, કે જેથી તેમણે મેળવેલું શિક્ષણ ભવિષ્યમાં બોજારૂપ ન નીવડે; તેઓ સહેલાઈથી કામધંધે વળગી શકે. આ ઉપરાંત આહાર, આરોગ્ય, સ્વચ્છતા વગેરેનું યોગ્ય જ્ઞાન આપવું. ભૂત, પ્રેત, ભૂવા, ડાકણ વગેરે આંધળી માન્યતાઓ તેમના મગજમાં જડ ઘાલી ગઈ છે તે જડમૂળથી દૂર કરવી અને સાચી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તુસ્થિતિ સમજતા કરવા, તેમનામાં આત્મશ્રદ્ધા પેદા કરવી. તેમનામાં સારા થવાની તેમ જ પોતે સુધરવાની તમન્ના જગાવવી.

આપણી સરકાર આદિવાસીઓ અને પછાત કોમના શિક્ષણ માટે ખાસ મહેનત કરી રહી છે. પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપે છે, અને તેઓને વધુ ને વધુ સગવડતા કરી આપવા તરફ તેનું વલણ છે.

હિંદમાં જો કોઈ ગરીબમાં ગરીબ પ્રજા હોય તો હરિજનો ઉપરાંત આદિવાસીઓ પણ છે. તેમની કંગાળિયતનું કારણ કેવળ શોષણ, જમીનની પરાધીનતા કે અજ્ઞાનતા જ નથી. આ ઉપરાંત અનેક કારણો છે અને તે પણ કાંઈ ઓછાં મહત્ત્વનાં નથી. તેઓ વર્તમાન જીવનધોરણની કક્ષા સુધી પોતાનાં જીવન ઊંચે ચઢાવી શકતા નથી. તે માટે જેમ જેમ તેઓ પ્રયત્ન કરતા જાય છે તેમ તેમ વધુ ને વધુ પાછળ પડતા જાય છે. જીવનધોરણ વધારવા જતાં તેમનું ખર્ચ વધે છે પણ તેમની આવક વધતી નથી. પરિણામે તેઓની સ્થિતિ પહેલાં કરતાં વિશેષ વિકટ બને છે અને તેઓ બીજા લોકોની તોલે આવી શકતા નથી. ભૂમિ વિનાના આદિવાસીઓ દહાડિયા મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે, પણ પ્રમાણમાં મજૂરોની સંખ્યા વધુ હોવાથી અને કામ ઓછું હોવાથી મજૂરીના દર સ્વાભાવિક રીતે જ નીચા રહે છે. તેમાંથી ભરણપોષણ પણ થઈ શકતું નથી, ત્યાં વળી જીવનધોરણ ક્યાંથી વધારી શકે?

તેમના ધાર્મિક રીતરિવાજો અને સામાજિક ક્રિયાઓમાં જે ખર્ચ થાય છે અથવા જે ખર્ચ કરવાની પ્રણાલિકા પડી છે તે આજે તેમને પોસાતી નથી; પણ જે કાળમાં આ ધાર્મિક અને સામાજિક વિધિઓ દાખલ થઈ હશે તે કાળમાં પોષાતી હશે. એટલે એમ કહી શકાય કે, ત્યારે તેમની આર્થિક સ્થિતિ આજના કરતાં સારી હોવી જોઈએ. આજનાં ધાર્મિક અને સામાજિક ખર્ચ તેમને વધુ કંગાળ બનાવે છે.

આજે તો તેઓ શાહુકારો અને જમીનદારોની ક્રૂર દયા પર જીવે છે. શાહુકારો તેમની પાસે વેઠ કરાવે છે, ઓછા દરે કામ કરાવે છે અને ભારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાજે નાણું ધીરે છે. પરિણામે તેઓ ભૂખે પેટે જીવન ગુજારે છે. શાહુકારોને મન તો ભીલ પોતાને માટે વેઠ કરનારું પ્રાણી છે. તેને લીધે આદિવાસીઓમાં રહેલા, નિર્ભયતા અને બહાદુરી જેવા ગુણો દબાઈ જાય છે. જે માનવી જંગલમાં વસતા વાઘસિંહ જેવા હિંસક પ્રાણીથી જરાય ન ડરે તે શાહુકાર આગળ તદ્દન શક્તિહીન થઈ જાય છે, એ ઘટના દુઃખદાયક છે. એ સ્થિતિમાંથી તેને વહેલામાં વહેલી તકે ઉગારવાની જરૂર છે. પણ ડૉ૦ વેરિયર એલ્વિન તો તે માટે નિરાશા દર્શાવે છે. તેઓ માને છે કે આપણે આદિવાસીઓને ઉગારી શકવાના નથી.

આદિવાસીઓને સુધારવાની જરૂર નથી, પણ આપણે પોતે જ ખાસ સુધરવાની જરૂર છે. સૌથી પ્રથમ આપણે આપણી જ ખામીઓ સુધારીએ. જ્યાં સુધી માનવતાને કલંકરૂપ એવી કાતીલ હરીફાઈ, ઈર્ષા, શસ્ત્રયુદ્ધ તેમ જ વિશ્વયુદ્ધ વગેરે આપણે હટાવી શકતા નથી, જ્યાં સુધી અસ્પૃશ્યતા અને ઊંચનીચના ખ્યાલને આપણા મગજમાંથી હટાવી શકતા નથી, ત્યાં સુધી આદિવાસીઓનાં જીવન અને સંસ્કૃતિ કે જે એકંદરે આપણા કરતાં વધુ સમૃદ્ધ છે, તેને સુધારાના નામે છિન્નભિન્ન કરવાનો આપણને શો અધિકાર છે? લગભગ આવી મતલબનું ડૉ૦ વેરિયર એલ્વિનનું મંતવ્ય છે.

સંસ્કૃતિ અને આદિવાસીઓ

ડૉ૦ વેરિયર એલ્વિનનું કહેવું એક રીતે સાચું છે. આપણે કુમાર્ગે છીએ તો આપણે પ્રથમ સુધરવું એ યોગ્ય છે. પણ દુનિયામાં કોઈ પણ એવો આદર્શ સમાજ નથી કે જે સંપૂર્ણ રીતે દોષ અને દુર્ગુણથી પર હોય. એટલે આપણે પોતે સુધરતા જવાનું છે. કુમાર્ગેથી સુમાર્ગે વળવાનું છે. તે સાથે આદિવાસીઓને પણ અવનતિને માર્ગેથી પાછા વાળી સુમાર્ગે લઈ જવાના છે. અને તેમાં જ માનવધર્મ રહેલો છે. કોઈ પિતા ખરાબ વ્યસનનો ભોગ થઈ પડ્યો હોય તો તેમાંથી છૂટવા તેણે પુરુષાર્થ કરવો ઘટે, સાથે સાથે પોતાનો પુત્ર પણ એ વ્યસનનો ભોગ ન થઈ પડે તે તેણે જોવું જોઈએ. તેમાં જ તેનો પિતાધર્મ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવધર્મ રહેલો છે. તેણે કદી પણ એવો વિચાર ન કરવો જોઈએ કે હું પોતે મારા વ્યસનમાંથી છૂટું ત્યાર પછી જ મારા પુત્રને બચાવું. તે દરમ્યાન પુત્રનું જે થવાનું હોય તે થાય.

ડૉ૦ એલ્વિન કહે છે કે આદિવાસીઓની સંસ્કૃતિ આપણી સંસ્કૃતિ કરતાં ઊંચી છે. તેમનો અભિપ્રાય કદાચ સાચો હોય, પણ એટલું ચોક્કસ છે કે તેમની સમૃદ્ધ સંસ્કૃતિને વધુ સમૃદ્ધ કરવાની જરૂર છે. તે માટે તેમાં પડેલાં અનિષ્ટ તત્ત્વો દૂર કરવાનાં જ છે. તે પ્રત્યે દુર્લક્ષ નહીં રાખી શકાય.

આપણે આગળ ઉપર જોઈ ગયા કે, આદિવાસીઓને હિંદુ ગણવામાં આવે છે. તેઓ અનેક દેવદેવીઓને માને છે. ભયથી બચવા માટે તેમ જ ઐહિક લાભો મેળવવા માટે તેઓ દેવદેવીઓની માનતા રાખે છે, પશુઓનો ભોગ ચઢાવે છે. ખ્રિસ્તી મિશનરીઓએ તેમનામાં ઘૂસી, તેમને લાલચો આપી વટાળપ્રવૃત્તિ આદરી છે. પરંતુ તેમને ખ્રિસ્તી બનાવવાથી યા હિંદુ તરીકે ઓળખાવવાથી તેમનો કદી પણ ઉદ્ધાર થઈ શકવાનો નથી. વટલાવવાથી કેવળ તેમની બાહ્ય રહેણીકરણીમાં ફેર પડે. ગામડાં છોડી શહેરમાં ઊજળાં કપડાં પહેરી નોકરી કરતા થાય, થોડી ઘણી ચીપી ચીપીને ભાષા બોલતાં શીખે અને પોતે હલકા મટી કાંઈક ઊંચા થયા છે એમ માને. તેથી કાંઈ તેમનું મૂળભૂત જીવન સમૃદ્ધ ન થાય. તે ભીલ રહે, ખ્રિસ્તી થાય કે મુસલમાન થાય, પણ જ્યાં સુધી તેમનું જીવન સમૃદ્ધ નથી થયું ત્યાં સુધી તે પછાત જ છે. તેમને સુધારવાનો પ્રશ્ન તો બાકી જ રહ્યો છે. આ પ્રશ્ન આખી દુનિયા માટે છે. માનવતાનું પરિવર્તન અને નવરચના (The reconstruction of humanity) બધે જ કરવાનાં છે. આદિવાસીઓમાં કેવળ બાહ્ય પરિવર્તન કરી સંતોષ માની બેસવાનું નથી.

ડૉ૦ વેરિયર એલ્વિન કહે છે કે, " ધર્મપલટો કરાવવાથી તેમનાં જીવન કરમાઈ જાય છે, તેથી આદિવાસીના ઉદ્ધારનો તે સાચો માર્ગ નથી. તેઓ જે ધર્મના હોય તે ધર્મમાં જ રહેવા દેવા, પણ તેમનામાં જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્ગુણો, અનિષ્ટો, અંધશ્રદ્ધા, અજ્ઞાન વગેરે જડ ઘાલી બેઠાં છે. તેમાંથી તેમને છોડાવી કર્મકાંડ વગરના સાચા માનવધર્મ તરફ વાળવામાં તેમનું તેમ જ સમસ્ત દેશનું કલ્યાણ સમાયેલું છે. ” તેમનો ધર્મપલટો કરાવવાથી પોતાના ધર્મના દુર્ગુણોમાંથી છૂટી બીજા ધર્મના ફંદામાં ફસાય છે. એક નરકકુંડમાંથી નીકળી બીજા નરકકુંડમાં પડવાથી કાંઈ સ્વર્ગ પ્રાપ્ત થતું નથી. હિંદુઓ, મુસલમાનો, ખ્રિસ્તીઓ, આદિવાસીઓ વગેરેને તો એવા નરકકુંડોમાંથી ઉગારવાના છે, નહીં કે તેમને એકમાંથી કાઢી બીજામાં નાખવાના છે.

વળી કેટલાક કહે છે કે, “ આદિવાસીઓને બીજી પ્રજાઓથી અલાયદા રાખવા કે જેથી તેઓ સુસંસ્કૃત પ્રજાના સમાગમમાં ન આવી શકે, અને તેમની મૂળ સંસ્કૃતિ પણ જળવાઈ રહે. તેથી ઇતિહાસમાં તે એક પ્રાચીન માનવવંશ અને સંસ્કૃતિના નમૂનારૂપ રહે.” ઉપરના કથનમાં એ વસ્તુ ગર્ભિત છે. એક તો આદિવાસીઓનું બીજી સંસ્કૃતિના અને સમાજના સંપર્કથી ભારે પતન થયું છે માટે અલગ રાખવા. સંસ્કૃતિના ઇતિહાસનો વિદ્યાર્થી તરત જ આ માન્યતાને ખોટી ઠરાવશે. બીજા સમાજોના સમાગમથી તદ્દન અલગ પડી ગયેલી સંસ્કૃતિનું સદા પતન થયેલું જોવામાં આવે છે, જ્યારે એક બીજા સમાજના સંપર્કથી સંસ્કૃતિનો સદા ઉત્કર્ષ જ થયેલો જોવામાં આવે છે. મર્યાદા તો જરૂર છે. તે સંપર્ક પરસ્પર વૃદ્ધિનો અને સહાયનો હોવો જોઈએ, નહીં કે શોષણનો. અહીં પણ પશ્ચાત પ્રજાના સમાગમમાં આવતી પ્રજા પોતાનો કોઈ સ્વાર્થ સાધવા પૂરતી જ સમાગમમાં આવતી ન હોવી જોઈએ. નહીં તો તેમાં આદિવાસીઓનું પતન ચોક્કસ છે. અત્યાર સુધી આદિવાસીઓ સાથેનો સંપર્ક લગભગ આવા સ્વાર્થ પૂરતો જ સધાતો આવ્યો છે. તેથી તેમની ચારેકોર અવદશા જણાય છે. પણ આ ઉપરથી એમ ન તારવી શકાય કે, દરેક જાતનો સંપર્ક આદિવાસીઓનું પતન કરશે. આદિવાસીઓ સાથે બીજી પ્રજાનો સંપર્ક નિઃસ્વાર્થ સેવાવૃત્તિથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

२०००२
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા તો માનવતાની વૃત્તિથી થાય એ ઘણું મહત્ત્વનું છે. તે દ્વારા જ આદિવાસીઓના પ્રશ્નનો ઉકેલ થઈ શકશે.

દુનિયાના ઇતિહાસમાં એવાં અનેક દૃષ્ટાંતો મળી આવે છે કે જ્યાં સંસ્કૃતિની પરસ્પર આપલે થઈ છે ત્યાં તેમનો વિકાસ થયો છે. એક સંસ્કૃતિ બીજી સંસ્કૃતિના સંપર્કમાં આવવાથી એક બીજીની પૂરક બને છે અને આગળ પ્રગતિ કરે છે. આ રીતે જ જગતની સંસ્કૃતિનો પ્રવાહ આગળ વધે છે. આજની દુનિયાના ઝડપી વિકાસનું મૂળ કારણ પણ તે જ છે. દુનિયામાં જુદી જુદી સંસ્કૃતિઓ એકબીજીના સંપર્કમાં આવી ન હોત તો શું દુનિયા આટલી આગળ વધી શકી હોત? દુનિયાના ઇતિહાસનાં પાનાં ઊથલાવતાં જણાયા વગર રહેતું નથી કે જે જે સંસ્કૃતિઓ બીજી સંસ્કૃતિથી અલગ પડી ગઈ તે ભલે સમકાલીન બીજી સંસ્કૃતિથી વધુ આગળ ગઈ હોય, છતાં અંતે તે કરમાઈ ગઈ છે. તેનું નામનિશાન રહ્યું નથી. મિસરની (ઇજિપ્તની) સંસ્કૃતિનું લગભગ આવું જ થયું છે.

એક દેશે લિપિ શોધી તો બીજા દેશોએ તે અપનાવી. એટલે બધા દેશોની પ્રગતિનો પ્રવાહ આગળ વધ્યો. પહેલાંના જમાનામાં જુદા જુદા દેશોમાં ખેતી કરવાની રીત જુદી જુદી હતી. જેમ જેમ તેઓ એક બીજાના સંબંધમાં આવતા ગયા અને એક બીજાની પદ્ધતિ જોતા ગયા તેમ તેમ જે ઉત્તમ પ્રકારની પદ્ધતિ જણાઈ તેને અપનાવતા ગયા. આમ કેવળ લાકડીથી ખેતી કરવાની પદ્ધતિમાંથી ટ્રેક્ટર સુધી પહોંચ્યા. બીજી પ્રજાના સંપર્કમાં આવ્યા ન હોવાથી આજે પણ કેટલીક જગાએ આદિવાસીઓ આજથી ત્રણ હજાર વર્ષ પૂર્વે જે ઢબે ખેતી કરવામાં આવતી તે ઢબે જ ખેતી કરી રહ્યા છે.

સુધારણાનો સાચો માર્ગ

આદિવાસીઓ સાથે એકાએક સંપર્કમાં આવી કાયદા કે દબાણથી તેમનાં જીવન અને રહેણીકરણીમાં ફેરફાર કરવાના પ્રયત્નોથી ઘણાં ઘણાં

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનિષ્ટો ઊભાં થવાનો સંભવ છે. ઑસ્ટ્રેલિયા અને અમેરિકામાં થયેલા પ્રયોગોનાં પરિણામ આપણને તે વસ્તુ પુરવાર કરી આપે છે. આદિવાસીઓને તદ્દન અલગ કરવા અથવા તો તેમાં એકાએક સુધારા કરવા એ બન્ને માર્ગો હાનિકારક છે. એટલે તેઓને સુધારવા માટેનો સાચો રસ્તો તો એ છે કે, તેમને માટે આપણે એવી નીતિ અખત્યાર કરવી જોઈએ કે જે તેમનામાં જાગૃતિ આણે. તેમનામાં પોતે થઈને સુધરવાની તમન્ના જાગે અને તેઓ બીજી સુસંસ્કૃત પ્રજા જેટલા આગળ આવવાને સમર્થ છે એવું તેમને ભાન થાય. તેમનામાં રહેલા દુર્ગુણો ઓગળતા જાય અને સદ્ગુણો ખીલતા જાય. હિંદના વિશાળ રાષ્ટ્રીય જીવનમાં પોતે એક સ્વતંત્ર નાગરિક તરીકે ઝંપલાવતા થાય. અહીં એક વસ્તુ સમજી લેવી જોઈએ કે કોઈ એક જ પ્રકારનું, એક જ ઢબનું અને અમુક મર્યાદાવાળું, સરખા વિચાર અને આદર્શવાળું રાષ્ટ્રીય જીવન એક જ કાળમાં આખાયે રાષ્ટ્રમાં પ્રવર્તી શકતું નથી. તેથી દરેક જાતિના આદિવાસીઓનું રાષ્ટ્રીય જીવન અમુક પ્રકારનું જ થવું જોઈએ એવો આગ્રહ રાખવો યોગ્ય નથી. તેમનાં અને આપણાં જીવન વધુ ઉન્નત બને એ રીતે એકબીજાના જીવનમાં ભળવું જોઈએ, પરસ્પર બંધુતા અને એકતાનો ભાવ નિર્માણ થવો જોઈએ. તેઓ પોતે પોતાને સમસ્ત દેશના એક નાગરિક તરીકે સમજે અને સમસ્ત દેશનું હિત યા અહિત વિચારી શકે, સમસ્ત સંકટોનો સામનો કરવા તૈયાર રહે અને રાષ્ટ્રના હિતમાં જ પોતાનું હિત સમજે. રાષ્ટ્રના નવઘડતરમાં એક નાગરિક તરીકે અમૂલ્ય ફાળો આપે. ઓછામાં ઓછી આટલી કક્ષાએ દરેક આદિવાસી પહોંચવો જોઈએ.

૧૯૫૦માં પ્રગટ થયેલા મુંબઈ ઇલાકાના દલિત વર્ગો તથા આદિવાસી ટોળીઓની સમિતિના સંક્ષિપ્ત અહેવાલમાં ઉપરની બધી ચર્ચાનો સાર આવી જતો હોવાથી ઉપસંહારરૂપે તે અહેવાલ નીચે આપ્યો છે:

આદિવાસીઓ ભલે ગમે તે ઇચ્છતા હોય, પરંતુ સંસ્કૃતિની આગેકૂચ તેમને અનિવાર્યપણે બીજાઓના સંપર્કમાં લાવી રહી છે. જો તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારની સ્થિતિમાં પડ્યા રહેશે તો તેઓ વધારે શિક્ષિત કોમોના નિર્લજ્જ માણસોના વધુ ને વધુ શિકાર બની જશે. તેમનામાં શિક્ષણની તમન્નાનો સંચાર કરવો, તેમનું એકલવાયાપણું કાઢી નાખવું અને તેમની સંખ્યા પ્રમાણે તેમને રાષ્ટ્રીય જીવનમાં ભાગ લેતા કરવા એ જ તેમની સમસ્યાનો ઉકેલ છે; પરંતુ પ્રફુલ્લતા, સાહસપ્રિયતા, સત્ય માટેની મમતા વગેરે તેમના કેટલાક વિશિષ્ટ ગુણોને લીધે તેઓ તેમના સંપર્કમાં આવનાર સૌ સાથે નિકટના સાથી બની રહે છે, તે ગુણો બીજી કોમના સહવાસ દરમ્યાન તેઓ ખોઈ ન બેસે એવો ભય રહ્યા કરે છે.

માનવવંશશાસ્ત્રીઓ તથા આદિવાસીઓના શ્રેયનો વિચાર કરનાર તે વખતના પરદેશી શાસકોને ભય રહ્યા કરતો હતો કે આદિવાસીઓ તેમ જ બાકીની પ્રજા જો સહવાસમાં આવશે તો સંસ્કૃતિ તેમ જ ભૌતિક હિતોનું સંઘર્ષણ ઊભું થશે. આથી આદિવાસીઓને તેમણે તે વિસ્તારની સંસ્કૃતિથી વણસ્પર્શ્યા જ રહેવા દીધા હતા.

આદિવાસીઓના પ્રશ્નનું નિરાકરણ તેમને માનવવંશના સંગ્રહાલયમાં નમૂના તરીકે ગોંધી મૂકવામાં કે માનવજાતથી અલાયદા રાખવામાં નથી, પણ તેઓ સુસંસ્કૃત પ્રજાના સમાગમમાં આવી અરસપરસના હિત અર્થે અથવા સમગ્ર દેશના કલ્યાણ અર્થે સંગીન મૈત્રી વિકસાવે તેમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

સુધારાની પ્રવૃત્તિઓ

આપણે છેલ્લાં ૨૦, ૨૫ વર્ષથી આદિવાસીઓની ઉન્નતિ માટે પ્રવૃત્તિ ઉપાડી છે. ખ્રિસ્તી મિશનો ઘણા વખતથી કાર્ય કરે છે. હજારો માઈલ દૂર આવેલા યુરોપના જુદા જુદા ભાગોમાં રહેતા, પોતાની માતૃભૂમિ છોડી તદ્દન અજાણ્યા, પછાત અને જંગલી પ્રદેશમાં, જ્યાંની આબોહવા પોતાને જરાય અનુકૂળ નથી, જ્યાં પોતાની સંસ્કૃતિથી તદ્દન ભિન્ન સંસ્કૃતિ છે, જ્યાંનાં ભાષા, વિચાર અને રંગ પણ જુદાં છે, એવાં જંગલો અને ડુંગરોમાં, કેવળ નિઃસ્વાર્થવૃત્તિથી, માત્ર માનવસેવાની ભાવનાથી રંગાઈ પોતાનું સમગ્ર જીવન અર્પણ કરનાર ખ્રિસ્તી પાદરીઓ સમક્ષ આપણું મસ્તક માન અને આદરથી ઢળી પડે છે. કેટલાંય વર્ષોથી તેઓ હિંદના જુદા જુદા વિસ્તારોમાં એકધારું અને સંગીન કાર્ય કરતા આવ્યા છે. આદિવાસીઓનાં જીવન સાથે ઓતપ્રોત થઈ અમૂલ્ય સેવા કરી રહ્યા છે. ભાવના, પ્રેમ અને તમન્ના મનુષ્ય પાસે શું નથી કરાવી શકતાં? તેઓ જે તમન્ના અને ભાવના યા ધગશથી કામ કરી શક્યા છે તેટલી ભાવના, તમન્ના અને ધગશથી આપણે કરી શક્યા નથી. તેઓના દિલમાં પોતાને મોટા દેખાવાની કે સેવક કહેવડાવવાની ભાવના નથી. 'ગરીબોની સેવા કરવી અને તેમના પ્રત્યે સદા પ્રેમ દાખવવો.' એ ઈશુના આદેશને વળગી રહી પોતાનું સમગ્ર જીવન ખપાવવું. આ રીતે ઈશુનો સંદેશો પહોંચાડવાની ભાવના તેમની રગેરગમાં વ્યાપેલી હોય છે. મોટા દેખાવાનો ડોળ કર્યા વગર, કોઈ ન જાણે એમ સેવા કરી મરી ફીટવાની તીવ્ર ઉત્કંઠા ને લીધે જ તેઓ આટલું સુંદર કામ કરી શક્યા છે. જ્યારે આપણે તેમના જેટલું સુંદર કામ કરી શક્યા નથી. સામાન્ય રીતે આપણે સાચી સેવાભાવનાથી કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધગશથી કાર્ય કરતા હોતા નથી. અલબત્ત આપણે આ કાર્યને બહાર સેવાનું રૂપ આપીએ છીએ, પણ અંદરથી આપણા ઘણાખરા પ્રયત્નો પોતાનું વ્યક્તિત્વ બતાવવા યા પોતાને નેતા તરીકે ઓળખાવવા યા કેવળ વ્યક્તિગત પ્રતિષ્ઠા વધારવા તરફ હોય છે. જાણ્યેઅજાણ્યે પણ આપણી ઘણી શક્તિ ઉપર વર્ણવેલા હેતુઓ પાર પાડવામાં ખર્ચાઈ જાય છે. પરિણામે સેવાના રૂપાળા બહાના હેઠળ કેવળ વ્યક્તિગત પ્રતિષ્ઠા વધારવા જતાં ખરેખર જે સેવા કરવાની છે તેમાં નિષ્ફળતા અને નિરાશા જ સાંપડે છે. કદી સંતોષકારક કામ થઈ શકતું નથી. ઈશુએ કહ્યું છે કે, તમે એવી રીતે દાન કરો કે એક હાથે કરેલું દાન બીજો હાથ જાણી પણ ન શકે. આપણે પણ આ વસ્તુ સમજી લેવાની છે. આદિવાસીઓની સેવા કરવી હોય તો તે માટે મરી ફીટવું જોઈએ. બીજાને જણાવવાની કે બતાવવાની આપણે જરૂર નથી. પ્રતિષ્ઠાનો મોહ છોડી કોઈ ન જાણે તેમ સેવા અર્થે ખપી જઈશું તો જ જેની સેવા કરવા ધારીશું તેની સાચી સેવા થઈ શકશે.

આ પ્રમાણે ખ્રિસ્તી મિશનોએ કામ કર્યું છે; તેથી તેમની પ્રત્યે આપણને માન છે. પણ તેમની એક વસ્તુ આપણને સદા ખૂંચે છે, તે છે તેમની 'વટાળ પ્રવૃત્તિ'. તેઓ ચારે કોર ખ્રિસ્તી ધર્મ ફેલાવી રહ્યા છે. તેઓએ ઈશુનાં વચનોનો અનર્થ કર્યો છે. તેઓ માને છે કે ઈશુના ચરણે આવ્યા વગર કોઈનોય ઉદ્ધાર થઈ શકતો નથી. આનો અર્થ તેમણે એવો કર્યો છે કે, ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યા વગર કોઈનો ઉદ્ધાર થઈ શકતો નથી. આમ માનીને તેઓ ખ્રિસ્તી ધર્મ ફેલાવે છે અને સાથે સાથે સેવા પણ કરે છે. ઉપરના સૂત્રનો અર્થ તો એ છે કે ઈશુએ પ્રેમ, ઉદારતા, દયા, અહિંસા વગેરેનો ઉપદેશ આપ્યો છે. "તારો શત્રુ તને એક ગાલે તમાચો મારે તો તું તારો બીજો ગાલ પણ ધર." આવાં સૂત્રો દ્વારા અહિંસા, સહનશીલતા, પ્રેમ વગેરેનો ઉપદેશ આપ્યો છે કે જેમાં સમસ્ત માનવજાતનો ઉદ્ધાર સમાયેલો છે. એ સિદ્ધાંતોને ઠોકરે મારનાર સમાજ કદી સુખ શાંતિથી રહી ન શકે. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુનિયાએ એ સિદ્ધાંતોને ઠોકરે માર્યા છે. અને વિશ્વયુદ્ધના ભય વચ્ચે દુનિયા જીવે છે. ખ્રિસ્તીઓ આ સૂત્રનો સ્થૂળ અર્થ લઈ ખ્રિસ્તી ધર્મ ફેલાવવા નીકળી પડ્યા છે, તેમાં પણ કોઈનું સાચું કલ્યાણ સમાયેલું નથી. જો મિશનરીઓએ વટાળવૃત્તિ છોડી બીજી બધી પ્રવૃત્તિઓ કરી હોત તો તેમની ગણના શુદ્ધ માનવસેવકમાં થઈ શકત. અલબત્ત તેમણે આદિવાસીઓમાં જે કામ કર્યું છે તે બદલ આપણે તેમના ઋણી છીએ. તેઓએ શિક્ષણ અને આરોગ્યની બાબતમાં ઘણું સુંદર કાર્ય કર્યું છે અને તે આપણે માટે નમૂનારૂપ છે.

પરન્તુ દુઃખની વાત છે કે, ખ્રિસ્તી ધર્મના કેટલાક પ્રચારકોએ આપણા બંધારણમાંની કેટલીક કલમોના અનર્થ કરી પોતાની પ્રવૃત્તિને જોર આપ્યું છે, જેનું પરિણામ બહુ જ ગંભીર આવવા સંભવ છે.

હિંદ એ બિનસાંપ્રદાયિક રાજ્ય છે એટલે તેનો અર્થ એવો નથી કે, દરેક ધર્મ પોતાને મન ફાવે તેમ વટાળ–પ્રવૃત્તિ આદરે. ધર્મ-સ્વાતંત્ર્યનો અર્થ એટલો જ છે કે, આ દેશમાં અનેક ધર્મો છે અને તેમને પોતાના ધર્મો પાળવાની છૂટ છે. એક ધર્મને બીજા ધર્મવાળા હેરાન ન કરે તે રાજ્યે જોવાનું છે. એક ધર્મ બીજા ધર્મને દખલ કરે તો રાષ્ટ્રની શાંતિ જોખમાય. એટલે કે રાષ્ટ્રની શાંતિનો ભંગ ન થાય તે માટે બિનસાંપ્રદાયિક રાજ્ય બનાવવામાં આવ્યું છે. પણ જો બિન-સાંપ્રદાયિક રાજ્ય અને ધર્મસ્વાતંત્રનાં અર્થનો અનર્થ કરી દરેક ધર્મ પોતાની વટાળપ્રવૃત્તિ આદરે, એકબીજા વચ્ચે ઘર્ષણ ઊભાં કરે તો રાષ્ટ્રની શાંતિ ભયમાં મુકાય. એવા બિનસાંપ્રદાયિક રાજ્યને અને ધર્મ-સ્વાતંત્ર્યના સિદ્ધાંતને સ્વતંત્ર હિંદ કદી નભાવી નહીં શકે. મતલબ કે બિનસાંપ્રદાયિક રાજ્ય અને ધર્મસ્વાતંત્ર્યના અર્થનો અનર્થ કરવામાં લાંબી દૃષ્ટિએ આ દેશનું તેમ જ તેમાં ચાલતા ધર્મોનું હિત રહેલું નથી.

આથી ધર્મની સ્વતંત્રતાને બહાને ભીલ પ્રજાને વટલાવવાનો પર-ધર્મીઓને અધિકાર હોઈ ન શકે. આઝાદીનો અર્થ એવો નથી કે હરકોઈ વ્યક્તિ પોતાને મન ફાવે તેમ વર્તી શકે. જો તેવી છૂટ આપવામાં આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો એક વ્યક્તિનું હિત બીજી વ્યક્તિ સાથે ઘવાય, અને ઘર્ષણ નિર્માણ થાય અને છેવટે સમાજનાં સુખશાંતિ છિન્નભિન્ન થાય. એકબીજાનાં હિત ન ઘવાય તે લક્ષમાં રાખી પોતાની ઉન્નતિ સાધવાની દરેકને છૂટ છે. આવું જ ધર્મસ્વાતંત્ર્યનું ગણાય.

વળી આ નવા જમાનામાં સંપ્રદાયોના પ્રચાર દ્વારા માનવઉન્નતિ નહીં સ્થાપી શકાય. સંપ્રદાયોનાં મૂલ્યો ઘસાઈ ગયાં છે. હવે તો નવા જમાનાને અનુકૂળ હોય એવાં મૂલ્યો અને રીતો સ્થાપવાની જરૂર છે. અને તે પણ ચાલુ સમાજના બદલાતાં રંગરૂપ સાથે બદલાતાં રહેવાં જોઈએ. નહીં તો તે પણ છેવટે સમાજના વિકાસને રૂંધવામાં કારણભૂત બનશે.

સરકાર

આદિવાસીઓ પછાત હોવાથી રાજકાજમાં ભાગ લઈ શકતા નથી. તેમ જ સમગ્ર દેશને લાગુ પડતા કેટલાક કાયદાકાનૂનોથી આદિવાસીઓનું હિત ઘવાવાનો સંભવ રહે છે. તેથી તેમાંથી તેમને બચાવી લેવા કાંઈક પ્રયત્ન કરવો જોઈએ એમ બહાનું આપી સરકારે ૧૯૩૫માં આદિવાસીઓના પ્રદેશના વહીવટ અંગે ખાસ વ્યવસ્થા કરી. તે અનુસાર ૮ બાકાત અને ૨૦ અર્ધબાકાત વિસ્તારો જાહેર કર્યા. બાકાત વિસ્તારોની વહીવટી સત્તા ગવર્નરોને સોંપવામાં આવી અને અર્ધબાકાત વિસ્તારોની વહીવટી સત્તા ખાસ એક પ્રધાનને આપવામાં આવી. પણ બધી ધારાકીય સત્તાઓ ગવર્નરના હાથમાં રાખી. આ બધી જોગવાઈઓ કેવળ કાગળોમાં પડી રહી. તેનો કાંઈ સંતોષકારક અમલ થયો નથી.

કેટલાક ગણ્યાગાંઠ્યા અમલદારો પાસે અમર્યાદિત સત્તાઓ આવી ગઈ. પણ તેઓ આદિવાસીઓની બાબતમાં જરાય ધ્યાન આપી ન શક્યા. આ રીતે આદિવાસીઓ અંગે ઘડાયેલા કાયદા કાગળ અને કલમ વચ્ચેથી બહાર નીકળી શક્યા નહીં. હવે, નવા બંધારણ મુજબ, વ્યાપક પ્રૌઢ મતાધિકારના ધોરણે રચાયેલી અને આગળ વધેલી પ્રજાની કનડગત ન થાય માટે ખાસ રક્ષણ આપતી જોગવાઈ સમેતની, સંપૂર્ણ નાગરિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાનતા આદિવાસીઓને મળી છે. લોકસભા અને પ્રાંતિક ધારાસભામાં ઓછામાં ઓછાં દસ વર્ષ માટે અમુક અનામત બેઠકો પણ સંયુક્ત મતાધિકારને ધોરણે તેમને આપવામાં આવી છે. સરકારી નોકરીઓમાં પણ અમુક ટકા સુધી તેમને પહેલી પસંદગી આપવામાં આવી છે. તેમનું હિત સચવાય અને તેઓ સહેલાઈથી પોતાની મુશ્કેલીઓ દૂર કરી શકે એ માટે જિલ્લાવાર ખાસ અમલદારો નીમવામાં આવ્યા છે. શિક્ષણ વગેરેની જોગવાઈ કરવામાં આવી છે.

આદિવાસી સંસ્થાઓ

પશ્ચિમ હિંદ આદિવાસી સેવક સંઘે તેમ જ મધ્યપ્રાંતની સરકારે તેમને માટે પંચવર્ષીય અને વીસવર્ષીય યોજનાઓ તૈયાર કરી છે. તેમાં મુખ્યત્વે શિક્ષણ, સંસ્કૃતિ, આરોગ્ય, રહેઠાણ, ખેતીવાડી વગેરેનો ખ્યાલ કરવામાં આવ્યો છે. આ યોજનાઓ પાછળનો મૂળભૂત ઉદ્દેશ ટૂંકમાં નીચે મુજબ છે :

આદિવાસીઓને (૧) કામ અને રોટી અપાવવી. (૨) ભય અને ત્રાસમાંથી છોડાવવા. (૩) રોગ તેમ જ શોષણમાંથી મુક્ત કરાવવા. (૪) બીજા સમાજોની હારમાં લાવવા. (૫) સાચા નાગરિકો અને સેવકો નિર્માણ કરવા. (૬) તેમના ધંધા સમૃદ્ધ કરવા. (૭) બીજી આગળ વધેલી પ્રજા જેટલા હક ભોગવતા કરવા.

આ યોજના ઓછામાં ઓછાં ૨૦ વર્ષે તો પાર પડવી જોઈએ એવો આગ્રહ છે.

આ ઉપરાંત કેટલાક પ્રાંતોમાં તેમનું અનેક રીતે રક્ષણ કરવા માટે કાયદા ઘડવામાં આવ્યા છે. તેમ જ ખાસ અધિકારો અને સગવડો આપવામાં આવી છે. આ ઉપરાંત આખા હિંદમાં કેટલીક ખાનગી સંસ્થાઓ તેમની વચ્ચે કામ કરી રહી છે તે અંગેની માહિતી પાછળ પરિશિષ્ટમાં આપી છે. આ અંગેનું મહદ્ શ્રેય પૂ. ઠક્કરબાપાને ફાળે જાય છે. તેમનાં જીવન અને કાર્ય અંગે આગળ ઉપર જોઈશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

ભીલો

ભીલોનું મૂળ

હિંદમાં આદિવાસીઓની સંખ્યા લગભગ ૨૩ કરોડની છે. તેમાં સૌથી વધુ સંખ્યા સંથાલ અને ગોંડ લોકોની છે. ત્રીજે નંબરે ભીલો આવે છે. સામાન્ય રીતે ભીલો મુંબઈ ઇલાકામાં અને રાજસ્થાન વિભાગમાં જોવા મળે છે. તેમની સંખ્યા લગભગ ૨૫ લાખ ઉપરાંત છે. મુંબઈ ઇલાકામાં તેઓ મુખ્યત્વે ગુજરાત અને પશ્ચિમ ખાનદેશમાં વધુ પ્રમાણમાં જોવામાં આવે છે, જ્યાં અનુક્રમે તેઓ ગુજરાતી અને મરાઠી ભાષા બોલે છે. ગુજરાતમાં સામાન્ય રીતે ભીલો બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને રાજપીપળા તરફ જોવામાં આવે છે, જ્યારે રાજસ્થાનમાં ઉદેપુર, ડુંગરપુર, વાંસવાડા, કુશલગઢ, પ્રતાપગઢ અને જાબુઆ વિભાગમાં જોવા મળે છે. તેઓમાં લગભગ ૧૫૦ ઉપરાંત ઉપજ્ઞાતિઓ છે, જેમ કે ડામોર, પરમાર, વસૈયા, હાથીલા, રાઠોડ, સોલંકી વગેરે.

તેઓ લગભગ છેલ્લા દોઢેક સૈકાથી ખેતી ઉપર સ્થાયી થયા છે. પહેલાંના જમાનામાં તેઓ જંગલોમાંથી ફળ અને મધ ભેગું કરતા તથા શિકાર કરતા જોવામાં આવે છે. તેઓ ડુંગરાઓ ઉપર તેમ જ મેદાનમાં પણ વસે છે. તેઓ બીતા બીતા અને થોડાઘણા સંકોચથી બીજી પ્રજા સાથે ભળે છે. તેમનાં રહેઠાણ તરફ વળતા પહેલાં આપણે તેમના ઇતિહાસ તરફ થોડી નજર ફેરવી લઈશું.

'ભીલ' શબ્દ મૂળ દ્રાવિડ ભાષાના (Bille) બિલ શબ્દમાંથી ઊતરી આવ્યો છે. કેટલાક કહે છે કે તે તામિલ શબ્દ (Bil) બિલ શબ્દમાંથી ઊતરી આવ્યો છે. જોકે બન્નેનો અર્થ બાણ અથવા તીર થાય છે. ભીલો પ્રાચીન કાળથી બાણ પોતાની સાથે જ રાખતા અને આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રાખે છે. એ ઉપરથી તે બિલ તરીકે ઓળખાયા હશે. સમય જતાં તે શબ્દનો અપભ્રંશ થવાથી ભીલ શબ્દ પ્રચલિત થયો હશે. સંસ્કૃત ભાષામાં ભીલ શબ્દનો અર્થ 'કાપવું' થાય છે. આવી પણ એક માન્યતા પ્રચલિત છે કે, આ લોકો જંગલોમાં ઝાડ વગેરે કાપતા હોવાથી તેમને ભીલ શબ્દથી ઓળખવા લાગ્યા.

ભીલોનો સૌથી પ્રથમ ઉલ્લેખ 'કથા-સરિત-સાગર'માં વર્ણવેલા એક રસમય પ્રસંગમાં જોવામાં આવે છે. તેમાં એક ભીલ સરદાર પોતાના સૈન્યને લઈ વિંધ્ય પ્રદેશમાંથી ચઢી આવતી દુશ્મન ફોજોને બહાદુરીથી હરાવે છે. આ પ્રસંગ ઉપરથી એમ ફલિત થાય છે કે ભીલ પ્રજા તે કાળે બળવાન હતી; અને તે પણ વિંધ્યની આજુ-બાજુના પ્રદેશમાં વસતી હતી. વળી ભીલોને 'દસ્યુ' નામથી પણ ઓળખવામાં આવતા. આ શબ્દનો ઉલ્લેખ તો ઋગ્વેદમાં પણ જોવા મળે છે. રામાયણમાં પણ શબરીના નામથી ભીલ બાઈનો ઉલ્લેખ આવે છે. (આજે પણ ભીલોનું રામાયણ છે અને તેમાં સબરી પોતાની કોમની બાઈ હતી એવો અર્થ મળે છે.) આમ ભીલ પ્રજા પ્રાચીન કાળમાં હતી એમ પુરવાર થઈ શકે છે, પણ તેઓ કયા વંશના છે એ કંઈ નક્કી થઈ શકતું નથી. તે અંગે અનેક મતમતાંતરો પ્રવર્તી રહ્યા છે. કેટલાક તેમને હિંદના મૂળ વતનીઓ તરીકે ઓળખાવે છે. તેઓ કહે છે કે, આર્યોના આગમન પછી તેઓને જંગલો અને પહાડોમાં નાસી જવું પડયું. આર્યો પોતાને ઊંચી જાતના ગણતા અને તેથી તેમને પોતાના સમાજમાં બહુ ઓછા ભેળવતા. આ રીતે તેઓ બીજા સમાજોથી તદ્દન અલગ પડી ગયા અને આજ દિવસ સુધી અલગ રહ્યા. કેટલીક વખત એકબીજાનાં હિત ટકરાતાં યુદ્ધો પણ થતાં. રજપૂતયુગમાં કેટલાક રાજાઓ પોતાના દુશ્મનોને હંફાવવા ભીલ સરદારોની મદદ લેતા. આ રીતે તેઓ રજપૂતોના સમાગમમાં આવતા. પરિણામે કેટલીક જગ્યાએ લોહીનો સંબંધ પણ જોડાયો. જે રજપૂતોએ ભીલ કન્યાઓ સાથે લગ્ન કર્યાં અને તેથી જે પ્રજા નિર્માણ થઈ તે ભીલોથી અલગ પડી. તે અત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પોતાને ઊજળા કહેવડાવે છે અને પોતાને રજપૂતવંશના કહેવડાવવામાં ગર્વ માને છે. તેઓ ભીલોની સાથે જ રહે છે પણ તેમની સાથે રોટીબેટી વ્યવહાર બાંધતા નથી. પહેરવેશ અને રીતરિવાજોની કેટલીક બાબતોમાં તેઓ ભીલોથી જુદા તરી આવે છે. છતાં એકંદરે ભીલો અને તેમનામાં ઝાઝો ફેર નથી. પંચમહાલ જિલ્લામાં આ ઉજળિયાત લોકો પટેલિયાના નામથી ઓળખાય છે.

ભીલ, કોલ, સંથાલ વગેરે હિંદના મૂળ વતનીઓ છે એમ માનવામાં આવે છે. પણ તે અંગે ઘણા મતભેદ છે. કેટલાક તેમને આર્ય માને છે તો કેટલાક તેમને અનાર્ય વંશના સમજે છે. કેટલાક તેમને દ્રાવિડિયન અથવા તો દ્રાવિડિયન પહેલાંના માને છે. અથવા તો પ્રોટો ઑસ્ટ્રોલૉઇડ યા વેંડોઇડ (Veddoid) વંશના સમજે છે.

પ્રિ-દ્રાવિડિયન વંશ

સામાન્ય રીતે ભીલો પ્રિ-દ્રાવિડિયન વંશના મનાય છે. ભીલોની મુખાકૃતિઓ પ્રિ-દ્રાવિડિયન વંશના યુરાલીસ (Uralis) અથવા કાડિર્સ (Kadirs) વગેરેને મળતી આવે છે. તેમની ભાષાઓમાં પણ થોડું સામ્ય જણાય છે. વળી તેઓ ચેન્સસ (Chensus) જાતિઓને પણ ઘણા મળતા આવે છે. માનવવંશશાસ્ત્રની દૃષ્ટિએ તપાસ કરતાં તેઓ ઓરોન્સ અને મૅરિયા ગૉન્ડ (Oraons and Maria Gonds) જાતિને વધુ મળતા જણાયા છે, પણ લોહી તપાસતાં તેઓ જુદા જણાય છે. એસ. વેન્કટકર (Venkatakar) કહે છે કે “ભીલો, એ આર્યો અને દ્રાવિડો પહેલાં હિંદમાં વસતી જાતિઓના વંશજો છે. તેથી તેઓ પ્રોટો મેડિટેરેનિયન (Proto mediterranean) જાતિના હોવાનો સંભવ છે. જ્યારે સહરાના રણની આજુબાજુના પ્રદેશની આબોહવામાં ફેરફારો થયા હશે ત્યારે તેઓ આ પ્રદેશમાં ઊતરી આવ્યા હશે. આજે બીજે સ્થળે મળી આવતા મૂંડ લોકો પણ આ જ વંશના છે. તેઓને દ્રાવિડો સા કાંઈ સંબંધ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શારીરિક રીતે જોતાં, એટલે કે ખોપરી, નાક, કપાળ, ગરદન, મુખમુદ્રા અને છાતીનો બાંધો તપાસતાં આ લોકો આર્યન વંશના જણાય છે. અહીંની બીજી પ્રજાઓથી તેઓ બહુ જુદા પડતા નથી, પણ એક-બીજાને ઘણા મળતા આવે છે. ૧૯૪૨માં ડૉ. ડી. એન. મજુમદારે ભીલોના લોહીનું પૃથક્કરણ કર્યું હતું અને શ્રી. જી. એમ. કુલકર્ણીએ માનવ-વંશશાસ્ત્રની દૃષ્ટિએ ભીલોની તપાસ કરી હતી. તેઓને પણ વધુ ભાગે ભીલો આર્યન વંશના જણાયા હતા.

લોહીનું વર્ગીકરણ

ડૉ. મજુમદારે કરેલી તપાસના પરિણામ ઉપરથી છેવટે એટલો નિર્ણય થઈ શકે છે કે, ભીલો પ્રિ-દ્રાવિડિયન વંશના નથી. તેમના લોહીમાં અનાર્યન લોહીના કરતાં આર્યન લોહી વિશેષ પ્રમાણમાં છે અને પાછળથી રજપૂત લોહી ભળ્યું છે. તેઓ મૂળે આર્યવંશના હોવા જોઈએ. પણ તે સૌથી પ્રથમ ટોળીમાં આવ્યા હશે અને અનાર્યો સાથે ભળી ગયા હશે એમ ઘણાખરા આજે માને છે.

ડૉ. મજુમદારે કરેલી તપાસનું પરિણામ નીચે મુજબ છે :

લોહીના વર્ગીકરણની ટકાવારી

Blood Group Percentage and Gene Frequencies of the Bhills.

તપાસેલા ભીલની સંખ્યા	O ओ	A अे	B बी	AB अेबी	P पी	Q क्यू	R आर
૩૬૯	૩૭·૫	૨૭·૫	૨૬·૦	૯·૦	·૨૦૩	·૧૦૪	·૬૧૨

ઓ વર્ગ એ સામાન્ય (Universal) વર્ગ છે. બી વર્ગનું પ્રમાણ ૨૬·૦ ટકા છે. એ ઉપરથી ભીલો પ્રિ-દ્રાવિડિયન વંશના નથી એવું તારણ ડૉ. મજુમદારે કાઢ્યું છે. તે આપણે તેમના જ શબ્દોમાં જોઈએ :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જો લોહીના પ્રકાર ઉપરથી ભીલોની મૂળ જાતિ અને બીજી જાતિઓ સાથેના મળતાપણા વિષે કંઈ કહી શકાતું હોય તો એમ કહેવાય. કે, આદિવાસીઓની કોઈ શુદ્ધ કે મિશ્ર જાતિમાં તેમને મૂકી શકાય તેમ નથી. તેમના લોહીના પ્રકારોના આલેખ ઉપર નજર નાખતાં, તેમાં ભીલોનું સ્થાન ક્યાં છે તે જણાઈ આવશે. તેમને વિષે ભેગી કરવામાં આવેલી માનવવંશશાસ્ત્રની હકીકત, તેમના લોહીનાં રાસાયણિક અંગો સાથે મળતી આવે તો તે ઉપરથી ભીલોના વંશ વિષે છેવટનો નિર્ણય થઈ શકે. તેમનો શારીરિક દેખાવ અને લોહીના રાસાયણિક પ્રકાર ઉપરથી જણાય છે કે, ભીલો પ્રિ-દ્રાવિડિયન જાતિના લોકો કરતાં જુદા પડે છે. મને લાગે છે કે, હવે આપણે માનવવંશ-શાસ્ત્રની આખી શબ્દાવલિ ફરી સુધારી લેવી જોઈએ. ભીલોને કોલ અને સંથાલોની જાતિમાં વર્ગીકૃત કરવામાં આવે છે એ મારી ધારણા પ્રમાણે, માનવવંશશાસ્ત્રની દૃષ્ટિએ મૂળભૂત જાતિગત સામ્ય બતાવવા માટે નહિ, પણ જુદી જુદી જાતિઓમાં રહેલી જીવન-સંવાદિતા બતાવવા માટે છે. (આથી) વધુ માહિતી મળતાં સુધી, ભીલોની જાતિ વિષે નિર્ણય કરવાનું મોકૂફ રાખવું જોઈએ."*

---

* "If blood groups do tell anything regarding race origins and affiliation the Bhils cannot be identified with any aboriginal group either pure bred or hybrid. A glance at the blood group chart will illustrate the bio-chemical position of the Bhils. If the anthroprometric data, which are being analysed, corroborate the biochemical evidence, we shall have finally solved the problem of Bhil raciology. From the biochemical evidence and from general physical features, the Bhils stand distinct from the Pre-Dravidian racial stock. I should think that the time has come when we should revise our entire ethnological nomenclature. The classification of the Bhils with

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીલોની ખાસિયતો

"ભીલો રંગે કાળા હોય છે, ક્વચિત ઘઉંવર્ણા કે ગોરા પણ માલૂમ પડે છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, ઊંચા, સુદૃઢ અને કસાયેલા હોય છે. તેમ જ તેઓ બહાદુર, સાહસી, વિશ્વાસુ, નિમકહલાલ અને સંતોષી, પણ આળસુ, વ્યસની, ઉજળિયાત વર્ગ કે સરકારી નોકરોથી ડરનારા હોય છે. સ્વભાવે જરા તીખા હોઈ વાતવાતમાં તકરાર કરી ગાળાગાળી અને મારામારી પર આવી જનારા હોય છે. તેઓ પ્રમાણમાં ઉદાર, અને પરોણાઓની આગતાસ્વાગતા યથાશક્તિ કરનારા હોય છે." — શ્રી. વણીકર

ગામ

તેઓ શહેરોની માફક જથ્થાબંધ એક સાથે ઘરો બાંધી રહેતા નથી, પણ જંગલો કે ડુંગરો ઉપર પોતપોતાનાં ખેતરોમાં અલગ અલગ ઝૂંપડાં બાંધી રહે છે; અથવા કેટલીક જગ્યાએ છૂટાંછવાયાં દસપંદરના જૂથમાં થોડાં થોડાં ઝૂંપડાં બાંધીને રહે છે. તેને ફળિયાં કહેવામાં આવે છે. આવાં થોડાં ફળિયાં મળીને ગામ થાય છે. પણ આવાં ફળિયાં અને છૂટાંછવાયાં, ઝૂંપડાં ઘણાં દૂર દૂર સુધી આડાંઅવળાં પથરાયેલાં હોય છે. આથી ગામનો વિસ્તાર તેની વસ્તીના પ્રમાણ કરતાં ઘણો જ મોટો થાય છે. દરેક ગામમાં એક મુખી હોય છે. તેને પટેલ કહેવામાં આવે છે. જો તે જાતે ભીલ કોમનો હોય તો તેને 'તડવી' કહેવામાં આવે છે. ગામ બહુ મોટું હોય તો ફળિયાંઓમાં બીજા નાના ફળિયા-પટેલો હોય છે. આ ઉપરાંત ગામમાં કોટવાળ પણ હોય છે. તે પણ ગામમાં

---

the kols Knd Santhals, I think, has been more for symphony than for fundamental ethnic similarity. Till the statistical data are available, further discussion on Bhil raciology should wait."

(from Journal of *Gujarat Research Society*, Vol. IV No. 4, 1942, Page 237)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગોપાત્ત આવતા સરકારી અમલદારોને કામકાજમાં મદદ કરે છે. વળી જો ગામલોકોને ભેગા કરવા હોય તો આ કોટવાળ જ ઘેરઘેર ખબર આપવા જાય છે અને સાદ પાડે છે. તેને 'કોટવાળ ગાંગર્યો' એમ તેઓ કહે છે. કેટલીક વાર ગામ લોકોને ભેગા કરવા માટે કોટવાળ 'ફૂંડું' (ઢોલ) વગાડે છે. આ પટેલો અને કોટવાળોને સરકાર તરફથી જમીનો ખેડવા આપવામાં આવેલી હોય છે.

ઝૂંપડાં

તેમનાં ઝૂંપડાં વાંસ, વળી અને કામડાંનાં બાંધેલાં હોય છે; અને તે પોતાની મેળે અથવા તો સગાંવહાલાંની સહાયથી બાંધી લે છે. તેમાં પોતાને રહેવાની અને ઢોર બાંધવાની સગવડ હોય છે. કેટલાક ભીલો ઢોરને પોતાના ઝૂંપડાની સામી બાજુએ ઢાળિયામાં રાખે છે અને તેની આજુબાજુ વાંસની વાડ બનાવે છે. ઘરની બહાર એક બાજુ ૩–૪ ફૂટ ઊંચી ૨–૩ માટલાં રહે એવી લાકડાની સાદી ઘોડી રાખે છે અને તે ઉપર પાણી ભરેલાં માટલાં ગોઠવે છે. સામાન્ય રીતે તેમનાં ઘરોમાં બે ત્રણ કાંસાનાં અને પિત્તળનાં વાસણ, બીજાં માટીનાં વાસણો, માટીની દાણા ભરવાની કોઠી, ઘંટી અને કપડાંના ગાભા પડ્યા હોય છે. ઘરો અંધારિયાં હોય છે.

તેમનાં ખેતરો વાડ વગરનાં હોય છે. કૂવા કાચા, થાળાં વગરના અને છીછરા હોય છે. પહેલાં તેઓ મહિનામાં એકાદ બે વાર સ્નાન કરતા અને કપડાં ધોતા. હવે આ બાબતમાં ઘણો સુધારો થયો છે. કેટલીક બાબતમાં તેઓ યુરોપની સંસ્કૃતિને મળતા આવે છે. યુરોપિયનો જાજરૂ જઈ પાણી ન વાપરતાં કેવળ કાગળનો ઉપયોગ કરતા આવ્યા છે. ત્યારે આ ભીલો કુદરતમાં પથરાયેલી અખૂટ અને અમૂલ્ય સંપત્તિ (પથ્થર) નો ઉપયોગ કરતા આવ્યા છે. હવે પાણી વાપરતા થયા છે.

તેઓનો મુખ્ય ધંધો ખેતીનો છે. તે ઉપરાંત જંગલમાંથી છાણાં, ખાખરાનાં પાન, લાકડાં, ગુંદર, ફળ વગેરે એકઠાં કરી વેચે છે. તેમ જ બીજી મજૂરી પણ કરે છે. તેમની આર્થિક સ્થિતિ ઘણી જ ખરાબ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી તેઓ અક્ષરજ્ઞાનથી અપરિચિત છે. શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. લગભગ એક હજારે ચાર જ શિક્ષિત છે. જોકે આજે તેમાં શિક્ષણનો ફેલાવો થઈ રહ્યો છે. મોટે ભાગે તેઓ નાનાં બાળકોને ભણાવવાને બદલે ઢોર ચરાવવાના અને છોકરાં સાચવવાના કાર્યમાં રોકી દે છે.

ભાષા

તેમની ભાષા 'ભીલોડી' નામથી ઓળખાય છે. જોકે તે ગુજરાતી ભાષાની એક બોલી છે. અજાણ્યા માણસને તેમની ભાષા શરૂઆતમાં જુદી લાગે છે, પણ પરિચય વધતાં તે સમજાવા માંડે છે.

'ભીલોડી' બોલીનો અભ્યાસ કરતાં આપણને મુખ્યત્વે તેનાં છ લક્ષણો જણાઈ આવે છે, જે નીચે મુજબ છે :

(૧) બહુ જ થોડા શબ્દો.

(૨) જૂની ગુજરાતીના કેટલાક શબ્દો.

(૩) મરાઠી ભાષાના મિશ્રણવાળા કેટલાક શબ્દો.

(૪) અરબી, ફારસી, હિંદી વગેરે ભાષાના કેટલાક શબ્દો.

(૫) જેનાં મૂળ ન મળે તેવા, તદ્દન જુદી જ જાતના શબ્દો.

(૬) અશુદ્ધ ઉચ્ચારણવાળા શબ્દો.

ભીલો બીજી પ્રજાઓના સંપર્કમાં આવેલા નથી. તેમના જીવનની જરૂરિયાતો બહુ ઓછી હોવાથી, તેમ જ તેમનું જીવન ત્યાંના પ્રદેશમાં જ પર્યાપ્ત થતું હોવાથી તેમને વધારે શબ્દોની જરૂર પડી નથી. તેથી તેમની પાસે બહુ થોડા જ શબ્દો રહ્યા છે. તેમાંના કેટલાક જૂની ગુજરાતીના છે, જેમકે 'ભાળવું' એટલે કે 'જોવું' વગેરે શબ્દો પણ તેના તે જ રહ્યા. બીજા સમાજના પ્રવાહ અને પ્રગતિના સંપર્કના અભાવે તેમાં પ્રગતિ કે સુધારા ન થયા. ઊલટું તેમાં કાળે કરીને અશુદ્ધતાઓ પેઠી. પરિણામે ચાલુ ગુજરાતી ભાષાથી તેમની ભાષા અલગ હોય તેવો ભાસ નિર્માણ થયો અને તેનાથી જુદી જણાવા લાગી.

પરંતુ એક સમાજ બીજા સમાજ કરતાં ગમે તેટલો અળગો રહેવા મથે, છતાં તે જાણ્યેઅજાણ્યે સંપૂર્ણપણે અલગ રહી શકતો નથી, તેમ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખી શકાતો નથી. તે નિયમ અનુસાર આ લોકોની રૂંધાયેલી ગુજરાતી ભાષા, જે દિવસે દિવસે અશુદ્ધ અને અલગ પ્રકારની બનતી જતી હતી, તેના ઉપર થોડીઘણી પણ બીજી ભાષાઓની અસર થયા વગર ન રહી. આ ભાષામાં કેટલાક મરાઠી શબ્દોનું મિશ્રણ માલૂમ પડે છે. તેનું કારણ આ ભાગમાં ઈ. સ. ૧૮૬૧ સુધી રહેલા સિંધિયા સરકારના રાજ્ય અમલનું હોય એવો સંભવ છે. આ ઉપરાંત કેટલાક ફારસી તેમ જ અરબી શબ્દોનું મિશ્રણ પણ જણાય છે. તેનું કારણ પણ મોગલ સલ્તનત અને મુસલમાની રાજ્ય અમલોનું હોય. પરંતુ નવાઈની વાત તો એ છે કે, આ બોલીનો અભ્યાસ કરતાં તેમાં કેટલાક જુદા જ પ્રકારના શબ્દો મળી આવે છે. દા. ત. 'બાહડી' એટલે 'સાવરણી', 'ડગરો' એટલે 'બળદ', આવા ઘણા શબ્દો છે. તેનાં મૂળ બીજી કોઈ ભાષામાં ક્યાંય મળતાં નથી. તો એ શબ્દો મૂળ આ લોકોના જ હોવા જોઈએ; કારણ કે વ્યક્તિ અને સમાજ બંને એવા છે કે, જ્યારે કોઈ વસ્તુને વ્યક્ત કરવા માટે પોતા પાસે કોઈ શબ્દ કે સાધન ન હોય, અથવા ન મળે, તો તે આપમેળે એટલે કે સ્વાભાવિક રીતે જ, પોતાનું કાર્ય સરળ બનાવવા નવો શબ્દ અથવા નવું સાધન ખોળી કાઢે છે, અથવા નવું નિર્માણ કરે છે.

જ્યારે આ લોકો પ્રાથમિક દશામાં હશે ત્યારે તેમની પાસે સંજ્ઞા પૂરતો બહુ થોડા શબ્દોનો ભંડાર હશે અને તે બીજી ભાષાઓની સંજ્ઞાઓ કરતાં અલગ એટલે કે પોતાનો જ જુદો હશે. પણ તેમને બીજી સંસ્કૃતિઓ અને ભાષાનો સંપર્ક થતાં તેમના મૂળ શબ્દોમાંના કેટલાક શબ્દો ધીરે ધીરે સેળભેળ થતા ગયા હશે અને છેવટે આજે આ હાલતમાં ભાષામાં વણાયેલા પડ્યા હોય તેવો સંભવ છે.

ઉચ્ચારણની અશુદ્ધિઓમાં મોટે ભાગે જ્યાં ગુજરાતી ભાષાના શબ્દોમાં 'ચ' અને 'છ' વપરાય છે ત્યાં તેઓ મોટે ભાગે 'સ' વાપરે છે. દા. ત. 'ચાલો'ને બદલે 'સા'લો'. 'પાંચ'ને બદલે 'પાંસ' વાપરે છે. અને જ્યાં મૂળ 'સ' અથવા 'શ' હોય છે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને બદલે તેઓ 'હ' વાપરે છે. જેમ કે 'સાત' ને બદલે 'હાત' અને 'સાથે' ને બદલે 'હાથે' વાપરે છે. 'શું' ને બદલે 'હું' વાપરે છે.

વળી તેઓ મૂળ શબ્દોને ટૂંકાવીને વાપરે છે કે જેથી જલદીથી અને સરળતાથી બોલી શકાય. 'આવ્યો' ને બદલે 'આયો', 'બહાર' ને બદલે 'બાર' વાપરે છે. અને 'હા' કે 'ના' નો જવાબ આપવો હોય તો મોટે ભાગે તેઓ પોતાની જીભને તકલીફ ન આપતાં 'હું' જેવો મોઢું ઉઘાડ્યા વગર અવાજ કરી માથું ધુણાવી જવાબ આપી દે છે.

બીજી ખાસ ખાસિયત તો એ છે કે, તેઓ પોતાને માટે હંમેશાં બહુવચન જ વાપરે છે. 'હું' બદલે 'હમુ' એટલે કે 'અમે' શબ્દ વાપરે છે. જ્યારે બીજા માટે તે એકવચન જ વાપરે છે. પછી તે ભલે રાજા હોય કે સમ્રાટ હોય. તે તો તેને 'તું' કહીને જ સંબોધે છે. ઠક્કર બાપા જેવા ભીલોના ઉદ્ધારકને પણ તેઓ 'તું' જ કહી સંબોધતા. એટલે તેનો અર્થ એ નથી કે તે ઘમંડી છે. પણ તેઓમાં એ પ્રકારની પ્રણાલિકા ચાલતી આવેલી છે અને તે પ્રમાણે બોલે છે. તેમને એ ભાન હોતું નથી કે મોટા માણસને માનાર્થે સંબોધવા ઘટે. તેઓ બીજાને તુંકારાથી સંબોધે છે પણ તે અજ્ઞાનથી જ, નહીં કે જાણીબૂઝીને. દિલથી તો તે નિર્દોષ અને નિખાલસ હોય છે.

હવે આપણે તેમની ભાષા અને શબ્દોને જરા ઊંડાણથી જોઈએ.

ગુજરાતી ભાષામાં નવાઈ પમાડે તેવા કેટલાક શબ્દોની યાદી :

આંગુડો = એકલો; સ્વતંત્ર
આંગ = પોતે; જાતે
આલ = ભાઈબંધ
આંસુ કંજીર = નિર્મળ જળ
ઈદારી રમવા = ચોરી કે શિકાર કરવા
ઉંદાળી જવું = લૂંટી લેવું
ઊજમ = આનંદ
કેડી = વાછરડી
કોહડો = પાડો
ખોકડી = શિયાળ
ગાંગરવું = બૂમ પાડવી
ગીહી જવું = અપહરણ કરવું
ગોહરી = ગોવાળ
ચારલી = ટોપલી
છીપી = ચલમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડાંગરું = ચીભડું
ડાગળો = માળો
ઢીંગલો = પૈસો
તીનું = ભીનું
દોદડી = માછલી
દૂતે છે = ડગે છે
ધેડે = કિનારે
પિયાળ = પાતાળ
બકારવું = ઢોર જુદાં કરવાં
બાબો = મોટો
બાહ = બાપ
ભાભરા = દક્ષિણ
ભાંગ = તમાકુ
મંડોળ = મેલા દેવની પ્રાર્થના
રેંગટે = ધમકાવે; મારે
રાખોહ = રાક્ષસ
રોહો = રસ્તો
રોહડી = દોડવું
વાહદી = દીવાસળી; અગ્નિ; દેવતા
લેંજો = પાતળો
હરો = દારૂ
હરિયું = તીર
હાયણું = શાક
હીયો = પગી; રસ્તો બતાવનાર
હુરી = ઉત્તર દિશા
હેજ = પ્રેમ

કેટલાક શબ્દો

અંક

(ગુજરાતી)	(ભીલોડી)	(ગુજરાતી)	(ભીલોડી)
એક	ઈકિ	અગિયાર	ઇગિયાર
ત્રણ	તન	ચાળીસ	સાલીસ
ચાર	સાર	પચાસ	પસાહ
પાંચ	પાંસ	સો	હો
છ	સો, સ	બસો	બહો
સાત	હાત	પાંચસો	પાંસહો
દસ	દહ		

સર્વનામો

એકવચન	બહુવચન
હું = હુ	અમે = અમુ, હમુ
તું = તુ	તમે = તમુ
તે = તી, હી	તેઓ = તીહુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ = ઇ
આ = ઈ, આ
એને = ઈ
પેલું = હેલું
જે = જી

કોણ = કોન, કુન
શું = હું
શાની = હાની
કોનું = કુનુ

અવ્યયો

(ગુજરાતી)	(ભીલોડી)	(ગુજરાતી)	(ભીલોડી)
અચાનક	અસાનક	છેટે	સેટે
અત્યારે	હવડે, હાવ	જ્યાં	જાં, ઝાં
અને	ને	જેમ	જીમ, ઝીમ
અહીં	આહીં, અહીં	તેમાં	તીમાં
આગળ	અગેળ	તેથી	તેની લીધે
આજે	આજ, આઝ	તેમ	તીમ
આટલાં	આતરાં, આત્રાં	ત્યારે	તારે
આમાં	ઇમાં	દૂર	વેગ઼
આ બાજુ	આની મેરે	ના	ના, ની
ઓચિંતું	ઓસિંતું	પછી	પસી
કદાચ	કદાસ	પરમ દિવસે	પરમે દન
ઊંચે	ઊંસે	પાસે	પાહે
ક્યારે	કહારે, કારે, કેરાં	બહાર	બાર
ક્યાં	કઈ, કૈં	માંહી	માં
ક્યાંનો	કૈંનો	વચ્ચે	વસ્સે
કેટલું	કેયું, કેટલું	શા માટે	કીમ
કેમ	કીમ	સાથે	હાથે
ચૂપ	સૂપ	હવે	હાવં
		હમણાં	હાવ, હવડે
		હા,	હાવ, હોવ, હો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાંક વાક્યોનું ઉદાહરણ

(ગુજરાતી)	(ભીલોડી)	(ગુજરાતી)	(ભીલોડી)
ક્યા ગામનો છે ?	= કૈના ગામનો સે ?	કઈ બાજુ ?	= કૈની મેરે (કૈની ગમ) ?
ક્યારે આવ્યો ?	= કેરાં આયો ?	શું વાંચે છે ?	= હું વાંચે છે ?
સૂઝ પડે છે કે ?	= ગમ પડે કી ?	લે, આપું	= લી, આલુ
આવ્યો હશે.	= આયો ઓહે.	લઈ લે.	= લી લે.

સગાંસંબંધીઓનાં નામો

(ભીલોડી)	(ગુજરાતી)	(ભીલોડી)	(ગુજરાતી)
બાહ	= બાપ	લાડી	= વહુ
આઈ	= મા	જવાન	= જુવાન
સોરો	= દીકરો અથવા છોકરો	ડાહો	= ઘરડો
સોરી	= છોકરી	ઓરત	= સ્ત્રી
બૈયર (બૈરુ)	= પત્ની	બુન	= બહેન
લાડો	= વર	ભાયો	= ભાઈ

પહેરવેશ

પુરુષો ૩ હાથ લાંબો અને હાથેક પહોળો લંગોટ પહેરે છે. માથે નાનું ફાળિયું બાંધે છે અને શરીરે પછેડી ઓઢે છે. આ સામાન્ય ભીલની વાત થઈ. પટેલિયા શરીરે બંડી પહેરે છે અને માથે મોટું સફેદ રંગનું પાઘડી જેવું ફાળિયું બાંધે છે. સામાન્ય ભીલોની જેમ કાને મોતી પહેરવાને બદલે તેઓ ચાંદીનાં ઘરેણાં પહેરે છે.

સ્ત્રીઓ કાછડો મારી શકાય તેવો ઘેરા લાલ અથવા ભૂરા રંગનો ઘાઘરો પહેરે છે. બદન ઉપર લાલ અથવા ભૂરા રંગની છાંટવાળી ઓઢણી અને નીચે દેશી કાંચળી પહેરે છે. આ તો કેવળ બહાર જવું હોય ત્યારનો જ પોષાક છે. બાકી ઘરમાં તો કેવળ ઘાઘરો અને કાંચળી જ પહેરે છે. તેમનો ઘાઘરો સામાન્ય ઘાઘરાથી જુદા જ પ્રકારનો હોય છે. તે ઘણા ઘેરવાળો, ઘૂંટણથી સહેજ નીચો પણ કાછડા જેવા બે અલગ ભાગવાળો હોય છે. આ પ્રકારના ઘાઘરાને લીધે ખેતીના કામકાજમાં તેમને ઘણી સરળતા રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓ હાથે તેમ જ પગે કથીરનાં પુષ્કળ ઘરેણાં પહેરે છે. તે ઘણાં વજનદાર હોવાથી કામકાજમાં અને હાલતાં ચાલતાં અડચણરૂપ બને છે. પરન્તુ મોહને લીધે તે બધું જ સહન કરે છે. ચાલતી વખતે હાથ પર ઘરેણાંનો ભાર લાગે છે ત્યારે સ્ત્રીઓ તેમના હાથ માથા પર ટેકવીને ચાલે છે. પટેલિયા કોમની સ્ત્રીઓના દાગીના કથીરના બહુ હોતા નથી. તેઓ લાખની બંગડીઓ ઉપર જડાવેલી ચાંદીની ચીપોવાળી ચૂડીઓ પહેરે છે. આમ તે સામાન્ય ભીલ સ્ત્રીઓ કરતાં જુદી તરી આવે છે.

તેમનાં છોકરાં નાનપણમાં ઉઘાડાં ફરે છે. મોટાં થતાં લંગોટી પહેરતાં થાય છે. કપડાં ઘણાં ઓછાં પહેરે છે.

સ્ત્રીઓનાં કપડાં રંગીન હોય છે, જ્યારે પુરુષોનાં કપડાં ધૂળિયા રંગનાં હોય છે.

જન્મ

ગર્ભકાળ નવ માસનો ગણવામાં આવે છે. ગર્ભ રહ્યો છે, એમ ખબર પડ્યા પછી સ્ત્રીને પોતાના પતિના સંસર્ગમાં આવવા દેવામાં આવતી નથી. આમ પુરુષ પણ સામાન્ય સંયમ પાળે છે. ભીલોમાં ગર્ભાધાન, સીમન્તો, ખોળો ભરવો, રાખડી બાંધવી વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી નથી. પહેલી જ વખત ગર્ભિણી થતી સ્ત્રીને પણ કાંઈ ખાસ સંસ્કાર કરવામાં આવતા નથી.

ગર્ભાધાનમાં ગર્ભિણી સ્ત્રીને અનેક જાતના ખાસ ખાવાપીવાના શોખ થાય છે. કેટલીક વાર ધૂળ, કોલસા જેવી વસ્તુ ખાવા પણ ટેવાઈ જાય છે. ભીલોનું જીવનધોરણ ઘણું નીચું હોય છે અને તે પછાત કોમ છે; એટલે સુધરેલી ગણાતી બીજી કોમો જેટલા સ્વાદોથી તેઓ અપરિચિત હોય છે. છતાં બજારુ ભજિયાં કે સેવમમરા જેવી વસ્તુ ખાવાનું ગર્ભિણી સ્ત્રીને ઘણું મન થાય છે. પણ એ ખાવાથી નુકસાન થાય છે એવી બીક દેખાડીને તેને એવાં પ્રલોભનોથી બચાવવા પ્રયત્ન કરવામાં આવે છે. પ્રસૂતિ પહેલાં સામાન્ય રીતે સ્ત્રીને એક બાજુ ઝૂંપડાના ખૂણામાં ખસેડવામાં આવે છે. આ વેળાએ બેચાર પ્રૌઢ સ્ત્રીઓ અને દાયણ (તેમની જ કોમની) હાજર રહે છે. બાઈને જ્યારે પ્રસૂતિ પહેલાંનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri





આકૃતિ ૪ — ભીલોનો પહેરવેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આકૃતિ ૫ — ભીલોનો પહેરવેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુખાવો થાય છે ત્યારે દાયણ અને આ સ્ત્રીઓ ગર્ભિણી સ્ત્રીનું પેટ ચોળે છે. અને બાઈને ગભરાવા દેતી નથી. આ સમયે પુરુષો પણ હાજર રહે છે.

ઘણે ભાગે ભીલ સ્ત્રીઓ મજબૂત બાંધાની અને સશક્ત હોવાથી તેમને સરળતાથી સુવાવડ થાય છે. તે એટલી મજબૂત હોય છે કે પ્રસૂતિના સમય સુધી ખેતરોમાં કે ઇતર સ્થળે મહેનત–મજૂરીનું કામ કરતી જ હોય છે; અને પ્રસૂતિ થયા પછી ત્રણચાર દિવસમાં તો ઘરકામ કરતી થઈ જાય છે. સુયાણી કોઈ ત્યાંની જ સ્ત્રી હોય છે.

વળી કેટલીક વાર કોઈક કારીગર પાસે શસ્ત્રક્રિયા કરાવવામાં આવે છે. તેનું પણ પરિણામ ભયંકર આવી પડે છે. પરન્તુ હવે આવા પ્રસંગ ભાગ્યે જ બને છે. બાળકના જન્મ પછી ત્રીજે દિવસે અમુક વિધિ કરે છે, તેમાં મુખ્યત્વે બાળકને ધાનની નાની ઢગલી પરથી ગબડાવવામાં આવે છે અને ફોઈ તેને ઉપાડી લઈ તેનું નામ પાડે છે. બદલામાં ફોઈને કપડાંલત્તાં આપવામાં આવે છે.

લગ્ન

ભીલોમાં લગ્નની પસંદગી બે રીતે થાય છે: એક તો માબાપ પોતે જ પસંદગી કરી પરણાવે છે; બીજું છોકરાછોકરી પોતે જ પસંદગી કરી લે છે. પહેલી પ્રથામાં વિધિસર લગ્ન થાય છે અને બીજી પ્રથા કરતાં ઘણો વધારે ખર્ચ થાય છે. એટલે બીજી પદ્ધતિથી લગ્ન કરવામાં આવે છે. પહેલી પદ્ધતિમાં પહેલાં સગાઈ કરવામાં આવે છે અને તે સગાઈનું ચોકઠું તૈયાર કરનાર વચ્ચે એક ભાંજગડિયો (ગોર) પણ હોય છે. આ પદ્ધતિમાં લગ્ન પતે તે પહેલાં કેટલીક વિધિઓ કરવાની હોય છે. તેમાં ગોળ અને બકરાની મિજબાનીઓ પણ બન્ને પક્ષ તરફથી કરવામાં આવે છે. તેમ જ બીજી અનેક વિધિઓ હોય છે. હરણ કરવાની પ્રથાને 'ઉદાળ' અથવા 'ગીહી' જવું કહેવામાં આવે છે. ભીલોમાં બાળલગ્નો થોડા પ્રમાણમાં થાય છે. તેમ જ પુનર્લગ્ન, વિધવાવિવાહ, નાતરું, પ્રેમલગ્ન વગેરે પ્રચલિત છે. રાંડેલી સ્ત્રી બીજાની સાથે નાતરું કરે, પણ જો તેની પાસે આગલા ઘરનાં છોકરાં હોય તો તે પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે લઈ જાય છે અને નાતરે ગઈ હોય તે માણસે છોકરાં મોટાં થતાં સુધી તેમનું ભરણપોષણ કરવું પડે. મોટાં થયા બાદ તે બાળકોને તેના મૂળ કુટુંબીઓ લઈ જાય છે, તેમની માની સાથે રહી શકતાં નથી.

હવે આપણે આ જરા વધારે વિગતવાર જોઈએ.

સામાન્ય રીતે ૧૩ થી ૧૮ વર્ષની ઉંમરનાં છોકરાછોકરીઓનાં લગ્ન થાય છે. બન્નેની ઉંમર વચ્ચે બે ત્રણ વર્ષનો ફેર હોય છે. લગ્ન માબાપની પસંદગીથી કરવામાં આવે છે. લગ્નસંબંધે વરકન્યાને કશી સ્વતંત્રતા આપવામાં આવતી નથી. લગ્ન નક્કી કરતી વખતે વરકન્યાનાં કુળ, ગુણ, શીલ, ઉંમર, રૂપ, ખાનદાની, ચારિત્ર, શરીરનો બાંધો, શિક્ષણ, ઘરની સ્થિતિ વગેરે જોવામાં આવે છે. વર કરતાં કન્યાની ઉંમર ઓછી હોવી જોઈએ. વળી તે બીજા કુળની હોવી જોઈએ, એટલે કે, પોતાના જ કુળમાં લગ્ન થતાં નથી. જેમ કે ‘ડામોર’ કુળનાં છોકરાછોકરીનાં લગ્ન ‘ડામોર’ કુળમાં ન થઈ શકે. તેમ જ તેમના મોસાળના કુળમાં પણ ન થઈ શકે. શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવતું નથી. વરપક્ષ તરફથી માગું નાખવામાં આવે છે. કન્યાનાં માબાપ પોતે થઈ કોઈ પાસે માગણી કરતાં નથી.

સગાઈ

બીજી જ્ઞાતિઓમાં જેમ સગાઈ નક્કી કરવામાં ગોર અથવા પુરોહિત હોય છે તેમ અહીં ભાંજગડિયો હોય છે. તેનું મુખ્ય કામ જ આ હોય છે. તેના દ્વારા સગાઈનું ચોકઠું નક્કી કરવામાં આવે છે. ત્યાર પછી વરપક્ષવાળા કન્યાપક્ષવાળાને ત્યાં માગું નાંખવા જાય છે. તે સમયે કાગડાના ડાબી અથવા જમણી બાજુના બોલ ઉપરથી શુકનઅપશુકન જોવામાં આવે છે. જો અપશુકન થાય તો તેઓ સગાઈ કરવા જતા નથી. આ પ્રસંગે અત્યાર સુધી ભીલો પોતાની સાથે દારૂ લઈ જતા અને કન્યાવાળાને પાતા. હવે એ પ્રથા ઓછી થઈ છે. હાલમાં દારૂને બદલે ઘી અને ગોળ વપરાય છે. ચોરીછૂપીથી દારૂ પણ વપરાય છે. આ વખતે કન્યાવાળા વરપક્ષને મિજબાનીમાં બકરો આપે છે. પછી વરપક્ષવાળા દેજની રકમ ચૂકવે છે; ત્યારે પાકી સગાઈ થઈ કહેવાય. પછી કન્યાપક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરપક્ષ તરફ 'બળદ ખંડવા' જાય છે. આ પ્રસંગે પણ પહેલાં દારૂ પીવાતો. તેનો ખર્ચ બન્ને પક્ષો ભાગે પડતો આપતા. હાલમાં એ પ્રથા ઓછી થઈ છે. તેમાં પણ દારૂને બદલે ગોળ ખવડાવવામાં આવે છે અને વરપક્ષ તરફથી કન્યાપક્ષને બકરો મિજબાનીમાં આપવામાં આવે છે. વળી વરપક્ષ કન્યાપક્ષને બળદ બતાવે છે અને તેમાંથી પસંદ કરી તેઓ લઈ જાય છે. પણ હાલમાં આ 'બળદ ખંડવા' જવાની પ્રથા ભાગ્યે જ જોવામાં આવે છે.

આ છેલ્લી વિધિ પત્યા પછી જ લગ્નનો દિવસ બન્ને પક્ષની સંમતિથી નક્કી કરવામાં આવે છે. લગ્ન માટે ખાસ મુહૂર્ત જોવડાવવામાં આવતું નથી. મંગળવાર અને બુધવારના દિવસે લગ્ન રાખવામાં આવતાં નથી. ગુરુવાર અને શુક્રવારને પવિત્ર દિવસ માની તે જ દિવસોમાં પ્રસંગો ગોઠવવામાં આવે છે. આ પ્રમાણે ભીલોમાં તિથિને બદલે વારને મહત્ત્વ આપવામાં આવે છે. આ ઉપરાંત વૃષભ નક્ષત્રમાં અને ચોમાસામાં લગ્નો ગોઠવવામાં આવતાં નથી. આ નક્ષત્ર ભીલો પોતે જ આકાશમાં જોઈને કહી શકે છે. મુહૂર્ત બ્રાહ્મણ પાસે જોવડાવવામાં આવતું નથી.

લગ્નની પૂર્વ તૈયારીઓ તરીકે ઝૂંપડાને લીંપીને તૈયાર કરવામાં આવે છે. તેની દીવાલો પણ માટીથી જ લીંપવામાં આવે છે. તે ઉપર ચણા અને ચોખાના લોટને પાણીમાં ભેળવી તે લોટની મૂઠી વડે છાપો પાડવામાં આવે છે. તેને તેઓ 'ચકલા' કહે છે. આંગણામાં મંડપ બાંધવામાં આવે છે. તેનું માપ નિર્ણીત નથી.

લગ્નને દિવસે વહેલા અંધારામાં અથવા તો આગલે દિવસે મંડપ બાંધવામાં આવે છે. મંડપમાં સ્તંભ રોપવામાં આવતો નથી, પણ તેને બદલે 'સાલેડાં' રોપવામાં આવે છે, અને તે લગભગ ૧ ઘનફૂટ જેટલી ચોરસ જગ્યામાં રોપવામાં આવે છે. વચ્ચેનો દાંડો રોપતી વખતે ખાડો ખોદવામાં આવે છે. એ નાના ખાડામાં પહેલાં પાણી રેડવામાં આવે છે. પછી તેમાં ડાબે હાથે થોડી 'શાળ' (ડાંગર) નાખવામાં આવે છે. જો આ શાળ પાણી સાથે ડાબી બાજુ વમળમાં ફરે તો શુકન માનવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. નહીં તો અપશુકન માનવામાં આવે છે. આ સાલેડાંની આજુબાજુ ચોરી બાંધવામાં આવે છે, અને આ પ્રમાણે લગ્ન પૂર્વે ઘર આગળ વિધિ થાય છે.

લગ્નપ્રસંગે ભીલ લોકોમાં કંકોતરી મોકલવાની પ્રથા નથી. આજુ-બાજુનાં ગામડાંમાં રહેતાં સગાંસંબંધીઓને નોતરાં દેવામાં આવે છે. તે માટે ઘરનો અંગત માણસ અથવા ઢોલી જાય છે. જેને ત્યાં નોતરું દેવાનું હોય તેને ત્યાં આંગણામાં હળદરવાળા ચોખા નાખે છે અને રૂબરૂ આમંત્રણ આપે છે.

વાનાં

લગ્ન પહેલાં વાનાં ભરવાનો રિવાજ છે. જેટલાં વાનાં ભરવાનાં હોય તેટલાં પૂરાં થયા પછી જ લગ્ન થાય છે. સામાન્ય રીતે ૯ થી ૧૧ વાનાં ભરવામાં આવે છે. વધારેમાં વધારે ૧૫, અને ઓછામાં ઓછાં ત્રણ. એક વાનું એક દિવસે પૂરું થાય છે. તે માટે ખાસ વિધિ હોય છે. સામાન્ય રીતે વાનાં એકી સંખ્યાનાં રાખવામાં આવે છે. વરપક્ષનાં વાનાં વધારે રાખવામાં આવે છે. વરનાં ૧૧ વાનાં હોય તો કન્યાનાં ૯ વાનાં હોય છે.

સૌથી પ્રથમ વરને ત્યાં ગણેશ બેસાડી વાનાં ભરવામાં આવે છે અને વરપક્ષના કહેણ પછી જ કન્યાને ત્યાં ગણેશ બેસાડી વાનાં ભરવામાં આવે છે. જે દિવસે વરને ત્યાં ગણેશ બેસાડવામાં આવે છે તે દિવસે હળદર, સવા રૂપિયાનું મીઠું તેલ, નાડાછડી, એક નાની શીશી, સવા વેંતનો તીરનો સળિયો, જે બરૂ અર્થાત્ રાડાનો હોય છે તે, તેમ જ કપડાં વગેરે ખરીદવામાં આવે છે. જ્યારે વરપક્ષ તરફથી કન્યાપક્ષને વાનાં ભરવાનું કહેણ મોકલવામાં આવે છે ત્યારે તે સાથે ઉપર વર્ણવેલો તીરનો સળિયો અને જેટલા દિવસ વાનાં ભરવાનાં હોય તેટલા હળદરના ગાંઠીઆ મોક-લવામાં આવે છે. તે દરેક ગાંઠીઆને ભીલ લોકો દોરી વડે ઉપર ટીંગાડી રાખે છે. દર વાને એક એક ગાંઠીઓ 'ભરાડી ગોત્રજથી' છોડે છે. વર અને કન્યા એમ બન્ને પક્ષને ત્યાં આ વિધિ કરવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ગણેશની વિધિ કરવામાં આવે છે. આ પ્રસંગે ખાંડણિયા ઉપર પાટલો ઢાળી તે ઉપર પરણનારને (કન્યા કે વર જે હોય તેને) ઉઘાડે ડિલે બેસાડી, એકી સંખ્યામાં કુંવારાં છોકરાછોકરીઓને વર કે કન્યા પાસે લાવીને તેમના માથા પર છતા હાથ રખાવી, તે ઉપર તેલ રેડી માથા ઉપરથી પીઠ તરફ હાથ નીચે ઉતરાવે છે, કે જેથી તેલ પીઠ પર ન ઢોળાય. આ પ્રમાણે સાત વાર નીચે ઉતરાવે છે. પછી વર કે કન્યાના માથા પર કપડું ઢાંકી તે ઉપર 'શાળ' મૂકી મુસળ વડે પેલાં છોકરાં-છોકરીઓ ધીરે ધીરે સાત વાર ખાંડે છે. પછી વરકન્યાને નવડાવે છે. બાદ વરકન્યાને 'ભરાડીએ' એટલે કે ગોત્રજ પાસે લાવવામાં આવે છે. ત્યાં હળદર વડે ગણેશ, સૂરજ, ચંદ્ર, તારાનાં ચિત્રો દોરેલાં હોય છે. ત્યાં ઘીની ધાર કરવામાં આવે છે. આ સ્થળે લગ્ન થતાં સુધી રોજ બેસવાનું હોય છે. ત્યાં મકાઈના લોટના લાડાલાડી પણ બેસાડવામાં આવેલા હોય છે.

વાનાંના દિવસે વરકન્યાને સ્નાન કરાવી દિવસમાં બે વાર પીઠી ચોળવામાં આવે છે. વરની પાસે કેવળ તેની નાની બહેનો બેસે છે. તે ગીતો ગાતી ગાતી પોતાના ભાઈને પીઠી ચોળે છે. કાકા, ફોઈ, મામા વગેરેની થઈને કુલ સાત બહેનો વરની પાસે બેસે છે. પીઠી વખતે સામાન્ય રીતે વરને વાડામાં જ્યાં ગણેશ બેસાડ્યા હોય ત્યાં આગળ બેસાડવામાં આવે છે. આ વિધિને તેઓ 'મહાવણો' તથા 'ચંદ્રણિયો' કહે છે. દર વાનાને દિવસે રાત્રે ભીલ લોકો વરકન્યાને ખાંધે લઈને ખૂબ નાચે કૂદે છે, ગીતો ગાય છે, ઢોલનગારાં વગાડે છે, અને ખૂબ આનંદ લૂંટે છે.

કન્યાને ગણેશ બેસાડતા પહેલાં કથીરનાં ઘરેણાંથી ખૂબ શણગારવામાં આવે છે. છેલ્લે વાને સગાંવહાલાં ચાંદલો આપે છે, તેમાં કોઈ કપડાં પણ આપે છે. છેલ્લો વાનો પૂરો થયા બાદ વરને પાઘડી, જામો અને ધોતિયું પહેરાવવામાં આવે છે. આ પાઘડી અને જામો ભાડેથી લાવવામાં આવે છે. તેનો રંગ રાતો હોય છે. આ ઉપરાન્ત મોડ પણ મોટે ભાગે ભાડે જ લાવવામાં આવે છે. વરકન્યાના મોડની જોગવાઈ, વરપક્ષને જ કરવાની હોય છે. તેઓ પોતાની આર્થિક સ્થિતિ અનુસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલકોભારે મોડ લાવે છે. પોતાને ઘેરથી પરણવા નીકળે ત્યારથી વર તે બાંધી રાખે છે. જો વર કે કન્યાના માથા પરથી લગ્નવિધિપ્રસંગે મોડ ખસી જાય તો અપશુકન માનવામાં આવે છે.

સામાન્ય રીતે ભીલોમાં લગ્નવિધિ વહેલી સવારે અંધારું હોય તે પ્રસંગે કરવામાં આવે છે. કેટલીક વાર સૂર્યાસ્ત પછી પણ થાય છે. જાન લગ્નને આગલે દિવસે વરપક્ષને ત્યાંથી રવાના થઈ કન્યાને ત્યાં આવે છે. વરપક્ષને ત્યાંથી જાન નીકળે ત્યારે શરૂઆતમાં વરને ખાંધે બેસાડવામાં આવે છે. આ આખો વખત વરરાજાને મૌન પાળવું પડે છે. તે સમયે લાલ રંગનો જામો અને પાઘડી પહેરાવેલી હોય છે. ધોતિયું સફેદ હોય છે. કાનમાં કડીઓ પહેરાવવામાં આવે છે. કમરે તલવાર લટકાવવામાં આવે છે. માથે મોડ બાંધવામાં આવે છે. જાનમાં દરેક જણ રોટલા પોતાને ઘેરથી તૈયાર કરી પોટલું બાંધીને સાથે લઈને જ નીકળે છે. કન્યાવાળાના ગામમાં પહોંચે ત્યારે તેમને ગામને પાદરે એક મોટા ઝાડની નીચે આશરો આપવામાં આવે છે, જ્યાં વરપક્ષવાળા પોતપોતાના ખાવાપીવાનો વિધિ આપમેળે પતાવે છે.

દાપાં

ત્યાર પછી દાપાં ચૂકવાય છે. ભીલોમાં મા, ભાઈ, કાકા, મામા, ફોઈ, બહેન વગેરેને દાપાં આપવાનાં હોય છે. ગામના પટેલનું પણ દાપું હોય છે. દાપાંની રકમો રોકડમાં આપવામાં આવે છે અથવા ઢોરઢાંખરના રૂપમાં પણ આપવામાં આવે છે. દાપાં પૂરેપૂરાં ચૂકવાયા બાદ જ કન્યાને પહેરાવવા માટે વરપક્ષ તરફથી કપડાં મોકલવામાં આવે છે. ત્યારે કન્યાપક્ષ તરફથી વર માટે ખાવાનું અને મોઢે લગાડવા થોડી હળદર લઈને બીજી કન્યાઓ આવે છે. આ હળદર ચોપડ્યા પછી જ વરકન્યાને માંડવે જાય છે. માંડવે જતી વખતે કન્યાનો ભાઈ વરને ખભે ઊંચકીને લઈ જાય છે. તે વખતે વરરાજા માંડવે બાંધેલા આંબાના તોરણને પોતાની તલવારથી અડે છે. આ વિધિ પત્યા પછી લગ્નવિધિ માટે વરકન્યાને માંડવે ચોરી આગળ લાવવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાલેડાં

લગ્નમંડપમાં વર અને કન્યા માટે બે પાટલા ઢાળેલા હોય છે. ત્યાં સાલેડાંનો મંડપ અને ચોરી હોય છે. તે ઉપરાંત ચોખા અને ઘી હોય છે. આજુબાજુ સગાં સંબંધી હોય છે. તેમાં વરકન્યાનાં માબાપ હાજરી આપતાં નથી. અહીં બ્રાહ્મણ હોતો નથી. લગ્નની વિધિ મોટે ભાગે વરનો બનેવી જ કરાવે છે અથવા કોઈ અનુભવી ભીલ કરાવે છે.

સૌથી પ્રથમ વરરાજાને મંડપમાં લાવવામાં આવે છે. તેને પૂર્વ તરફ મોં રખાવી ચોરી પાસે પાટલા ઉપર ઊભો રખાવી, કન્યાને લાવી તેને વરની પાસે ડાબા હાથ તરફ જોડાજોડ ઊભી રાખવામાં આવે છે. કન્યાને બહાર કાઢતાં પહેલાં કન્યાની મા વરને પોંખી વધાવીને જતી રહે છે. પછી વરનો બનેવી વરકન્યાના છેડા ગાંઠી કુલ સાત ફેરા ફેરવે છે. પહેલા ચાર ફેરા વખતે, વરને આગળ રાખવામાં આવે છે અને પછીના ત્રણ ફેરા વખતે કન્યાને આગળ રાખવામાં આવે છે. ફેરા ફેરવતી વખતે વિધિ કરાવનાર વરનો બનેવી પણ વરકન્યાની આગળ ચાલતો હોય છે. પ્રત્યેક ફેરો પૂરો થયે વરકન્યાને થોભાવી, વરના બન્ને હાથમાં થોડી શાળ આપી ત્યાં ને ત્યાં નીચે ફેંકાવવાનો વિધિ થાય છે. આમ કુલ સાત ફેરા ફેરવી વરકન્યાને પાટલા પર નીચે બેસાડવામાં આવે છે. પછી આ વિધિ કરાવનાર ભીલ ઊભો થઈને કહે તે સમયે વરકન્યામાંથી જે કોઈ સૌથી પ્રથમ ઊભું થઈ શકે તે વધુ આવડતવાળું ગણાય. આ આખી લગ્નવિધિ દરમ્યાન બન્ને પક્ષવાળાં તરફથી ઢોલ નગારાં ઘણાં જ જોરશોરથી વગાડવામાં આવે છે; અને તે વગાડવામાં કોણ ચઢી જાય તે માટે ચડસાચડસી થાય છે. આ પ્રસંગે ભીલો પુષ્કળ આનંદમાં આવી ઘોંઘાટ કરે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. પછી વરકન્યાને કંસાર ખવડાવવા લઈ જાય છે. આ પ્રસંગે વરકન્યા ઉપર કપડું ઢાંકવામાં આવે છે. વળી વરકન્યા એક બીજાને કંસાર પણ ખવડાવે છે. આ વિધિ પત્યા પછી વર પોતાના માણસો વચ્ચે આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉકરડો ખોળવો

લગ્નવિધિ બાદ ઉકરડો ખોળાવવાનો વિધિ થાય છે. આ માટે અગાઉથી ઉકરડામાં પૈસા, સોપારી વગેરે દાટેલું હોય છે તે ખોદાવે છે. ત્યાર પછી વરપક્ષની વિદાય પહેલાં, કન્યાનો બાપ સારી સ્થિતિવાળો હોય તો વરપક્ષને પાડો આપે છે અને મકાઈની થૂલી રાંધીને ખવડાવે છે. આ પહેલાં કન્યાનાં સગાંવહાલાં કન્યાને ભેટ આપે છે. કોઈ આઠ આના તો કોઈ ચાર આના તો કોઈ રૂપિયો વગેરે આપે છે.

લગ્નને બીજે દિવસે જાન કન્યાને લીધા વગર જ વર સાથે પોતાના ઘર તરફ રવાના થાય છે. જાન ગયાને બીજે દિવસે વહેલી સવારે કન્યાને લઈને તેનાં સગાંવહાલાં કન્યાને સાસરે વળાવા જાય છે. તેની સાથે પાંચ પુરુષો જાય છે. સાસરે આવ્યા પછી વહુ પાસે સૌથી પ્રથમ વાસીદું વળાવવામાં આવે છે. ઘરનું પાણી ભરાવે છે અને તેની પાસે રસોઈ કરાવે છે અને તે નાતીલાઓ જમે છે. આ વિધિ પત્યા પછી કન્યા પોતાના વંશમાં આવી ગઈ એમ માનવામાં આવે છે.

નાતરું

ભીલોમાં નાતરું કરવાની તેમ જ વિધવાલગ્ન કરવાની પ્રથા છે. જો પતિપત્નીને અણબનાવ થાય તો એકબીજાથી છૂટાં થાય છે. તે વખતે વરકન્યાનાં માબાપ એકબીજાને દાપાં વગેરેની રકમો પાછી ચૂકવે છે. ન ચૂકવે તો 'ઝઘડો' લેવામાં આવે છે. વિધવા સ્ત્રી પોતાના દિયેર સાથે પણ પરણી શકે છે. પુરુષ પોતાનું પહેલું લગ્ન વિધવા જોડે કરતો નથી. કદાચ કરે તો તે અયોગ્ય પણ મનાતું નથી. વિધવા પુર્નલગ્નથી થયેલી સંતતિ નીચી ગણાતી નથી.

અપહરણ

ભીલોમાં 'ઉદાળી' જવાની કે 'ગીહી' જવાની પ્રથા પ્રચલિત છે. પૈસાના અભાવે કોઈ કન્યાની વરપક્ષ તરફથી માગણી કરવામાં ન આવે તો છોકરી કોઈક સાથે પ્રેમમાં પડી માબાપનું ઘર છોડી પોતાના પ્રેમી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે નાસી જાય છે. લગભગ ૧૫ થી ૨૦ દિવસ કોઈ એકાંત સ્થળે અથવા જંગલમાં અથવા તો પોતાના ગામથી દૂર જગ્યાએ રહે છે. કન્યાના બાપને આ વાતની જાણ થતાં તે વરના બાપ પાસે 'દાપાં'ની રકમ લેવા કે 'ઝઘડો' લેવા જાય છે. તેમાં રોકડ નાણું અથવા ઢોરઢાંકર પણ અપાય છે. આ દાપાંથી જો બન્નેને સંતોષ થાય તો તેઓ એકબીજાને વેવાઈ તરીકે ગણે છે. આ પ્રમાણે થતાં લગ્નને 'ઉદાળવાં' અથવા 'ગાંધર્વ' લગ્ન કહેવામાં આવે છે.

કેટલીક વાર છોકરીનાં માબાપ કોઈ છોકરો પસંદ કરી તેને પોતાને ત્યાં પાંચ કે સાત વર્ષ સુધી રાખવાની બાંયધરી કરી, ઘરજમાઈની જેમ રાખે છે. મુદ્દત પૂરી થયે તેનાં પોતાની પુત્રી જોડે લગ્ન કરે છે. જમાઈને પોતાના સસરાને ત્યાં જ રહેવું હોય તો તેને પોતાના સસરા તરફથી એકાદ હળ, બળદની જોડ અને એકાદ ખેતર આપવામાં આવે છે. લગ્ન પહેલાંની બાંયધરીની મુદ્દત પહેલાં જ જો આ છોકરાછોકરીને પ્રેમ થાય અને એકબીજાને લઈને નાસી જાય તો એકબીજાનાં માબાપ 'દાપાં' વગેરેની આપલે કરી બન્નેનાં લગ્ન માન્ય રાખે છે.

મૃત્યુ, પ્રેત અને સંસ્કાર ક્રિયા

મરણ પછી જીવનું શું થાય છે તેની કોઈ વિશિષ્ટ પ્રકારની કલ્પના આ લોકોમાં નથી. તેઓ એટલું માને છે કે, મરનાર વ્યક્તિએ પોતાના જીવન દરમ્યાન પાપ કર્યાં હશે તો તેને દુઃખ પડશે અને પુણ્ય કર્યું હશે તો ભગવાન તેને સુખી કરશે. પુનર્જન્મ કે આત્માના અમરપણા વિષેના કોઈ તાર્કિક ઊંડા ખ્યાલો આ લોકોમાં પ્રવર્તતા નથી.

સારી સ્થિતિનો માણસ મરતા પહેલાં પોતાની શક્તિ મુજબ દાન કરે છે, અને પોતાની મિલકત તેના વારસોને વહેંચી આપે છે. મરણ થયા પછી તરત જ મડદાને આંગણામાં કાઢવામાં આવે છે. નાનાં બાળકોના મડદાને દાટવામાં આવે છે. મોટાને અગ્નિ-સંસ્કાર કરવામાં આવે છે. મડદાને સ્મશાને લઈ જતા પહેલાં નવડાવવામાં આવે છે. પછી તેનાં સગાંવહાલાં તેને નવાં વસ્ત્રો ઓઢાડે છે. મરનાર વ્યક્તિ સ્ત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય તો તેને સ્ત્રીનાં અને પુરુષ હોય તો પુરુષનાં વસ્ત્રો ઓઢાડવામાં આવે છે. મડદા ઉપર એકાદ કપડું ભંગીને આપવા માટે પણ રાખવામાં આવે છે. મૃત દેહને ઠાઠડીમાં બાંધીને સ્મશાને લઈ જતાં આખે રસ્તે રામનું નામ લેવામાં આવે છે. ઠાઠડી તેનાં સગાંસંબંધીઓ ઉપાડે છે. સ્મશાને જતાં અડધે રસ્તે મડદાને નીચે ઉતારે છે અને પાંચ છ પથ્થર જમીન પર ગોઠવી, તે પર જે માટલામાં મડદાંને નવડાવવા માટે પાણી ભરવામાં આવ્યું હોય તે ખાલી માટલું મૂકી ફોડવામાં આવે છે. વળી મડદા ઉપર ઢાંકેલા કપડામાંથી થોડું ફાડીને અહીં મૂકવામાં આવે છે. અહીંથી પુરુષો સ્મશાને જાય છે અને સ્ત્રીઓ પાછી ફરે છે. આ જગ્યાએ પાંચ છ દિવસ સુધી મરનારનાં કુટુંબીઓ સાંજે અને સવારે ખાવાનું મૂકી જાય છે. પાંચ છ દિવસ પછી મરનારનાં કુટુંબીઓ આ સ્થળે આવી પેલા પથ્થરો દૂર ફેંકી દે છે. આ ક્રિયાને ‘ ભાઠા હેડવા ’ કહેવામાં આવે છે. આમ ‘ ભાઠા હેડ્યા ’ પછી ત્યાં બધા ઘેરથી રાંધી લાવીને જમે છે.

સ્મશાનમાં અગ્નિસંસ્કાર વખતે મડદાનું માથું ઉત્તર દિશા તરફ અને પગ દક્ષિણ દિશા તરફ રાખવામાં આવે છે. સ્મશાનમાં સાથે એકાદ સુખડનું લાકડું પણ લાવી રાખવામાં આવે છે. તેના કકડા કરી બધાને વહેંચી આપવામાં આવે છે. દરેક વ્યક્તિ તે કકડાને મડદા ઉપર મૂકી પગે લાગે છે. ત્યાર બાદ મડદાના મોંમાં સુખડી મૂકી અગ્નિસંસ્કાર કરવામાં આવે છે. અગ્નિસંસ્કાર રાતે કરવામાં આવતો નથી.

અગ્નિસંસ્કાર પૂરો થયા પછી સૌ કોઈ સ્નાન કરી પોતપોતાને ઘેર જાય છે. ત્યાં આંગણામાં તેમના ઉપર પાણીની છાંટ નાખવામાં આવે છે. મરનારને ત્યાં શોક હોવાથી તે દિવસે તેઓ રાંધતા નથી, પણ નજીકના સંબંધીઓ ખાવાનું મૂકી જાય છે.

કેટલીક જગ્યાએ મરનાર પાછળ પાંચ છ દિવસ પછી ફાળો ઉઘરાવી તે પૈસાનો દારૂ અથવા તો ગોળ લાવવામાં આવે છે, જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલીક જગ્યાએ દાણા ઉઘરાવી જમણ કરવામાં આવે છે. મૃત્યુના ત્રીજે દિવસે ટાઢી વાળવામાં આવે છે ને મરનારનાં ફૂલ દાહોદ તાલુકાના વિજાગઢ ગામની નજીક આવેલા 'ભીમકૂંડ'માં ફાગણ સુદ ૧૧ને દિવસે પધરાવવામાં આવે છે.

ભીલોમાં મરણ બાદ બીજી કોમોની જેમ શ્રાદ્ધક્રિયા કરવામાં આવતી નથી, પરંતુ અમુક સમય બાદ બે પાંચ કે એથી વધારે કુટુંબીઓ ભેગા મળી, પોતાના કુળના સગામાં જેટલાં મરણ થયાં હોય, તે બધાનું એક સાથે 'કાયટું' કરવા ભેગા મળી જમણ ગોઠવે છે. તેમાં મુખ્યત્વે ચૂલી, ઘી, ખાંડ અને ક્વચિત્ દાળભાત આપે છે. નક્કી કરેલા કાયટાને દિવસે બધાંના વાળ ઉતરાવવામાં આવે છે. જેને શ્રાદ્ધક્રિયા કરાવવાની હોય છે તેને કાયટાના દિવસથી ત્રણ દિવસ અગાઉ સ્નાન કરાવી ચોખ્ખું કપડું પહેરાવી, ઘેરથી દૂર માંડવો કરી ત્યાં રાખવામાં આવે છે. તેની સાથે બીજા લોકો ખાવાપીવા કે અડવાનો વ્યવહાર રાખતા નથી. છેલ્લી રાત્રે તેમની કોમના બ્રાહ્મણ જેવા ગણાતા રાવળ પાસે દેવોની પ્રાર્થના કરાવવામાં આવે છે. આ પ્રમાણે આખી રાત પસાર થાય છે. આ સમયે તેઓ એક કાંસાની થાળીમાં દૂધ ભરી તેમાં એક પિત્તળની નાની ગાય રાખે છે. પરોઢિયે રાવળ શૂરાતન ચઢે તેવાં ગીતો ગાવા માંડે છે. તેને લીધે એકાદ ભીલને શૂરાતન આવે છે અને તે એકદમ ધૂણવા માંડે છે. પેલી દૂધ અને પિત્તળની ગાયવાળી થાળી હાથમાં લઈ ખૂબ ધૂણે છે. જે માણસને આવી ધ્રુજારી આવે છે તેના ઉપર મરનાર માણસોને વિશેષ પ્રેમ છે એવી માન્યતા છે. હાથમાં થાળી રાખીને ખૂબ ધૂણવાથી થાળી-માંની પિત્તળની ગાય ધ્રૂજે છે ત્યારે લોકો એમ માને છે કે, મરનારનો જીવ આવી ગયો છે. જ્યારે ગાય પડી જાય છે ત્યારે એમ માને છે કે, જીવ હવે કાયમ માટે જતો રહ્યો છે. એ પછી સ્ત્રીઓ રોવાનું શરૂ કરે છે. બાકીનાં બીજાં સગાંવહાલાં થાળીમાં પૈસા નાખે છે. આ બધી ક્રિયા પતી ગયા બાદ સાંજે મરનારની અંગત વ્યક્તિને તેનાં સગાંવહાલાં કપડાં ઓઢાડે છે. પછી જમણ થાય છે. આ રીતે કાયટાની બધી વિધિ પૂરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. વળી હોળી પર શોક મુકાવવા માટે મરનારના કુટુંબીઓ આવી ગોળ ખાય છે. આ પ્રસંગે ઢોલ નગારાં વગાડી નાચે કૂદે છે.

દૈનિક ક્રમ

ભીલોનાં ઝૂંપડાંમાં મળસ્કે ચાર વાગ્યે કૂકડાનો સાદ સંભળાયા પછી ઘેરઘેર ઘંટી ફરતી જણાય છે. તેઓ સામાન્ય રીતે તાજા લોટના જ રોટલા ઘડે છે. પછી વાસીદું કાઢી સ્ત્રીઓ બીજા ઘરકામમાં ગૂંથાઈ જાય છે. પુરુષ ખેતીકામમાં વળગે છે. સ્ત્રીઓ પણ તેને તેમાં મદદ કરે છે. સાંજે કામકાજ પતાવી વાળુ કરી ગપ્પાં મારવા ટોળાં વળી બેસે છે. જો પાક તૈયાર થયેલા હોય તો ચોકી કરવા જાય છે, અને ત્યાં જ સૂવે છે. કારણ કે, બીજાના ઊભા પાક રાત્રે વાઢી જવાનો ઘણાનો તો વ્યવસાય જ થઈ ગયો હોય છે. તેમ જ દુષ્કાળના સમયમાં તો ચોરી લૂંટફાટ વિશેષ કરે છે. વળી આજુબાજુની સરહદોમાંથી ઢોરની તેમ જ અનાજની હેરફેર કરવામાં તેઓ ઘણા કુશળ થયેલા ગણાય છે. તેમની વેપારીબુદ્ધિ પણ હવે ખીલતી જાય છે. પકડાઈ જવાનો તેમને હવે બહુ ડર લાગતો નથી. દુષ્કાળના સમયમાં જેલ તો તેમને મન મહેલ સમાન હોય છે.

કેટલાક ભીલો ગુજરાતમાં આણંદ, ડાકોર વગેરે જગ્યાએ કપાસ વીણવા કે બીજી મજૂરીએ જાય છે. આમ લગભગ બે ત્રણ માસ બહાર પણ રહે છે.

ખોરાક

ભીલોનો મુખ્ય ખોરાક મકાઈ છે. તે ઉપરાંત કોદરા, બંટી, બાવટો, ચણા, તુવર, અડદ, વટાણા, ઘઉં, જવ વગેરે થોડા પ્રમાણમાં વાપરે છે. તેઓ મોટે ભાગે મકાઈના રોટલા, અડદની દાળ અથવા ચૂલી રાંધીને ખાય છે. ક્યારેક ક્યારેક ઘઉં વાપરે છે. લાડુ, શીરો કે કંસાર જેવાં મિષ્ટાન્નોથી તેઓ અપરિચિત છે. એમનું પકવાન એટલે ચણાના લોટનાં તેલમાં તળેલાં ‘ ઢેબરાં ’. આ ઉપરાંત વાર-તહેવારે ચોખા રાંધે છે અથવા બજારમાંથી ભજિયાં કે તીખી સેવ લાવી ખાય છે. સામાન્ય રીતે દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં દૂઝણું હોય છે, પણ મોટે ભાગે તેઓ દૂધ કે ઘી વાપરતા નથી. છાશ પીવે છે. તેમ જ શાકભાજી પણ અલ્પ પ્રમાણમાં વાપરે છે. રીંગણાં, વાલોળ, દૂધી, ભીંડા વગેરેથી તેઓ વિશેષ પરિચિત છે. વાલોળ તો તેમના ખેતરના શેઢા ઉપર અને આંગણામાં વિશેષ પ્રમાણમાં વેપાર અર્થે ઉગાડે છે. ડુંગળી અને લીલાં મરચાં પણ તેઓ ઠીક ઠીક પ્રમાણમાં ખોરાકમાં લે છે. સામાન્ય રીતે તેઓ શાકભાજી બાફીને જ રાંધે છે. આ ઉપરાંત તેઓ ખોરાકમાં થોડા પ્રમાણમાં તેલ અને ગોળ વાપરે છે. ચાની બદી દિવસે દિવસે વધતી જાય છે.

ક્યારેક તેઓ પશુ કે પંખીનું તાજું બાફેલું માંસ ખાય છે. માંસાહાર નિષિદ્ધ નથી. માછલાં આ પ્રદેશમાં મળતાં નથી. તેમ જ પેટે ચાલનારાં જનાવરોનું માંસ પણ આ લોકો ખાતા નથી. પણ ઈંડાં ખાવામાં તેઓને બાધ નથી. સાત આઠ કે તેથી વધારે ઈંડાં ભેગાં કરી તેઓ કાચલી સાથે પાણીમાં બાફે છે. પછી કાચલી અને વધારાનું પાણી કાઢી લઈ તેને છૂંદી તેમાં ડુંગળીનું કચુંબર અને મીઠું મરચું નાખીને ખાય છે.

ધાર્મિક રીતે કોઈ પણ જાતનું માંસ નિષિદ્ધ નથી. પણ તેઓ જાનવરનાં હાડકાં, મજ્જા, લોહી, ભેજું વગેરેનો ખાવામાં ઉપયોગ કરતા નથી.

આહાર

યુક્તાહારની દૃષ્ટિએ દરેક પુખ્ત ઉંમરના માણસને ૪૫ ઔંસ ખોરાક મળવો જોઈએ. તેમાં ૧૭ ઔંસ ધાન (Cereals) અને કઠોળ જોઈએ. બાકી ચરબી, દૂધ, તેલ, શાકભાજી વગેરે મળીને લગભગ ૨૮ ઔંસ બીજો ખોરાક જોઈએ. ત્યારે અહીં ભીલો તો સરેરાશ લગભગ ૪૦ ઔંસ કેવળ ધાન (Cereals) અને કઠોળ લે છે અને બીજા પાંચ ઔંસમાં બીજાં તત્ત્વો મેળવે છે. આમ યુક્તાહારની દૃષ્ટિએ તેમનો ખોરાક સમપ્રમાણ નથી. (Unbalanced diet છે.) જોઈએ તે કરતાં ત્રણ ગણું ધાન લે છે અને બીજાં તત્ત્વો ફક્ત પાંચમા ભાગનાં લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાકવિષયક ઉપરના આંકડા તપાસ કરેલાં કુટુંબોના ખોરાક ઉપરથી એક નિષ્ણાતની મદદથી કાઢ્યા છે અને તે સરેરાશ બતાવે છે.

વળી આ પ્રદેશમાં વારંવાર દુષ્કાળ પડતા હોવાથી તેમને કેટલીક વાર મહુડાં ઉપર જ અથવા તો જૂની સડેલી સત્ત્વહીન મકાઈ ઉપર જ નભવું પડે છે. તેની આરોગ્ય ઉપર ગંભીર અસરો થયા વગર રહેતી નથી.

દિનપ્રતિદિન તેઓનાં શરીર જીર્ણ થતાં જાય છે. તેઓ અનેક રોગના ભોગ બની રહ્યા છે. અહીંના એક અનુભવી ડૉક્ટરના કહેવા મુજબ આ લોકોને કેલ્શિયમ, આયર્ન અને વિટામિન પૂરતા પ્રમાણમાં મળતાં નથી; અને પરિણામે તેઓ 'પેલાગ્રા', ખસ, ખૂજલી વગેરે ચર્મ રોગોથી પીડાય છે. વળી પૌષ્ટિક આહારના અભાવે આ લોકોમાં ક્ષય રોગનું પ્રમાણ વધી રહ્યું છે. તે અટકાવવા વહેલી તકે ચાંપતા ઇલાજો લેવાની જરૂર છે.

વાસણો

ભીલો માટીનાં વાસણો વાપરે છે. તેમાં રાંધવાનું પણ કરે છે. ઘરમાં એકાદ બે વાસણ એલ્યુમિનિયમ કે કાંસાનાં હોય છે. રાંધવાનાં વાસણોમાં તેમની પાસે મુખ્યત્વે 'હાંડલી' અને 'કલેડી' હોય છે. કલેડીમાં તેઓ રોટલા શેકે છે અને હાંડલીમાં દાળ, શાક, રાબડી વગેરે રાંધે છે. વળી કલેડીના જેવી માટીની તાંસળીમાં જ રોટલો દાળ, શાક, વગેરે ચોળીને ખાય છે. તેઓ જમતી વખતે પોતાના બન્ને હાથ બગાડે છે. નિરાંતે પલાંઠી વાળીને અથવા એક સાથે પંગતમાં બેસીને વ્યવસ્થિત જમવા બેસવાની પ્રથા તેઓમાં નથી. જેને જ્યાં ફાવે ત્યાં ઉભડક રીતે પહોળા પગ રાખી જમે છે.

આંગણામાં અથવા ચોકમાં જાડા લાકડાના ઘોડા બનાવી તેના પર પાણીનાં માટલાં રાખે છે. અને પાણી લેવા માટે તુંબડાનો ઉપયોગ કરે છે. હવે કોઈ કોઈ લોટા વાપરતા થયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ માટીનો અથવા ઈંટનો ચૂલો રાખે છે. તે ઝૂંપડાના એક અંધારા ખૂણામાં હોય છે. બળતણમાં લાકડાં તથા છાણાં વાપરે છે. સામાન્ય રીતે સ્ત્રીઓ જ રાંધે છે.

ધાર્મિક વિશ્વાસ

ભીલો કાળકા, ઓખા, ઝાંપડી, સુદાઈ, ઘોડાજો, બીરબાજ, ઈંદરાજ, કચુંબર, વગાજો, કોહાજો, હાદરજો, મનાતો, મોઝીંદા વગેરે અનેક દેવદેવીઓને માને છે. તેમના દેવનું નિવાસસ્થાન કોઈ મોટું દેવળ કે મંદિર હોતું નથી. આ દેવદેવતાઓની મૂર્તિઓનો બીજા સંપ્રદાયોનાં દેવદેવીઓની મૂર્તિઓ જેવો ખાસ આકાર હોતો નથી. વળી તેને ખાસ શણગાર કે ઠાઠ હોતા નથી. સામાન્ય રીતે દેવોનું નિવાસસ્થાન ગામની ભાગોળ, કોઈ મોટા વડ અથવા શીમળો, મહુડો, પીંપળો, આંબલી વગેરે ઝાડો હોય છે. ડુંગરો પર કે કોઈ એવે સ્થળે માનતાઓ–બાધાઓ અથવા ધાર્મિક વિધિઓ કરવા માટે વર્ષમાં બે ત્રણ વાર તેઓ જાય છે.

માગણી બધા જ દેવતાઓ પાસે કરી શકાય છે, પણ બડવો જે દેવ પાસે માગણી કરાવે એ દેવ પાસે જ માગી શકાય. આ બડવો પોતાની મરજી પ્રમાણે કોઈ પણ દેવની માનતા કરાવે છે. પરંતુ બધી માનતાઓ અને બાધાઓમાં સૌથી મહત્ત્વની અને મોટી બાધા 'ઈંદરાજની ડાળું' નામની હોય છે. તે અતિશય માંદગી પ્રસંગે અથવા તો મરણ પથારીમાં કોઈ હોય ત્યારે રાખવામાં આવે છે. આ સિવાય બીજા પ્રસંગો દરમ્યાન 'ગૂંદરું' અને 'જાતર' એમ બે વિધિઓ દરેક ગામડામાં ઊજવાય છે.

ગૂંદરું

ગામમાં મોટો રોગ ફેલાય અને પરિણામે ઢોરો યા માણસો મરવા માંડે ત્યારે આ વિધિ કરવામાં આવે છે. સૌથી પ્રથમ બડવાને બોલાવવામાં આવે છે. બડવો કહે તે દેવને સ્થાનકે રવિવારે યા મંગળવારે સૌ ભેગા થાય છે. ત્યાં બડવો ધૂણે છે. ત્યાં આખી રાત્રિ ગામના ભીલો ડાકલાં અને કામડાં વગાડી, દેવોની પ્રાર્થના કરે છે. પ્રાર્થના દરમ્યાન ગામમાં કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દળતું કે ખાંડતું નથી તેમ જ વાસીદું પણ કાઢતું નથી; બડવો ધૂણીને ભોગ ધરાવે ત્યાર બાદ જ કામકાજ કરવામાં આવે છે.

નવું ધાન પાકે છે ત્યારે પણ દેવોને ભોગ યા નૈવેદ્ય ધરાવવામાં આવે છે. એને 'જાતર' તરીકે ઓળખવામાં આવે છે. આ વિધિ બે રીતે કરવામાં આવે છે. એકમાં વિધિ તો 'ગૂંદરા' જેવી જ હોય છે. પણ ફેર એટલો કે વિધિને અંતે દેવને ભોગ ન ધરાવતાં દૂધની ખીર રાંધવામાં આવે છે.

આ જાતર ન થાય ત્યાં સુધી ઘર લીંપવાનું, કે સ્ત્રીઓનાં માથાં ઓળવા–ચોળવાનું વગેરે કાર્ય થતું નથી. બીજા પ્રકારની વિધિ આસો માસમાં કરવામાં આવે છે. તેને તેઓ 'જાતર' કહે છે. તેની વિધિ પણ ગૂંદરા જેવી જ છે, પણ તેમાં પાડા, બોકડા કે કૂકડાનો ભોગ ધરાવવામાં આવે છે.

બાધા–માનતા

સાધારણ માનતા કે બાધા રાખી હોય ત્યારે તેઓ એમ કહે છે કે, "મારા છોકરાને (અથવા તો જે કોઈ ઘરમાં માંદું હોય તેનું નામ લઈને) અવલ (સારું) થાય ત્યારે બાબા ઘોડાજાને બોકડાનો કે પાડાનો ભોગ આપીશ." આ પ્રમાણે કહીને માનતા રાખ્યા પછી, જો ભાગ્યવશાત્ માંદું માણસ સાજું થાય તો તે દેવને સ્થાનકે એમની વિધિ અનુસાર ભોગ ધરાવી આવે છે. ગંભીર માંદગી વખતે તેઓ 'ઇંદરાજની ડાળું' નામની બાધા રાખે છે. બાધા રાખ્યા પછી નિશ્ચિત કરેલા દિવસે સવારે ભીલો ભેગા થઈ ઢોલનગારાં વગાડતા અને ગીતો ગાતા ગાતા જ્યાં 'કળમ' નામનું ઝાડ હોય છે ત્યાં જાય છે. પછી તે ઝાડ ઉપર પાણીની છાંટ નાખી, તેનાં મૂળ પાસે ઘીની ધાર કરી તેને વધાવે છે. દારૂબંધી પહેલાં ઘીને બદલે દારૂની ધાર કરવામાં આવતી. આ ક્રિયા થયા બાદ એ ઝાડની સાત ડાળીઓ ઉપર દોરા બાંધી ઘેર પાછા આવતા રહે છે. તે દિવસે સાંજે લોકો બડવાને લઈને ત્યાં આવે છે. બડવો ત્યાં આગળ ઘીની થોડી ધાર કરી થોડો સમય ધૂણે છે. પછી ધૂણતો ધૂણતો તે ઝાડ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચઢી, જે સાત ડાળે દોરા બાંધ્યા હોય તે કાપી નાખે છે; અને તે કાપેલી ડાળો ઝાડ નીચે ઊભેલા લોકો ઝીલે છે. પછી સાત કુમારોને એક એક ડાળ આપી પહેલેથી મુકરર કરેલ જગ્યાએ નાચતા, કૂદતા, અને ગાતા ગાતા તેમને મોકલે છે. નિશ્ચિત કરેલ સ્થાને તે સાત ડાળો રોપાવવામાં આવે છે. આ સ્થાને લગભગ ૧૫ દિવસ અગાઉથી ભીલો રોજ સાંજે મોટાં ઢોલનગારાં વગાડી નાચે કૂદે છે. આ વિધિથી 'ડાળું' થવાનું છે એમ જાહેર થયું મનાય છે. 'ડાળાં' રોપાય છે તે રાત્રે જમી પરવારી પોતાનાં ઢોલનગારાં લઈ ઘણા ભીલો ત્યાં નાચવા-કૂદવા આવે છે. સાત ડાળાંની આસપાસ ગોળ કૂંડાળામાં ભેગા થઈ આખી રાત ભીલો નાચે છે. આ પ્રસંગે પહેલાં ખૂબ દારૂ પીવાતો, પણ હાલમાં પહેલાં જેટલો દારૂ પીવાતો નથી. આ દશ્ય અજાણ્યા માણસને તો ભૂતપિશાચના તાંડવ-નૃત્ય જેવું લાગે. કારણ કે આ પ્રસંગે ભીલો તેમના હાથમાં તીરકામઠાં, ધારિયાં, લાઠી, તલવારો વગેરે લઈને નાચે કૂદે છે. આ પ્રસંગે તેઓ ખૂબ આનંદમાં આવી જઈ વિચિત્ર પ્રકારની કિકિયારીઓ પાડે છે, તેમ જ વિશિષ્ટ પ્રકારના અંગના હાવભાવ સાથે ઢોલના તાલે તાલે નાચે છે.

આ પ્રમાણે તેઓ લગભગ અડધી રાત સુધી નાચે છે. પરોઢિયે બાધા લેનાર માણસ રોપેલાં સાત ડાળાંની આજુબાજુ સાત વાર પ્રદક્ષિણા કરીને સાત ઘડા પાણી રેડે છે. આ આખી વિધિ દરમ્યાન 'બડવા' વગેરે તો દેવોની પ્રાર્થના જ કરે છે. સવારે તે ધૂણે છે અને અંતે પાડાનો, બકરાનો યા તો કૂકડાનો ભોગ ધરાવી બાધા છોડવામાં આવે છે. તેમ જ રોપેલાં ડાળાં ઉખેડી લઈ નજીકમાં આવેલ તળાવ યા નદીમાં નાખવા જાય છે. આ છેલ્લી વિધિને 'વળાવા' કહે છે. આ પ્રસંગે આવેલા બધા ભીલોને મકાઈની ઘૂલી સાથે માંસ ખવડાવી વિદાય કરે છે. ભોગ ચડાવેલા જાનવરના માથાનો ભાગ બડવાને મળે છે અને અમુક હિસ્સો ગામના પટેલને આપે છે. આ પ્રમાણે ઇંદરાજની બાધાની વિધિ પૂરી થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંદગી

સામાન્ય માંદગી વખતે ભીલો એમ માને છે કે, આ કોઈ દેવનો પ્રકોપ થયો છે. યા ભૂત, પ્રેત, પિશાચ કે ડાકણનો વળગાડ થયો છે. આ સમયે તેઓ તરત જ બડવા પાસે જાય છે. કેટલીક વાર તેઓ બડવા પાસે બીમારને લઈ જાય છે. નહીં તો માંદા માણસ ઉપરથી અનાજના દાણા ઉતારીને લઈ જાય છે. એટલે કે ઘરની કોઈ એક વ્યક્તિ પોતાના હાથમાં થોડા મકાઈના અથવા તો ચોખાના દાણા હાથમાં લઈ, જ્યાં બીમાર વ્યક્તિ સૂતી હોય તેના ઉપરથી પોતાનો દાણા ભરેલો હાથ બે ત્રણ વાર ફેરવી, એક પડીકામાં તે દાણા બાંધી લઈ, બડવા પાસે જાય છે. (જો બડવો ખુદ બીમાર માણસ પાસે આવ્યો હોય તો તે પણ ત્યાં એ પ્રમાણે દાણા ઉતારે છે.) પછી બડવો આ દાણાની એકી સંખ્યાની એટલે કે ત્રણત્રણ પાંચપાંચ, કે સાતસાત દાણાની નાની નાની ઢગલીઓ કરે છે, અને તેમ કરતાં કેટલી ઢગલીઓ થાય છે અને કેટલા દાણા છૂટા વધે છે તે જોઈ પોતાનો અભિપ્રાય આપે છે. અંતે જાહેર કરે છે કે, ઉપર કહ્યા પૈકી કોઈ દેવનો વળગાડ છે, અથવા કોઈએ મૂઠ મારી છે; અને તે નિવારવા ખાતર અમુક દેવની માનતા રખાવે છે. તે વખતે દારૂ અથવા ઘી, ૧ પૈસો તેમ જ માનતા રખાવ્યા બાદ બડવાને કંઈક ઇનામ તરીકે આપવું પડે છે, અને જો બીમાર માણસ સાજો થઈ જાય તો કહેલી માનતા બડવાને બોલાવીને કરે છે. દેવને પશુનો ભોગ ચઢાવે છે.

ઘણું કરીને બોકડા યા કૂકડાનો ભોગ અપાય છે. ક્યારેક પાડાનો પણ ભોગ આપવામાં આવે છે. ભોગ ધરાવવાના પ્રસંગે દેવસ્થાને સૌથી પ્રથમ જેનો ભોગ અપાવાનો હોય છે તે બોકડા અથવા પાડાને એક બાજુ ઊભો રાખવામાં આવે છે. પછી તેની આજુબાજુ ભીલો ઊભા રહે છે, અને વધ કરવાનું કામ કરનાર ભીલ ધારિયા અથવા તલવારના ઝટકાથી તે પશુનું માથું ધડથી છૂટું પાડે છે. તે સમયે પશુના શરીરમાંથી લોહીની ધારા છૂટે છે. પછી તરત જ પશુના માથાને દેવના સ્થાનકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકવામાં આવે છે. આ રીતે પશુનું બલિ દેવને ચઢાવવામાં આવે છે. આ પશુના વધેલા શરીરમાંના માંસનો ઉપયોગ તેઓ ખાવામાં કરે છે.

રોગીના શરીરમાંથી રોગ યા ભૂત વળગાડ બહાર કાઢવા માટે ઉપર મુજબ માંત્રિક અથવા તાંત્રિક ઉપાયો કરવા માટે દોરાધાગા બાંધવામાં આવે છે. આમ તેઓ ભૂત, ડાકણનો વળગાડ, મૂઠ વગેરેમાં માને છે. આનું મૂળ કારણ ભીલોની અજ્ઞાનતા અને વહેમ છે. આ પણ દિવસે દિવસે ઓછું થતું હોય તેમ જણાય છે; અને ભયંકર માંદગી વખતે દવાખાને યા હૉસ્પિટલમાં દરદીને લઈ જાય છે. આ પ્રકારનાં દવાદારૂ પર તેમને બહુ શ્રદ્ધા હોતી નથી; અને કેટલીક વાર તો દવા અધૂરી મૂકી દરદીને લઈને પાછા આવતા રહે છે.

ભીલોમાં પૂર્વજો, મહન્તો, સાધુઓ અને વીરોની પૂજા કે આરાધના થતી નથી. જોકે તેઓ બાબા રામને માને છે, અને ઘરડાં લોકો રામાયણના છૂટક છૂટક પ્રસંગો બાળકોને કહી સંભળાવે છે. તેઓને રામ પ્રત્યે ઘણો ભક્તિભાવ છે અને તેઓ રામનવમીનો તહેવાર ઊજવે છે. તે દિવસે રામની પૂજા પણ કરે છે. આ ઉપરાંત તેઓ ગણેશને માને છે.

સતીની પ્રથા

સતી, વીર કે કોઈના પર ચિહ્ન રાખી આજુબાજુ મંદિર બાંધી યાદગીરી રાખવાની પ્રથા નથી. પણ આ પ્રદેશમાં ૧ થી ૧॥ ફૂટ પહોળા અને ૨ થી ૬ ફૂટ લાંબા એવા પથ્થરના પાળિયા નજરે પડે છે. તે સપાટ શિલાના હોય છે અને ઊભા ખોડેલા હોય છે. આ પાળિયામાં હાથમાં ભાલો રાખેલ ઘોડેસ્વારનું ચિત્ર કોતરેલું હોય છે. કેટલાક પાળિયામાં બે ઘોડેસ્વારોનાં ચિત્રો દોરેલાં હોય છે. સામાન્ય રીતે આ પાળિયા જંગલોમાં અથવા તો ગામ બહાર રસ્તાઓની બાજુમાં હોય છે. આ પાળિયા એ ભીલોમાં પૂર્વે થઈ ગયેલા વીર પુરુષોની યાદગીરી રૂપ બનાવવામાં આવેલા હોય છે. આ પાળિયાઓની પૂજા કરવામાં આવતી નથી. પણ કાળી ચૌદશે ત્યાં ગામ લોકો મરઘાં કૂકડાંનો ભોગ ચડાવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને લાલ રંગથી રંગે છે. હાલમાં આ પ્રમાણે નવા પાળિયા વધુ પ્રમાણમાં બનાવવામાં આવતા નથી.

ભીલોમાં સાપ વગેરેની પૂજા કરવામાં આવતી નથી. જ્યારે કોઈને સાપ કરડે છે, ત્યારે તેઓ સાપ ઉતારનારાઓ પાસે જાય છે, જેઓ મંત્રથી ઉતારે છે. મંત્રથી સાપ ઊતરી શકે છે એવી તેઓને શ્રદ્ધા છે.

આપણે ઉપર જોઈ ગયા કે, આ લોકો મેલી વિદ્યા અથવા જાદુ યા કામણટ્રમણમાં ખૂબ માને છે. ઘરમાં કોઈ માંદું પડે તો પોતાના વિરોધીએ યા દુશ્મને કાંઈક કર્યું હશે તેવો તેમને વહેમ જાય છે. વળી કેટલીક સ્ત્રીઓ ડાકણ હોય છે અને તે પણ એવા જ ધંધા કરતી હોય છે, એમ આ લોકો માને છે. કોઈ સ્ત્રીના શબને બાળતી વખતે તેના પેટમાંથી હાડકાં નીકળ્યાં છે એમ લાગે તો તે સ્ત્રી ડાકણ હોવી જોઈએ અને તેણે કોઈનો ભોગ લીધો હોવો જોઈએ એમ માને છે. મૂઠ મારવા વગેરેની કરામતો કોઈ મેલી વિદ્યા જાણનાર છૂપી રીતે આવી સ્ત્રીઓને શીખવાડી જાય છે એમ તેઓ માને છે.

ભૂવા અને બડવાની કોઈ નિમણૂક કરતું નથી, પણ જેને તેમાં રસ હોય છે તે એ વિદ્યા શીખે છે અથવા તો વંશપરંપરાગત શીખે છે. ભીલો તેમની પ્રત્યે સાધારણ રીતે માનની નજરે જુએ છે. આ બડવાઓ કેવળ નવરા બેસી રહેતા નથી. તેઓ પોતે બીજા ભીલોની જેમ ખેતી કરે છે અને સાથે સાથે બડવાનું પણ કામ કરતા રહે છે.

ભીલો સવારે ઊઠીને, જમીન ખેડવા, બી વાવવા, રોપવા યા ધાનનાં કણસલાં ઝૂડવા વગેરે ખેતીવિષયક કામ શરૂ કરતાં પહેલાં 'બાબા ગણેહ'નું નામ લે છે અને ત્યાર પછી કાર્ય આરંભે છે. જ્યારે કોઈ સગુંવહાલું અથવા ઓળખીતું રસ્તે યા ઘરે મળે ત્યારે તેઓ વિવેક ખાતર એક બીજાને 'રામ રામ બાબા' એમ કહે છે.

ઉત્સવો

ભીલોના જીવનમાં તહેવારો અને ઉત્સવોનું મહત્ત્વ ઘણું છે. તેઓ ઉત્સવ સમયે મસ્ત બની આનંદ લૂંટે છે. આવો આનંદ કોઈ સુસંસ્કૃત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજા ભાગ્યે જ માણી શકતી હશે. તેઓ હોળી, દિવાળી, અખાત્રીજ, દિવાસો, પિઠોરો, આંબલી અગિયારસ, જન્માષ્ટમી, ગોળગધેડો વગેરે તહેવારો ઊજવે છે. હોળીની રાતે દારૂ પીને ખૂબ રમે છે. કેટલાક તે દિવસે ઉપવાસ પણ કરે છે. હોળીનું આખું અઠવાડિયું તોફાનમાં અને નાચ-કૂદમાં ગાળે છે. તે સમયે બીભત્સ ગીતો ગાવામાં કંઈ વાંધો મનાતો નથી. હોળી દરમિયાન અનેક ઝઘડાટંટા પણ થાય છે. હોળીના બીજા દિવસને ચૂલ કહેવામાં આવે છે. તે દિવસે એક જગ્યાએ બધા એકઠા થઈ નાચેકૂદે છે. એક મોટો ચૂલો ચેતાવે છે અને જેણે માનતા રાખી હોય તે સાત વખત ચૂલના સળગતા દેવતા પર થઈ પસાર થાય છે. વળી આ દિવસોમાં તેઓ પોતાના શાહુકારને ત્યાં એટલે કે સામાન્ય રીતે વણિકને ઘેર જાય છે અને ત્યાં તેમને આ ઉત્સવ નિમિત્તે ગોળ આપવામાં આવે છે.

હોળીના ૬ઠ્ઠા દિવસે ગોળગધેડાનો તહેવાર હોય છે. એક વાંસ પર ઊંચે ગોળની થેલી મૂકવામાં આવે છે. આજુબાજુ હાથમાં સોટા લઈ સ્ત્રીઓ અથવા પુરુષો મસ્ત બની એ વાંસ ઉપરની ગોળ ભરેલી થેલીમાંથી થોડો ગોળ ઉતારવા જનાર માણસ ઉપર મારની ઝડી વર્ષાવવા તૈયાર હોય છે. પણ શૂરાતનમાં આવી, કેટલાક મરદો તેમાંથી થોડો ગોળ લઈ આવે છે. અખાત્રીજનો તહેવાર પણ તેઓ ખેડૂતોની જેમ, પણ પોતાની ઢબે ઊજવે છે. જન્માષ્ટમીને દિવસે નવાં કપડાં પહેરી નજીકના શહેરમાં પોતાનાં બાળબચ્ચાં લઈને જાય છે. ત્યાં મેળામાં તીખી સેવ, ભૂસું કે ભજિયાં ખાય છે. વળી ચકડોળમાં બેસી આનંદ લૂંટે છે. રબરના ફુગ્ગા કે બીજાં સામાન્ય રમકડાં બાળકોને અપાવે છે અને આખો દિવસ મેળામાં ગાળે છે. આ લોકોને વાંસળી વગાડવાનો ખાસ શોખ છે. મોટા ભાગના જુવાનો વાંસળી વગાડતા અને મજા કરતા ટોળાબંધ રીતે મેળામાં આવે છે. આમ તેઓ મેળાઓમાં હજારોની સંખ્યામાં આવે છે. જ્યાં જુઓ ત્યાં ભીલ જ ભીલ નજરે પડે છે. વળી જન્માષ્ટમી વર્ષાઋતુમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી વાદળોવાળું આકાશ, ઝરમર ઝરમર વરસાદ અને જમીન પરનો કાદવકીચડ આ મેળામાં વિશિષ્ટ ભાત પાડે છે.

આ ઉપરાંત ભીલો મુસ્લિમોના ‘તાજિયા’ જોવા પણ ઘણી મોટી સંખ્યામાં જાય છે. કેટલાક તો બાધા-રાખી હોય તે બાળકને તાજિયાની નીચેથી પસાર કરે છે. તેમ જ નાળિયેર ધરે છે.

રામને તેઓ બહુ જ માને છે, અને તેથી રામનવમીને દિવસે રામમંદિરે ભેગા થાય છે. ત્યાં ઢોલનગારાં વગાડી ખૂબ નાચે કૂદે છે. વળી હમણાં હમણાં જેસાવાડા અને ઝાલોદના રામજીના મંદિરે તેમ જ અન્ય જગ્યાએ ‘તીરંદાજ’ની હરીફાઈ યોજે છે અને દૂર દૂરનાં નિશાનોને પોતાના તીરથી બરાબર છેદવા પ્રયત્ન કરે છે. આ હરીફાઈમાં તેમનો રસ દિનપ્રતિદિન વધતો જાય છે.

જે વર્ષે અનાજ સારું પાક્યું હોય તે વર્ષે તેઓ ઉત્સવો ઘણા જ ઉત્સાહપૂર્વક અને આનંદપૂર્વક ઊજવે છે.

ભીલોડી રામાયણ

ભીલોડી રામાયણનાં જુદાં જુદાં ગીતોમાંથી કેટલીક કડીઓ પસંદ કરીને નીચે આપી છે, જેથી તેમના રામાયણનો ખ્યાલ આવી શકે.

દુનિયાના ધણીસે બાબા રામજી રે!
પસેં બાબા હનુમાનજીને ભજિયે રે!
પસે નમિયે વાલ્મીક રૂષિને રે!

ઈક વગડામાં વાલિયો ભીલ રહે રે,
ઈ તો બડો પાપી હુતો રે;
ઈક દન આયો જોગી લીને તંબુરો રે!

* * *

પસે જોગી ગ્યો ને પેલો વાલિયો ભીલ રે
બડો ભગત થાયો સે રે!
ઇણે બાબા રામની કથા લખી સે રે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરયુ નદીને કેડે અયોધ્યા નામનું જબરું સેહેર સે રે!
તાં દશરથ નામનો રાજા પહેલાનાં જુગમાં રાજ કરતો.
તીને રામ લખમણ ભરત શત્રુઘ્ન ચાર સોરાં હુતારે
કોશલ્યા, સુમિત્રા, કૈકેયી તાણ રાજાને રાણી હુતારે!

* * *

જનકરાજા બડો તેને હુતી એક સોરી નામ સીતાજી,
તીનું બડી રૂપાળી રે!
બાબા રામને સૌદ વરહ વગડામાં રાજા કાઢજો રે!
વસન હુતું રાજાનું તી હારું રાણીનું માન્યું રે!

* * *

લંકાના રાજા રાવણની બુન સુરપણખા
એક દન તાં આવી લાગી રે!

* * *

હનુમાનને બાંધીને બાબા રામજીની કને મોકલી દે રે!
કોણ સે તું રાવણ પુસે એમ હનુમાન રાવણને કેરે!
સીંથરાં ગોવા લાગે તેમ પુંસડું લાંબું થાવા લાગે રે!
પસેં રાખોહ રીહે બળીને પુંસડે આગ લગાડે રે!
પુંસડું ભડભડ બળવા લાગે તેમ પુંસડું લાંબું થાવા લાગે રે!

* * *

લંકાનો રાવણ બાબા રામ હાતે લડે રે!
જબરા તી રાખોહ જોર કરી લડવા લાગ્યા રે!
બાબા રામના રાજમાં તો જબરું સુખ હુતુ રે!
બાબા રામ રૈયતને સોરાં જેમ પાળતા રે. . . .જી.

આ ઉપરાંત લગ્ન વગેરેનાં ગીતો પણ છે. તે બધાં અહીં ઉતારવાં અનુચિત હોવાથી, કેવળ રામાયણમાંથી થોડી પંક્તિઓ લઈ ઉપર દૃષ્ટાંત રૂપે મૂકી છે, જેથી તેમની ભાષા અને ઢબનો પરિચય થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિક્ષણ

ઉપર આપણે પંચમહાલના ભીલોનું સામાજિક અને ધાર્મિક જીવન જોયું. હવે તેમના શિક્ષણ અંગે ટૂંકમાં જોઈ લઈએ. છેલ્લાં કેટલાંક વર્ષ દરમિયાન તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં ઠીક ઠીક પ્રગતિ કરી છે. ૧૯૨૧ની વસ્તી ગણતરી પ્રમાણે તેઓમાં એક હજારે માત્ર ચાર જ શિક્ષિત હતા, પણ 'ભીલ સેવા મંડળ'ના પ્રયત્ન અને પ્રચારને લીધે તે પ્રજામાં જાગૃતિ આવવા માંડી છે અને શિક્ષણનું પ્રમાણ વધીને એક હજારે ૨૦નું થયું છે. તેઓ આજે અનેક રીતે સંક્રાંતિ કાળમાં છે. તેઓ અત્યાર સુધી પછાત, અભણ, અજ્ઞાન, દેવાદાર, અંધશ્રદ્ધાળુ અને ભોળા હતા. પણ હવે તેઓ ક્રમે ક્રમે સુધરતા જાય છે.

આમ, પંચમહાલના ભીલોનું જીવન જોતાં જણાઈ આવે છે કે, તેમના ઉપર હિંદુ તેમ જ આધુનિક સંસ્કૃતિની અસર થઈ છે. જંગલોમાં ભટકી ત્યાંની પેદાશ એકઠી કરીને કે શિકાર ઉપર નિર્વાહ કરીને રહેતી ઓરિસ્સા કે મધ્ય પ્રદેશની કેટલીક આદિવાસી કોમોની માફક તેઓ તદ્દન પ્રાથમિક દશામાં નથી. એટલે અહીંના ભીલોના પ્રશ્નો તદ્દન પ્રાથમિક જીવન ગાળતા ઓરિસ્સા કે મધ્ય પ્રદેશના ભીલોના પ્રશ્નો કરતાં જુદા છે. આધુનિક સંસ્કૃતિની અસર નીચે આવવાથી, તેમાં રહેલાં દૂષણોનો ભોગ પણ કેટલેક અંશે ભીલો થયા છે. છતાં ભીલો પોતાની રહેણીકરણી, પોષાક, સામાજિક રિવાજો ને ધાર્મિક માન્યતાઓને વળગી રહ્યા છે. સંગીત અને નૃત્યને સાચવી રાખ્યાં છે.

'ભીલ સેવા મંડળ' પહેલાં આ પ્રદેશમાં લગભગ ૧૯૧૩–૧૪ના અરસામાં ગુરુ ગોવિંદ કરીને વણઝારા જાતના એક સાધુ થયા હતા. તેમણે ધર્મની ઝંડી રોપીને ભીલોને હજારોની સંખ્યામાં ભગતાઈની કંઠી બંધાવેલી. તેમણે ભીલોને સ્વચ્છતા રાખવા, માંસાહાર ન કરવા, દારૂ ન પીવા વગેરે બાબતોનો ઉપદેશ આપી સુધારવાનો પ્રયત્ન કર્યો હતો. ગુરુ ગોવિંદના અનુયાયીઓ 'ભગત' તરીકે ઓળખાવા લાગ્યા. આ ભક્તિ-પ્રવૃત્તિ થોડો સમય ખૂબ ફેલાઈ અને તેટલી ઝડપે શમી ગઈ. આજે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા થોડા ઘણા 'ભગતો' જોવામાં આવે છે. તેઓ પોતાની જાતને ઘણી જ ચોખ્ખી માને છે.

અહીંના આદિવાસીઓમાં જે પટલિયા કોમના છે, કે જેના કેટલાક રીતરિવાજો ભીલો કરતાં જુદા છે, તેઓ મોટે ભાગે હમણાં હમણાં પ્રણામી ધર્મ પ્રત્યે વળ્યા છે. તેઓ પણ ભગત ગણાય છે અને પ્રસંગોપાત્ત તેઓ આ ધર્મનાં જાત્રાનાં સ્થળોએ પણ જાય છે.

૪

ભૌગોલિક સ્થિતિ

ભીલ લોકોની સૌથી વધારે વસ્તી ગુજરાતના પંચમહાલ જિલ્લામાં છે. તેમાંય દાહોદ અને ઝાલોદ તાલુકામાં તેમની વસ્તી વિશેષ છે. તે ઉપરાંત આ જિલ્લાના બીજા કેટલાક તાલુકામાં પણ ભીલોની વસ્તી સારા પ્રમાણમાં છે.

દાહોદ અને ઝાલોદ એ બન્ને તાલુકા કેવળ પંચમહાલ જિલ્લાની જ એક સરહદે નહીં, પણ ગુજરાતમાં મુંબઈ રાજ્યની ઈશાન ખૂણાની સરહદ પર આવેલા છે. તેનું ક્ષેત્રફળ લગભગ ૬૦૬ ચોરસ માઈલ છે.

દાહોદ :– ગુજરાત અને માળવાની સરહદ ઉપર આવેલા આ શહેરનું નામ दो-हद પડ્યું છે. તેને દાહોદ પણ કહેવામાં આવે છે. આ તાલુકાની પૂર્વમાં ગુજરાત અને માળવાની હદ મળે છે. દાહોદ આગળ ગુજરાતની હદ પૂરી થાય છે.

આ તાલુકાની પૂર્વે અને દક્ષિણે રાજસ્થાન અને મધ્ય ભારતના પ્રદેશોની હદ આવેલી છે. (વિલીનીકરણ પૂર્વે માળવાની હદ ગણાતી.) ઉત્તરે ઝાલોદ તાલુકો અને પશ્ચિમે દેવગઢબારિયા આવેલા છે. આ તાલુકાની પૂર્વમાં ખાન અને અનાસ નદી વહે છે અને તે મહી નદીને મળે છે. તેમાં બારે માસ પૂરતું પાણી રહેતું નથી. આ સિવાય કાળી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માછણ અને ખારી નદીઓ છે. દાહોદ શહેર દૂધીમતી નદીને કિનારે આવેલું છે. અહીં રેલવેનું મોટું કારખાનું છે. આ શહેર ઐતિહાસિક પણ છે. ઔરંગઝેબ બાદશાહનો જન્મ અહીં જ થયો હતો. દાહોદ શહેરમાં છાબ તળાવ આવેલું છે, તે જસમા ઓડણે બંધાવ્યું હતું. શહેરથી થોડે દૂર મુવાલિયા તળાવ આવેલું છે. ત્યાં ખેતીવાડી ફાર્મ અને શાળા છે.

દાહોદ તાલુકામાં ગરબાડા, ગાંગરડી, જેસાવાડા, ચંદવાણા વગેરે બીજાં નાનાં નાનાં ગામો આવેલાં છે. ભીલોની આર્થિક તપાસ કરવા માટે ખાસ પસંદ કરેલાં ગામો આ પ્રમાણે છે: 'ખરેડી' એ દાહોદની ઉત્તરે લગભગ ત્રણેક માઈલ દૂર આવેલું છે. 'ગુલબાર' દાહોદથી પંદરેક માઈલ દૂર છેક છેડા પર આવેલું ગામડું છે. ત્યાંના ભીલો ચોરી, લૂંટફાટ અને દારૂ પીવામાં શૂરા છે એમ મનાતું આવ્યું છે. 'ચાંદલા' ગામ પણ દાહોદથી પંદરેક માઈલ દૂર આવેલું છે, અને તે ગરબાડાથી બે માઈલ દૂર આવેલું છે. આ તાલુકાનું ક્ષેત્રફળ ૩૩૮ ચો. મા. છે.

ઝાલોદ:–આ તાલુકાની પૂર્વમાં કુશલગઢ, પશ્ચિમે દેવગઢબારિયા અને સંતરામપુર, ઉત્તરે વાંસવાડા અને દક્ષિણે દાહોદ તાલુકો આવેલો છે. આ તાલુકો પણ જંગલો અને ડુંગરાળ ટેકરીઓથી ભરેલો છે. આ તાલુકામાં ડુંગરાળ, રાતી, કાળી તેમ જ સપાટ જમીન પણ નજરે પડે છે. માછણ નદીના કિનારાની જમીન ફળદ્રુપ છે. આ તાલુકાની પૂર્વ બાજુ અનાસ નદી વહે છે. આ ઉપરાંત કાળી, માછણ, ટીંટોડી વગેરે નદીઓ આવેલી છે, જેમાં બારે માસ પૂરતું પાણી રહેતું નથી. ઝાલોદ જવા માટે દાહોદથી ૨૧ માઈલની પાકી સડક છે. ત્યાં જવા બસની સગવડ છે, રેલવે નથી. આ તાલુકામાં લીમડી એક મોટું ગામ છે. ત્યાં શાકભાજીની પુષ્કળ વાડીઓ છે. ત્યાંનાં મરચાં વખણાય છે. આ ઉપરાંત આ તાલુકામાં લીલવા, પેથાપુર, ગરાડુ, ચાકલિયા વગેરે નાનાં નાનાં ગામો આવેલાં છે.

તપાસ અર્થે લીધેલાં ગામડાંઓમાં મુખ્યત્વે 'મીરાખેડી', 'છાસિયા', 'બિલવાણી', અને 'મેલાણિયા'નો સમાવેશ થાય છે. મીરાખેડી ઝાલોદથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આકૃતિ ૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણે અને દાહોદથી ૭ માઈલ દૂર આવેલું છે. ત્યાં ભીલ સેવા મંડળનો આશ્રમ છે. બિલવાણી એ ઠાકોરનું ગામ છે. મેલાણિયા ઝાલોદથી બે માઈલ દૂર આવેલું છે. જ્યારે છાસિયા ઝાલોદની છેક ઉત્તર સરહદ પર આવેલું છે, જ્યાં રાજસ્થાનની હદ મળે છે. તે ડુંગરો પર વસેલું છે. આ તાલુકાનું ક્ષેત્રફળ ૨૬૮ ચો. મા. છે.

દાહોદ અને ઝાલોદ તાલુકાની વસ્તી

વર્ષ	કુલ વસ્તી	ભીલોની વસ્તી	ટકાવારી
૧૯૧૧	૧,૨૩,૪૧૭	૮૬,૧૬૯	૬૯%
૧૯૩૧	૧,૫૭,૨૨૨	૧,૦૩,૫૧૪	૬૫%
૧૯૪૧	૧,૮૯,૭૨૯	૧,૪૧,૮૨૬	૭૪%
૧૯૫૧	૨,૩૬,૭૨૮	૧,૭૫,૬૪૬	૭૫%

દાહોદ અને ઝાલોદ તાલુકાની કુલ વસ્તી (૧૯૪૧માં) ૧,૮૯,૭૨૯ હતી. તેમાં ભીલોની વસ્તી ૧,૪૧,૮૨૬ હતી, જ્યારે બીજી પ્રજાની વસ્તી ૪૭,૯૦૩ હતી. એટલે લગભગ ૭૪ ટકા વસ્તી ભીલોની હતી. ૧૯૧૧માં અને તે પહેલાં પણ લગભગ આટલું જ પ્રમાણ રહ્યું હતું. હાલમાં પણ આ બંને તાલુકાની કુલ વસ્તી ૨,૩૬,૭૨૮ની છે. તે પૈકી ૭૫ ટકા વસ્તી આદિવાસીઓની છે. એટલે કે પોણા બે લાખની વસ્તી તેમની છે. ભીલોનો મુખ્ય ધંધો ખેતીનો છે. આ વિભાગમાં બીજા ખેડૂતોની વસ્તી લગભગ દસેક હજારની છે, અને કુલ ખાતેદારોની સંખ્યા ૨૨,૬૦૦ છે. બીજા વર્ગો જેવા કે વેપારીઓ, નોકરિયાતો, મજૂરો વગેરેની વસ્તી ઘણી ઓછી છે. તે પણ માત્ર દાહોદ શહેર, ફ્રીલૅન્ડગંજ અને સ્થાનિક ઝાલોદમાં વસે છે. આ વિભાગને બાદ કરતાં આખો પ્રદેશ ભીલોથી જ ભરપૂર છે.

છેલ્લાં ૪૦ વર્ષ દરમ્યાન ભીલોની વસ્તીમાં લગભગ બમણો વધારો થયો છે અને પાછલાં ૧૦ વર્ષ દરમ્યાન લગભગ ૧૯ ટકા વધારો થયો છે. આ બે તાલુકામાં દર ચોરસ માઈલે ૩૦૧ માણસની વસ્તી છે. ૧૯૧૧માં ૨૦૩ માણસની વસ્તી હતી. આમ સમગ્ર રીતે વસ્તીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણતરી કરતાં પણ વસ્તીમાં ઘણો વધારો થયો છે, અને હાલ માથાદીઠ સરેરાશ ૨ એકરથી ઓછી જમીન છે. (કુલ વસ્તીના હિસાબે)

ગુજરાતની ગણના સપાટ પ્રદેશમાં થાય છે, પણ તેમાં આ જિલ્લો કંઈક અંશે અપવાદરૂપ છે. એકંદરે આ ભાગ ડુંગરાળ પણ છે. અહીં નાનાં નાનાં મેદાનો, ડુંગરો અને જંગલો જોવામાં આવે છે. જમીન મુખ્યત્વે ગોરાડુ છે. આ ઉપરાંત કાળી જમીન તેમ જ મોરમવાળી પથરાળ જમીન પણ છે.

આખા પ્રદેશમાં ખાસ કોઈ મોટી નદી જોવામાં આવતી નથી. પણ નાનાં નાનાં તળાવો, વહેળા અને નદીઓ જોવામાં આવે છે. કેટલીક નાની નદીઓમાં બારે માસ પાણી રહે છે, પણ તે ખેતી માટે ઉપયોગી નથી.

ગુજરાતના બીજા ભાગો કરતાં અહીં આબોહવા સમધાત છે. વરસાદનું પ્રમાણ સામાન્ય રીતે ૩૦" થી ૪૦" સુધીનું છે. સામાન્ય રીતે આ બંને તાલુકામાં લગભગ દર ચારપાંચ વર્ષે એક વર્ષ દુષ્કાળ પડે છે. દાહોદ ઝાલોદના તાલુકાના છેલ્લા સેટલમેન્ટ રિપોર્ટમાં શ્રી. એન્ડરસને નીચે મુજબનો શેરો કર્યો છે. તે અનુભવે સાચો ઠરે છે.

"પાંચ વરસમાંથી બે વરસ તો ઓછા પાકનાં હોય છે અને એક તો ખરેખર ખરાબ હોય છે." ('ઝાલોદ રિપોર્ટ' પા. ૪૮)

"ઇતિહાસ ઉપરથી જણાય છે કે, દર ત્રણ વરસમાંથી ઓછામાં ઓછું એક વરસ તો ખરીફ અને રવી બન્ને પાકની દૃષ્ટિએ ખરાબ હોય છે, અને બાકીનાં બેમાંથી ફક્ત એક વરસ સંતોષકારક ગણી શકાય એવું હોય છે." ('દાહોદ રિપોર્ટ' પા. ૪૧)*

---

* "Out of five years, two years are poor and one is really bad." 'Jhalod Report' P. 48.

"History shows that out of every three years at least one is bad in both khariff and rabbi seasons, and only one out of every two can be regarded as reasonably satisfactory." ('Dahod Report' P. 41)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતીને સમયસર અને પૂરતા પ્રમાણમાં પાણી મળે તો જ તે સારી થાય, પણ અહીં તો મોટે ભાગે વરસાદ આવે છે તો કસમયે આવે છે યા વહેલો કે મોડો આવે છે. જ્યારે જરૂર હોય છે ત્યારે આવતો નથી; અને આવે છે તો અતિશય પ્રમાણમાં આવે છે અને થયેલા પાકને પણ ધોઈ નાખે છે, અથવા તો બહુ અલ્પ પ્રમાણમાં આવે છે. તેથી મોટે ભાગે સારો પાક થતો નથી. અહીંની ખેતીનો આધાર માત્ર વરસાદ પર જ છે. બીજી જાતની સગવડો પ્રમાણમાં નહીં જેવી છે. તેથી અહીં હમેશાં સંતોષકારક પાક થતો નથી. વળી ભીલ ખેડૂતો અભણ અને અજ્ઞાન છે. તેમને ખેતીનું પૂરતું જ્ઞાન નથી. તેઓ કંઈક અંશે બેદરકાર અને આળસુ છે. ખાતરનો પૂરેપૂરો ઉપયોગ કરવાનું અને વ્યવસ્થિત ઓજાર વાપરવાનું તેઓ જાણતા નથી.

આ બંને તાલુકામાં અનાસ, કાળી, સૂકી, માછણ, ખાન વગેરે નાની નાની નદીઓ આવેલી છે. સામાન્ય રીતે તેમાં બારે માસ પાણી રહે છે. તેમાંથી કેટલીક જગ્યાએ પાણી પણ લેવામાં આવે છે, પણ તે ખેતી માટે પૂરતું ન કહેવાય. ચોમાસા દરમ્યાન આ નદીઓમાં પૂર આવે છે. કેટલીક વાર થોડુંઘણું નુકસાન પણ પહોંચાડે છે. આ પૂરનાં પાણીનો કશો ઉપયોગ થતો નથી. તે બધું નકામું વહી જાય છે અને તેમના કાંઠા ઉપરનાં ખેતરો સૂકાં પડ્યાં રહે છે. આ ઉપરાંત કેટલાંક નાનાં નાનાં તળાવો આવેલાં છે. દાહોદ નજીક આવેલા મુવાલિયાના તળાવમાંથી ખેતરોને પાણી પૂરું પાડવા નહેર કાઢવામાં આવી છે.

આમ, દુઃખના વમળમાં ઘેરાયેલા આ બન્ને તાલુકા ગુજરાતના બીજા ભાગોથી અલગ તરી આવે છે. અનેક પ્રકારની ભિન્નતાનાં દર્શન આ પ્રદેશમાં થાય છે. તેમાં વસતી ભીલ પ્રજા પ્રાચીન કાળના માનવીઓની યાદ અપાવે છે અને તેમના જીવનમાં ઊંડા ઊતરવા સૌને આકર્ષે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

જમીન અને તેનો ઉપયોગ

જમીનનો ઉપયોગ

આ પ્રદેશમાં જમીનનો ઉપયોગ કેવો અને કેવી રીતે થાય છે, તે સમજવા જમીનના બે પ્રકાર પાડી અહીં તેની ચર્ચા કરીશું. પહેલો પ્રકાર જંગલોનો અને બીજો ખેડાણ જમીનનો.

જંગલો અને ખેતી

જંગલો અને ભીલો :– જંગલો એ રાષ્ટ્રની મોટી મૂડી છે. તેના ઉપર કેટલાય નાનામોટા ધંધાઉદ્યોગો ચાલે છે. તેની અસર આબોહવા ઉપર ઘણી થાય છે. જંગલો વરસાદને આકર્ષે છે, જમીનના ધોવાણને અટકાવે છે. ખેડૂતને પણ તે એક આશીર્વાદરૂપ છે. જંગલમાંથી તેને ખેતીનાં ઓજારો પૂરતું લાકડું મળી રહે છે. વળી બળતણ વેચાતું લાવવું પડતું નથી. જ્યાં જંગલો હોય છે ત્યાં ગોચરની જમીન પણ સચવાઈ રહે છે. એ રીતે જંગલો ઢોરને પણ લાભદાયી છે. વળી ખરી પડતાં પાન અને ડાળાંપાંખડાં એકઠાં કરી તેમાંથી કૉમ્પોસ્ટ ખાતર સહેલાઈથી મેળવી શકાય છે. જમીન વગરના મજૂરોને જંગલનાં કામોમાં સહેલાઈથી મજૂરી મળી રહે છે. આ ઉપરાંત ત્યાંની પ્રજા લાખનો તેમ જ મધમાખ ઉછેરનો ધંધો કરે છે. વાંસ વગેરેમાંથી ટોપલા બનાવી શકે છે. સૂકાં લાકડાં મેળવી વેચે છે. જે ખેડૂતને ખેતીમાંથી પૂરતી આવક ન થતી હોય તેને મદદગાર ધંધા તરીકે જંગલમાંથી અનેક ધંધા મળી શકે છે. દાહોદ અને ઝાલોદ બંને તાલુકામાં કુલ મળીને ૯૦ હજાર એકર જમીન જંગલોમાં રોકાયેલી છે. તેઓને ઉપર મુજબના જંગલના લાભ મળે છે. સમગ્ર ગુજરાતમાં પંચમહાલ જિલ્લામાં વધુ જંગલો છે. આ દૃષ્ટિએ પંચમહાલની પ્રજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નસીબદાર કહી શકાય અને તેમાંય ભીલો કે જેમનું જીવન જ જંગલમાં છે તે વધુ ભાગ્યશાળી કહી શકાય. અધૂરામાં પૂરું આ બંને તાલુકા અર્ધઆકાત વિસ્તારો તરીકે જાહેર થયેલા છે.

ઘાસિયા જમીન

ઘાસચારા માટે પણ અમુક જમીન જોઈએ. હિંદની આબોહવા જોતાં અને ગામડાંની પ્રજાની માગ અનુસાર જેટલો ઘાસચારો જોઈએ તે મેળવવા માટે જંગલ વિભાગની જમીન હયાત છે, તેમાંથી પાંચમા ભાગની જમીનમાં ઘાસ ઉગાડવામાં આવે તો જ ઘાસચારાની માગને પહોંચી વળાય. ગુજરાતનો બધો આધાર મુખ્યત્વે પંચમહાલ અને માંડવી તાલુકા ઉપર છે. અહીં ઘાસ ઠીકઠીક પ્રમાણમાં થાય છે.

જંગલો અંગેની નીતિ

જંગલોની સલામતી માટે આખા દેશમાં એક પ્રકારની નીતિ અખત્યાર કરવામાં આવી છે. જંગલો સાચવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. અત્યાર સુધી જંગલો કાપી નાખવામાં આવતાં. તેથી દેશની સંપત્તિને હાનિ પહોંચી છે. ૧૯૪૪ થી પદ્ધતિસર અને આવશ્યકતા મુજબ જંગલો કાપવા અને સાથે સાથે નવાં જંગલો તૈયાર કરતા જવાની નીતિ અખત્યાર કરવામાં આવી છે.

પહેલાં ભીલો પાસે જંગલોમાં સખત મહેનતમજૂરી તથા વેઠ કરાવવામાં આવતી. તેમની પાસેથી બળાત્કારે કામ લેવામાં આવતું, અને તેના બદલામાં કાંઈ પણ વળતર આપવામાં આવતું નહીં, અથવા તો બહુ નજીવું આપવામાં આવતું. વેઠ કરાવનારને ત્યાં બાળવાનાં લાકડાં વગેરે પણ પહોંચાડવાં પડતાં. તેમ જ બીજી અનેક જાતની પજવણી થતી. આજે આવી સ્થિતિ જોવામાં આવતી નથી.

હક

દાહોદ ઝાલોદ તાલુકાના ભીલોને કેટલાક વિશિષ્ટ હક આપવામાં આવ્યા છે, જેથી તેમની કેટલીક પ્રાથમિક અગવડો સહેલાઈથી ટળી શકે. તેમાંના કેટલાક હક ટૂંકમાં નીચે મુજબ છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીલોને જંગલોમાંથી લીલાં વૃક્ષોને જરા પણ નુકસાન કર્યા સિવાય, સૂકું અને પડી ગયેલું લાકડું શિરબોજ જેટલું લઈ જવાની તેમ જ વેચવાની છૂટ આપવામાં આવી છે. લગ્નવિધિ માટે સાલેડાં (એક જાતનાં લાકડાં છે) કાપી જવાની, તે ઉપરાંત ગુંદર, કેરી, મધ વગેરે એકઠું કરવાની છૂટ આપવામાં આવી છે. (આ ઉપરાંત 'મહુડાં' એકઠાં કરવાની છૂટ હતી, પણ દારૂબંધીના અમલથી તે વીણવાની મના કરવામાં આવી છે. છતાં સંજોગવશાત્ મર્યાદિત પ્રમાણમાં તેમને વીણવા દેવાની છૂટ રહે છે, કે જેથી તેનો ઉપયોગ ખાવામાં કરી શકે.)

આ ઉપરાંત ડિવિઝનલ ફોરેસ્ટ ઑફિસરની મંજૂરી લઈ પોતાને જરૂર પૂરતા ખેતરની વાડ માટેના કાંટા, ઘર માટે માટી અને પથ્થર વગેરે લેવાની છૂટ આપવામાં આવે છે. તેમ જ અકસ્માતથી ઝૂંપડાં બળી જાય તો મામલતદારનું તે અંગે સર્ટિફિકેટ રજૂ કરવાથી, રેંજ ઑફિસર પાસેથી થોડાંઘણાં લાકડાં મફત લઈ જવાની છૂટ આપવામાં આવે છે.

હકોનો દુરુપયોગ

આ પ્રમાણે ભીલોને હક આપવામાં આવ્યા છે, પણ તેઓ તેનો કેટલીક વાર ખોટો ઉપયોગ કરે છે અથવા જંગલ અંગેના બીજા નિયમોનો ભંગ કરે છે. જેમ કે લીલાં લાકડાં કાપી નાખવાં, લાકડાંના કોલસા પાડી વેચવા, અનામત જંગલોમાં પોતાનાં ઢોર હાંકી જવાં, વગર પરવાનગીએ જંગલ ખાતાની જમીનો ખેડવી. કેટલીક જગ્યાએ તો તેઓએ ઘણાં જંગલો કાપી નાખ્યાં છે અને કાપતા જાય છે; અને તેમ કરવા બદલ તેમ જ જંગલ ખાતાની જમીનો ખેડવા બદલ વારંવાર દંડ અને સજાઓ થવા છતાં તેઓ એ કાર્ય છોડતા નથી. આમ કરવામાં મોટે ભાગે તેમનો દોષ હોતો નથી પણ સંજોગોનો દોષ હોય છે. તેમને પોતાના જીવન-નિર્વાહ માટે આવક કરવાનું બીજું સાધન ન મળતાં, તેઓ મોટે ભાગે તે પ્રમાણે કરવા પ્રેરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડાણુ અને પડતર જમીન :—નીચેના આંકડાઓ ઉપરથી આ બન્ને તાલુકાની ખેડાણુ જમીન અને ખેડી શકાય એવી પડતર જમીનનો ખ્યાલ આવી શકશે :

નામ	કુલ ખેડાણ જમીન (૧૯૩૧)	કુલ ખેડાણ જમીન (૧૯૪૧)	ખેડી શકાય એવી પડતર જમીન (૧૯૩૧)	ખેડી શકાય એવી પડતર જમીન (૧૯૪૧)
દાહોદ	૧,૦૪,૫૨૮	૧,૪૪,૪૨૩	૩૭,૭૪૨	૩૦,૦૦૧
ઝાલોદ	૭૯,૪૨૪	૮૦,૩૪૫	૪૦,૪૭૩	૩૬,૫૫૬

સરેરાશ લગભગ ૨૮% ખેડાણુ જમીનનો વધારો થયો છે. છતાં આજે દર સો એકરે સાત એકર જમીન નકામી પડી રહે છે. ૧૯૧૦-૧૧માં તેનું પ્રમાણ ૪૦% હતું, પણ હવે તેમાં ક્રમે ક્રમે ઘટાડો થતો જાય છે.

નામ	કુલ ખેડાણ જમીન	ભીલો પાસે કુલ ખેડાણ જમીન	ટકાવારી	જૂની શરતની જમીન કેટલા ભીલો પાસે છે
દાહોદ	૧,૦૪,૫૨૮	૫૪,૦૦૦	૫૧.૬	૧૦,૦૦૦
ઝાલોદ	૭૯,૪૨૪	૪૪,૯૯૮	૫૬.૭	૪,૨૯૫

દાહોદ ઝાલોદના ભીલો પાસે અનુક્રમે કુલ ખેડાણુ જમીનના ૫૧.૬ ટકા અને ૫૬.૭ ટકા જમીન છે. જો કે ૧૯૫૧ના આંકડા મળી શક્યા નથી, પણ એટલું કહી શકાય કે અર્ધા ઉપરાંતની ખેડવા યોગ્ય જમીન ભીલોના હાથમાં છે.

અનાજ

આ પ્રદેશનો મુખ્ય પાક મકાઈ છે. આ ઉપરાંત ઘઉં અને ચોખા પણ ઠીક પ્રમાણમાં થાય છે. કઠોળમાં મુખ્યત્વે ચણા અને તુવર થાય છે, પણ તુવરનું પ્રમાણ ઘણું ઓછું છે. સામાન્ય રીતે ચણા ઘઉંની સાથે જ નાખવામાં આવે છે. આમ મિશ્ર પાક કરવામાં આવે છે. તેથી જમીનને એકંદરે ઘણો લાભ મળી રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૩ કુટુંબની તપાસ કરતાં તેઓએ નીચે મુજબનું વાવેતર કરેલું જણાયું હતું:

મકાઈ	૫૦%	ડાંગર	૧૦%
ઘઉં	૧૬%	મગફળી	૧૦%
ચણા	૧૨%	તુવર	૨%
		કુલ	૧૦૦%

તપાસ કરેલાં કુટુંબોએ કરેલા વાવેતરનું સરેરાશ પ્રમાણ જોયું. નીચે આપેલા આંકડા એ કેવળ દાહોદ તાલુકાના છે અને સરકારી દફતરમાંથી મેળવેલા છે. ઝાલોદ તાલુકાના આંકડા મળી શકયા નથી.

કુલ કેટલા એકરમાં વાવેતર થયું

પાકનું નામ	૧૯૫૦–૫૧	૧૯૫૧–૫૨	૧૯૫૨–૫૩
મકાઈ	૪૯,૭૦૦	૪૫,૦૦૦	૫૫,૦૦૦
ડાંગર	૧૭,૦૦૦	૯,૦૦૦	૯,૦૦૦
ઘઉં	૬,૫૦૦	—	૧,૫૦૦
જુવાર	૨૦૦	૧૦૦	૧૦૦
ચણા	૨૦,૫૬૫	૨,૦૦૦	૪,૦૦૦
મગફળી	૧૦,૭૫૦	૩,૫૦૦	૧૦,૦૦૦

ઉપરના આંકડા ઉપરથી ટકાવારી:

પાકનું નામ	૧૯૫૦–૫૧	૧૯૫૧–૫૨	૧૯૫૨–૫૩	સરેરાશ
મકાઈ	૪૮	૭૫	૭૦	૬૫
ડાંગર	૧૬	૧૫	૧૧	૧૪
ઘઉં	૬	—	૨	૩
જુવાર	·૨	·૨	·૧	·૩
ચણા	૧૯·૮	૩·૮	૪·૯	૮·૫
મગફળી	૧૦	૬	૧૨	૯·૨
કુલ	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦

ઉપરના આંકડાઓ ઉપરથી જણાઈ આવે છે કે, આ પ્રદેશમાં મકાઈના વાવેતરનું પ્રમાણ સૌથી વધારે છે અને તે લગભગ ૫૦% થી ૭૦% સુધીનું છે. પરન્તુ ઉપરના આંકડા ઉપરથી ઘઉંના પાક અંગે ગેર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજૂતી ઊભી થાય તેમ છે. ૧૯૫૧–૫૨ના વર્ષ દરમ્યાન ઘઉંનો પાક નિષ્ફળ ગયો હતો, એટલે માત્ર ૩ ટકા સરેરાશ પ્રમાણ આવ્યું છે.

ફળફળાદિ

આ પ્રદેશમાં ફળફળાદિનું પ્રમાણ નહીં જેવું છે. અહીંની આબોહવા તેમ જ જમીન તેને અનુકૂળ નથી. વળી તેના ઉછેરના યોગ્ય જ્ઞાનનો અભાવ એ પણ એક કારણ છે. તેથી કેરી અને ટીંબરું સિવાય બીજાં ફળો વિશેષ જોવામાં આવતાં નથી. ભીલોને માટે ઉનાળામાં તે રોકડ આવકનું એક સાધન છે. પરંતુ વેપારીઓ તેના ઘણા ઓછા દામ આપતા હોવાથી, તેમના હાથમાં કાંઈ વધુ આવવા પામતું નથી.

શાકભાજી

આ પ્રદેશમાં ડુંગળી, મરચાં, આદુ, દૂધી, રીંગણાં, ભીંડા વગેરે શાકભાજી થાય છે, પણ સૌથી વધુ પાક તો વાલોળ પાપડીનો થાય છે. મુખ્યત્વે દાહોદ તાલુકામાં આવેલા ભે, પાટિયા, ખજૂરિયા વગેરે ગામોમાં એ પુષ્કળ થાય છે. તેઓ મકાઈનાં ખેતરોમાં જ તે ઉગાડે છે. એટલે તેઓને મકાઈના પાક ઉપરાંત વાલોળપાપડી મળે છે અને તેમાંથી તેઓને સારી આવક થાય છે. છતાં ભીલ ખેડૂતોને વાજબી વળતર મળે તે માટે સહકારી મંડળી ઊભી કરવી ઘટે. આ ઉપરાંત મગફળીનું વાવેતર આ પ્રદેશમાં દિનપ્રતિદિન વધતું જાય છે. દરેક ભીલ ખેડૂતને તેમાંથી રોકડ આવક થાય છે.

પરિસ્થિતિ

પોતાની જરૂરિયાત પૂરતું ધાન તો, ભીલો બેદરકાર રહેવા છતાં, પકવે છે. ૭૩ કુટુંબો તપાસ્યાં તેમાં કુલ ૭૧૫ વ્યક્તિની સંખ્યા' છે. એટલે લગભગ ૬૧૫ પુખ્ત ઉંમરનાં ગણી શકાય. તેમને ત્યાં બાર મહિને કુલ ૭૯૦ માણી સામાન્ય વર્ષે સરેરાશ ધાન પાકે છે. આ ઉપરથી કહી શકાય કે, તેઓ પોતાને ખાવાપૂરતું ધાન સહેલાઈથી પકવી શકે છે. પણ તેથી એનો અર્થ એ નથી થતો કે, એટલા ઉત્પન્નમાંથી તેમનો જીવનનિર્વાહ થઈ શકે છે. માત્ર પોતાને ખાવાપૂરતું ધાન તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવી શકે છે. પણ કમનસીબે તે ધાન પણ તેમના ઘરમાં રહેવા પામતું નથી. આવક કરતાં દોઢો ખર્ચ, અંધ શ્રદ્ધા, અજ્ઞાનતા અને શાહુકારોની શોષણનીતિને લીધે, તેઓ ભૂખે પેટે જીવન ગાળતા આવ્યા છે. જો તેઓ આળસ, અજ્ઞાનતા અને શોષણમાંથી છૂટી કાળજીપૂર્વક ખેતી કરે તો સારા ખેડૂતો તરીકે જીવી શકે તેમ છે.

પાકનો ઉતાર:—આ પ્રદેશમાં ૧ એકરે સરેરાશ પાકનો ઉતાર નીચે મુજબ છે:

તપાસ કરેલા ભીલ ખેડૂતોને ત્યાં દર એકરે સરેરાશ કેટલું ઉત્પન્ન થાય છે તેના ગામવાર આંકડા નીચે મુજબ છે:

ગામનું નામ	દર એકરે સરેરાશ (ગ્રોસ) ઉત્પન્નના આંકડા માણી* મણ શેર
છાસિયા	૦—૧૧-૦
મેલાણિયા	૨—૨-૧૪
બિલવાણી	૧—૪-૩૦
મીરાખેડી	૧—૧—૦
ખરેડી	૧—૫—૦
ચંદલા	૧—૨—૦
ગુલબાર	૦-૩૦—૦
સરેરાશ :-	૧—૨—૦
સરકારી દફતરમાં સરેરાશ	૧—૮—૦

ઉપરના આંકડા સરેરાશ ગ્રોસ ઉત્પન્નના છે. દર એકરે સરેરાશ ગ્રોસ ઉત્પન્ન ૧ માણી ૨ મણ આવે છે. જ્યારે સરકારી દફતરમાં ૧ માણી ૮ મણ છે. તે આં બન્ને તાલુકાઓનો સરેરાશ આંક છે. તપાસ ઉપરથી કાઢેલા આંકડા અને સરકારી આંકડામાં ભારે મોટો ફેર જણાતો નથી.

* માણી = બાર કાચા મણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬

ખેતીવાડી

પાણીનો પ્રશ્ન (ઇરિગેશન)

સિંચાઈ: જેમ જીવ માત્રને પાણી વગર ચાલતું નથી તેમ ખેતીવાડીને માટે પણ પાણી એટલું જ અગત્યનું છે. પાકની સફળતાનિષ્ફળતાનો બધો આધાર પાણી ઉપર જ છે. જો વરસાદ ન આવે તો પાક પણ ન થાય. ખેતીને બીજી રીતે પાણી પાવાની સગવડ હોય તો પાક થઈ શકે છે. એટલે પાણીની સગવડ એ ખેતીની બાબતમાં સૌથી મહત્ત્વનો પ્રશ્ન છે. આજે સમગ્ર ભારત માટે પણ આ જ પ્રશ્ન મહત્ત્વનો છે. વધતી જતી વસ્તીને પહોંચી વળવા ઉત્પાદન ગમે તે રીતે વધારવું પડશે અને તેથી પાણીની સગવડ પહેલી વધારવી પડશે. આ પ્રદેશમાં પણ પાણીની સગવડ વધારવાની ઘણી જરૂર છે. અલબત્ત કેટલાંક ગામોમાં કૂવાની સગવડ સારી જણાય છે, પણ એકંદરે બન્ને તાલુકાઓમાં જોઈએ તેવી સગવડ નથી.

પાણી પાઈને ખેતી કરવામાં આવે તો ઉત્પન્ન સહેજે બમણું થાય છે. તેનો ખ્યાલ આવે તે માટે નીચે આંકડા આપ્યા છે:

(દર એકરે પાઉન્ડમાં ઊપજ)

ઘઉં		કપાસ		ડાંગર	
પીતથી	જરાયતથી	પીતથી	જરાયતથી	પીતથી	જરાયતથી
૧,૩૦૦	૬૦૪	૨૬૦	૧૫૪	૧,૧૦૯	૭૦૩

(ઉપરના આંકડા ગુજરાત પ્રાંતના છે. Rural Economy of Gujarat, By M. B. Desai, Page 65.)

ભીલોની આર્થિક સ્થિતિનો ઘણોખરો આધાર તેની ખેતી ઉપર છે. જો તેમની ખેતીનું ઉત્પન્ન વધશે તો આપોઆપ તેમની આર્થિક સ્થિતિ ઉપર તેની અસર થયા વગર રહેશે નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂકી નદી બંધ યોજના

દાહોદથી ઉત્તરે સાત માઈલ દૂર, ભીલ સેવા મંડળના મીરાખેડી આશ્રમથી લગભગ દોઢ માઈલ છેટે સૂકી નદી પર આડો બંધ બાંધવાની યોજના થઈ છે. તે રીતે અહીં કેટલીક જગ્યાએ નહેરો કાઢી શકાય તેમ છે. પરંતુ અત્યાર સુધી પરદેશી અમલે તે તરફ દુર્લક્ષ આપ્યું હતું. હવે આપણી 'સરકારે જળસિંચાઈ યોજનાઓ પ્રત્યે ખૂબ લક્ષ આપવા માંડ્યું છે. ભારતભરમાં નાની મોટી અનેક યોજનાઓનો અમલ ઠેર ઠેર શરૂ કરવામાં આવ્યો છે. આ બંને તાલુકાઓમાં એક મધ્યમ પ્રકારની અને બે નાની જળસિંચાઈ એમ કુલ ત્રણ જળસિંચાઈની યોજનાઓ હાથ ધરવામાં આવી છે.

મધ્યસ્થ જળસિંચાઈ યોજનામાં પાટાડુંગરી યોજના છે, જેનો ખર્ચ રૂપિયા બાવન લાખ અંદાજાયો છે. નાની નહેર યોજનાઓમાં એક સૂકી અને બીજી ટીંટોડી તળાવની યોજના હાથ ધરવામાં આવી છે. તે દરેક યોજનાનો ખર્ચ આશરે દસ લાખ થશે. આ બધો ખર્ચ આ અંગેનાં કાર્યો માટે મધ્યસ્થ સરકાર તરફથી મળેલી લોનની રકમમાંથી કરવામાં આવશે.

પાટાડુંગરી મધ્યમ જળસિંચાઈ યોજના

દાહોદની દક્ષિણે, લગભગ આઠેક માઈલ દૂર આવેલા પાંચવાડા ગામ નજીક, બે ડુંગરીઓની ભેખડો વચ્ચે સાંકડી પટ્ટીમાં થઈને વહેતી ખાણ નદી આડો માટીનો મોટો બંધ બાંધી, તેમાં એક મોટું જળાશય બાંધીને, તેમાંથી નહેર વાટે નદીના દક્ષિણ કિનારા ઉપરની ૧૨,૦૦૦ એકર જમીનને સિંચાઈની સગવડતા કરી આપવાનો આ યોજનાનો મુખ્ય આશય છે. આ જળાશયમાં દાહોદ શહેરના લોકોની પીવાના તેમ જ વપરાશના પાણીની જરૂર માટે પૂરતા સંચયની વ્યવસ્થા કરવામાં આવી છે. દાહોદ શહેરની વાર્ષિક લગભગ ૨૫ કરોડ ગેલન પાણીની જરૂરિયાત છે. તેને બદલે ૫૦ કરોડ ગેલન એટલે કે બમણા પાણીની આ યોજનામાં સગવડ કરવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ઉપર જોઈ ગયા કે, નદીમાં મોટો આડો બંધ બાંધવામાં આવનાર છે. તે બંધ નદીની ઊંડામાં ઊંડી સપાટીથી ૮૩ ફૂટ ઊંચો અને ૬૫૨ ફૂટ લાંબો થશે. તળિયાની વધારેમાં વધારે પહોળાઈ ૩૦ ફૂટ થશે. આ બંધ બાંધવા માટે ૭૦,૦૦૦ ઘ્યાસ માટીની જરૂર રહેશે.

આ જળાશયમાં લગભગ ૯૬ ચોરસ માઈલના નદીના ઉપરવાસના ડુંગરાળ પ્રદેશમાંથી પાણી આવશે. એમાંથી ૧,૪૦૦ મિલિયન ક્યૂબિક ફીટ પાણીનો સંચય આ જળાશયમાં કરવામાં આવશે. એટલે કે ૨,૫૦૦ એકર જમીન ઉપર ૧૨⅓ ફૂટ ઊંચાઈ જેટલું પાણી ભર્યું હોય તેટલું પાણી આ જળાશયમાં સમાશે. ચોમાસાની ઋતુમાં, જે વધારે પાણી આવે, તેના નિકાલ માટે બાજુની ખીણમાં ૫૦૦ ફૂટ લંબાઈનો એક આવણો રાખવામાં આવેલો છે. વધારે પૂર આવે તોપણ પાણીનું વહેણ ૭ ફૂટથી વધારે આ આવણા ઉપર વહેશે નહીં. તળાવની પાળનું મથાળું પણ આ સપાટીથી આઠ ફૂટ ઊંચું રાખવામાં આવેલું હોવાથી, તળાવની પાળ ગમે તેવા પૂરમાં પણ સહીસલામત રહેશે.

તળાવનું ક્ષેત્રફળ લગભગ ૨,૫૦૦ એકરનું છે. આવણાની જમણી બાજુથી ૧૮૦ ક્યૂબિક્સ પાણી છોડી શકાય તેવી મુખ્ય નહેર કાઢવામાં આવી છે. તેની લંબાઈ ૧૬ માઈલની છે. આ નહેરથી દાહોદ તાલુકાના પાંચવાડા, દેવધા, બોરીમાલા, દસાલા, લિલોર, કતવારા, મામતા, વનબોરી, ભંભોરી, બોરડી, અને નવાગામ વગેરે ગામોની જમીનોને લાભ મળશે.

આ યોજનાનું કામ ૧૯૫૨થી શરૂ કરવામાં આવ્યું છે અને લગભગ ૧૯૫૫ના જૂન-જુલાઈ માસમાં પૂરું થશે.

ટીટોડી બંધ યોજના

આ એક નાની જળસિંચાઈ યોજના છે. ઝાલોદ શહેરથી લગભગ ચારેક માઈલ દૂર પશ્ચિમે, ટીટોડી નદીમાં આડો બંધ બાંધવાની આ યોજના છે. આ બંધ માટીનો બાંધવામાં આવ્યો છે. આ બંધની લંબાઈ ૬,૦૩૦ ફૂટ અને તેની મધ્ય ભાગમાં ઊંચાઈ ૫૦ ફૂટની છે. આ યોજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાથી લગભગ ૨,૦૦૦ એકર જમીનને પાણી મળશે. આ યોજના હવે પૂરી થવા આવી છે. (૧૯૫૪ના અંતમાં)

સૂકી નદી બંધ યોજના

આ પણ એક નાની જળસિંચાઈ યોજના છે. દાહોદ શહેરની ઉત્તરે, લગભગ છએક માઈલ દૂર, સૂકી નદી ઉપર આડો બંધ બાંધવામાં આવ્યો છે. તેની ઊંચાઈ ૬૩ ફૂટ અને લંબાઈ ૨,૦૫૦ ફૂટની છે. એનાથી આશરે ૨,૦૦૦ એકર જમીનને પાણી મળશે. આ યોજના પૂરી થઈ ચૂકી છે.

આ યોજનાઓથી આ બન્ને તાલુકાઓમાં દુષ્કાળનો ભય ઘણો જ ઓછો થશે. છતાં જ્યાં નહેરોનું પાણી પહોંચી શકે તેમ નથી ત્યાં કૂવા ખોદાવવા જોઈએ.* અત્યાર સુધી આ પ્રદેશમાં બહુ ઓછા કૂવા હતા, પણ હવે સરકારે તે તરફ પણ વિશેષ લક્ષ આપવા માંડ્યું છે. કૂવા ખોદાવવા માટે ખેડૂતોને તગાવી અને મદદ આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. ૧૯૫૧–૫૨ દરમ્યાન લગભગ પોણા લાખ રૂપિયાના કૂવા ખોદાવવાનું મંજૂર થયું હતું.

કૂવા

આ પ્રદેશમાં જ્યાં કાળી જમીન છે, ત્યાં વીસથી પચીસ ફૂટ સુધી ઊંડે ખોદવાથી, એકથી દોઢ એકર જમીનમાં પીત કરવા પૂરતું પાણી આવી જાય છે. જમીન પથરાળ હોવાથી કૂવાની બાજુઓ પાકી ન બાંધવામાં આવે તોપણ તે કાચો કૂવો ઘણાં વર્ષ સુધી કામ આપે છે. એટલું જ કે, બબ્બે ત્રણ ત્રણ વર્ષને અંતે તેને ગાળવાની જરૂર પડે છે. ગોરાડુ જમીનમાં પણ કૂવા ખોદવાની શરૂઆત થઈ છે. તેમાં ખેડૂતોને સફળતા મળી છે. આવા ડુંગરાળ પ્રદેશમાં કૂવો ખેતીની ઉત્પાદનશક્તિ વધારવાનું ઉત્તમ સાધન છે.

---

* તા. ૧૫–૮–૫૪'ના 'જન્મભૂમિ'માં પ્રગટ થયેલા શ્રી ડાહ્યાભાઈ નાયકના લેખમાંથી અને તા. ૨૩–૧–'૫૪ના શ્રી એન. એમ. જયલના ભાષણમાંથી ટૂંકાવીને બંધોની ઉપરની માહિતી લીધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપાસેલાં ૭૩ કુટુંબો પાસે કુલ ૩૦ કૂવા હતા. તેમાં ૧૮ કૂવા કાચા હતા, જ્યારે તેમની પાસે કુલ લગભગ ૭૫૦ એકર જમીન હતી. એટલે સરેરાશ ૨૫ એકરે ૧ કૂવો થયો અથવા તો ૩ કુટુંબ વચ્ચે ૧ કૂવો ગણાય. ખરું જોતાં દરેક ખેડૂત દીઠ ૧ કૂવો હોવો જરૂરી છે. ઉપરના આંકડાઓ ઉપરથી એમ કહી શકાય કે, હાલ જેટલા કૂવા છે તેના કરતાં ત્રણ ગણા નવા કૂવાની જરૂર છે.

અહીંની જમીનમાં પથ્થર વિશેષ પ્રમાણમાં હોવાથી ઝરણાં ઓછાં છે. કેટલીક વાર કૂવા ખોદવા છતાં, તેમાં પૂરતું પાણી ન આવવાથી, તે નકામા જાય છે. વળી ઉનાળામાં કેટલાક કૂવા સુકાઈ જાય છે, જેથી ઘણા ઊંડા ખોદવા પડે છે. શિયાળામાં ૧/૨થી ૧ એકર જેટલી જમીનને સિંચાઈ કરી શકાય છે. સરેરાશ એક કૂવાથી ૧$\frac{૧}{૨}$ એકર જમીન સિંચાઈ હેઠળ આવે છે.

આ બન્ને તાલુકાઓમાં ઓછામાં ઓછા લગભગ ૫,૦૦૦ કૂવા છે અને તે દ્વારા લગભગ ૭,૫૦૦ એકર જમીનને પાણી પાવામાં આવે છે. હાલમાં કૂવા માટે તગાવી મળવાની સગવડને લીધે તેમ જ ખેડૂત વર્ગની થોડી જાગૃતિને લીધે બીજા નવા કૂવા ખોદાઈ રહ્યા છે.

જુદી જુદી જગ્યાએ જુદી જુદી રીતે પાણી પાવામાં આવે છે. અહીં માત્ર એક જ પદ્ધતિ જોવામાં આવે છે. પંપનો ઉપયોગ બહુ અલ્પ પ્રમાણમાં થાય છે. સામાન્ય રીતે બધે કોશ અથવા ચડસાનો ઉપયોગ થાય છે. ચડસા દ્વારા એક દિવસમાં લગભગ $\frac{૧}{૩}$ વીઘું જમીન પલાળી શકાય, જ્યારે એન્જિનથી ત્રણ કે ચાર વીઘાં જમીન પલાળી શકાય. પણ અહીં પંપની સગવડ નથી, એટલે કોશ દ્વારા વધુમાં વધુ પાણી કેમ પૂરું પાડી શકાય એ જ પ્રશ્ન છે. એક જોડ બળદ રાખવામાં આવે - અને બળદોને વારાફરતી બદલતા રહી આરામ આપવામાં આવે તો એક દિવસમાં લગભગ $\frac{૧}{૪}$ વીઘું જમીનને ખુશીથી પાણી પાઈ શકાય. પણ ભીલો તો માત્ર એક જોડ બળદનો જ ઉપયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે. વળી તેમના કૂવા મોટે ભાગે કાચા હોવાથી પૂરતું પાણી પણ મળી શકતું નથી.

બી

ભીલ ખેડૂતો સારા બી સંબંધમાં બેદરકાર હોય છે. તે માટે બધો દોષ તેને નહીં દઈ શકાય, કારણ કે તેમને સારું બી જોઈતું હોવા છતાં મળતું નથી. પણ આ ઉપરાંત બીજી મહત્ત્વની વસ્તુ તો બી સુધારણાની છે. જો ચાલુ બીજને સુધારવામાં આવે તો આજે જે ઉત્પન્ન આવે છે તેનાથી ૧૦ થી ૧૫ ટકા વધુ ઉત્પન્ન આવે. આ રીતે ઉત્પાદનમાં વધારો કરી શકાય તેમ છે.

સામાન્ય રીતે ભીલો સારું બી વેચાતું લઈને ઉપયોગમાં લેતા નથી. પણ તે ચાલુ સાલે થયેલા પાકમાંથી અમુક બી જેટલો જથ્થો સંઘરી રાખે છે. તેનો બીજે ચોમાસે બી તરીકે ઉપયોગ કરે છે. કેટલાક પાસે તો બી જેટલું પણ અનાજ હોતું નથી. તેથી દેવું કરીને યા શાહુકાર પાસેથી લાવે છે. કેટલીક વાર શાહુકારની પકડમાં એવી રીતે તેઓ ફસાયેલા હોય છે કે, જે કાંઈ પાક ઊતરે તે બધો શાહુકારના ઘરે જ પહોંચી જાય અને પોતાના નિર્વાહ માટે તેમ જ બી માટે જોઈતું ધાન શાહુકાર પાસેથી જ લાવવું પડે. હાલમાં આ સ્થિતિ વિશેષ જોવામાં આવતી નથી. આજે તો સહકારી મંડળીઓએ તેમ જ ખેતીવાડી ખાતાએ બીની વ્યવસ્થા કરી છે અને હવે તો મોટે ભાગે તેનો જ ઉપયોગ થાય છે.

ખાતર

આપણે જેટલું જમીન-પાસેથી ઉત્પન્ન લઈએ તેટલું જ તેને બીજા સ્વરૂપમાં પાછું આપવું જોઈએ. તો જ જમીનનો કસ જળવાઈ રહે અને તે વધુ ઉત્પન્ન આપી શકે. જો જમીનમાં ખાતર નાખ્યા વગર દર વર્ષે પાક લેવામાં આવે તો ધીરે ધીરે પાકનો ઉતાર ઘટતો જાય. જમીનમાં ખાતર નાખવામાં આવે તો જમીનનો કસ જળવાઈ રહે અને કસ વધે તેમ અનાજનું ઉત્પન્ન સારું થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતર અનેક પ્રકારનાં હોય છે. ભીલોને છાણિયું ખાતર અનાયાસે મળી રહે છે. પરંતુ તેનો પણ કાળજીપૂર્વક ઉપયોગ તેઓ કરતા નથી. છાણિયા ખાતરનું પ્રમાણ ઢોરની સંખ્યા પર આધાર રાખે છે અને ભીલ ખેડૂત પાસે તો બળદ અને બીજાં ઢોર હોય છે જ.

સામાન્ય રીતે ભીલો છાણિયા ખાતરમાં સમજતા ન હતા. તેઓ ઘણુંખરું છાણ નકામું જવા દેતા. મોટે ભાગે તો તેનાં છાણાં બનાવી બાળવામાં ઉપયોગ કરતા. પણ ભીલ સેવા મંડળના છેલ્લાં કેટલાંક વર્ષોના પ્રયત્નોને અંતે છાણિયા ખાતરનું મહત્ત્વ ભીલો સમજતા થયા છે. હવે ખાડા ગોડી ખાતર તૈયાર કરે છે, છતાંય જોઈએ એટલી કાળજી રાખતા નથી. ઘણોખરો કચરો નકામો જાય છે અને પ્રમાણમાં ઓછું ખાતર તૈયાર થાય છે.

સામાન્ય રીતે જણાય છે કે, દર એકરે ા ગાડાથી ૨$\frac{૧}{૨}$ ગાડા જેટલું જુદી જુદી જગ્યાએ ખાતર થાય છે. એટલે સરેરાશ દર એકરે ૧ ગાડું ખાતર થાય છે.

ઢોરની દૃષ્ટિએ એક ઢોર દીઠ સરેરાશ એક ગાડું ખાતર ઊતરે છે. એટલે લગભગ ૧ ઢોર દીઠ ૧ ગાડું ખાતર તૈયાર થાય છે.

અત્યારે જે કાંઈ ખાતર ખાડા દ્વારા તૈયાર કરવામાં આવે છે, તે પણ વૈજ્ઞાનિક કે શાસ્ત્રીય ઢબે તૈયાર કરવામાં આવતું નથી. જે તૈયાર કરવામાં આવે છે તેમાં પૂરતી કાળજી રાખવામાં આવતી નથી. ચોમાસામાં ઘણુંખરું તે તણાઈ અને ધોવાઈ જાય છે. તેમ જ ઉનાળામાં સૂર્યના પ્રકાશમાં ઢગલા ખુલ્લા પડી રહેવાથી તેમાનાં ઘણાંખરાં તત્ત્વો ઊડી જાય છે. તૈયાર થયેલા ખાડા પણ પૂરા બંધ કરવામાં આવતા નથી. ચરવા જતા ઢોરનું છાણ નકામું જાય એ જુદું. જોકે સામાન્ય રીતે ભીલોનાં મકાનો અને કોઢ તેમનાં ખેતરોમાં જ હોવાથી ઢોરનું છાણ પોતાના ખેતરમાં જ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીલો રાસાયણિક ખાતર કે બીજાં વેચાતાં ખાતર વાપરતા નથી. લીલાં ખાતર માટે તેઓ ત્રણચાર વર્ષે શણ ઉગાડે છે અને તેનો ખાતર તરીકે ઉપયોગ કરે છે.

ખેતીનાં સાધનો

ભીલો પોતાના બાપદાદાના વખતથી ચાલતાં આવેલાં જૂની ઢબનાં સાધનો વાપરે છે. નવાં અને સુધારેલાં સાધનો જેવાં કે લોખંડી હળ, નવી કરપ વગેરેથી તેઓ અપરિચિત છે. તેમનાં સાધનો સ્થાનિક સુથારે અને લુહારે ઘડી આપેલાં હોય છે. વળી તેમની પાસે સારી જાતના બળદો પણ નથી હોતા.

અહીંની જમીનની જાત અને બળદની જાત જોતાં ૨૫ એકરે એ બળદની જોડ હોય અને તેની પાસેથી પૂરતું કામ લેવામાં આવે તો તે બળદો ખેડૂતને ફાયદારૂપ ગણી શકાય. જો તે વધુ હોય તો બોજારૂપ નીવડે. એ દૃષ્ટિએ ભીલો પાસે કેટલાં ઢોર વધુ છે તેના આંકડા નીચે મુજબ છે:

ગામનું નામ	જમીનના પ્રમાણમાં કેટલી જોડ બળદ જોઈએ	હાલમાં કેટલી જોડ બળદ છે	કેટલા ગણી બળદની જોડ વધારે છે
છાસિયા	૫	૨૧	૪
મેલાણિયા	૫	૨૮	૫
બિલવાણી	૭	૨૫	૪
મીરાખેડી	૪	૮	૨
ખરેડી	૭	૨૬	૩
ચંદલા	૭	૨૪	૩
ગુલવાર	૫	૯	૨
સરેરાશ	૬	૨૦	૩

ઉપરના આંકડા ઉપરથી જણાય છે કે, ભીલો પાસે બેથી પાંચ ગણા બળદ વધુ છે, અને સરેરાશ ત્રણ ગણા વધુ છે. તે બધા ખેતી ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોજારૂપ છે. કેટલાક એવા પણ ભીલ ખેડૂતો છે, જેમની પાસે જમીન હોવા છતાં બળદો નથી, અથવા આખી જોડ હોતી નથી, એટલે મોસમ વખતે તેમને ઘણું તણાવું પડે છે; અને એ રીતે ખેતીને નુકસાન પહોંચે છે.

બળદો

બળદ કેવળ હળે જોડવાના કામમાં નથી આવતા, પણ ખેતીનાં બીજાં ઘણાં કામોમાં આવે છે. કૂવામાંથી પાણી કાઢવા કોશે જોડાય છે, ગાડે પણ જોડાય છે. તેનો ઉપયોગ ખેતરમાં ખાતર લઈ જવામાં તેમ જ ખેતરમાં થયેલો પાક લાવવા લઈ જવાના કામમાં, અને આજુબાજુનાં બજારોમાં અનાજ વેચવા લઈ જવાના કામમાં કરવામાં આવે છે. આ ઉપરાંત ઉનાળામાં કેટલાક ભીલો ગાડાં ભાડે ફેરવે છે, અને આ રીતે નવરાશના સમય દરમ્યાન થોડી ઘણી રોકડ કમાણી કરે છે. પણ મોટર લોરીઓ ફરતી થવાથી તેમનો એ ધંધો પડી ભાંગ્યો છે. જો તેમને માલ લાવવા લઈ જવા માટે રોકવામાં આવે છે તો ઘણા ચોરી કરે છે. તેમનો ગાડાં–ઉદ્યોગ તૂટવાનું આ પણ એક કારણ છે. છતાં આજે ભાડે ગાડાં ફેરવવાનો ધંધો થોડે અંશે ચાલુ તો છે જ, પણ તે દિવસે દિવસે ક્ષીણ થતો જાય છે. પહેલાંના વખતમાં ભીલોને ગાડાં ફેરવવા બદ્દલ સારી મજૂરી મળી રહેતી, પણ આજે તે પરિસ્થિતિ નથી. આ ધંધો ઉનાળામાં વધુ ચાલતો. હાલ તે ધંધો ન હોવાથી, ભીલો ઉનાળા દરમ્યાન તદ્દન બેકાર રહે છે. બળદને પણ પૂરતું કામ ન મળવાથી બેકાર રહે છે. આમ ભીલોની આવકમાં ઘટાડો થયો છે.

તપાસેલાં ૭૩ કુટુંબો પાસે ૩૪ ગાડાં હતાં. તપાસ કરતાં એકેયને ઉનાળામાં ગાડાં ફેરવવાની મજૂરી મળતી ન હતી. એટલે ગાડાં, બળદ અને પોતે બેકાર હતાં. જ્યારે આજથી દસ વર્ષ પહેલાં, તેઓમાંનાં કેટલાંક ભીલકુટુંબો ઉનાળા દરમ્યાન ભાડે ગાડાં ફેરવવાની મજૂરી કરતાં હતાં, અને ગાડા દીઠ વર્ષે તેમને સરેરાશ રૂ. ૧૫) ની ચોખ્ખી આવક થતી હતી. તપાસ કરેલાં કુટુંબોમાં વધુમાં વધુ રૂ. ૯૫) ની ચોખ્ખી આવક થયેલી હતી. આમ આ એક સહાયક ધંધો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢોરઢાંખર

ઢોર એ ખેડૂતનું ધન છે. તેની તે સાચી મૂડી છે. ખેતીમાં તે અનેક રીતે ઉપયોગી છે. ખેડૂતને કેટલીક આર્થિક મદદ પણ તે કરી શકે છે. તેમ જ ઘી-દૂધ જેવો પૌષ્ટિક ખોરાક પૂરો પાડે છે. વળી બીજી રોકડ આવકનું પણ સાધન છે. વાછડાંવાછડીની સારી કિંમત ઊપજે છે. ઢોરને લીધે અનાયાસે ખાતર મળે છે. આથી જેમ ઢોર સારાં તેમ ખેડૂતને વિશેષ ફાયદો રહે છે. અહીં આપણે તપાસેલાં ભીલકુટુંબો પાસેનાં ઢોરની સ્થિતિ જોઈએ.

કુલ નાનાં મોટાં ઢોર મળીને ૯૧૯ની સંખ્યા હતી. એટલે ૭૩૫ પુખ્ત ઢોર ગણાય અને એ રીતે સરેરાશ કુટુંબ દીઠ ૧૦ પુખ્ત ઢોર આવે છે. અને માથા દીઠ ૧ ઢોર.

ઢોરની સંખ્યા	ઢોરની જાત
૨૧૪	ગાય
૨૯૮	બળદ
૮૨	ભેંસ
૩૨૫	વાછડાં વાછડી
૯૧૯	
૭૩૫	પુખ્ત ઢોર

અહીંનાં ઢોરની સ્થિતિ સારી નથી. તે ખરેખર ભીલોને બોજા-રૂપ છે. આગળ ઉપર આપણે જોઈ ગયા કે, ખેતીમાં જોઈએ તે કરતાં વધુ બળદ છે અને તેથી બળદ બેકાર રહે છે અને ભારરૂપ નીવડે છે. વળી અહીંનાં ઢોર શરીરે નબળાં છે. તેની નસલ સારી નથી. ઢોરની દુર્દશાનું બીજું કારણ ભીલોની આર્થિક અવદશા છે. જ્યાં ભીલને પોતાના જીવનનિર્વાહ પૂરતું પણ ખાવા મળતું નથી ત્યાં તે પોતાના ઢોરને કયી રીતે પૂરતું ખવડાવી શકે? સામાન્ય રીતે ભીલો થોડીક ખરાબ જમીનમાં ઘાસ ઉગાડે છે તે આપે છે અને તે ઉપરાંત બીજા ધાનનાં ઠૂંડાં વગેરે આપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તે પર ઢોર આખું વર્ષ કાઢે છે. એ રીતે તે અર્ધભૂખ્યે પેટે ગુજારો ચલાવે છે અને કામ કરે છે. બીજી બાજુ ઘાસના ભાવ ૧૦૦૦ પૂળાના રૂા. ૪૦ થી ૫૫ સુધી હોય છે. એટલે બહુ ઓછા ખેડૂતો ન છૂટકે ઘાસ ખરીદે છે. પણ તેમ કરવાથી તેમને ઢોર ઘણાં મોંઘાં પડે છે. જો ભીલ પોતાનાં ઢોર માટે બહારથી ઘાસ ન ખરીદે અને પોતાના ખેતરમાં થતા ઘાસ અને રાડી કે ઠૂંડા પર આધાર રાખે તો તેનો ખર્ચ નીકળે; પણ તેમાંથી તેને કોઈ રીતે ફાયદો થતો નથી. બહારથી ઘાસ ખરીદીને ખવડાવવું તેને આર્થિક રીતે પોષાતું નથી. ખરેડી ગામનાં ઢોરની એ જ હાલત છે. ત્યાંનાં ઢોર બીજાં તપાસેલાં ગામોનાં ઢોર કરતાં સારી જાતનાં અને વધારે દૂધ આપનારાં હતાં, પણ આ વર્ષે ભીલો પાસે ઘાસ ન હોવાથી રૂા. ૫૦ના ભાવે ઘાસ ખરીદ્યું. પરિણામે તે ઢોર તેમને ઘણાં મોંઘાં પડ્યાં. સામાન્ય રીતે આ ગામના ભીલોને ઢોરના દૂધની સારી આવક છે. જ્યારે છાસિયાના ભીલોએ જરાય ઘાસ બહારથી લીધું ન હતું. પરિણામે નુકસાન જણાતું ન હતું.

આમ, ઢોરને પૂરતો ખોરાક ન મળવાથી તે પૂરતું દૂધ આપતાં નથી. માત્ર ચોમાસા દરમ્યાન દૂધ આપે છે. બાકીના સમયમાં નથી આપતાં. આમ દૂધનું ઉત્પન્ન ઘણા ઓછા પ્રમાણમાં થાય છે. પંદરપંદર ઢોર હોવા છતાં લોટી દૂધ પણ જોવા મળતું નથી, એવી સ્થિતિ આજે પ્રવર્તે છે. રોજનું સરેરાશ દૂધ કાઢતાં નવટાંકથી પણ ઓછું આવે છે. ચોમાસામાં એક ઢોર સરેરાશ પાંચ શેર દૂધ આપે છે. પણ તે ચોમાસા પૂરતું જ.

વળી ભીલો ઢોરની માવજત પણ સારી કરતા નથી. એથી ઢોરની દશા ઘણી દયાજનક રહે છે. ઢોર રાખવાથી એકંદરે ભીલોને ફાયદો કે નુકસાન થતું નથી. ઢોરનો ખર્ચ તેની આવક અને મજૂરીમાંથી નીકળી રહે છે.

વાર્ષિક કુલ દૂધનું ઉત્પાદન ૬૮૨ મણ છે. એટલે દૂઝણાં ઢોર દીઠ ૪ મણ દૂધ ઊતરે છે. આમ ઢોરની સ્થિતિ ઘણી ખરાબ છે. તેને સુધારવા જો યોગ્ય પ્રયત્ન કરવામાં આવે તો તે જરૂર ભીલ ખેડૂતોને આશીર્વાદરૂપ થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે જોતાં અહીંનાં ઢોરની જાત સુધારવાની ઘણી જરૂર છે અને દૂધનું ઉત્પન્ન વધારવાની જરૂર છે. તે માટે ઢોરને ઊંચા પ્રકારનો અને પૂરતા પ્રમાણમાં ઘાસચારો સસ્તા ભાવે પૂરો પાડવાની જરૂર છે. આ ઉપરાંત ઢોરની પૂરતી કાળજી રાખવાની જરૂર છે. તો જ ભીલોને ઢોર રાખવાં પોષાશે અને તેમાંથી આવક પણ થઈ શકશે. ઢોરની જાત સુધારવાના પ્રયત્નો સર્વોદય યોજના તરફથી શરૂ થયા છે અને ઘાસ માટે સરકાર તરફથી વ્યવસ્થા કરવામાં આવી છે. પણ તેનો ભાવ ૧૦૦૦ પૂળાનો લગભગ રૂ. ૪૦થી ૫૦ હોવાથી ભીલોને તે પોષાય તેમ નથી.*

---

* (૧) આ વર્ષે, ૧૯૫૪માં સરકારે પછાત વિભાગમાં પશુ-સુધારણા યોજના દાખલ કરવા નિરધાર કર્યો છે અને તે માટે દાહોદ તાલુકાના જેસાવાડા ગાળાને પસંદ કરવામાં આવેલ છે. ત્યાંનાં પાંચ ગામો નક્કી કર્યાં છે અને તે દરેક ગામમાં દસ દસ ખેડૂતોને એક એક કાંકરેજી ગાય આપવાનું નક્કી કર્યું છે. તે પાંચે ગામમાં બબ્બે ખેડૂતને સાયલોપીટના ખાડા ખોદાવવા રૂ. ૩૦૦) મદદ આપવાનું નક્કી કર્યું છે. તેમ જ તે પાંચમાંના દરેક ગામમાં બબ્બે કાંકરેજી સાંઢ રાખવાનું ઠરાવ્યું છે અને સરકાર તેનો ખર્ચ સાંઢ રાખનાર ખેડૂતને આપશે.

આમ પાંચ ગામો વચ્ચે પચાસ ગાયો ખેડૂતોને આપવામાં આવશે. આ ગાયોની કિંમતના $\frac{૧}{૩}$ ભાગની કિંમત ખેડૂતે આપવાની અને $\frac{૨}{૩}$ ભાગની કિંમત સરકાર આપશે. આ પ્રમાણે સરકારે પશુ-સુધારણા યોજના માટે નાણાં આપ્યાં છે.

વળી ઉપરની બધી ગાયો આપવામાં આવેલા કાંકરેજી સાંઢ દ્વારા જ ફળે તે માટે ખાસ કાળજી રાખવાની છે. વળી આ બધાં ઢોર અંગે ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપવા, તેમ જ સલાહ સૂચના આપવા માટે એક સરકારી અધિકારી પણ નીમવામાં આવશે.

આ પ્રમાણે પશુ-સુધારણા માટે સરકાર દ્વારા પગલાં ભરવામાં આવ્યાં છે.

(૨) આ ગાળામાં સામાન્ય રીતે માળવી ગાયનો ઉછેર સારી જાતનો થાય છે, એવો અહીંના લોકોનો અનુભવ છે. જ્યારે કાંકરેજી મોટી ગાયને અહીંનાં હવાપાણી માફક આવતાં નથી. તેમ જ તે આ પ્રદેશમાં જીવી શકતી નથી. તેથી જ ઉપરની યોજનામાં મોટી કાંકરેજી ગાયને પસંદગી ન આપતાં મીડિયમ કાંકરેજીને જ પસંદગી આપવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરની હકીકતમાંથી નીચે પ્રમાણે તારણ કાઢી શકાય:

(૧) પિયતની ખેતી વધારવાની ખાસ જરૂર છે અને તે માટે વહેલામાં વહેલી તકે કૂવા ખોદાવવા જોઈએ. (મીઠાં પાણીના કૂવા નીકળવા જોઈએ, નહીં તો તે નકામા નીવડશે.) અને આજુબાજુની નાની મોટી નદીઓમાં બંધ બાંધી, શક્ય હોય ત્યાં, નહેરો દ્વારા પાણી પૂરું પાડવું જોઈએ.

(૨) ખાતરનો પૂરેપૂરો ઉપયોગ થતો નથી અને ઘણુંખરું ખાતર તો બેદરકારીને લીધે નકામું જાય છે તે અટકાવવું જોઈએ.

(૩) ભીલો ખેતીમાં જૂની ઢબનાં સાધનો વાપરે છે તેથી તેમની ઘણી શક્તિ બરબાદ જાય છે. એટલે ગામઠી હળને બદલે લોખંડી હળ વગેરે નવી જાતનાં હળ વસાવતા કરવા જોઈએ, કે જેથી તે સહેલાઈથી અને સારી પેઠે ખેડ કરી શકે. (આની મતલબ એ નથી કે, ભીલો ટ્રૅક્ટર જેવાં ભારે યંત્રો વાપરતા થાય અને તમામ જૂનાં સાધનો છોડી દે. પણ જે સાધનો બદલવા જેવાં લાગે તે બદલવાં જોઈએ.)

(૪) ઢોરની સંખ્યા વધુ છે; તેની જાત પણ ઘણી ખરાબ છે. વળી તેને પૂરતા પ્રમાણમાં ઘાસચારો મળતો નથી. તે મુશ્કેલી દૂર કરવા બનતા પ્રયત્નો કરવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

જમીન અને તેના પ્રશ્નો

જમીન અને તેના પ્રશ્નો

સારી નરસી ખેતીનો આધાર જેમ તેની પદ્ધતિ અને સાધન ઉપર કેટલેક અંશે અવલંબિત છે તેમ જમીનની માલકી કયા પ્રકારની છે, વ્યાજ અને ગણોતનો દર શો છે, જમીનનું કદ કેટલું છે વગેરે બાબતો પર પણ ઘણો આધાર રહે છે. તેથી આપણે અહીં તે પ્રશ્નની છણાવટ કરી તેની ભીલો પર શી અસર થઈ છે તે જોઈશું.

મહેસૂલી પદ્ધતિ

લગભગ બાર તેર જાતની જુદી જુદી મહેસૂલી પદ્ધતિઓ છે, અને તે જુદી જુદી જગ્યાએ વત્તાઓછા પ્રમાણમાં જોવામાં આવે છે. પણ મોટે ભાગે રૈયતવારી પદ્ધતિ વિશેષ જોવામાં આવે છે. આ પદ્ધતિમાં ખેડૂતને સરકાર સાથે સીધો સંબંધ હોય છે અને તેમાં જમીનની છેવટની માલકી સરકારની ગણાય છે. પણ તેના ખાતેદારને વેચાણ, ભેટ, ગીરો વગેરે કરવાની છૂટ હોય છે. તેમ જ ઝાડ, તળાવ, કૂવાની માલકી પણ ખેડૂતની ગણાય છે. તેના મહેસૂલની આકારણી દર ત્રીસત્રીસ વર્ષે સર્વે કરીને નક્કી કરવામાં આવે છે.

આ પ્રદેશમાં તેમ જ ગુજરાતના બીજા ભાગોમાં જુદી જુદી પદ્ધતિઓ જોવામાં આવે છે તેનું મૂળ કારણ તો એ છે કે, આખા ગુજરાતમાં બ્રિટિશરો પહેલાં અનેક વંશો રાજ કરી ગયા અને ભૂંસાઈ પણ ગયા. પણ તેના અવશેષરૂપે આવી અનેક જાતની મહેસૂલી પદ્ધતિઓ ઠેકઠેકાણે નજરે પડે છે. પંચમહાલ જિલ્લામાં મુખ્યત્વે રૈયતવારી પદ્ધતિ છે. આ ઉપરાંત મલેકી, ઇનામદારી, તાલુકદારી, નરવાદારી અને ભાગીદારી પદ્ધતિ પણ જોવામાં આવે છે.*

---

* આ બધી પદ્ધતિઓમાં હવે કાયદાથી ફેરફાર કરવામાં આવ્યો છે અને મોટેભાગે તે નાબૂદ કરવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાહોદ અને ઝાલોદ તાલુકામાં કુલ ૨૨૧ ગામો છે. તેમાં ૩૩ ગામો ઇનામદારી અને તાલુકદારી છે. એટલે આ બન્ને તાલુકામાં રૈયતવારી, ઇનામદારી અને તાલુકદારી ગામો આવેલાં છે. તેમાં ૮૫ ટકા ગામો તો રૈયતવારી છે.

અહીં રૈયતવારી પદ્ધતિમાં જમીનના બે પ્રકાર છે: (૧) નવી શરતની (૨) જૂની શરતની જમીન. દાહોદ અને ઝાલોદ તાલુકામાં જૂની શરતની અને નવી શરતની જમીન અનુક્રમે ૫૮ અને ૩૦ ટકા છે. છપ્પનિયાના (૧૯૦૦ના) ભયંકર દુષ્કાળમાં કેટલાય ગરીબ ખેડૂતો નિરાધાર થઈ ગયા હતા. તેમની જમીન ચાલી ગઈ હતી. તેથી તેમને ફરી સ્થાયી કરવાના ઉદ્દેશથી આ પગલું લેવાયું હતું. તે અનુસાર ઘણીખરી જમીન નવી શરતની કરવામાં આવી. છતાં પણ દાહોદ તાલુકામાં શાહુકારોના ખોટા પ્રચારને લીધે ઘણીખરી જમીન જૂની શરતની રહી ગઈ, જેનો મોટો ભાગ ખેડૂતોના હાથમાંથી શાહુકારો પાસે ચાલ્યો ગયો છે.

તાલુકદારી

અહીં કેટલાંક ગામો ઠાકોરોની માલિકીનાં છે. તેમના કબજામાં ઘણા નાના ભાગો હોય છે. તે આખા ગામની બધી માલકી નાયક કે ઠાકોરની જ ગણાય છે. પછી તેમાં ખાણ હોય તોપણ તેની માલકીની ગણાય. આ તાલુકદારો સરકારને ઉચ્ચક રકમ આપે છે. ન્યાયની દૃષ્ટિએ તો તેના મુલકની 'સર્વે' કરી તેના જુમાનું પ્રમાણ ઠરાવવું જોઈએ. ખેડૂતો તાલુકદારોને જમીન મહેસૂલ આપે છે અને તે તો ઠરાવેલું જ હોય છે. આ તાલુકદાર પછી સરકારને ઉધ્ધડ મહેસૂલ આપે છે અને વચ્ચેનો મોટો હિસ્સો પોતે ઉડાવી જાય છે. તાલુકદારો કલેકટરની મંજૂરી વગર પોતાની મિલકત ફાવે તેને વેચી કે આપી શકતા નથી. વળી તેમના વારસાની વહેંચણી પણ કલેક્ટર દ્વારા કરવામાં આવે છે.

તાલુકદારો ભીલો પાસે અત્યાર સુધી વેઠ કરાવતા આવ્યા છે, પણ હવે તે બંધ થઈ છે. વેઠના રિવાજથી અહીંના તાલુકદારો ધનિક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયા નથી. કેટલાક તો માંડ માંડ પોતાનો નિર્વાહ પૂરો કરે છે. છતાં પણ તેઓ ગામના રાજાની જેમ ફરે છે અને કામ કરવામાં શરમ માને છે, અને ભીલો પણ અત્યાર સુધી તેમનાથી ડરતા આવ્યા છે. સામાન્ય રીતે તાલુકદારો દર એકરે સરેરાશ રૂા. ૨ મહેસૂલ ઉઘરાવે છે.

ઇનામદારી પદ્ધતિ

આ પ્રદેશમાં ઇનામદારી પદ્ધતિ ક્યાંક ક્યાંક જોવામાં આવે છે. દાહોદ–ઝાલોદના વણિક દેસાઈઓના તાબામાં કેટલાંક ગામડાં છે. તેઓ ભીલો પાસેથી મહેસૂલ ઉઘરાવે છે, સરકારને સલામી આપે છે, અને વચ્ચેનો મોટો હિસ્સો પોતે પડાવી લે છે. તેઓ કેટલીક જગ્યાએ જમીન અને પાકના પ્રમાણમાં મહેસૂલ ઉઘરાવે છે. જ્યારે કેટલીક જગ્યાએ અમુક નક્કી કરેલું લે છે. ભીલ કોમ અજ્ઞાનતાને કારણે દેસાઈથી દબાઈને રહેતી આવી છે. અત્યાર સુધી દેસાઈઓ નવો પાક પોતાને ઘેર ભરી જતા, અને પાકનો કેટલોક ભાગ સસ્તો અને મફતિયા પડાવી લેતા. ભીલોને તેઓ દોઢા અને અઢી ગણા વ્યાજના દરે નાણાં ધીરતા. ભોળી ભીલ પ્રજા તેનો બધો લેવડદેવડનો વ્યવહાર દેસાઈ સાથે જ રાખતી, અને દેસાઈઓ તેમનાં ભોળપણ અને અજ્ઞાનતાનો લાભ ઉઠાવવામાં જરાય પાછી પાની કરતા નહીં. લેણદેણમાં, ભીલોનું તેઓ અનેક રીતે શોષણ કરતા અને તેને લીધે ભીલો ઊંચે આવી શકતા જ ન હતા. વળી બીજી તરફ ભીલ ખેડૂતોને અનેક રીતે દબાયેલા રહેવાની ફરજ પડતી. જમીન પરથી પોતાનો ખેતી કરવાનો હક છીનવી લેવામાં આવશે એવો તેમને હંમેશાં ભય રહેતો; અને દેસાઈઓ તરફથી આવા પ્રકારની ધમકીઓ પણ વારંવાર દેવામાં આવતી. જો જમીન પર ખેતી કરવાનો હક છીનવી લેવામાં આવે તો પોતાનો જીવનનિર્વાહ મેળવવાનું રહ્યુંસહ્યું સાધન પણ ન રહે, એ દૃષ્ટિએ ભીલો દેસાઈઓની કાળી ગુલામી અને વેઠ કરીને પણ જમીનને વળગી રહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાહોદ તાલુકામાં વળી કેટલાંક ગણ્યાંગાંઠયાં ઇનામી ગામો પણ જોવામાં આવે છે. અહીં ઇનામદાર પોતે જ જમીન મહેસૂલ વગેરે ઠરાવી ઉઘરાવે છે અને ઇનામદાર સરકારને ઠરાવેલી સલામી ભરે છે. ઇનામી અને નરવાદારી ગામડાંઓમાં ધીરે ધીરે ખેતી ઓછી થતી જાય છે. દેસાઈ કે ઇનામદારને ખેતી-સુધારણાની કાંઈ પડી હોતી નથી. તેમને તો માત્ર પૈસા ઉઘરાવવા પૂરતો અને શોષણ કરવા પૂરતો જ સંબંધ હોય છે. બીજી તરફ, ખેડૂત મહેનત કરવા છતાં, સરવાળે કાંઈ ન મળવાથી ખેતી પ્રત્યે બેદરકાર બને છે, અને ખેતી બગડે છે. આ પદ્ધતિને લીધે નથી સરકારને લાભ થતો કે નથી ભીલ ખેડૂતને થતો. આ બધાં ગામડાંઓને વહેલામાં વહેલી તકે રૈયતવારી પદ્ધતિમાં લાવવાની જરૂર છે.

જમીનનું કદ

ભીલોનો મુખ્ય ધંધો ખેતી છે. જો તેમની ખેતી સુધરે તો જ તેમની સ્થિતિ પણ સુધરી શકે. વળી જમીનનાં કદ અને પ્રમાણ પણ ખેડૂતની આર્થિક સ્થિતિ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. સામાન્ય રીતે અહીં ભીલો પાસે નાના નાના ટુકડા વિશેષ છે. તપાસ કરેલાં કુટુંબોમાં સૌથી મોટામાં મોટો ટુકડો ૩૨ એકર ૧૮ ગુંઠાનો હતો અને નાનામાં નાનો ટુકડો ફક્ત ૨૨ ગુંઠાનો હતો.

અહીં પાંચ એકર સુધીની જમીનના સૌથી વધુ ટુકડા છે, અને ૨૫ એકરથી મોટા ટુકડા ઘણા ઓછા છે. વળી વધુ માણસોનો નિર્વાહ પણ નાના ટુકડા પર થતો જણાય છે. જ્યારે મોટા ટુકડા ઉપર માણસોની સંખ્યા ઓછી છે.

જેમ જમીનનો ટુકડો મોટો તેમ ખેતીની દૃષ્ટિએ લાભદાયી અને જેમ ટુકડો નાનો તેમ નુકસાન વધુ રહે. નાના ટુકડામાં ઉપજ ઓછી થાય અને ખર્ચનું પ્રમાણ વધારે થાય. વળી એક જ માલિકના આવા નાના નાના ટુકડા જુદી જુદી જગ્યાએ આવેલા હોઈ, તેને પહોંચી વળવાની પણ મુશ્કેલી પડે છે. તેને પહોંચી વળવા માટે કેટલીય શક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકામી જાય છે. વધુ નાના ટુકડા થતા અટકાવવાની જરૂર છે અને જુદા જુદા પડેલા ટુકડાઓને એકત્ર કરી મોટા પ્લૉટ બનાવવાની પણ જરૂર છે.

કદનું પ્રમાણ	ટુકડાની સંખ્યા	તે પર નભતા માણસોની સંખ્યા	ટકા
પાંચ એકરથી નીચેના	૨૫	૨૩૫	૩૪
૫ થી ૧૦	૨૦	૧૭૨	૨૭
૧૦ થી ૧૫	૮	૯૧	૧૨
૧૫ થી ૨૦	૯	૮૧	૧૩
૨૦ થી ૨૫	૭	૭૩	૧૦
૨૫ થી ઉપરના	૩	૫૩	૪

જુદાં જુદાં ગામોનાં મળીને ૭૩ કુટુંબો તપાસતાં જણાયું છે કે, પોતાના જીવનનિર્વાહ પૂરતું અન્ન તો સહેલાઈથી તેઓ પેદા કરી શકે છે. પણ તેમાંથી બચત કે આવક થતી નથી. તેઓનું અન્ય ખર્ચ ખેતીની આવકમાંથી નીકળી શકે એટલું ઉત્પાદન થતું નથી. જો તેઓ માત્ર ખોરાક ખાય, કપડાં વગેરે ન પહેરે કે ખરીદે, સામાજિક ખર્ચ એક પાઈનો પણ ન કરે કે બીજો ખર્ચ ન કરે, અને કેવળ પોતાને ત્યાં ઉત્પન્ન થતાં ધાન પર જીવવાનો નિર્ણય કરે તો તે ખુશીથી પોતાનું નગ્ન જીવન ટકાવી શકે. પણ જેમ મનુષ્યને કપડાંલત્તાં અને અન્ય અનેક ચીજોની જરૂર હોય છે તેમ ભીલોને પણ હોય છે, અને તેનું ખર્ચ પણ ખેતીની આવકમાંથી નીકળી શકે તો જ તે ખેતી તેને ફાયદાકારક થાય. આજે ભીલો પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે, પણ સુખેથી જીવી શકતા નથી. તેઓ પોતાનાં બીજાં ખર્ચ ખેતીની આવકમાંથી કાઢી શકતા નથી તેમ જ તે ખર્ચને પહોંચી વળવા તેની પાસે બીજાં આવકનાં સાધનો નથી. કેવળ પોતાના જીવનને જરૂરી એટલું અનાજ તે ખેતીમાંથી મેળવી શકે છે.

તપાસેલાં કુલ ૭૩ કુટુંબોને ત્યાં કુલ ૭૯૦ માણી અનાજ પાક્યું હતું. તેમાં ૮૫ માણી મગફળી પાકી હતી. તે બાદ જતાં ૭૦૫ માણી અનાજ રહે. જ્યારે તેમની જરૂરિયાત લગભગ ૭૪૫ માણી અનાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાય (તેમના ખોરાક અને આહારની દૃષ્ટિએ). તેઓએ ૩૫ માણી અનાજ રેશનનું તથા કાળા બજારનું ખરીદ્યું હતું. આમ આંકડાઓ ઉપરથી તો થોડું ઘટયું હોય તેમ જણાય છે. પણ તે બદલ મગફળી થઈ તેનો હિસાબ કરતાં સરવાળે એમ કહી શકાય કે, લગભગ ખાવા પૂરતું અનાજ થઈ રહે છે. જો સારું વર્ષ હોય તો વધુ પાકે અને ખરાબ વર્ષ હોય તો ન પણ પાકે. ભીલોની આ જ સ્થિતિ રહ્યા કરે છે. અન્ય ખર્ચને પહોંચી વળવા તેઓને દેવું કરવું પડે છે. પરિણામે જીવનનિર્વાહ પૂરતું ધાન પણ તેમની પાસે રહેવા પામતું નથી. તેમને કાયમ દેવાદારની સ્થિતિમાં જ ખેતી કરવી પડે છે. કેટલેક અંશે તે ખેતી પ્રત્યે બેદરકાર અને આળસુ છે. જો તે કાળજીપૂર્વક ખેતી કરે, અને અજ્ઞાનતાના પાશમાંથી છૂટી શકે તો તે એક સારો ખેડૂત બની શકે. તેમની જમીન એકંદરે મધ્યમ પ્રકારની અને આજના કરતાં વધુ ઉત્પન્ન આપી શકે તેવી છે.

જીવનનિર્વાહ માટે કેટલી જમીન જોઈએ ?

એક તરફ જમીનમાંથી થતું કુલ ઉત્પન્ન અને તેમાંથી થતી આવક અને બીજી તરફ તેટલી જમીન પર નિભાવ કરતા ખેડૂતના અને તેના કુટુંબના જીવનનિર્વાહ માટેનો ખર્ચ, આ બન્નેનો બરાબર મેળ બેસે ત્યારે એમ કહી શકાય કે, તે ખેડૂત પાસે પોતાનો જીવનનિર્વાહ કરવા માટે પૂરતી જમીન છે. આ દૃષ્ટિએ જોતાં ભીલો પાસે પૂરતી જમીન નથી, એ નીચેના આંકડાઓ ઉપરથી સ્પષ્ટ દેખાશે.

એક એકર જમીનમાં થતું કુલ ઉત્પન્ન અને તેમાંથી થતી આવકના આંકડા નીચે મુજબ છે:

ગામનું નામ	ખેતીનું કુલ ઉત્પન્ન દર એકરે	ખેતીનું ખર્ચ દર એકરે	ખેતીમાંથી થતી ચોખ્ખી આવક
	રૂ. આ. પા.	રૂ. આ. પા.	રૂ. આ. પા.
છાસિયા	૬૪–૦–૦	૪–૦–૦	૬૦–૦–૦
મેલાણિયા	૨૧૧–૦–૦	૨૯–૦–૦	૧૮૨–૦–૦
બિલવાણી	૫૨–૦–૦	૫–૦–૦	૪૭–૦–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાખેડી	૮૮–૦–૦	૧૮–૦–૦	૭૦–૦–૦
ખરેડી	૧૧૮–૦–૦	૮–૦–૦	૧૧૦–૦–૦
ચંદલા	૧૦૭–૦–૦	૧૫–૦–૦	૯૨–૦–૦
ગુલબાર	૧૧૪–૦–૦	૨૨–૦–૦	૯૨–૦–૦
સરેરાશ	૧૦૮–૦–૦	૧૪–૦–૦	૯૪–૦–૦

ખેતીના દર એકરે વધુમાં વધુ આવક રૂા. ૧૮૨) છે અને ઓછામાં ઓછી આવક રૂા. ૪૭) છે. સરેરાશ આવક રૂા. ૯૪) છે. વધુમાં વધુ ઉત્પન્ન રૂા. ૨૧૧) છે જ્યારે તેના પર ખર્ચ રૂા. ૨૯) થાય છે. ઓછામાં ઓછું ઉત્પન્ન રૂા. ૫૨) નું છે અને તેના પર રૂા. ૪) ખર્ચ થાય છે. એટલે ખેતી અંગે સરેરાશ રૂા. ૧૦૮) નું ઉત્પન્ન અને રૂા. ૧૪)નું દર એકરે ખર્ચ થાય છે.

આપણે આગળ જોઈ ગયા કે માથા દીઠ એક એકર જમીન છે, અને એકર દીઠ વાર્ષિક સરેરાશ આવક રૂા. ૯૪) છે. નીચેના આંકડા મુજબ પણ વાર્ષિક રૂા. ૯૪) જ આવે અને માથા દીઠ વાર્ષિક રૂા. ૧૩૮) જીવનનિર્વાહનું ખર્ચ થાય છે. એટલે એ ખર્ચને પહોંચી વળવા માટે લગભગ રૂા. ૪૪) નું ઉત્પાદન માથાદીઠ વધારવું જોઈએ. અથવા એટલું ઉત્પાદન વધારવા માથા દીઠ ½ એકર જમીન વધારવાની જરૂર છે. બીજા શબ્દોમાં કહીએ તો જેટલી જમીન હયાત છે તેથી દોઢી જમીન હોવી જોઈએ.

કુટુંબ દીઠ સરેરાશ માણસની સંખ્યા :—

ગામનું નામ	સંખ્યા	ગામનું નામ	સંખ્યા
છાસિયા	૯	ખરેડી	૧૧
મેલાણિયા	૧૨	ચંદલા	૯
બિલવાણી	૯	ગુલબાર	૧૧
મીરાખેડી	૮	સરેરાશ	૯

કુટુંબ દીઠ અહીં સરેરાશ નવ માણસો છે. ઉપરના હિસાબે તેમને પોતાનો જીવનનિર્વાહ ચલાવવા માટે દર વર્ષે રૂા. ૩૯૬) નું ઉત્પાદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારવું જોઈએ, અથવા એટલી જમીનમાં ઉત્પાદન વધી ન શકે તો સરેરાશ ૪$\frac{3}{4}$ એકર જમીન વધારવી જોઈએ. એટલે આજના ભીલ ખેડૂતનું જીવનધોરણ આજના જેટલું નીચું રહે તોપણ કુટુંબ દીઠ ઓછામાં ઓછી ૧૩$\frac{3}{4}$ એકર જમીન જોઈએ. તેને અભાવે, કુટુંબ દીઠ સરેરાશ રૂા. ૪૦૫) ની આવક બીજા ધંધામાંથી મળી રહે એવી જોગવાઈ થવી જોઈએ. જો તેમનું જીવનધોરણ આગળ વધેલી બીજી પ્રજા જેટલું કરવું હોય તો તેમની પાસે ઓછામાં ઓછી ૩૦ થી ૩૫ એકર જમીન હોવી જોઈએ. તેની પણ સંભાળથી અને કાળજીથી ખેતી કરે તો જ જીવનનિર્વાહ ખુશીથી ચલાવી શકે. સામાન્ય રીતે બીજી પ્રજાને ૨૦ થી ૨૫ એકર જમીન પોતાના નિર્વાહ માટે પૂરતી છે, પણ તે આંકણીમાં તેમના કુટુંબની સંખ્યા પાંચ કુટુંબના માણસની ગણવામાં આવે છે, જ્યારે અહીં તો ભીલોનાં સંયુક્ત કુટુંબ છે અને તેની સરેરાશ સંખ્યા ૯ માણસની છે. એટલે ૩૫ થી ૪૦ એકરની ગણતરી કરવામાં આવી છે. આજે તો ૬૧ ટકા ભીલો પાસે ૧૦ એકરથી ઓછી જમીન છે. ૨૫ ટકા પાસે ૧૦ થી ૧૫ એકર જમીનના ટુકડા છે. અને માત્ર ૧૪ ટકા ભીલો પાસે ૨૦ થી ૩૫ એકર સુધીની જમીન છે.

માથાદીઠ વાર્ષિક આવક ખર્ચના આંકડા

ગામનું નામ	આવક	ખર્ચ	બચત	ખાધ
	રૂા. આ. પા.	રૂા. આ. પા.	રૂા. આ. પા.	રૂા. આ. પા.
છાસિયા	૫૬	૧૨૬	—	૭૦
મેલાણિયા	૧૦૭	૧૪૪	—	૩૭
બિલવાણી	૭૭	૧૧૫	—	૩૮
મીરાખેડી	૮૦	૧૫૨	—	૭૨
ખરેડી	૧૪૨	૧૬૫	—	૨૩
ચંદલા	૧૦૮	૧૫૬	—	૪૮
ગુલબાર	૮૧	૧૧૦	—	૨૯
સરેરાશ	૯૪	૧૩૮	—	૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(આગળ જોયેલા એકર દીઠ આવકના આંકડાઓમાં એકર દીઠ સરેરાશ આવક રૂ. ૯૪) આવે છે અને માથા દીઠ આવક પણ રૂ. ૯૩) થાય છે. જ્યારે ઉપરના વાર્ષિક આવક ખર્ચના આંકડા જોતાં પણ માથા દીઠ રૂ. ૯૪) સરેરાશ આવક આવે છે. આમ માથા દીઠ આવકના આંકડા બન્ને રીતે સરખા આવે છે.)

આ તો કેવળ તપાસેલાં કુટુંબો પૂરતી જ વાત થઈ. પણ સમગ્ર રીતે જોતાં પરિસ્થિતિ આથી વધુ ખરાબ છે. જમીનના કદની બાબતમાં આપણે અહીં ફરી વિચારી લઈએ. બન્ને તાલુકાની મળીને કુલ ભીલ વસ્તી ૧,૪૨,૦૦૦ છે અને તેમની પાસે કુલ ૯૮,૮૯૮ એકર જમીન છે. એટલે માથાદીઠ ભીલો પાસે .૬ એકર જમીન છે. જ્યારે તેમનાં જીવન-ધોરણની દૃષ્ટિએ તેમની પાસે માથા દીઠ ઓછામાં ઓછી ૧⅔ એકર જમીન જોઈએ. અર્થાત્ તેમની પાસે સરેરાશ કુટુંબ દીઠ લગભગ ૬ એકર જમીન છે જ્યારે કુટુંબ દીઠ તેમની પાસે ઓછામાં ઓછી ૧૩⅔ એકર જમીન હોવી જોઈએ; અને બીજી પ્રજાનું જીવનધોરણ લક્ષમાં રાખીને ગણતરી કરીએ તો લગભગ તેમની પાસે પાંચથી ૭ ગણી વધુ જમીન હોવી જોઈએ. (જો પાણીની પૂરેપૂરી જોગવાઈ કરવામાં આવે તો આટલી વધુ જમીન ન જોઈએ.)

જમીનના ટુકડા

એક તરફ મોટા ભાગના ભીલ ખેડૂતો પાસે જીવનનિર્વાહ થઈ શકે એટલી જમીન નથી. બીજી તરફ જે જમીન છે તેના પણ નાના નાના ટુકડા પડતા જાય છે. તેના પ્રમાણના આંકડા મળી શક્યા નથી.

જમીનના ટુકડા પડવાનું મૂળ કારણ તો ખેતી ઉપર વસ્તીનો વધારો છે. તેની અસર ખેતી ઉપર માઠી થઈ છે. બીજા ધંધાઓ કરતાં ખેતી ઉપર વિશેષ ધસારો થયો છે. એક ભીલ ખેડૂતને ચાર દીકરા હોય તો તેના પછી તેની જમીનના ચાર ટુકડા પડે. આ રીતે, વખત જતાં એક જમીનનો ટુકડો અનેક નાના નાના ટુકડામાં વહેંચાઈ જાય. નાના ટુકડાને પરિણામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડૂત પોતાના ગુજરાન પૂરતું પણ મેળવી શકતો નથી. ખેતી તેને બોજા-રૂપ જ થાય છે, અને આર્થિક વિટંબણાઓ તેને ઘેરી વળે છે. તેમાંથી છૂટવા તે શાહુકારનો આશ્રય લે છે અને જિંદગીભરની ગુલામીમાં સપડાય છે.

જો ભીલોની આર્થિક સ્થિતિ સુધારવી હોય, તેમને ઊંચા લાવવા હોય તો કોઈ પણ રીતે જમીનના નાના ટુકડા થતા અટકાવવા જોઈએ. આ માટે સરકારે વિભાગનિષેધ ધારો અને એકીકરણ ધારો (Law of Fragmentation and Consolidation) પસાર કર્યો છે.

પ્રથમ તો સરકારે એમ ઠરાવ્યું હતું કે, જરાયતની જમીનનો એક એકરથી વધુ નાનો ટુકડો પાડી ન શકાય, અને પીતની તથા ક્યારીની જમીનનો અડધા એકરથી નાનો ટુકડો ન કરી શકાય.

૧૯૨૭માં આ અંગેનો ખરડો ધારાસભામાં દાખલ કરવામાં આવ્યો હતો, પણ રહી રહીને તે પસાર થયો છે. તેનો અમલ પણ શરૂ થઈ ગયો છે. વિભાગનિષેધના કાયદા અનુસાર સરકાર દરેક વિભાગની તપાસ કરાવી તે ભાગમાં ઓછામાં ઓછી કેટલી જમીનમાં ખેતી કરવી પોષાય છે તે નક્કી કરશે. ત્યાર પછી ઠરાવેલા ટુકડા કરતાં નાનો ટુકડો પાડવાની મનાઈ કરવામાં આવશે, અને એથી નાના ટુકડાઓ હોય તો તેની નોંધ લેવાશે. વળી, જ્યારે તેની વહેંચણી કે ભાગ પાડવામાં આવે ત્યારે કલેક્ટર તપાસ કરાવીને તે જમીનને તો આખી જ રાખશે અને એક જણને જ તે આપશે. બાકીના વારસોને ભાગમાં રોકડ આપવાનો પ્રબંધ કરશે. આ રીતે જમીનના નાના ટુકડા થતા અટકાવવાની જોગવાઈ કરી છે. બીજી તરફ એકીકરણનો કાયદો પસાર કરી તે અનુસાર તે વિભાગમાં છૂટાછવાયાં ખેતરોનું એકીકરણ કરવાની યોજના ઘડી છે. તે માટે એક ખાસ અમલદાર પણ નીમવામાં આવ્યો છે. આ કાયદા અનુસાર, એકબીજાના હલકા ભારે પ્રકારની તથા ઓછીવત્તી કિંમતની જમીન ભાગે આવવાથી એકબીજાને અન્યાય થવા ઘણો સંભવ રહે છે. તે દૂર કરવા એકબીજા ખેડૂતને નુકસાની બદલ રોકડ નાણાંના રૂપમાં બદલો આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તેમાં બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ અનેક હિતકારી કલમો છે. આ વિભાગમાં આ કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. ઝાલોદ તાલુકામાં તો તે પૂરું પણ થવા આવ્યું છે. નજીકના ભવિષ્યમાં દાહોદ તાલુકામાં પણ પૂરું થઈ જશે.

આ કાયદાને લીધે ખેડૂતોમાં ભારે અસંતોષ ફેલાયેલો જણાય છે. ખરું જોતાં આ કાયદો તેમના હિતાર્થે જ ઘડવામાં આવ્યો છે, પણ અજ્ઞાનતાના કારણે અને લાંબી દૃષ્ટિના અભાવે તેઓ પોતાનું હિત જોઈ શકતા નથી.

અન્ય ઉપાયો

આ ઉપરાંત ખેતીસુધારણા અને અને પાકનું ઉત્પન્ન વધારવા માટે અન્ય ઉપાયો પણ કરવા જેવા છે. તે છે (co-operative and collective farming) સહકારી અને સામૂહિક ખેતી. જમીનની માલકીના પ્રશ્નને છેડ્યા વગર, આ માર્ગે પણ ખેતીનું ઉત્પન્ન વધારી શકાય છે. તેમાં એકીકરણ ધારાના મૂળ ઉદ્દેશો આપોઆપ સધાય છે અને નાના ટુકડાથી થતાં દૂષણો અને હાનિ આપમેળે દૂર થાય છે. આ પ્રયોગ અહીં થયેલો જોવામાં આવતો નથી. પણ વહેલો મોડો તે કરવો પડશે.

આ વિભાગમાં ઘણા ઇનામદારો અને દેસાઈઓ જોવામાં આવે છે. દાહોદ તાલુકામાં ઘણા વણિકોને પોતાની માલકીનાં ગામો હતાં. જમીનની બધી માલકી વાણિયાની ગણાતી અને ભીલ ખેડૂતો તેના ગણોતિયા ગણાતા. તેઓ દેસાઈને ગણોત આપતા. આમ ખેડૂત અને સરકાર વચ્ચે એક મોટો વર્ગ હતો. તે ભીલોને સદા ચૂસતો અને પજવતો. પોતાનું જરા પણ હિત ઘવાતાં, ભીલોને તે જમીન છોડવાની ધમકી આપતો. ભીલ પોતાનું જીવન ટકાવવા ગણોતિયા તરીકે તે જમીનને વળગી રહેતો અને દેસાઈના કહ્યા મુજબ વર્તતો. આમ ભીલ ખેડૂત એક પ્રકારની ગુલામીમાં જ સપડાયેલો રહેતો. ભીલ પાસે કેવળ પોતાનું જીવન ટકાવવા પૂરતું જ ઉત્પન્ન રહેતું. બાકીનું બધું દેસાઈ ચૂસી લેતો. હવે ગણોતધારાને લીધે દેસાઈઓનાં હિત ઘવાવા લાગ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેસાઈઓ ગણોત અનાજના રૂપમાં ઉઘરાવે છે. આથી ગણોતિયાને ભારે નુકસાન જાય છે. એક તો પાક ઊતરે ત્યારે તેનો ભાવ ઊતરી જાય છે. એટલે દેસાઈ પોતાના લેણા પેટે અને ગણોત પેટે સસ્તા ભાવમાં આંકણી કરી અનાજ તાણી જાય છે. વળી ભીલ અજ્ઞાન હોવાથી દેસાઈને ગણોત અને દેવા પેટે કેટલું અનાજ આપવું જોઈએ તે સમજી શકતો નથી. બધું દેસાઈના વિશ્વાસ ઉપર છોડી દે છે. દેસાઈ આ તકનો લાભ લેવાનું ચૂકતો નથી. તે પ્રમાણ કરતાં વધુ અનાજ લઈ જાય છે; અને તે પણ સસ્તા ભાવે આંકણી કરીને. આમ ગણોત પદ્ધતિને લીધે ભીલ ખેડૂતોનું અનેક રીતે શોષણ થાય છે.

કૉંગ્રેસી સરકાર

૧૯૩૭માં કૉંગ્રેસ પ્રધાન મંડળે આવીને જમીનદારોના હક નાબૂદ કરવા, ગણોતિયાને વધુ હક અને રક્ષણ આપવાના ઉદ્દેશથી, ગણોતધારો પસાર કર્યો. પરંતુ એ સરકાર થોડો વખત જ ટકી અને પછી બ્રિટિશ સરકાર આવી. તેણે આ કાયદાનો અમલ જ્યાં જમીનદારો ન હતા ત્યાં કર્યો, કે જેથી જમીનદારોના હકને હાનિ ન પહોંચે. પણ ૧૯૪૬માં ફરી કૉંગ્રેસ સત્તા પર આવી ત્યારે તેણે ગણોતધારાનો અમલ બધે શરૂ કર્યો. ગણોતધારા અનુસાર હવે જમીનદાર ગણોતિયાને મરજીમાં આવે ત્યારે કાઢી શકતો નથી. વળી આ કાયદો અમલમાં આવ્યો તે અગાઉ ૬ વર્ષથી જે ગણોતિયો હોય તે સંરક્ષિત ગણોતિયો ગણાય છે. જમીન માલિક ગણોતિયા પાસેથી મરજીમાં આવે એટલી સાંથ ન લઈ શકે. આથી ગણોતિયો સ્થિર થયો. તેના ઉપર સાંથનું ભારણ હતું તેના પર મર્યાદા આવી.

૧૯૪૬ના એપ્રિલની ૧લી તારીખથી આ કાયદો અમલમાં આવ્યો. જમીનદારોએ તેને નિષ્ફળ બનાવવા તરકીબો રચી. તેમણે ૬ વર્ષની અંદરની મુદ્દતવાળા ખેડૂતોને બદલી નાખ્યા. તેથી જમીન જમીનદારની રહી અને કાયદાનો મૂળ હેતુ માર્યો ગયો. જમીનદારોએ સરકારી દફતરોમાં પણ ફેરફાર કરાવી દીધા હતા. આમ થવાનું કારણ એ હતું કે, આ કાયદાની જાણ ૧૯૩૭માં થઈ ચૂકી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધારા

પણ સરકારે કાયદામાં સુધારો કર્યો. સુધારા આમ છે: (૧) આ કાયદો અમલમાં આવે ત્યાર પછી એક વર્ષમાં જમીનદાર મામલતદારને અરજી કરી, આ ગણોતિયો મારો સંરક્ષિત ગણોતિયો નથી એવું સાબિત ન કરે તો, તે ગણોતિયો સંરક્ષિત ગણોતિયો ગણાય. વળી મામલતદારની પરવાનગી વગર, કોઈ પણ વ્યક્તિ જમીનનો કબજો બીજી વ્યક્તિ પાસેથી ન લઈ શકે. કાયદામાં ગણોતિયાને પહેલેથી જ સંરક્ષિત ગણોતિયો ઠરાવવામાં આવ્યો છે. તેણે પોતે તો કાંઈ સાબિત કરવાનું નથી. તે સંરક્ષિત ગણોતિયો નથી તે જમીનદારે સાબિત કરવાનું હોય છે. જો જમીનદાર તેમ ન કરે તો ગણોતિયો સંરક્ષિત ગણોતિયો ગણાય અને તે વંશપરંપરાગત ખેતી કરી શકે. જ્યારે સામાન્ય ગણોતિયો એક વાર કબજો લે તો પછી દસ વર્ષ સુધી તે જમીન પર ખેતી કરી શકે છે. દસ વર્ષની અંદર જમીનદાર તેને બદલી શકતો નથી.

જમીનદારને પોતાની જમીન ખેડવી હોય તો તે સંરક્ષિત ગણોતિયા પાસેની જમીન ખેડવા માટે અરજી કરી શકે છે. મામલતદારને લાગે કે જમીનદારને પોતાને જમીન ખેડવા જોઈએ છે, તો તેને મામલતદાર જમીન અપાવે છે. પણ સામાન્ય ગણોતિયા પાસેથી તે કદી પણ દસ વર્ષ પહેલાં છોડાવી શકતો નથી. જમીનદારોએ મોટે ભાગે સંરક્ષિત ગણોતિયાઓને સાથ આપ્યો. તેથી સામાન્ય ગણોતિયા ઘણા ઓછા થયા.

૧૯૪૮માં આ કાયદો ફરી વિસ્તૃત કર્યો. તે અનુસાર જમીનદારોને શુદ્ધ દૃષ્ટિથી ખેતી કરવી હોય તોપણ તેઓ ૫૦ એકર જમીનથી વધારે ન લઈ શકે. ૧૯૪૬ પછી જમીનદારો ગણોતિયાઓને, ખાનગી રીતે, જમીન છીનવી લેવાની ધમકી આપતા હતા તે આ સુધારાને લીધે બંધ થયું. વળી જમીન મેળવનાર જમીનદારે લાગલાગટ ૧૨ વર્ષ જમીન ખેડવી જોઈએ, અને જો તેમાં ઢીલ કરે તો, ગણોતિયો અરજી કરી જમીન પાછી મેળવી શકે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે બીજો પ્રશ્ન ગણોતનો છે. સામાન્ય રીતે ⅙ ગણોત આપવું એમ હવે ઠરાવ્યું છે, અને ક્રમે ક્રમે ગણોતિયાને ગણોતમાંથી છોડાવવાના માર્ગો લેવાઈ રહ્યા છે. આજે તો જમીનદાર ૫૦ એકર જમીન પણ મેળવી શકે છે. પણ ભવિષ્યમાં ખેડૂત સિવાય બીજા કોઈને પણ જમીન ન મળી શકે એવી નીતિ અખત્યાર કરવામાં આવશે. આમ અનેક રીતે ગણોતિયાને ગુલામી, તાબેદારી અને શોષણમાંથી છોડાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

આ ઉપરાંત, ગણોતિયાઓ ઉપર પણ અમુક જવાબદારીઓ કાયદા દ્વારા નાખવામાં આવી છે, જે તેમના હિતાર્થે છે. આ કાયદાનો મૂળ હેતુ જમીનદારોને નાબૂદ કરવાનો નથી, પણ ખેતરનો માલિક જ ખેડૂત બને, ખેડે એની જ જમીન થાય એ છે.

આ કાયદાથી એકંદરે ભીલોને ઘણો ફાયદો થયો છે. આજે એમાંના મોટા ભાગના ખેડૂતો સંરક્ષિત ગણોતિયા થયા છે. તેમને શાહુકારો અને દેસાઈઓનો ભય ઓછો થયો છે. તેથી તેઓ નિર્ભય અને સ્થાયી થયા છે. છતાં કેટલીક જગાએ ભીલોની અજ્ઞાનતાનો લાભ લઈ, અહીંના કેટલાક વણિકો અને શાહુકારોએ જાત ખેડના બહાને, જમીન પોતાના હસ્તક કરી લીધાના બનાવ બનવા પામ્યા છે. આ જમીન તેઓ પોતે ખેડતા નથી પણ તેના ઉપર દેખરેખ રાખી ભીલો પાસે ખેડાવે છે.

એક એકરે જમીન મહેસૂલ

ગામનું નામ	જમીન મહેસૂલ રૂ. આ. પા.
છાસિયા	૦-૧૨-૦
મેલાણિયા	૧-૩-૦
ખિલવાણી	૨-૦-૦
મીરાખેડી	૦-૧૧-૦
ખરેડી	૧-૪-૦
ચંદલા	૧-૧૦-૦
ગુલબાર	૦-૧૨-૯
સરેરાશ (તપાસને આધારે)	૧-૩-૨
સરકારી દફ્તરમાં સરેરાશ	૧-૩-૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીન સુધારણા

એકર દીઠ વધારેમાં વધારે રૂા. ૨) જમીન મહેસૂલ છે, ઓછામાં ઓછું ૧૨ આના છે અને સરેરાશ ૧ રૂા. ૩ આ. ૨ પાઈ છે. સરકારી દફતરમાં ૧ રૂા. ૩ આ. ૭ પાઈ છે.

સામાન્ય રીતે આ પ્રદેશમાં ત્રણ પ્રકારની જમીન જોવામાં આવે છે: મધ્યમ પ્રકારની (Medium) (૨) કાળી (Black) અને (૩) સખત અથવા ખડકાળ (Hard). આ પ્રદેશમાં બધી જમીન તદ્દન સપાટ જોવામાં આવતી નથી. સાધારણ રીતે ઊંચીનીચી અને ડુંગરાળ પણ છે. તેથી ચોમાસામાં જમીનનું ધોવાણ મોટા પાયા પર થતું આવ્યું છે.

આ પ્રદેશની જમીન ડુંગરાળ અને તેથી ઘણી જ ઢોળાવવાળી હોવાથી, દર વર્ષે તુલ માટે ઘણું જ ફળદ્રુપ ઉપલું પડ, જેમાં છોડવા માટે ઉપયોગી પોષક તત્ત્વો સમાયેલાં છે, તે ઝીણાં રજકણોને લીધે જલદીથી ધોવાઈ જાય છે અને નીચેનો ખડક બહાર આવતો જાય છે. પરિણામે આવી જમીન ખેતી માટે નકામી થઈ જાય છે. વરસાદ પડે તેનું પાણી ઢોળાવને લીધે જમીનમાં ઊતરતું નથી અને ખેતરની બહાર વહી જાય છે. તેથી જમીનમાં ભેજ રહેતો નથી. વધુ પાણી જમીનમાં ઉતારવા માટે પાણીનું રોકાણ કરવું જરૂરી છે. વળી જમીનનું ધોવાણ થવાથી કસ ઘટી જાય છે અને છેવટે ઉત્પન્ન પણ ઓછું આવે છે. આ ધોવાણ અટકાવવા માટે, છેલ્લાં કેટલાંક વર્ષથી પ્રયત્ન થઈ રહ્યા છે. તે માટે સરકાર તરફથી લેન્ડ ઇમ્પ્રુવમેન્ટ બોર્ડની સ્થાપના (૧૯૪૮માં) કરવામાં આવી છે. પણ આ ખાતા તરફથી ૧૯૫૦ સુધી ધોવાણ અંગે કાંઈ કરવામાં આવ્યું નથી. પણ છેલ્લા વર્ષ દરમ્યાન, આ કાર્ય મોટા પાયા ઉપર ઉપાડવામાં આવ્યું છે. અને અત્યાર સુધીમાં* રૂા. ૨,૨૫૦ ના પાળા

---

* ૧૯૫૩ના સરકારી રિપોર્ટમાંથી મળેલા આંકડા નીચે પ્રમાણે છે:

પી. ડબલ્યુ. ડી. મારફત કુલ ૧૨ જગ્યાએ કામ ખોલવામાં આવ્યાં હતાં. તેનું કુલ ખર્ચ રૂા. ૧૧,૭૩૮૦ થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંધવામાં આવ્યા છે. એટલે કે લગભગ[1] ૧,૩૨૦ એકર જમીનમાં પાળા બાંધવામાં આવ્યા છે. આ ઉપરાંત સર્વોદય યોજના તરફથી લગભગ ૩૩૨ પાળા બાંધવામાં આવ્યા છે. આ રીતે, જે ખેડૂતોએ પાળા બાંધ્યા છે તેમને રૂા. ૧,૦૦૦ ની મફત મદદ આપવામાં આવી છે.[2]

આ વર્ષે, (૧૯૫૧–૫૨) દુષ્કાળ હોવાથી, ઉનાળા દરમ્યાન દુષ્કાળ રાહત કાર્યો મોટા પાયા ઉપર ખોલવામાં આવ્યાં છે. તેમાં મુખ્યત્વે પાળા બાંધવાનું કાર્ય ચાલે છે. પણ તેથી પ્રજામાં થોડો ઘણો અસંતોષ ફેલાયેલો છે. તેનું મુખ્ય કારણ અજ્ઞાનતા અને લાંબી સમજનો અભાવ છે. ભીલોનું માનવું છે કે, પાળા બાંધવાથી દરેક ખેતરમાં પાણી ભરાઈ રહેવાથી મકાઈનું બી સડી જશે અને તેનો પાક નહીં થઈ શકે. એકંદરે જોતાં આ હકીકત સાચી છે. પણ એ અનિવાર્ય ઊણપ છે. પાળાને લીધે પાણી ઘેરાઈ રહેવાથી મકાઈને હાનિ પહોંચે તેમાં શંકા નથી, પરંતુ આ પ્રશ્ન થોડાં વર્ષો પૂરતો જ છે. કારણ કે પાળા બાંધેલાં ખેતરોમાં પાણી દર વર્ષે ભરાયા કરવાથી, આખા ખેતરની સપાટી અમુક વર્ષને અંતે સપાટ અને ઊંચી થઈ જશે. ત્યારે ધોવાણ થવાનો સંભવ ઓછો રહેશે. તે પછી મકાઈ વરસોનાં વરસો સુધી વાવવાની વધુ સુગમ પડશે. પરંતુ વચગાળાના સમયમાં ડાંગર સારી રીતે પકવી શકાય. એટલે થોડાં વર્ષ સુધી મકાઈને બદલે ડાંગર કરવી જોઈએ.

વળી અહીંના કૂવાઓમાં પાણી ઊંડાં અને ઓછાં હોય છે. જો પાળા બાંધવામાં આવે તો પાણી વહી ન જતાં જમીનમાં પચે અને તેને પરિણામે કૂવાનાં પાણી વધે. આમ પાળા બાંધવામાં બેવડો લાભ રહેલો છે.

---

૧. ૧૩,૦૦૦ એકર જમીનનું બંડિંગ થયું. તેનો કુલ ખર્ચ રૂા. ૩,૩૮,૦૦૦ થયો હતો. એટલે એક એકરે રૂા. ૨૬) થયો.

૨. આ બંને તાલુકાનું પાળા બાંધવાનું કામ દિનપ્રતિદિન વધવા માંડયું છે અને ઓછામાં ઓછી ૭૫ ટકા ખેડાણ જમીનને નજીકના ભવિષ્યમાં બંડિંગ કરી દેવામાં આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮

ભીલ મજૂરો

આગલા પ્રકરણમાં આપણે ભીલ ગણોતિયાની સ્થિતિનો થોડો વિચાર કર્યો. હવે આપણે ભૂમિ વિનાના ભીલ મજૂરો અંગે વિચારીશું.

બિલકુલ જમીન વિનાના ભીલોની સંખ્યા મળી શકી નથી, પણ સામાન્ય રીતે એવા ભીલોની સંખ્યા ઓછી છે. ગામડાંમાં વસતા દરેક ભીલ પાસે એકાદ ટુકડોય જમીન હોય છે. તેમાંથી જે કાંઈ મળે તેના ઉપર તે પોતાનો નિભાવ કરે છે. બાકીના નવરાશના વખતમાં દહાડિયા મજૂરી કરવા માટે આજુબાજુના ભાગોમાં જાય છે. એટલું તો ચોક્કસ છે કે, ભીલ વર્ગ ઘણો બેકાર છે. તેનો ખ્યાલ નીચેના આંકડાઓ ઉપરથી સહેજે આવી શકશે. બન્ને તાલુકામાં મળીને ભીલોની કુલ વસ્તી લગભગ ૧,૪૨,૦૦૦*ની છે. જ્યારે તેમની પાસે કુલ જમીન ૯૮,૮૯૮ એકર છે. એટલે માથા દીઠ ૦·૬ એકર જમીન છે. આ હકીકત આપણે આગળ ઉપર જોઈ ગયા છીએ. આજના જમાનામાં જીવનધોરણની દૃષ્ટિએ અને પૂરતા કામની દૃષ્ટિએ એક વ્યક્તિ પાસે ઓછામાં ઓછી ૩$\frac{1}{2}$ એકર જમીન જોઈએ જ. એ દૃષ્ટિએ વિચારતાં ભીલો પાસે જોઈએ તે કરતાં પાંચમા ભાગની જમીન છે. તેમની પાસે જેટલી જમીન છે તે ઉપર કેવળ ૨૮,૪૦૦ માણસોને પૂરતું કામ મળી શકે એમ છે. એટલે બાકીના ૧,૧૩,૬૦૦ ભીલો બેકાર જ ગણાય. અર્થાત્ ૨૦ ટકા ભીલો માટે પૂરતું કામ છે, જ્યારે ૮૦ ટકા ભીલો બેકાર ગણાય.

પરંતુ આજે ૮૦ ટકા ભીલો સાવ બેકાર છે એમ ન કહી શકાય. તેઓનો આધાર તો ખેતી જ છે. પણ જો તેમને બીજી જગ્યાએ રોકવામાં આવે તોપણ આજે જેટલી ખેતી થઈ શકે છે તેટલી ખેતી ૨૦ ટકા ભીલો કરી શકે તેમ છે.

---

* આ આંકડા ૧૯૪૧ પ્રમાણેના છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગભગ ૧૫ ટકા ભીલો તદ્દન જમીન વગરના છે એવો અંદાજી આંકડો મળ્યો છે. વધુ તપાસ કરતાં તે લગભગ સાચો હોવાનો સંભવ લાગે છે. એટલે ઉપર બતાવેલા ૮૦ ટકામાંથી આ ૧૫ ટકા બાદ કરતાં, લગભગ ૬૫ ટકા ભીલો ખેતી કરવા છતાં બેકાર છે એમ કહી શકાય. ખેતી ઉપરના ભીલોના આ વધારાના બોજાને લીધે, વર્ષમાં ઘણો સમય તેઓ બેકાર પડી રહે છે; અને ઉનાળામાં તો તે સાવ બેકાર બની રહે છે. તે સમયે કેટલાક ભીલો આજુબાજુનાં શહેરોમાં મજૂરી માટે જાય છે.

તેમને શહેરમાં કે તેની આજુબાજુના પ્રદેશમાં રસ્તા બાંધવાની, રેલવે સડકો ઠીક કરવાની, કડિયા કામ કરવાની તેમ જ ખેડા જિલ્લા બાજુ કપાસ વીણવાની વગેરે મજૂરી મળે છે. આ ઉપરાંત જંગલકામો જેવાં કે, લાકડાંના કૂપો અને ટીંબરું તેમ જ ઘાસનાં જંગલોમાં મજૂરી મળી રહે છે. તેમાં તેઓ મોટે ભાગે દહાડિયા મજૂર તરીકે કામ કરે છે. શહેરમાં તેમને સરેરાશ ૧૨ આના મજૂરી મળી રહે છે અને વધુમાં વધુ રૂ. ૧। સુધી મળે છે. પણ, ગામડાંમાં તેમને ઘણી ઓછી મજૂરી મળે છે અને તે ૬ આનાથી ૧૨ આના સુધી હોય છે. એટલે સરેરાશ ૮ આના મજૂરી મળે છે એમ કહી શકાય. ભીલ સ્ત્રીઓ પણ મજૂરી કરવા જાય છે. પણ તેમને પુરુષો કરતાં બે ચાર આના ઓછા મળે છે.

આજથી દસ વર્ષ પહેલાં, મજૂરીનો દર લગભગ ૧½ આનાથી ૪ આના હતો, અને જેમ બને તેમ તેમની પાસે મફત મજૂરી કરાવવાની વૃત્તિ રહેતી. આજે કોઈ તેમની પાસેથી મફત કામ લઈ શકતું નથી, પણ તેમના પ્રત્યે તુચ્છકારભર્યું વર્તન રાખવામાં આવે છે ખરું. લોકો વેપારમાં એક બીજા સાથે જેટલી સભ્યતાથી વર્તે છે તેવી સભ્યતા આ મજૂરો સાથે રાખવામાં આવતી નથી. તેમની પાસેથી દમદાટી દઈને કામ લેવામાં આવે છે. મનુષ્યને છાજે તેવો વર્તાવ અને તેવી સભ્યતા તેમની સાથે રાખવામાં આવતાં નથી.

આ ઉપરાંત, કેટલાક ભીલો દાહોદના રેલવે કારખાનામાં જોડાવા લાગ્યા છે. કેટલાક પોલીસ ખાતામાં જોડાયા છે. વળી કેટલીક સ્ત્રીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેરમાં વાસણ માંજવાનો અને પાણી ભરવાનો ધંધો કરે છે. પણ તેની સંખ્યા ઘણી જ અલ્પ છે.

ખેતીની મોસમમાં દરેક જગ્યાએ ખેડૂતોને મજૂરોની ઘણી ખેંચ પડે છે. જો વખતસર એ કામને પહોંચી ન વળે તો તેને નુકસાન થવા ઘણો સંભવ રહે છે. ભીલ ખેડૂતોને પણ મોસમમાં ભારે તાણ પડે છે. તે સમયે તે દહાડિયા મજૂરો લગભગ ૧૦ થી ૧૫ દિવસ સુધી રોકે છે. જે ભીલ ખેડૂતો પાસે ઓછી જમીન હોય છે, તેમને મોસમમાં બહુ કામ હોતું નથી. એટલે વધુ જમીનવાળો ભીલ ખેડૂત આવા નાના ભીલ ખેડૂતોની સહાય લે છે અને તે પેટે દહાડિયું આપે છે. આમ મોટા ભીલ ખેડૂતને સમયસર મજૂરો મળી રહે છે અને નાના ભીલ ખેડૂતોને મજૂરી મળી રહે છે. ખેતમજૂરીનો દર રોજનો ૧૦ થી ૧૬ આના સુધીનો જોવામાં આવે છે. સામાન્ય રીતે દર વર્ષે મોટા ભીલ ખેડૂતોને ઓછામાં ઓછા રૂા. ૫૦ થી વધારેમાં વધારે રૂા. ૩૦૦) સુધીના મજૂરો રોકવા પડે છે.

આજથી પંદર વર્ષ પહેલાં ખેતમજૂરીનો દર સરેરાશ બે આના હતો. ડી. સીમિંગ્ટન પોતાના રિપોર્ટમાં તે સમયનો (૧૯૩૭નો) દર જણાવતાં કહે છે કે, "મજૂરીના દર અતિશય ઓછા છે. ખેતમજૂરને સામાન્ય રીતે બે આના રોજી અપાય છે અને કોઈક વાર ફક્ત દોઢ આનો અપાય છે. જંગલકામ માટે રોજના અઢી આના અપાય છે."*

આ પ્રદેશમાં ચાકર, ભાગિયા કે હાળી પ્રથા જોવામાં આવતી નથી. પણ ભીલ સિવાયના બીજી કોમના ખેડૂતો જેવા કે ઘાંચી, મુસલમાન વગેરે પોતાના ખેતીવિષયક કામ માટે ભીલોને સાથી અથવા હાળી તરીકે રાખે છે. તેનું પ્રમાણ નહીં જેવું છે.

* "Wages are terribly low. Two annas is the ordinary wage for an agricultural labourer, but sometimes only $1\frac{1}{2}$ as is paid. Forest work is paid for at about $2\frac{1}{2}$ annas per day."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

ખેતી અંગેનું ધીરાણ

દરેક વેપારઉદ્યોગને વિકસવાનો અવકાશ હોય છે. જેમ જેમ તે વિકસે છે તેમ તેમ તે આર્થિક રીતે વધુ સમૃદ્ધ બને છે. મૂડી અને નફો વધતાં જાય અને તેમાંથી બીજા અનેક નવા ઉદ્યોગો સ્થાપી શકાય. પણ ખેતી એક એવો ઉદ્યોગ છે કે જેનો વિકાસ મર્યાદિત છે. જમીન તો સદા જેટલી હોય છે તેટલી જ રહે છે. તે કાંઈ આપમેળે વધતી ઘટતી નથી. વળી પાકની સફળતાનો મુખ્ય આધાર કુદરત પર રહે છે. કુદરત ક્યારે અનુકૂળ થશે અને ક્યારે પ્રતિકૂળ થશે તે કાંઈ કળી શકાતું નથી. એટલે ખેડૂતને જિવાડનાર પણ કુદરત છે અને તેને ભૂખે પેટે રખડાવનાર પણ કુદરત છે. તેમ જ તેને આર્થિક આંધીમાં ફસાવનાર પણ કુદરત છે. જે વરસે વાદળાં વરસ્યા વિના ચાલ્યાં જાય તે વરસે તેના ઉપર દુષ્કાળનાં વાદળાં ખાઉ ખાઉ કરતાં તેને ઘેરી વળે છે. તેમાંથી બચવા માટે ખેડૂત શાહુકારનો આશરો લે છે. શાહુકાર તેને જીવતો રાખી ચૂસ્યા કરે છે.

દેવું

ખેતીમાંથી ભીલ પોતાનો જીવનનિર્વાહ ચલાવી શકતો નથી. તેના ખર્ચને પહોંચી વળવા દેવું કરે છે. આ ઉપરાંત ખેતીનાં બીજાં સાધનો વસાવવા, બળદ ખરીદવા તેમ જ બી કે ઘાસ લાવવા માટે તેને દેવું કરવું પડે છે. લગ્નપ્રસંગ જેવા સામાજિક રીતરિવાજો તેમ જ કેટલીક આંધળી અને અંધશ્રદ્ધાયુક્ત રૂઢિઓ અને માન્યતાઓ જેવી કે બડવૈ, માનતા, બાધા, ભૂવા વગેરેના ખર્ચને પહોંચી વળવા તેને દેવું કરવું પડે છે. તપાસ કરેલાં કુટુંબોમાં લગભગ ૬૯ ટકા ભીલો દેવાદાર હતા. તેમાં ૩૮ ટકાને શાહુકારનું દેવું હતું જ્યારે ૩૧ ટકાને સહકારી દેવું હતું. બાકી ૩૧ ટકા દેવા વગરના હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

... લગભગ ૭૦ ટકાને તો કાયમ દેવાદાર રહેવું પડે છે. તેમને સુધારવા અને દેવામાંથી છોડાવવા અનેક પ્રયત્નો થઈ રહ્યા છે પણ તે પ્રયત્નો મુખ્યત્વે ભીલોની અજ્ઞાનતાને લીધે સફળ થયા નથી.

ખેતીમાં આર્થિક સ્વાવલંબન માટે કેટલી મૂડીની ખેંચ છે તેના આંકડા આગળનાં પ્રકરણોમાં આવી ચૂકયા છે. અહીં આપણે તે અંગે તેનાં જુદાં જુદાં પાસાં લઈ વિચાર કરીશું.

મૂડી ધીરનારાઓ

સામાન્ય રીતે ભીલો પોતાની ખેતીવાડી અને જીવનનિર્વાહના ખર્ચને પહોંચી વળવા માટે આજે શાહુકારો અને સહકારી મંડળીઓ પાસેથી નાણાં વ્યાજે મેળવી શકે છે.

શાહુકારો

ખાનગી મૂડી ધીરનારાઓમાં અહીંના વણિકો મુખ્ય છે. કેટલાક વણિકોનો તો બાપદાદાના વખતથી ભીલોમાં ધીરધાર કરવાનો ધંધો ચાલ્યો આવે છે. તેઓ ગામડાંમાં જાય છે, ભીલો સાથે હળેમળે છે અને નાણાં ધીરે છે. આ ઉપરાંત તેઓને પોતાની માલકીની જમીન પણ હોય છે. તે ભીલોને ગણોતે ખેડવા આપેલી હોય છે. આ ઉપરાંત કેટલાક વોરા મુસલમાનો પણ ભીલોને નાણાં ધીરે છે. પણ તેનું પ્રમાણ ઘણું ઓછું છે. અહીંની ખેતીમાં રોકાયેલી લગભગ ૭૫ ટકા મૂડી આવા ખાનગી મૂડી ધીરનારાઓની છે. (From 'The Indian Central Committee's Report')

વ્યાજનો દર

શાહુકારો ભીલો પાસેથી સવાયું અને દોઢું તથા બમણું વ્યાજ લેતા હતા. આજે પણ સવાયું અને દોઢું વ્યાજ લે છે. શાહુકાર આટલું વ્યાજ પડાવતો હોવા છતાં ભીલ તેને પોતાનો હિતકર્તા સમજે છે. ભીલ સામાન્ય રીતે ટૂંકી દૃષ્ટિથી જ વિચાર કરે છે. તેને જ્યારે જ્યારે નાણાં, અનાજ કે કપડાં જોઈએ ત્યારે ત્યારે તે શાહુકાર પાસેથી મેળવી શકે છે. જ્યારે સહકારી મંડળી કે બૅન્કમાં તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સગવડ મળતી નથી. તેથી તે સહકારી મંડળીનું દેવું કરવા કરતાં શાહુકારનું દેવું કરવું વધુ સગવડભર્યું માને છે. આમ તે માત્ર બાહ્ય અને ઉપર ઉપરથી જણાતી સગવડ જોઈને વિચાર કરે છે. શાહુકાર સવાયું કે દોઢું વ્યાજ લે છે અથવા બીજી અનેક રીતે તેનું શોષણ કરે છે તથા તેની બધી કમાણી તાણી જાય છે તેની તેને ખબર પણ હોતી નથી. જોકે આજે તો તેમનામાં થોડેઘણે અંશે પણ જાગૃતિ આવી છે અને પહેલાં કરતાં, ભીલ પોતાનું હિત વધુ સમજતો થયો હોવાથી, શાહુકારો પહેલાંની જેમ તેમને વધુ ઠગી શકતા નથી. અત્યાર સુધી શાહુકારો તેમને જે રીતે છેતરતા અને ચૂસતા તેમાંની કેટલીક રીતો નીચે આપી છે :—

(૧) ૫૦ થી ૨૦૦ ટકા વ્યાજ લેવું.

(૨) ધાનના રૂપમાં લેણું લેવું અને તે પણ જ્યારે પાક ઊતરે ત્યારે જ ખળામાં જઈ ઉપાડી લાવવું. અજ્ઞાનતાને કારણે ભીલ સમજી નહોતો શકતો કે શાહુકારને કેટલું ધાન આપવાનું છે. એ તો શાહુકાર જે કહે તે મંજૂર રાખતો અને શાહુકાર મરજીમાં આવે એટલું અનાજ ઉપાડી જતો. છેવટે ભીલ ધાન વગરનો રહેતો. વર્ષના પાછલા સમય દરમ્યાન તેની પાસે ખાવા પૂરતો દાણો પણ ન રહેતો. એટલે તે માટે તે ફરીથી શાહુકારનો આશ્રય લેતો. આ રીતે તેના દેવાનું ચક્ર જિંદગીભર ચાલ્યા કરતું અને તેમાં પોતે પિલાયા કરતો.

(૩) ભીલો પાસેથી લેણાં કઢાવવા બળજબરી કરવી. સાથે પઠાણ રાખી ભીલને ધાકધમકી અપાવી ડરાવવો.

(૪) કેટલીક વાર શાહુકાર ભીલો પાસેથી કોરા કાગળોમાં તેમના અંગૂઠાનું નિશાન કે સહી લઈ ખોટા દસ્તાવેજો વગેરે કરાવી લેતો. અથવા ચોપડામાં આંકડાના ગોટાળા કરી લેણું વધારી મૂકતો અને ભીલ કોર્ટમાં ન જાય એવી રીતે ફોસલાવીને તેનું શોષણ કરતો.

ધીરનારાઓ આજે પણ, ભીલ, સહકારી મંડળીમાંથી નાણાં ન ઉપાડતાં પોતા પાસેથી નાણાં ઉપાડતો થાય એવા પ્રયત્નો કરી રહ્યા છે. વળી ભીલોના લાભાર્થે ઘડાયેલા કાયદાઓનો ઊલટો અર્થ કરી ભીલોને

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભડકાવે છે અને ઉશ્કેરે છે, જેથી ભીલોને સરકાર પ્રત્યે વિશ્વાસ ન રહે, પણ શાહુકાર પર જ રહે. આમ શાહુકાર પોતાની શોષણ જાળ પ્રસારવા અનેકવિધ ઉપાયો અજમાવ્યા કરે છે.

કાયદાથી રક્ષણ

સરકારે ખેડૂતોને ગણોત અને કરજમાં યોગ્ય રાહત આપવા માટે જુદા જુદા કાયદાઓ કર્યા છે. તેમ જ એ જ દૃષ્ટિથી શાહુકારોની ધીરધાર ઉપર યોગ્ય અંકુશ મૂકવા પણ કાયદા દ્વારા પ્રયત્નો કર્યા છે. ભીલોનો મુખ્ય ધંધો ખેતી છે અને તે પોતે ખેડૂત છે. એટલે આ કાયદાઓનો લાભ તેમને સહજ રીતે મળે છે.

મુંબઈના મહાસભાવાદી પ્રધાનમંડળે ખેડૂતો અંગેની પોતાની નીતિ ૧૯૩૭થી જ મહાસભાના સિદ્ધાંતો, અને ચૂંટણીના જાહેરનામાને અનુરૂપ ઘડી છે. તેમાં નહેરો, કૂવા અને ખેતી ઉપયોગી સારા બીની વ્યવસ્થા, ખોળખાતરની વ્યવસ્થા, ઢોરની ઓલાદ સુધારવાના પ્રયત્ન, જમીનોના નાના ટુકડા થતા અટકાવવા માટેનાં પગલાં, ખેતીની સુધરેલી રીતોનો ફેલાવો, ઉત્પન્ન વધારવા માટે જરૂરી પગલાં, મહેસૂલના બોજામાં રાહત, ગણોતની સ્થિરતા, દેવાની પતાવટ વગેરે અનેક બાબતોનો સમાવેશ થાય છે.

સૌથી પ્રથમ આપણે ધીરધાર નિયમનધારા અંગેના અને દેવાની પતાવટ અંગેના કાયદાઓ વિશે વિચારીશું. ભીલો ઉપર તેની શી અસર પડી તે જોઈશું.

અત્યાર સુધી બિચારી ભીલ પ્રજા દેવાના અસહ્ય બોજામાં ખેંચાતી આવી છે. આપણી સરકાર તેમને ઉગારવા પોતાથી બનતા પ્રયત્ન કરી રહી છે. તેઓની જમીન સલામત રહે, અને તે દેવામાંથી મુક્ત થઈ સુખી ખેડૂત બને એ અંગે આ પગલાં ભરવામાં આવ્યાં છે.

ધીરધાર નિયમન ધારો

ધીરધાર નિયમન ધારા અનુસાર, ધીરધાર કરનાર દરેકને સરકારની પરવાનગી લેવી પડે છે. વગર પરવાને નાણાં ધીરનાર પર કામ ચલાવવા-માં આવે છે. લેણદારે લેણદેણ અંગેના બધા હિસાબ-કિતાબ ચોખ્ખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવા પડે છે અને અમુક મુદતે કોર્ટમાં રજૂ કરવા પડે છે. સરકારે નિશ્ચિત કરેલા વ્યાજના દરથી વધુ વ્યાજ લેનારને સજા થાય છે. વળી લેણું રોકડમાં જ ઉઘરાવવાનું હોય છે. આ કાયદાથી ભીલોને શાહુકારોના અન્યાયી વર્તાવોથી રક્ષણ મળે છે. આથી, અત્યાર સુધી તે દોઢું વ્યાજ લેતો આવ્યો છે તે બંધ થયું. પણ આ બધું કેવળ જાહેરમાં થતું તે બંધ થયું. તપાસ કરતાં જણાયું કે, ગામડાંઓમાં શાહુકારો વગર લાયસન્સે નાણાં ખાનગી રીતે ધીરે છે અને સવાયું તેમ જ દોઢું વ્યાજ ઉઘરાવે છે. ભીલોને પણ સહકારી મંડળીઓ કરતાં શાહુકાર પાસેથી નાણાં ઉછીનાં લેવામાં વધુ સુગમતા પડે છે. પરંતુ ક્રમે ક્રમે શાહુકારોનું વર્ચસ ઓછું થતું જશે. વગર લાયસન્સે ધીરાણ કરનારા શાહુકારોને વધુ જોખમ ખેડવું પડતું હોવાથી તેઓ વ્યાજ વધુ લે છે, એટલે કે લગભગ સવાયાથી બમણું લે છે અને મોટે ભાગે સોના ચાંદીના દાગીના ઉપર પૈસા ધીરે છે. વળી પોતે પકડાઈ ન જાય તે માટે સારા ભીલ ખેડૂતોને દલાલ તરીકે વચમાં રાખીને ધીરે છે. તપાસ કરતી વખતે આવા એક શાહુકારનો છાસિયા ગામમાં ભેટો થયો હતો, અને તે ઉપર મુજબ આ ગામમાં ધીરધાર કરતો હતો. હાલમાં દાહોદ–ઝાલોદના શરાફો ઉપર પ્રમાણે ખાનગીમાં ઘણું ધીરાણ કરે છે અને તેનો વ્યાજનો ઓછામાં ઓછો દર એક રૂપિયે બે પૈસા ૧ માસ માટે, એટલે ૭૫ ટકા દર થયો.

ઋણરાહત ધારો

બીજા સ્થળોએ આ કાયદાનો અમલ ૧૯૪૬ પછી કરવામાં આવ્યો હતો. પણ આ તાલુકાઓમાં તેનો અમલ ૧૯૪૧–૪૨ થી કરવામાં આવ્યો હતો. આ કાયદાથી ખેડૂતને દેવાના અસહ્ય બોજામાંથી છોડાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ કાયદામાંથી સહકારી મંડળીઓના દેવાને બાકાત રાખવામાં આવ્યું છે.

અસર

અહીં ઋણરાહત બોર્ડની સ્થાપના તા. ૨૦–૪–'૪૧ ના રોજ થઈ હતી. બોર્ડના ચેરમેનની નિમણૂક તા. ૭–૫–૧૯૪૨ના રોજ થઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવાના રાહતની અરજીઓ લેવાની છેલ્લી તારીખ ૬-૧૧-૧૯૪૩ નક્કી કરવામાં આવી હતી. કુલ અરજીઓ ૨,૯૯૫ આવી હતી.

ઋણુરાહત બોર્ડની સ્થાપના પછી, સ્થાનિક શાહુકારો પોતાના આસામીઓ બોર્ડમાં અરજી ન આપે તે માટે સીધા આડકતરા ઉપાયો લેવાનું ચૂકચા ન હતા. ધમકી અને લાલચને વશ થઈને કેટલાક ભીલોએ અરજી ન કરી. પણ ભીલ સેવા મંડળે પ્રથમથી જ આ માટે ભીલોમાં પ્રચાર કર્યો હતો. તેને લીધે અરજીઓની સંખ્યા ઠીક પ્રમાણમાં થઈ હતી.

સને ૧૯૪૫ના ફેબ્રુઆરી માસ સુધી થયેલા કામકાજના આંકડાઓ નીચે મુજબ છે. તે ઉપરથી ઋણુરાહત ધારાના અમલથી ખેડૂતોને કેટલો લાભ થયો તે જણાશે.

દાહોદ-ઝાલોદ તાલુકાઓમાંથી ઋણુરાહત બોર્ડમાં દાખલ કરેલી અરજીઓ :—

ખેડૂત દેણદારે કરેલી અરજી	લેણદારે કરેલી અરજી	દીવાની કોર્ટ તરફથી ટ્રાન્સફર થયેલી અરજી	ફરીથી ફાઈલ પર આવેલી અરજી	કુલ	શેરો
૧,૪૪૨	૧,૫૨૪	૨૨૯	૫૧	૩,૦૪૬	તા. ૧૩-૨-૪૫ સુધીની

કુલ દેવાં તથા તેના કરેલા ફડચા :

દેવું	ફડચા કર્યા	એવોર્ડ કર્યા	તેમાંથી થયેલ લાભ	બાકી રહેલું કામ
૭,૩૭,૨૧૪	૩,૧૩,૧૧૬	૧,૦૦,૨૪૮	૨,૧૨,૯૧૮	૧,૪૬૮

ઋણુ રાહત બોર્ડે આપેલા ફેંસલા ઉપરથી કાઢેલી ટૂંક નોંધ :

વેચાણ જમીન

વેચાણ કાયમ	ગીરો જમીન	ગેરહાજર	સને ૧૯૨૭ પહેલાંની અરજી કમી કરી
૧૧૪	૮૬	૯૩	૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીરો જમીન

બોજા સાથે છૂટી કરી	બિનબોજે છૂટી કરી	અરજી પાછી ખેંચી	ગેરહાજર
૪૦૧	૧૮૦	૯	૪૭

ઋણરાહત ધારાનો એક હેતુ એ પણ છે કે, ખેડૂતોના હાથમાંથી શાહુકારો પાસે જે જમીન દેવાં પેટે ચાલી ગઈ છે, તે જો બાર વર્ષની અંદર ગીરો કે વેચાણ થઈ હોય તો તે છોડાવવી.

જે અરજીઓ બોર્ડમાં થઈ તે પૈકી આવા કિસ્સાઓની અરજીઓની સંખ્યા ૯૮૭ની હતી. તે પૈકી ખેડૂતોના લાભમાં ૬૭૬ અરજીઓનો નિકાલ થયો અને આશરે અઢી હજાર એકર જમીન ખેડૂતોને પાછી મળી. ખેડૂતોને આ ધારાથી કેટલો લાભ થયો છે તે નીચે આપેલાં કેટલાંક દૃષ્ટાંતોથી સ્પષ્ટ થશે.

અરજી નં. ૭૬/૪૨. એક ભીલે દાહોદના શાહુકારને ત્યાંથી પોતાનાં ખેતરો ગીરો મૂકી રૂા. ૬૦૦) ઉપાડ્યા હતા. બોર્ડે લેણદારના દસ્તાવેજ, ગણવતપટા, અને ચોપડા વગેરે તપાસી ૪૦ ટકાના કાપ મુજબ હિસાબ ગણતાં, શાહુકારનું લેણું ભરપાઈ થયેલું જણાયું. તેથી ગીરો મિલકત બોજામાંથી છૂટી કરી ખેડૂતને સોંપવામાં આવી.

અરજી નં. ૨૧૧/૪૨. અરજી કરનાર વ્યક્તિએ રૂા. ૧,૦૦૦)માં પોતાની મિલકત ગીરો મૂકી હતી. લેણદારે દસ્તાવેજ અને ગણવતપટા કોર્ટમાં રજૂ ન કર્યા તેથી લેણું રદ કરવામાં આવ્યું. આ રીતે આ ધારાની અસરનાં અનેક દૃષ્ટાંતો આપી શકાય તેમ છે.

પણ આ ધારામાં કેટલીક ખામીઓ રહી ગઈ છે. જેઓ દેવામાં તદ્દન ડૂબેલા છે અને શાહુકારોએ જેમની જમીન ખૂંચવી લઈ જેમની બેહાલ દશા કરી છે, તેવા ખેડૂતને આ ધારો લાભ આપી શક્યો નથી. તે નીચેના દૃષ્ટાંત ઉપરથી સ્પષ્ટ થશે.

એક ભીલ ખેડૂતના પિતાએ પોતાના બે નંબરોની પાંચ એકર જમીન રૂા. ૩૩)માં તેના જ ગામના એક વહોરાને ત્યાં કબજાગીરો ૧૮૮૦ની સાલમાં આપેલી. તે ભીલે પોતાના નંબરો છૂટા કરાવવા સારુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ધારાનો આશરો લીધો. કેસની સુનાવણી વખતે લેણદારે બોર્ડ આગળ દલીલ કરી કે, "આ જમીન ગીરો છે, પણ તેને સાઠ વરસની મુદત થઈ જવાથી, હવે ખેડૂતને જમીન પાછી મેળવવાનો હક રહેતો નથી. તેથી ખેડૂતની અરજી માંડી વાળવી જોઈએ." બોર્ડે ખેડૂતની અરજી રદ કરી.

આ ઉપરાંત બીજી કેટલીક ખામીઓ રહી ગઈ છે તે સુધારવાની જરૂર છે. એકંદરે આ કાયદાથી ભીલોને ઘણો લાભ થયો છે. બીજી તરફ આ કાયદાથી શાહુકારોનાં હિત ઘવાયાં છે. એક તો કાયદો અમલમાં આવ્યો તે વખતે છ માસની મુદતમાં જેટલાં દેવાં હતાં, તેના હિસાબ ચોખ્ખા કરી અરજી કરવાની હતી. બીજી તરફ તેમને પોતાના ચોપડા રજૂ કરતાં સંકોચ થતો હતો, કારણ કે તેમના ચોપડાઓમાં કેટલાંક તો સાવ ખોટાં જ દેવાં ઊભાં કરેલાં હોય, તે પકડાઈ જવાનો સંભવ રહે. આમ તેઓની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી હતી. તેથી આવો ગોટાળાવાળો વર્ગ તો એમને એમ જ ઊડી ગયો, અને જે ખરેખર સાચાં લેણાં હતાં, તેની પણ સચ્ચાઈનો બધો આધાર દેવાદાર ભીલની સચ્ચાઈ પર નિર્ભર હતો. અત્યાર સુધી શાહુકારોને હરામના પૈસા મળવાની આશા હતી તે ઊડી ગઈ અને ભીલ તેમના પંજામાંથી થોડોઘણો છૂટ્યો ખરો.

તગાવી

ખેડૂતોને ખેતીનાં સાધનો મેળવવામાં મદદ કરવાના હેતુથી, સરકાર તરફથી તગાવી લોન આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. જમીનની સુધારણા અંગેના કાર્ય માટે, બળદ ખરીદવા, ઘર બાંધવા, કૂવો ખોદવા, બિયાવું ખરીદવા વગેરે ખેતી સંબંધીનાં કાર્યો માટે આ લોન આપવામાં આવે છે.

ખેડૂતોને જુદાં જુદાં ખેતી-ઉપયોગી કામો માટે ઠરાવેલા દરથી, તેમ જ હપતાથી નાણાં ભરવાની સગવડ સાથે લોન મળી શકે છે. બાર માસની અંદર તગાવી આપી દે તો વ્યાજ ગણવામાં આવતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરાંત સરકાર તરફથી નવા કૂવા બાંધવા અને જૂના કૂવા સુધરાવવા માટે, અમુક શરતોએ મફત મદદ આપવાની પણ ગોઠવણ કરવામાં આવી છે. આમાં લગભગ ખર્ચનો ચોથો ભાગ સરકાર મફત આપે છે પણ તેનો પૂરેપૂરો લાભ લોકો હજી ઉઠાવતા નથી. વળી કેટલીક જગ્યાએ તેનો દુરુપયોગ પણ કરવામાં આવે છે.* તપાસ કરેલાં કુટુંબોમાંથી માત્ર ૧૦ ટકાએ જ તગાવી લીધી હતી, જ્યારે બીજા ૫૩ ટકાને કૂવા માટે તગાવી લેવાની જરૂર હતી.

કેટલાક ભીલોને તગાવીની જરૂર હોવાથી તેઓએ અરજી કરેલી, છતાં તગાવી મળી નથી. કેટલીક વાર આવા પ્રસંગોથી ભીલોની શ્રદ્ધા ઊઠી જાય છે અને પછી તેઓ બેદરકાર બને છે.

તગાવી પણ ખેડૂતને તેની શાખ ઉપર અને શાખના પ્રમાણમાં આપવામાં આવે છે. પરિણામે ઓછી જમીનવાળા, અથવા ઓછી શાખવાળા, કે જેમને ખરેખર વહેલી તકે મદદ કરવાની જરૂર છે, તેઓને લાભ મળી શકતો નથી. જેની પાસે કાંઈક વધુ મૂડી અથવા શાખ છે તેને મળે છે. ઓછી શાખવાળા પાસેથી પૈસા પાછા મળી ન શકે એ ભયને લીધે તેમને તગાવી આપવામાં આવતી નથી. પરંતુ તેમની પાસેથી લાંબી મુદતના અને નાની રકમના હપતા કરી તગાવી આપવા પ્રબંધ કરવો ઘટે.

આવાં કેટલાંક વિશિષ્ટ કારણો અને ઊણપોને પરિણામે તગાવીનો સંતોષકારક લાભ ખેડૂતોને મળી શકતો નથી.

---

* બીજે પણ આમ દુરુપયોગ થવાથી, મફત મદદ આપવાનું બંધ કરવામાં આવ્યું છે અને હવે, આખા રાજ્યમાં ફક્ત તગાવી આપવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

સહકારી પ્રવૃત્તિ

સહકારી પ્રવૃત્તિ

સહકારી મંડળીઓ ગામડાંના અર્થકારણમાં અગત્યનો ભાગ ભજવે છે. આ પ્રવૃત્તિ દિનપ્રતિદિન આખા દેશમાં વ્યાપક બનતી જાય છે. આ વિભાગમાં સહકારી પ્રવૃત્તિ સંગીન રીતે ચાલે છે. તેનું બીજ પૂ. ઠક્કરબાપાએ ભીલ સેવા મંડળની સ્થાપનાની સાથે જ નાખ્યું હતું. તે સમયે વ્યાજનો દર ૧૫૦થી ૨૦૦ ટકા જેટલો હતો. આથી ભીલોને તેના પંજામાંથી છોડાવવા આ કાર્યનો આરંભ ૧૯૨૧–૨૨માં કરવામાં આવ્યો હતો. તે અંગેનું શૅર ભંડોળ દુષ્કાળ રાહતના ફંડમાંથી ઊભું કરવામાં આવ્યું હતું.

શરૂઆતમાં આ સહકારી મંડળીઓ ભીલ પટેલિયા ખેડૂતોને ખોરાકી અને બીજ માટે નાણાંની ધીરધાર કરવાનું કાર્ય કરતી. ત્યારપછી તેનો ક્રમે ક્રમે વિકાસ થતો ગયો.

હાલમાં બન્ને તાલુકામાં ૮૦ ટકા ગામો તથા ૩૫ ટકા વસ્તીને ખેતીવિષયક જરૂરી નાણાં પૂરાં પાડી તેમની આર્થિક ઉન્નતિ સાધવામાં, આ પ્રવૃત્તિથી સારી મદદ થઈ છે. તે નીચેના આંકડાઓ પરથી માલૂમ પડશે:

મંડળીઓનું કામકાજનું ભંડોળ તથા ધીરાણ વસૂલાત.

વર્ષ	મંડળીઓની સંખ્યા	સભાસદ સંખ્યા	શૅર થાપણ	રિઝર્વ ફંડ	બિનસભાસદ થાપણ
૧૯૨૧–૨૨	૪૭	૨,૩૨૦	૭,૨૪૬	૨,૨૯૬	૫,૬૭૮
૧૯૩૧–૩૨	૯૩	૪,૪૮૮	૯૦,૨૨૫	૪૪,૫૮૦	૨,૭૨૪
૧૯૪૧–૪૨	૯૨	૪,૧૮૯	૬૩,૭૮૫	૧,૩૯,૫૬૨	૬,૯૫૪
૧૯૫૧–૫૨	૧૭૮	૯,૩૦૭	૨,૭૩,૯૧૭	૨,૧૩,૩૮૨	૧,૭૩૮
૧૯૫૨–૫૩	૧૮૧	૯,૬૨૭	૨,૧૭,૦૫૬	૨,૨૫,૭૧૮	૧,૪૬૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષ	બેંકનું કરજ	કામકાજનું ભંડોળ	સભાસદોને ધીરેલ કરજ	વસૂલ આવેલ કરજ	બાકી
૧૯૨૧–૨૨	૬૩,૮૦૩	૮૦,૦૨૩	૫૨,૮૪૦	૧૬,૮૧૨	૭૩,૮૬૩
૧૯૩૧–૩૨	૧,૩૩,૫૭૪	૨,૭૯,૧૦૩	૩,૨૩,૦૭૬	૭,૨૫૫	૨,૭૮,૫૮૩
૧૯૪૧–૪૨	૨૮,૯૦૩	૨,૩૯,૯૦૪	૯૭,૧૦૩	૫૪,૦૮૩	૧,૭૭,૪૯૮
૧૯૫૧–૫૨	૩,૨૬,૧૬૯	૮,૩૫,૧૯૫	૪,૨૪,૫૫૧	૩,૦૦,૨૭૬	૬,૩૩,૮૭૪
૧૯૫૨–૫૩	૩,૨૨,૭૫૩	૮,૧૩,૩૮૨	૨,૯૧,૨૮૦	૨,૬૮,૫૭૨	૬,૬૨,૮૫૪

ખરીદવેચાણ સંઘો

ખેડૂત શરાફી મંડળીઓ મારફત સસ્તા વ્યાજના દરે નાણાં ધીરી તેમની આર્થિક ઉન્નતિ સાધવાના પ્રથમ પગલામાં સફળતા મળતાં, ખેડૂત સભાસદોનો માલ વાજબી ભાવે વેચી આપી તેમને સારા ભાવ ઉપજાવી આપવા તેમ જ તેમની રોજબરોજની ઘરવપરાશની ચીજો વાજબી ભાવે પૂરી પાડવા, ખરીદ-વેચાણ સંઘોની સ્થાપના કરવામાં આવી છે. તેવા સંઘોની સ્થાપના તથા તેની સભ્ય મંડળીઓની કેટલીક માહિતી નીચે મુજબ છે :

નામ		સ્થાપના તારીખ	સંયોજિત મંડળીઓ
ગરબાડા	ખરીદ-વેચાણ સંઘ	૩–૯–૧૯૩૯	૩૫
લીમડી	,,	૨૩-૧૦-૧૯૪૦	૩૩
જેસાવાડા	,,	૨૯–૮–૧૯૪૧	૧૩
ઝાલોદ	,,	૨૫–૫–૧૯૪૬	૧૯

આ ચારે સંઘોના કુલ ૩,૯૩૬ સભ્યો છે. તેની શૅર થાપણ કુલ્લે રૂા. ૨૨,૬૦૦) અને અનામત ભંડોળ રૂા. ૭૯,૦૦૦) છે. આ સર્વ સંઘોને સાંકળી લેતી મધ્યસ્થ સંસ્થા 'દાહોદ સહકારી ખરીદ-વેચાણ સંઘ'ની સ્થાપના ૧૯૪૩માં થઈ. નફાખોરી અને કાળા બજારના પાશમાંથી ખેડૂત, મજૂર અને મધ્યમ વર્ગને ઉગારવાનું અને તેમના જીવનની જરૂરિયાતોની વસ્તુઓ બાંધેલે ભાવે પૂરી પાડવાનું કામ આ સંઘ કરી રહ્યો છે. આ સંઘની વિગત નીચે પ્રમાણે છે :

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ	સ્થાપના	સભ્યો	શેર ભંડોળ	અના. ભંડોળ
દાહોદ ખરીદ-વેચાણ સંઘ	૧૫-૧૨-'૪૩	૨,૦૦૦	૩૭,૭૦૦	૫૫,૦૦૦

શરાફી સહકારી મંડળીઓની સંખ્યા આજે ૧૨૯ છે. ભીલ સભ્યો મોટા પ્રમાણમાં નિરક્ષર હોવાથી મંડળીઓનું કામકાજ કરવા માટે ગ્રૂપમંત્રીઓ અને હિસાબનીશ રોકવામાં આવ્યા છે. તેના ઉપર તેમ જ તમામ વહીવટ ઉપર દેખરેખ રાખવા સરકાર તરફથી એક ખાસ અમલદારની નિમણૂક કરવામાં આવી છે.

અર્બન બૅંકો, ગ્રામોદ્યોગ મંડળીઓ તથા સહકારી પ્રવૃત્તિઓ ચલાવતી આ બધી સંસ્થાઓને નાણાં ધીરનાર મધ્યસ્થ બૅંક 'ધી પૂર્વ પંચમહાલ બૅંકિંગ યુનિયન લિ.'ની સ્થાપના દાહોદમાં સન ૧૯૪૭ માં થઈ. તેમાં મંડળીઓની થાપણો રૂા. ૨,૧૬,૦૦૦ અને વ્યક્તિઓની થાપણો રૂા. ૨,૮૪,૦૦૦ છે. તેના કામકાજ માટે ભંડોળ રૂા. ૭,૫૦,૦૦૦ છે.

મંડળીઓની ખાસ વિશેષતા

બીજી સહકારી મંડળીઓ ખેડૂતોને નાણાં ધીરે છે અને બધો વ્યવહાર નાણાંના રૂપમાં જ કરે છે, જ્યારે અહીં ભીલો પોતાનો ધીરાણ વ્યવહાર વસ્તુના રૂપમાં કરે છે. જોઈએ તો તેઓ અનાજના રૂપમાં અથવા બીજા રૂપમાં વ્યવહાર કરી શકે છે. તેની આકારણી નાણાંના રૂપમાં આંકી બધો હિસાબ થાય છે. એટલે કે લેવડદેવડ વસ્તુના રૂપમાં થાય છે અને ચોપડામાં તેની આંકણી નાણાંના રૂપમાં થાય છે. બીજું વિશેષ લક્ષણ એ છે કે, પ્રજાને પોતાના માલનો સારો ભાવ મળે ત્યારે જ તે વેચાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. પાક ઊતરે ત્યારે ખેડૂત તેને 'સેલ પરચેઝ યુનિયન'માં જમા કરાવી દે છે. તે બદલ તેને ૬૦% એડવાન્સ આપવામાં આવે છે અને સારો ભાવ આવે તે સમયે, યુનિયન બજારમાં તે માલ વેચી દે છે. છેવટે ઊપજેલી નાણાંની સરેરાશ કાઢી ભીલોને નાણાં ચૂકવવામાં આવે છે. અત્યાર સુધી, ભીલ ખેડૂતને નાણાંભીડને લીધે નવો પાક સસ્તા ભાવે વેચવો પડતો, અને પોતાને જરૂર પડે ત્યારે મોંઘા ભાવે ખરીદવો પડતો. આમ બન્ને રીતે તેને નુકસાનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતરવું પડતું. પણ હવે તે ઊણપ દૂર થઈ છે. પાક ઊતરે ત્યારે તેને સસ્તા ભાવે પાક વેચ્યા વગર નાણાં મળી રહે છે, અને પાછળથી તેના માલના પૈસા પણ સારા ઊભા થાય છે.

ઊણપો

શરાફી મંડળીઓથી થતા લાભ અંગે આપણે વિચાર કર્યો, પણ બીજી તરફ ચાલુ સહકારી મંડળીઓના કામકાજની પદ્ધતિ એવી છે કે, તેથી ગામલોકોની અગવડો દૂર થઈ શકતી નથી અને તેમનું શોષણ બંધ થતું નથી. આમ, તેમની મુશ્કેલીઓનો ઉકેલ આવતો નથી તેનાં મુખ્ય કારણો નીચે મુજબ છે:*

(૧) સહકારી મંડળીઓ તો ઉત્પાદન કાર્ય માટે, એટલે કે ખેતી માટે, બી, બળદ વગેરે માટે મોટે ભાગે નાણાં ધીરે છે; અને તેને માટે જ તેની સ્થાપના થઈ છે. જ્યારે ભીલ ખેડૂતને તો જીવનની પ્રાથમિક જરૂરિયાતોને પહોંચી વળવા, એટલે કે જીવન ટકાવવા નાણાંની જરૂર પડે છે. તે માટે નાણાં આપવાની જોગવાઈ સહકારી મંડળીઓમાં નથી થતી. એટલે ઉપરોક્ત હેતુ માટે તો શાહુકાર પાસે જ તેમને જવાનું રહે છે.

(૨) બીજું, શાખવાળો એટલે કે જમીનવાળો ખેડૂત જ મંડળીનો સભાસદ થઈ શકે છે. એટલે જેની શાખ ઓછી છે અથવા નથી, તે મંડળીનો સભાસદ થઈ શકતો નથી. એટલે કે જે શાખ વગરના છે, ગરીબ છે, જેને ખરેખર મદદ કરવાની જરૂર છે, તેને મદદ આપવાની આવી મંડળીઓમાં જોગવાઈ નથી.

મંડળીઓની દલીલ એવી છે કે, શાખ વગરના ખેડૂતને ધીરે તો તે નાણાં પાછાં ભરી ન શકે. પરન્તુ જે ઓછી શાખના છે અથવા શાખ વગરના છે તેમને નાણાંની જરૂર પડે જ છે, અને તે શાહુકાર પાસે જાય છે અને શાહુકાર તેમને ધીરે છે. તેની પાસેથી શાહુકાર દોઢું વ્યાજ

---

* ૧૯૫૪ના નવેમ્બર માસના 'શિક્ષણ અને સાહિત્ય'માં બહાર પડેલા 'ગ્રામઘીરધારનો એક પ્રયોગ' નામના લેખમાંથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીધા વગર રહેતો નથી. તે અંગે સોસાયટીએ વિચાર કર્યો લાગતો નથી. જો શાખ વગરના ખેડૂતો શાહુકારને દોઢું વ્યાજ આપી શકે છે તો સોસાયટીને કેમ ન આપી શકે?

(૩) વળી જે શાખવાળા છે, તેને પણ તેની શાખના પ્રમાણે જ નાણાં ધીરવામાં આવે છે. તેની શાખ કરતાં તેને વધારે નાણાં ધીરવામાં આવતાં નથી. એટલે સહકારી મંડળીના સભાસદને જેટલાં નાણાં જોઈએ તેટલાં નાણાં તેને મળી શકતાં નથી. એટલે વધારાનાં જોઈતાં નાણાં માટે તેને શાહુકાર પાસે જવાનું રહે છે અને ત્યાં દોઢું વ્યાજ આપવાનું રહે છે. એટલે કે, સહકારી મંડળીના સભાસદને પણ છેવટે શાહુકારની દાઢીમાં હાથ નાખવાનો જ રહે છે. આ રીતે, સહકારી મંડળીના સભાસદની પણ પૂરી ભીડ દૂર થતી નથી.

(૪) જો કદાચ નાણાં ઉપાડનાર સભ્ય સંજોગવશાત્ નાણાં નક્કી કરેલી મુદતમાં ભરી ન શકે તો તેની જમીનને ટાંચ આવે, કબજે થાય અને હરાજ પણ થાય. અથવા તેમ થતું અટકાવવું હોય તો શાહુકાર પાસેથી નાણાં વ્યાજે લાવી સહકારી મંડળીને ભરવાં પડે.

આ પ્રકારની મુશ્કેલીઓનો ઉકેલ પ્રચલિત સહકારી મંડળીઓ કરી શકતી નથી. તે દ્વારા તે કરવું મુશ્કેલ છે. આથી શાહુકારી ધીરધાર અને શોષણ ચાલુ રહે છે. તેનો ઉકેલ લાવવા માટે બીજા પ્રયત્નો કરવા ઘટે.

જંગલ સહકારી મંડળી:– (Forest Society)

અહીં આ પ્રકારની મંડળીઓ પણ સારા પ્રમાણમાં ચાલે છે. તે દિનપ્રતિદિન વિકસતી જાય છે. માલનો નિકાલ એ રીતે કરવામાં આવે છે: $\frac{1}{3}$ માલ તો જંગલમાંથી સીધો વેચવામાં આવે છે, જ્યારે $\frac{2}{3}$ માલ બજારમાં વેચવા માટે મોકલવામાં આવે છે.

આ મંડળીઓનો મૂળ ઉદ્દેશ જંગલમાં વસતા આદિવાસીઓનું, અત્યાર સુધી, જંગલ કૉન્ટ્રાક્ટરો દ્વારા જે ભારે શોષણ થતું આવેલું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે અટકાવવાનો અને તેમની આર્થિક સુધારણા કરવા માટેનો છે. આ રાજ્યમાં તેની શરૂઆત ૧૯૪૭માં થઈ. તે માટે કુલ ૧૧ સભ્યની એક સમિતિ નીમવામાં આવી છે.

આ જંગલ મજદૂર સહકારી મંડળીનું સંચાલન-કાર્ય, સામાન્ય રીતે, સ્થાનિક કોઈ સામાજિક સંસ્થા, સર્વોદય યોજના અથવા પ્રાંતિક યા જિલ્લા ઔદ્યોગિક મંડળીઓ અથવા એકસાઈઝ ખાતા હસ્તક રાખવામાં આવે છે.

મુંબઈ પ્રાંતમાં લગભગ ૧૦૮ આવી મંડળીઓ છે. તેમાંથી ૧૬ મંડળીઓ પંચમહાલ જિલ્લામાં ચાલે છે. તે મંડળીઓનું સંચાલન મુખ્યત્વે ભીલ સેવા મંડળની રાહદારી નીચે ચાલે છે. દાહોદ અને ઝાલોદ તાલુકામાં સને ૧૯૪૮માં (૧) ખરોદા બોરવાણી મજૂર સહકારી મંડળી લિ. (૨) છાયણગ્રૂપ મજૂર સહકારી મંડળી લિ. મળી કુલ બે જંગલ મજૂર સહકારી મંડળી ભીલ સેવા મંડળની રાહદારી નીચે સ્થાપવામાં આવી છે. તેના કામકાજના આંકડા નીચે આપવામાં આવ્યા છે:

વર્ષ	સભાસદ સંખ્યા	રિઝર્વફંડ અને બીજા ફંડો	કુલ કિંમત	માલની ઉપજાવેલી કિંમત
૧૯૪૮-૪૯	૨,૯૨૮	૩,૨૪૨	૧૫,૨૫૦	૨૮,૪૬૭
૧૯૫૨-૫૩	૩,૬૧૯	૯,૩૨૯	૧૯,૭૫૭	૧,૧૦,૪૦૫

વર્ષ	સભાસદોની મજૂરી તથા ગાડા ભાડું	વહીવટી ખર્ચ	નફો
૧૯૪૮–૪૯	૯,૨૮૪	૪,૦૭૭	૧૧,૬૩૧
૧૯૫૨–૫૩	૪૦,૪૪૬	૧૦,૭૮૬	૧૩,૫૧૦

અહીંની જંગલ સહકારી મંડળીઓ મુંબઈ પ્રાન્તના અન્ય કેટલાક ભાગોની જેમ કાયમ ખોટમાં ચાલતી નથી. પણ થોડો ઘણો પણ નફો કરે છે. આજે જેટલા પ્રમાણમાં આ મંડળીઓ નફો કરે છે તેથી સંતોષ માનીને બેસી શકાય તેમ નથી. જોકે વધુ નફો નથી થઈ શકતો તેનાં કેટલાંક વિશિષ્ટ કારણો છે, પણ તેનો કોઈ પણ રીતે ઉકેલ લાવવો ઘટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંની મંડળીઓમાં સામાન્ય રીતે વેપારી કુનેહ જોઈએ તેટલી જણાતી નથી. વળી ઉત્પાદન ખર્ચ (cost of production) અને વાહનખર્ચ વધારે આવે છે. વળી સારા ભાવ આવી શકતા નથી. બજારના ભાવોની ઊથલપાથલથી મંડળીઓને ઘણો જ ધક્કો લાગે છે. જોકે એકંદરે આ વિભાગની મંડળીઓનો વહીવટ સંતોષકારક રીતે ચાલે છે.

ઔદ્યોગિક સહકારી મંડળી :– (Industrial Co-operation)

ભીલોમાં આ પ્રકારની ઔદ્યોગિક મંડળીઓ સ્થપાયેલી નથી, જ્યારે બીજી કોમોમાં આ પ્રકારની મંડળીઓ વિશેષ ધ્યાન ખેંચે છે.

૧૧

આર્થિક સ્થિતિ

દાહોદ-ઝાલોદ તાલુકાની જુદી જુદી જગ્યાએ આવેલાં કુલ સાત ગામોનાં ભીલ કુટુંબોની, આ નિબંધ અંગે, આર્થિક તપાસ કરી છે. આ બન્ને તાલુકામાં વસતી સમગ્ર ભીલ કોમની આર્થિક સ્થિતિની કાંઈક સાચી ઝાંખી કરવાના હેતુથી, તપાસ કરેલાં ગામોની પસંદગી પણ ખાસ દૃષ્ટિથી કરવામાં આવી હતી. કેટલાંક ગામો સારી સ્થિતિનાં, કેટલાંક તદ્દન ખરાબ સ્થિતિનાં અને કેટલાંક મધ્યમ સ્થિતિનાં પસંદ કર્યાં હતાં. આ જ દૃષ્ટિથી દરેક ગામનાં કુટુંબોની પણ પસંદગી કરી હતી. તેમાં સારી સ્થિતિનાં, મધ્યમ સ્થિતિનાં અને ખરાબ સ્થિતિનાં લીધાં હતાં. તેની પસંદગી ભીલ સેવા મંડળના કાર્યકર્તાઓની મદદથી કરી હતી. વળી, ભીલો સાચા આંકડા આપે તે માટે, ત્યાંના સ્થાનિક કાર્યકર ભાઈઓને સાથે રાખ્યા હતા.

આર્થિક તપાસમાં આંકડા હંમેશાં સાચા જ મળે છે એમ નથી. સામાન્ય રીતે, લોકો કોઈક વસ્તુના વધુ પડતા આંકડા આપે છે. તો કોઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત ઓછા આંકડા આપે છે. વળી ભીલ પ્રજા જે અજ્ઞાન છે તે તો ક્યાંથી ચોક્કસ સાચા આંકડા આપી શકે? તેને પોતાને જ તેની ખબર હોતી નથી, એટલે અંદાજે આંકડા આપે. આથી તપાસ દરમ્યાન ખોટા આંકડાથી બચવા બનતી કાળજી રાખી છે; અને બને એટલી સાચી હકીકત મેળવવા કોશિશ કરી છે, કે જેથી મેળવેલા આંકડા ઉપરથી ભીલોની આર્થિક સ્થિતિનો સામાન્ય ખ્યાલ આવી શકે. છતાં કેટલીક વાર આંકડા માણસને ભ્રમમાં પણ નાખી દે અથવા ખોટી વસ્તુ પણ સાબિત કરી બેસે એવું બને. આ બધા દોષોથી બચવા શક્ય તેટલી કાળજી લીધી છે.

૭૩ કુટુંબોની આર્થિક તપાસનાં મહત્ત્વનાં પરિણામો નીચે મુજબ છે:

કુલ આવક	રૂ. ૬૮,૦૬૧
કુલ ખર્ચ	રૂ. ૯૬,૭૨૫
કુલ ખાધ	રૂ. ૨૮,૬૬૪

માથા દીઠ આવક	રૂ. ૯૩	કુટુંબ દીઠ આવક	રૂ. ૯૩૨
માથા દીઠ ખર્ચ	રૂ. ૧૩૮	કુટુંબ દીઠ ખર્ચ	રૂ. ૧,૩૨૫
માથા દીઠ ખાધ	રૂ. ૪૫	કુટુંબ દીઠ ખાધ	રૂ. ૩૯૩

ઉપરના આંકડાઓ ઉપરથી એમ કહી શકાય કે, દાહોદ-ઝાલોદના ભીલોની કુલ વાર્ષિક આવક રૂ. ૧૧ કરોડ (૧,૩૨,૦૦,૦૦૦) ઉપર હશે; અને ખર્ચ તેથી દોઢો હશે. એટલે કે, આવક કરતાં ખર્ચ દોઢું છે એમ જણાઈ આવે છે. અર્થાત્ લગભગ ૪૬ ટકા ખાધ આવે છે.

જુદી જુદી આવકવાળાં કુટુંબોનું પૃથક્કરણ:

આવક રૂ.	કુટુંબની સંખ્યા	ટકા
૧ થી ૫૦	૧	૧$\frac{૧}{૪}$
૫૧ ,, ૧૦૦	૧	૧$\frac{૧}{૪}$
૧૦૧ ,, ૨૫૦	૪	૫$\frac{૧}{૨}$
૨૫૧ ,, ૫૦૦	૧૯	૨૭
૫૦૧ ,, ૭૫૦	૧૩	૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૫૧ ,,	૧૦૦૦	૧૦	૧૫
૧૦૦૧ ,,	૧૫૦૦	૧૧	૧૫
૧૫૦૧ ,,	૨૦૦૦	૮	૧૧
૨૦૦૧ ,,	૩૦૦૦	૪	૫$\frac{1}{2}$
૩૦૦૧ ,,	૪૦૦૦	૨	૨$\frac{1}{2}$
૪૦૦૧ ,,	ઉપરના	—	—
કુલ		૭૩	૧૦૦

આ રીતે, ભીલોની સામાન્ય આવક ૨૫૦ થી ૨૦૦૦ સુધીની છે અને તેવા મળીને કુલ ૮૪ ટકા ભીલો છે. ૪૦૦૦ થી ઉપરની આવકવાળું કુટુંબ કોઈ જણાયું નથી. સામાન્ય રીતે, આ કોમમાં ભાગ્યે જ હોય છે.

વાર્ષિક નફા-તોટાની સ્થિતિનું પૃથક્કરણ

ખોટ

૧ થી	૧૦૦	૧૦	૧૩
૧૦૧ ,,	૨૦૦	૧૫	૧૮
૨૦૧ ,,	૩૦૦	૧૭	૧૯
૩૦૧ ,,	૫૦૦	૫	૬$\frac{1}{2}$
૫૦૧ ,,	૧૦૦૦	૧	૧$\frac{1}{3}$
૧૦૦૧ ,,	૨૦૦૦	—	—
૨૦૦૧ ,,	ઉપરના	—	—
કુલ		૪૮	૫૭$\frac{5}{6}$

લગભગ ૫૭ ટકા ભીલોને ખાધ આવે છે અને રૂા. ૧૦૧ થી ૩૦૦ સુધીની ખાધ લગભગ ૩૭ ટકાને આવે છે.

સરભર

	કુટુંબની સંખ્યા	ટકા
સરભર	૧૪	૧૭%

લગભગ ૧૭ ટકા ભીલોની આવક અને જાવકનું પ્રમાણ સરખું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચત

બચત	કુટુંબની સંખ્યા	ટકા
૧ થી ૧૦૦	૩	૪$\frac{૨}{૩}$
૧૦૧ થી ૨૦૦	૧	૧$\frac{૧}{૩}$
૨૦૧ થી ૨૫૦	૨	૨$\frac{૨}{૩}$
૨૫૧ થી ૫૦૦	૧	૧$\frac{૧}{૩}$
૫૦૧ થી ૭૫૦	૧	૧$\frac{૧}{૩}$
૭૫૧ થી ૧૦૦૦	૨	૨$\frac{૧}{૩}$
૧૦૦૧ થી ૧૫૦૦	—	—
૧૫૦૧ થી ૨૦૦૦	—	—
કુલ	૧૦	૧૫%

માત્ર ૧૫ ટકા ભીલો જ સુખી છે. તેઓ કંઈક બચત કરી શકે છે, પરંતુ તે પણ ઘણી ઓછી.

પ્રકાર	ટકા
બચતવાળાં કુટુંબો	૧૫
સરભર ,,	૧૭
ખાધવાળાં ,,	૬૮

તપાસેલાં કુટુંબોનું સરેરાશ વાર્ષિક આવક ખર્ચ

ગામનું નામ	આવક રૂ.	ખર્ચ રૂ.	બચત રૂ.	ખાધ રૂ.	ટકાવારી ખાધની
છાસિયા	૫૦૫	૧,૧૨૫	—	૬૨૦	૧૨૪
મેલાણિયા	૧,૨૨૬	૧,૬૬૬	—	૪૪૦	૩૪
બિલવાણી	૬૯૫	૧,૦૩૬	—	૩૪૦	૪૯
મીરાખેડી	૬૨૯	૧,૨૪૫	—	૬૧૬	૯૦
ખરેડી	૧,૫૫૮	૧,૭૮૨	—	૨૨૪	૧૬
ચંદલા	૯૫૧	૧,૩૮૩	—	૪૩૨	૪૬
ગુલબાર	૯૦૯	૧,૨૮૬	—	૩૦૭	૩૪
સરેરાશ	૯૩૨	૧,૩૬૦	—	૪૨૮	૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબ દીઠ માસિક આવક ખર્ચ

ગામનું નામ	આવક રૂ.	ખર્ચ રૂ.	બચત રૂ.	ખાધ રૂ.	ટકાવારી ખાધની
છાસિયા	૪૨	૯૪	—	૫૨	૧૨૪
મેલાણિયા	૧૦૨	૧૩૮	—	૩૬	૩૪
બિલવાણી	૫૮	૮૬	—	૨૮	૪૯
મીરાખેડી	૫૨	૧૦૪	—	૫૨	૯૦
ખરેડી	૧૨૮	૧૪૮	—	૧૯	૧૬
ચંદલા	૭૮	૧૧૫	—	૩૬	૪૬
ગુલબાર	૭૬	૧૦૧	—	૨૫	૩૪
સરેરાશ	૭૭	૧૧૨	—	૩૫	૫૬

કુટુંબ દીઠ સરેરાશ

પ્રકાર	વધારેમાં વધારે આવક	ઓછામાં ઓછી આવક	વધારેમાં વધારે ખર્ચ	ઓછામાં ઓછો ખર્ચ	વધારેમાં વધારે ખાધ	ઓછામાં ઓછી ખાધ
વાર્ષિક રૂ.	૧,૫૫૮	૫૦૫	૧,૭૮૨	૧,૦૩૬	૬૨૦	૨૨૪
માસિક ,,	૧૨૯	૪૨	૧૪૮	૮૬	૫૨	૧૯

ઉપરના આંકડાઓમાં આપણે કુટુંબ દીઠ સરેરાશ વાર્ષિક અને માસિક આવકખર્ચ તપાસ્યાં. ભીલોની સ્થિતિનો વધુ સ્પષ્ટ ખ્યાલ આવે તે માટે આપણે તેમના માથાદીઠ વાર્ષિક તેમ જ માસિક આવક ખર્ચના પણ સરેરાશ આંકડા જોઈએ.

માથા દીઠ સરેરાશ વાર્ષિક આવકખર્ચ : (રૂ.)

ગામનું નામ	આવક	ખર્ચ	બચત	ખાધ
છાસિયા	૫૬	૧૨૬	—	૭૦
મેલાણિયા	૧૦૭	૧૪૪	—	૩૭
બિલવાણી	૭૭	૧૧૫	—	૩૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાખેડી	૮૦	૧૫૨	—	૭૨
ખરેડી	૧૪૨	૧૬૫	—	૨૩
ચંદલા	૧૦૮	૧૫૬	—	૪૮
ગુલબાર	૮૧	૧૧૦	—	૨૯

માથા દીઠ માસિક સરેરાશ આવકખર્ચ: (રૂ.)

ગામનું નામ	આવક	ખર્ચ	બચત	ખાધ
છાસિયા	૧૦	૧૬	—	૬
મેલાણિયા	૯	૧૨	—	૩
બિલવાણી	૭	૧૦	—	૩
મીરાખેડી	૭	૧૩	—	૬
ખરેડી	૧૨	૧૪	—	૨
ચંદલા	૭	૧૩	—	૪
ગુલબાર	૭	૯	—	૨

માથા દીઠ ઓછાંવત્તાં આવકખર્ચ: (રૂ.)

પ્રકાર	વધુમાં વધુ આવક	ઓછામાં ઓછી આવક	વધુમાં વધુ ખર્ચ	ઓછામાં ઓછો ખર્ચ	વધુમાં વધુ ખાધ	ઓછામાં ઓછી ખાધ
વાર્ષિક રૂ.	૧૪૨	૫૬	૧૬૫	૧૧૦	૭૨	૨૯
માસિક ,,	૧૨	૭	૧૬	૯	૬	૨

આ ઉપરથી, આ પ્રદેશના ભીલોની કંગાલિયતનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી. માથા દીઠ માસિક વધુમાં વધુ સરેરાશ આવક રૂા. ૧૨ છે અને ઓછામાં ઓછી સરેરાશ આવક રૂા. ૭) છે. વધુમાં વધુ રૂા. ૧૬) સરેરાશ માથા દીઠ ખર્ચ થાય છે અને ઓછામાં ઓછો માસિક માથા દીઠ રૂા. ૯) ખર્ચ થાય છે. અને સરેરાશ રૂા. ૮) આવક અને રૂા. ૧૨) માસિક માથા દીઠ ખર્ચ થાય છે. એટલે સરેરાશ આવક કરતાં દોઢું ખર્ચ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબ દીઠ સરેરાશ ખર્ચનું પ્રમાણ: (વાર્ષિક)

નામ	રૂા.	ટકા
ખોરાકનું	૮૪૮	૬૪
બળતણનું	૫૩	૪
અન્ય	૪૨૪	૩૨
કુલ	૧,૩૨૫	૧૦૦

કુટુંબ દીઠ સરેરાશ ખોરાકનું ખર્ચ: (વાર્ષિક)

ખોરાક	રૂા.	ટકા
અનાજ	૭૫૬	૮૯
ગોળ	૩૩	૩½
તેલ	૩૦	૩
ખાંડ–ચા	૨૬	૨
મસાલા	૧૪	૧½
અન્ય ખોરાકી	૯	૧
કુલ	૮૪૮	૧૦૦

કુટુંબ દીઠ સરેરાશ અન્ય ખર્ચ: (વાર્ષિક)

અન્ય ખર્ચ	રૂા.	ટકા
કપડાં	૨૦૮	૪૯
સામાજિક અને ધાર્મિક	૪૮	૧૧
તંબાકુ અને બીજાં વ્યસનો	૧૨૦	૨૯
દવાદારૂ	૧૨	૨½
માટીનાં અને બીજાં વાસણો	૯	૨
ગાડીભાડું	૨૦	૪½
અન્ય ખર્ચ	૮	૨
કુલ	૪૨૪	૧૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબ દીઠ સરેરાશ રૂા. ૯૩૨ વાર્ષિક આવક છે. જ્યારે તેમનો કેવળ ખોરાકીખર્ચ રૂા. ૮૪૮ છે. એટલે તેમને ખાવાપૂરતું ધાન તો ઉત્પન્ન થઈ રહે છે. લગભગ ૧૧ ટકા અનાજ તેમને જોઈતા ખોરાક કરતાં વધુ પાકે છે. પરંતુ એ ૧૧ ટકા વધુ ઉત્પન્નમાંથી તેમનો બીજો ખર્ચ નીકળી શકતો નથી. ખોરાક અને બળતણનું ખર્ચ મળીને રૂા. ૯૦૧) (સરેરાશ કુટુંબ દીઠ) આવે છે. આ પ્રમાણે ખોરાકપૂરતું બધું ખર્ચ તેમના કુલ ઉત્પન્નમાંથી નીકળી શકે છે. પણ તેનો અર્થ એ નથી કે, તેના જીવનનિર્વાહનો બધો ખર્ચ તેમાંથી નીકળી શકે છે. આવક કરતાં તેમનું ખર્ચ લગભગ દોઢું છે. એટલે કાં તો ભીલો અર્ધે પેટે જીવન ચલાવે છે અથવા તો દેવું કરીને ચલાવે છે. આવો છે ભીલોનો જીવન કલહ. (struggle for existence).

તમાકુ

અન્ય ખર્ચના આકડા જોતાં, તેમાં તમાકુનું ખર્ચ, અને સામાજિક તથા ધાર્મિક ખર્ચના આંકડા ધ્યાન ખેંચે છે. કુલ ખર્ચના નવ ટકા તમાકુ પાછળ અને કુલ **અન્ય** ખર્ચના ૨૯* ટકા ખર્ચ તો તેઓ કેવળ ધુમાડાના ગોટા કાઢવા પાછળ કરે છે. આ બદી કેવળ ભીલોમાં જ જોવામાં આવે છે એમ નથી, પણ સુસંસ્કૃત કહેવાતી અને ગણાતી પ્રજાનું પણ પ્રિય દૂષણ છે. બીડી, તમાકુ એ આજના સમાજમાં પ્રસરેલું દુર્વ્યસન છે. તેમાં આપણે ભીલોને શો દોષ દઈ શકીએ? જો ભીલોને એ ખર્ચ અને વ્યસનમાંથી છોડાવવામાં આવે તો તેમને આશીર્વાદરૂપ નીવડે.

ભીલો અનેક દેવદેવીઓને માને છે, તેની વારંવાર માનતા રાખે છે અને પશુઓનો ભોગ ધરે છે. માંદગીના સમયે તેઓ ભૂવાને બોલાવી બડવૈ કરે છે અને તે સમયે ઘણો ખર્ચ કરે છે. વળી કેટલાક ધાર્મિક અને સામાજિક રીતરિવાજોમાં અંધશ્રદ્ધાથી ખોટું ખર્ચ કરે છે. આ ખર્ચ અજ્ઞાનતાને લીધે થાય છે.

---

* આ ૨૯ ટકા ખર્ચ તે અન્ય ખર્ચના પ્રમાણમાં છે, પણ કુલ ખર્ચના પ્રમાણ સાથે સરખાવતાં તમાકુના ખર્ચનું પ્રમાણ કુલ ખર્ચના નવ ટકા થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમાકુનું ખર્ચ (રૂ.)

ગામનું નામ	સરેરાશ કુટુંબ દીઠ	કુટુંબ દીઠ સરેરાશ કુલ ખર્ચ	ટકાવારી
છાસિયા	૭૨	૧,૧૨૫	૬
મેલાણિયા	૬૪	૧,૬૬૬	૩૧/૪
બિલવાણી	૬૯	૧,૦૩૬	૬
મીરાખેડી	૧૦૦	૧,૨૪૫	૮
ખરેડી	૧૫૦	૧,૭૮૨	૮૧/૪
ચંદલા	૨૦૫	૧,૩૮૩	૧૫
ગુલબાર	૨૦૦	૧,૨૮૬	૧૫

વત્તાંઓછાં પ્રમાણ

પ્રકાર	કુટુંબ દીઠ રૂ.
વધુમાં વધુ	૨૦૫
ઓછામાં ઓછું	૬૪
સરેરાશ	૧૧૬

તમાકુનું સરેરાશ માથા દીઠ રૂા. ૧૨) ખર્ચ આવે છે. આ ઉપરથી, આ બન્ને તાલુકાના ભીલો દર વર્ષે રૂા. ૧૫ લાખ કેવળ ધુમાડામાં ઉડાવે છે એમ કહી શકાય.

'હવે આપણે તેમની મિલકતો કેટલી છે તે જોઈશું. સામાન્ય રીતે તેમની મિલકત જમીન, ઢોર અને ઘરેણાંમાં રોકાયેલી રહે છે. જુદાં જુદાં ગામની કુટુંબદીઠ સરેરાશ મિલકત નીચે મુજબ છે:

મિલકતો

ગામનું નામ	કુટુંબ દીઠ સરેરાશ મિલકત રૂા.
છાસિયા	૨,૨૫૩
મેલણિયા	૨,૯૪૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભિલવાણી	૫,૩૬૧
મીરાખેડી	૨,૭૫૩
ખરેડી	૨,૮૪૮
ચંદલા	૩,૪૪૩
ગુલબાર	૨,૧૩૫
સરેરાશ	૨,૮૪૮

જુદી જુદી મિલકતોની ટકાવારી

ગામનું નામ	ખેતી અને જમીન	ઢોર	ઘરેણાં અને કથીર
છાસિયા	૭૨	૨૩	૫
મેલાણિયા	૫૬	૩૯	૫
ભિલવાણી	૮૨	૧૫	૩
મીરાખેડી	૭૨	૧૧	૩
ખરેડી	૭૬	૨૨	૨
ચંદલા	૭૭	૧૬	૭
ગુલબાર	૬૯	૨૯	૨
સરેરાશ	૭૫	૨૩	૨

પ્રકાર	ખેતી અને જમીન	ઢોરની	ઘરેણાં અને કથીર
વધુમાં વધુ	૮૨%	૩૯%	૭%
ઓછામાં ઓછી	૫૬%	૧૫%	૨%

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨

દેવું

ખેડૂતોની આર્થિક ઉન્નતિ માટે ઊભી કરવામાં આવેલી સહકારી મંડળીઓ, બેંકો, અને કેટલાક કાયદા કાનૂન વગેરે આપણે જોયું, પણ ભીલ ખેડૂત દેવામાંથી સંપૂર્ણપણે મુક્ત થશે અને તેને ફરી દેવું કરવાની સ્થિતિ ઊભી થવાનો સંભવ રહેશે નહીં, તો જ તે અંગે કરેલા સર્વ પ્રયત્નો સફળ થયા ગણી શકાશે, નહીં તો તે કેવળ ઉપર ઉપરની મરામત જેવા રહેશે. ભીલ એક વાર દેવામાંથી છૂટે અને થોડા સમય પછી ફરી એની એ જ હાલતમાં આવી પડે તો કરેલા પ્રયત્નો નિષ્ફળ ગયા ગણાય.

તપાસેલાં કુટુંબોનું સરેરાશ કુટુંબ દીઠ અને માથા દીઠ દેવું (રૂ.)

ગામનું નામ	કુટુંબ દીઠ સરેરાશ દેવું	માથા દીઠ સરેરાશ દેવું
છાસિયા	૧૩૨	૧૩–૦–૦
મેલાણિયા	૧૮૫	૧૭-૧૪-૦
બિલવાણી	૯૩	૧૦–૪–૦
મીરાખેડી	૬૬	૮–૨–૦
ખરેડી	૩૩૦	૩૦–૦–૦
ચંદલા	૮૫	૧૦–૦–૦
ગુલબાર	૧૨૦	૧૨–૮–૦
	બધાં ગામોનું કુટુંબદીઠ સરેરાશ દેવું રૂ.	બધાં ગામોનું માથાદીઠ સરેરાશ દેવું રૂ.
સરેરાશ	૧૪૫	૧૫–૩–૦

ઉપર આપેલા આંકડાઓમાં શાહુકારના અને સહકારી મંડળીઓના દેવાનો સમાવેશ થાય છે. આ આંકડાઓ ઉપરથી એમ કહી શકાય કે, આ બંને તાલુકાના ભીલોને લગભગ રૂા. ૧। થી ૧॥ લાખનું દેવું હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપાસેલાં કુટુંબોના સહકારી મંડળીઓના ગામવાર તેમ જ કુટુંબદીઠ અને માથાદીઠ સરેરાશ દેવાના આંકડા નીચે પ્રમાણે છે :

ગામનું નામ	સહકારી મંડળીનું તપાસેલાં કુટુંબોનું કુલ દેવું	કુટુંબનું સરેરાશ દેવું	માથાદીઠ દેવું
	રૂ. આ. પા.	રૂ. આ. પા.	રૂ. આ. પા.
છાસિયા	—	—	—
મેલાણિયા	૬૬૫-૦-૦	૫૫-૦-૦	૪-૧૪-૦
બિલવાણી	૮૬૦-૦-૦	૭૧-૦-૦	૮-૦-૦
મીરાખેડી	૨૦૦-૦-૦	૩૩-૦-૦	૪-૧-૦
ખરેડી	૧૦૦-૦-૦	૧૦-૦-૦	૧-૦-૦
ચંદલા	૮૭૫-૦-૦	૭૩-૦-૦	૮-૨-૦
ગુલબાર	૧૦૨૦-૦-૦	૧૦૨-૦-૦	૧૦-૦-૦

પ્રકાર	તપાસેલાં કુટુંબોનું કુલ દેવું (સહ. મં. નું)	કુટુંબનું સરેરાશ દેવું	માથાદીઠ સરેરાશ દેવું
વધારેમાં વધારે	૧૦૨૦	૧૦૨-૦-૦	૧૦-૦-૦
ઓછામાં ઓછું	૧૦૦	૧૦-૦-૦	૧-૦-૦
સરેરાશ	૧૪૫	૫૦-૦-૦	૫-૩-૦

તપાસેલાં કુટુંબોના ગામવાર, કુટુંબદીઠ અને માથાદીઠ શાહુકારના દેવાના સરેરાશ આંકડા નીચે મુજબ છે :

ગામનું નામ	કુટુંબદીઠ સરેરાશ દેવું	માથાદીઠ સરેરાશ દેવું
છાસિયા	૧૨૧-૦-૦	૧૩-૧૦-૦
મેલાણિયા	૧૨૮-૦-૦	૧૩-૬-૦
બિલવાણી	૨૦-૦-૦	૧-૧૨-૦
મીરાખેડી	૩૩-૦-૦	૪-૧-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરેડી	૩૨૦—૦—૦	૨૯—૦—૦
ચંદલા	૧૬—૦—૦	૧-૧૪-૦
ગુલબાર	૨૦—૦—૦	૨—૮—૦
સરેરાશ	૯૫—૦—૦	૧૦—૦—૦

શાહુકારના દેવાનાં જુદી જુદી જગ્યાનાં ઓછાવત્તાં પ્રમાણો :

પ્રકાર	કુટુંબદીઠ સરેરાશ દેવું	માથાદીઠ સરેરાશ દેવું
વધારેમાં વધારે	૩૨૦—૦—૦	૨૯—૦—૦
ઓછામાં ઓછું	૧૬—૦—૦	૧-૧૨-૦
સરેરાશ	૯૫—૦—૦	૧૦—૦—૦

દેવા અંગેનું તારણ (ટકામાં)

દેવાવાળાં કુટુંબ	દેવા વગરનાં કુટુંબ	શાહુકારના દેવાવાળાં કુટુંબ	સહકારી મં. ના દેવાવાળાં કુટુંબ	બંનેના દેવાવાળાં કુટુંબ
૬૯	૩૧	૩૮	૩૧	૫

આ આંકડા બતાવે છે કે, અહીંના ભીલોમાંથી ૬૯ ટકા દેવાદાર છે. વળી આગળ ઉપર જોયેલા આંકડાઓમાં પણ ૬૮ ટકા ભીલોને હંમેશાં ખાધ આવે છે અને બચત થતી નથી. અહીં માત્ર ૩૧ ટકા જ કુટુંબો દેવા વગરનાં છે. ૩૮ ટકા કુટુંબોને શાહુકારનું દેવું છે અને ૩૧ ટકા દેવું સહકારી મંડળીઓનું છે. આ ઉપરથી જણાય છે કે, શાહુકારોનું જોર હજી પણ ઠીક ઠીક પ્રમાણમાં છે. વળી તેમનો વ્યાજનો દર સવાયા અને દોઢા દરથી ઓછો નથી. મોટા ભાગના ભીલોએ શાહુકારને ત્યાંથી રોકડ નાણાં ઉપાડયાં ન હતાં, પણ કપડાં તથા અનાજના રૂપમાં દેવું કર્યું હતું. જ્યારે સહકારી મંડળીઓનું દેવું કરનારાઓએ ખાસ કરીને ઘાસ, તથા બળદ ખરીદવા માટે દેવું કર્યું હતું. વળી ૫ ટકા એવા પણ હતા, કે જેમને શાહુકાર તેમ જ સહકારી મંડળીનું થોડું થોડું દેવું હતું. પહેલાં જ્યારે સહકારી મંડળીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હતી ત્યારે ૭૦ થી ૮૦ ટકા દેવું તો શાહુકારનું જ રહેતું, પણ આજે તેનું પ્રમાણ ઘટીને ૩૮ ટકા થયું છે. અને ભવિષ્યમાં તેનું પ્રમાણ ઘટતું જશે, છતાં શાહુકારોનું વર્ચસ્વ સદંતર ઉડાડવા માટે હજી વર્ષો લાગશે એમ સામાન્ય રીતે કહી શકાય. જેમ જેમ ભીલોમાં જાગૃતિ આવતી જશે અને પોતાનું સાચું હિત સમજતા થશે તેમ તેમ તેઓ સહકારી મંડળીઓનો વિશેષ લાભ લેતા થશે અને શાહુકારોના પંજામાંથી છૂટશે. જોકે સાથે સાથે સહકારી મંડળીઓની કાર્યપદ્ધતિ પણ તેમને અનુકૂળ થવી ઘટે.

ઉપરના આંકડાઓ ઉપરથી જણાય છે કે, માથાદીઠ સરેરાશ કુલ દેવું રૂા. ૧૫) છે; અને તેમાં રૂા. ૧૦) શાહુકારના અને રૂા. ૫) સહકારી મંડળીના છે. એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, હાલમાં ભીલોને ત્યાં સહકારી મંડળીઓ કરતાં શાહુકારોની મૂડી ૧½ ગણી વધુ ધિરાયેલી છે.

કુટુંબદીઠ સરેરાશ દેવું

કુલ દેવું	શાહુકારનું દેવું	સહકારી મંડળીઓનું દેવું
૧૪૫	૯૫	૫૦

કુલ ૭૩ કુટુંબો તપાસ્યાં હતાં. તેમાં લગભગ ૩૧ ટકા કુટુંબો દેવા વગરનાં હતાં. જે દેવાદાર કુટુંબો હતાં તેમાં ઓછામાં ઓછું દેવું રૂા. ૮૦)નું હતું અને વધારેમાં વધારે દેવું રૂા. ૭૦૦ નું હતું. અત્યાર સુધી આપણે ભીલો અને તેમના દેવાનો પ્રશ્ન વિચાર્યો. હવે આપણે જમીન અને દેવાનો સંબંધ જોડી વિચાર કરીશું.

જુદાં જુદાં ગામોનું સરેરાશ એકરદીઠ દેવું

ગામનું નામ	દેવું રૂા. આ. પા.
છાસિયા	૧૩–૮–૦
મેલાણિયા	૨૭–૦–૦
બિલવાણી	૬–૦–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાખેડી	૮–૦–૦
ખરેડી	૨૪–૮–૦
ચંદલા	૯–૪–૦
ગુલબાર	૧૫–૦–૦
સરેરાશ	૧૪–૫–૪

એક એકરદીઠ વધુમાં વધુ રૂા. ૨૭) અને ઓછામાં ઓછું રૂા. ૬) દેવું છે, જ્યારે સરેરાશ રૂા. ૧૪–૫–૪ છે.

આપણે આગળ ઉપર જોઈ ગયા કે, ભીલોને આવક કરતાં ખર્ચ દોઢું છે. ખેતીમાંથી તેમનો પૂરતો નિર્વાહ થઈ શકતો નથી. તેથી તેમને પોતાનું જીવન ટકાવી રાખવા અને પોતાના બીજા ખર્ચને પહોંચી વળવા કાયમ દેવું કરવું પડે છે. તેને લીધે તેની આર્થિક સ્થિતિ વધુ વિકટ બને છે. વર્ષોથી તેમની આ દશા ચાલી આવે છે. પોતાના બાપદાદાના વખતથી તે દેવાદાર છે. તે દેવામાં જન્મે છે, જીવે છે અને મરે છે. સને ૧૯૩૯માં સરકાર તરફથી મિ. ડી. સીમિંગ્ટનને મુંબઈ ઇલાકાના બધા પછાત વિભાગોની તપાસ કરવા મોકલવામાં આવ્યા હતા. તેમણે બધે ફરીને આવા વિભાગોની તપાસ કરી એક રિપોર્ટ તૈયાર કર્યો હતો. તે રિપોર્ટમાં અહીંના ભીલોની આર્થિક સ્થિતિ ઘણી ખરાબ છે એમ જણાવ્યું છે. વળી તેનાં કારણો પણ આપ્યાં છે, કે જેનો સાર છૂટોછવાયો આગલાં પ્રકરણોમાં આવી ગયો છે.*

*વધુ વિગત માટે જુઓ "The Report of Aboriginals and Hill Tribes of the Partially Excluded Areas in the Province of Bombay" By D. Symington I. C. S. page 61.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩

દારૂબંધીની અસર

સામાન્ય રીતે બધા આદિવાસીઓ આ બદીથી પિડાઈ રહ્યા છે. નાચ, ગાન, જલસા વગેરે સામાજિક ક્રિયાઓમાં તેમ જ જન્મ, લગ્ન, મરણ, વારતહેવાર વગેરેની તેમની ધાર્મિક ક્રિયાઓમાં દારૂ સૌથી પ્રથમ હોય છે. એકંદરે એમ કહી શકાય કે, તેઓ દેવાની જેમ, દારૂમાં જ જન્મે, જીવે અને મરે છે. આ પ્રથા તેઓમાં પરંપરાથી ચાલી આવે છે. દારૂ પીવો એ તેમને મન અનૈતિક કે હાનિકારક વસ્તુ નથી, પણ આવશ્યક વસ્તુ અને અનેરો આનંદ લૂંટવાનું એક સાધન મનાતું આવ્યું છે.

પરાપૂર્વથી તેઓ જંગલમાં જ રહેતા હોવાથી, પહેલાં જંગલમાં જ દારૂ ગાળી પીતા હતા. પરંતુ જ્યારથી ખાનગી દારૂ ગાળવાની બંધી કરવામાં આવી ત્યારથી તેઓ દારૂનાં પીઠાં તરફ વળ્યા. છતાં તેઓ મહુડાંનો દારૂ છૂપી રીતે જંગલોમાં તૈયાર કરતા.

ખાનગી દારૂ

જ્યારથી ખાનગી દારૂ ગાળવાની પ્રથા કાયદાથી બંધ કરવામાં આવી ત્યારથી તેમના ઉપર એક મોટો આર્થિક ફટકો પડ્યો. જંગલોમાં દારૂ ગાળવામાં તેમને કાંઈ ભારે ખર્ચ આવતું ન હતું. તેઓ મન ફાવે એટલો ગાળી શકતા. પણ જ્યારથી તેની બંધી થઈ ત્યારથી તેમને દારૂ માટે પૈસા ખરચવા પડતા. ૧૯૩૭–૩૯માં આ તાલુકામાં દારૂની એક બૉટલના પાંચથી ૭ આના બેસતા, પણ યુદ્ધકાળ દરમ્યાન અને પછી દારૂની બૉટલનો રૂા. ૧) ભાવ રહ્યો હતો. એક તો તેમની આવક ઓછી હોવાથી માંડ માંડ જીવનનિર્વાહ ચલાવતા હતા, તેમાં આ બીજો ખર્ચ વધ્યો. ખાનગી દારૂ ગાળવાની મનાઈ થવાથી, ભીલોએ કાંઈ દારૂ પીવાનો ઓછો ન કર્યો. ઊલટું દેવું કરીને પણ દારૂ પીવાનો ચાલુ રાખ્યો. આમ, એક તરફ તેનો ખર્ચ વધ્યો જ્યારે બીજી તરફ તેમની આવક તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલી ને એટલી જ રહી. એટલે તેમની આર્થિક સ્થિતિ ઉપર ફટકો પડ્યો. તેને લીધે તેઓ દિનપ્રતિદિન વધુ ને વધુ દેવાદાર થતા ગયા. દારૂના ક્ષણિક આનંદની પાછળ તેમનું જીવન પણ દિવસે ને દિવસે વધુ છિન્નભિન્ન થતું ગયું. ગરીબ ભીલ દારૂ અને દેવાની ચક્કીમાં પિલાતો રહ્યો. એ અસહ્ય સ્થિતિમાંથી તેને છોડાવવા, તેના જીવનને સુખ, શાંતિ, સમૃદ્ધિને માર્ગે વાળવા તેમ જ તેને સાચા આનંદની દિશા બતાવવા માટે, દારૂબંધીનો કાયદો તેનાં દ્વાર ખખડાવતો આવી પહોંચ્યો.

કેટલાક લોકો એવો ભય બતાવતા આવ્યા છે કે, દારૂબંધીથી ભીલોનાં નિર્દોષ જીવન કરમાઈ જશે, તેમનું નૈતિક અધઃપતન થશે. તેથી તેમને તો દારૂ પીવાની છૂટ આપવી જોઈએ. વળી જંગલમાં પણ તેમને દારૂ ગાળવાની છૂટ હોવી જોઈએ. ઉપરની દલીલમાં નૈતિક અધઃપતન શબ્દનો ઉપયોગ તેનો સાચો અર્થ સમજ્યા વગર જ કરવામાં આવ્યો હોય એમ લાગે છે. કદાચ એ શબ્દ દલીલ કરવા ખાતર જ વાપર્યો હોય એમ હોવા સંભવ છે.

દારૂબંધીના કાયદાથી શરૂઆતમાં અનેક પ્રકારના પ્રત્યાઘાતો થયેલા જોવામાં આવે છે. કદાચ ચોરીછૂપીથી દારૂ ગળાય અને પિવાય, પણ તેથી તેનો અર્થ એમ ન ઘટાવી શકાય કે, દારૂબંધીથી ભીલોનું નૈતિક અધઃપતન થયું છે.

દારૂબંધીથી ભીલોનું નૈતિક અધઃપતન થશે અથવા થયું છે એવી મતલબનું કહેનારા ચાર વર્ગો છે:

પ્રથમ વર્ગ

ઉચ્ચ ગણાતા વર્ગના લોકો કે જેમને દારૂ પીવાની લત પડી છે અને ખાનગીમાં પ્રમાણસર હંમેશાં થોડોઘણો પણ પીધા વગર જેને ચાલતું નથી, એવા લોકોને દારૂબંધી થવાથી ચોરીછૂપીથી કાળાં બજારમાં તથા મોંઘા ભાવે દારૂ ખરીદવો પડતો હોવાથી તેઓ ઊકળી ઊઠ્યા છે. તેથી, ભીલોના તથા પ્રજાના નૈતિક અધઃપતન થવાનાં રૂપાળાં બહાનાં અને દલીલો કરી, કોઈ પણ રીતે દારૂબંધીનો કાયદો રદ કરાવવા ચાહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો વર્ગ

દારૂબંધી થવાથી જે વર્ગના વેપારને સીધી યા આડકતરી રીતે હાનિ પહોંચી છે તે, અથવા દારૂને લીધે અત્યાર સુધી ભીલોને અજ્ઞાનતામાં ગોંધી રાખી જેઓને તેમનું નિરંતર શોષણ કરવાની તક મળી રહેતી, તેવા લોકો ઊકળી ઊઠ્યા છે અને કોઈ પણ રીતે દારૂબંધી નિષ્ફળ નીવડે એવું ઇચ્છે છે.

ત્રીજો વર્ગ

આંધળો લોકવર્ગ છે, જે ઉપરછલી દૃષ્ટિવાળો છે અને જે સ્વતંત્ર વિચાર કર્યા વગર જ લોકવાયકાના પ્રવાહમાં તણાઈને તેમાં પોતાનો સાદ પૂરે છે.

ચોથો વર્ગ

પશ્ચિમી તથા પશ્ચિમી ઢબના વિદ્વાનોનો છે, જે કેવળ જીવનના અનુપમ આનંદનો એકાંગી જ વિચાર કરે છે. તેઓ સદા ભીલોનાં જીવનનો અનુપમ આનંદ છિન્નભિન્ન થઈ જશે એવી દલીલો કર્યા કરે છે. બીજી તરફ, દારૂની લતથી મળતો ક્ષણિક આનંદ લૂંટવા જતાં, ભીલોનું સમગ્ર જીવન છિન્નભિન્ન થાય છે તેનો જરા પણ વિચાર કરવા તેઓ થોભતા નથી. પરંતુ કેવળ આનંદને જ લક્ષમાં રાખીને જીવનનો વિચાર ન કરી શકાય. સમગ્ર જીવનને લક્ષમાં રાખીને જ તે વિચારી શકાય. તેમાં દરેક અંગને ઘટતું મહત્ત્વ આપવું જોઈએ, નહીં તો ભારે મોટો અનર્થ થવા સંભવ રહે છે.

દારૂબંધીથી ભીલોનો ક્ષણિક આનંદ કદાચ ઘટશે, પણ તેમનું સમગ્ર જીવન છિન્નભિન્ન થતું અટકશે અને તેઓ આર્થિક બરબાદીમાંથી પણ છૂટશે. કદાચ ચોરીછૂપીથી પીવાને લીધે ઘણાને એ વ્યસન વળગી રહેશે. પણ તેથી ભાવી પેઢી તો બચી જ જશે. નવી પેઢી તેના વમળમાં નહીં સપડાય.

આ આખા પ્રદેશમાં દારૂબંધી હોવા છતાં, કેટલાક ભાગોમાં દારૂ ખાનગી રીતે ગળાય છે અને તે ભીલો જ ગાળે છે. તે પોતાને પીવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે તેમ જ વેપાર અર્થે ચોરીછૂપીથી ગાળે છે. તેમ જ નજીકના શહેરની છૂપી માંગને થોડે ઘણે અંશે પૂરી પાડે છે. આમ, ભીલો ઉપરાંત, કહેવાતો ઉચ્ચ વર્ણ પણ દારૂ પીએ છે.

એકંદરે જોતાં, દારૂબંધીની અસર ભીલો ઉપર સારી થઈ છે. તેઓ પોતે પણ તેથી રાજી થયા છે અને દારૂની છૂટ ફરી ન થાય એવું તેઓ પણ ઇચ્છે છે. જો દારૂની ફરી છુટ્ટી થશે તો ફરી તે પીધા વગર રહેવાના નથી, અથવા રહી શકશે નહીં એમ કબૂલ કરે છે. એટલે દારૂબંધી ચાલુ રહે એવું તેઓ પોતે પણ ઇચ્છે છે. દારૂબંધીના કાયદાનો સફળ રીતે અમલ થાય તો એ ખરેખર ભીલ કોમ માટે આશીર્વાદરૂપ જ નીવડશે.

આજે તેઓ પહેલાં જેટલો દારૂ પીતા નથી, છતાં પણ તેમનો ખર્ચ આવક કરતાં દોઢો છે. જ્યારે તેઓ દારૂ પીતા ત્યારે લગભગ બમણો ખર્ચ પણ થઈ જતો. તેઓ દારૂ પીવામાં મર્યાદા રાખતા ન હતા. પણ તેમની પાસે પૈસા જ થોડા રહેતા હોવાથી, આપોઆપ તેમાં મર્યાદા આવી જતી.

તપાસ કરેલાં કુટુંબ દીઠ દારૂના ખર્ચના આંકડા નીચે મુજબ છે. આ આંકડા હાલના નથી પણ જ્યારે દારૂબંધીનો કાયદો અમલમાં ન હતો ત્યારના છે. વળી તે વાર્ષિક (રૂ. માં) છે.

ગામનું નામ	કુટુંબ દીઠ	માથા દીઠ
છાસિયા	૧૫૮	૧૮
મેલાણિયા	૧૭	૨
બિલવાણી	૨૩૦	૨૫
મીરાખેડી	૫૦	૬
ખરેડી	૧૦૫	૧૦
ચંદલા	૧૦૦	૧૦
ગુલબાર	૨૪૦	૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાર	કુટુંબ દીઠ	માથા દીઠ
વધારેમાં વધારે	૨૪૦	૨૫
ઓછામાં ઓછું	૧૭	૨
સરેરાશ	૧૨૯	૧૪

સૌથી વધુમાં વધુ દારૂનો ખર્ચ લગભગ રૂા. ૧,૧૦૦ એક કુટુંબમાં થયો હતો. કદાચ તે હકીકત અતિશયોક્તિવાળી પણ હોઈ શકે.

આપણે આગળ ઉપર જોઈ ગયા કે, કુટુંબ દીઠ સરેરાશ વાર્ષિક આવક રૂા. ૯૩૨ છે અને ખર્ચ રૂા. ૧,૩૨૫ છે. તેમાં વળી દારૂનો સરેરાશ ખર્ચ રૂા. ૧૨૯ ઉમેરવામાં આવે તો તે સરેરાશ રૂા. ૧,૪૫૪ થાય. એટલે રૂા. ૪૨૨ દર વર્ષે સરેરાશ ખાધ આવે. પણ આજે એ સ્થિતિ નથી, એટલે દારૂબંધી થવાથી કુટુંબ દીઠ સરેરાશ રૂા. ૧૨૯ બચ્યા. આ આંકડા બન્ને તાલુકાની સમગ્ર ભીલ કોમને લાગુ પાડવામાં આવે તો લગભગ રૂા. ૧૯,૮૮,૦૦૦ (રૂા. વીસ લાખ) ભીલોના ઘરમાં સરેરાશ દર વર્ષે બચે છે એમ સામાન્ય રીતે કહી શકાય. અર્થાત્ એમ કહી શકાય કે દારૂબંધીને લીધે, ભીલોના કુલ ખર્ચમાં ૧૦ ટકા કાપ થયો. અથવા ૧૦ ટકા બચત થઈ. (ઉપરના આંકડા ઉપરથી જણાય છે કે, ભીલોના કુલ ખર્ચનો ૧૦ ટકા ખર્ચ દારૂનો હતો અને તે હવે બચે છે, એટલે તેમને એટલી રાહત થઈ ગણાય.)

૧૪

ભીલ સેવા મંડળ

ભીલ સેવા મંડળ એ આદિવાસીઓના કલ્યાણ માટેની હિંદમાં સૌથી જૂની સ્વદેશી સંસ્થા છે. પૂજ્ય ઠક્કરબાપાની દોરવણી નીચે ભીલ સેવા મંડળે આદરેલા કાર્યથી સારું ગુજરાત અને અન્ય આદિવાસી સેવકો સુપરિચિત છે. આ સંસ્થા પરદેશી પ્રચાર મંડળોનો વટાળનો હેતુ બાદ કરતાં, ખ્રિસ્તી પ્રચારમંડળોના ધોરણે રચાયેલી છે. તેની પ્રગતિના સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરમિયાન, માત્ર ભીલોનો જ પ્રશ્ન ઉપાડીને આ સંસ્થા બેસી નથી રહી, પણ જેમની સામાજિક ઉન્નતિ આપણી ઊગતી લોકશાહીમાં તાત્કાલિક જરૂરની છે, તેવી દલિત કોમો સમેતની પછાત જાતિઓના તમામ વર્ગોને સ્પર્શતા પ્રશ્નોને પણ આ સંસ્થાએ પોતાના સેવાકાળ દરમિયાન આવરી લીધા છે.

સ્થાપના:—સને ૧૯૨૧–૨૨માં દાહોદ-ઝાલોદ તાલુકાઓમાં પૂ. ઠક્કરબાપા દુષ્કાળ-રાહતનું કાર્ય કરતા હતા ત્યારે તેમણે દુષ્કાળની કચેરીને 'ભીલ સેવા મંડળ'ની કચેરીમાં ફેરવી નાખી. તેનો મુખ્ય હેતુ 'ભીલોની સામાજિક તથા આર્થિક સ્થિતિ સુધારવાના ઉપાયો યોજવા અને રાજકીય ચળવળના ક્ષેત્રની બહાર રહેવું,' એ હતો. આ મંડળની સ્થાપના થઈ તે સમયે ભયંકર દુષ્કાળ ફેલાયેલો હતો. તેનું હૃદયદ્રાવક વર્ણન શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિકના શબ્દોમાં નીચે પ્રમાણે છે:

'ચીતરી ચડે એવા મકાઈના બટકું રોટલા માટે ટળવળતાં હાડપિંજરો, તળિયાઝાટક થઈ ગયેલા, કાદવિયા પાણીવાળા, ગંદા કૂવા સામે જોઈ નિસાસો મૂકતાં થાકેલાં ઢોરો, કાંટા ઝીંટેલાં સૂનાં સૂનાં ઝૂંપડાં. . . . . . લગભગ પૂરેપૂરી નગ્નાવસ્થા ભોગવતી તરુણ કુમારિકાઓ, સ્ત્રીઓ અને બાળકોનાં ટોળેટોળાંને, આખો દિવસ નીચાં નમીનમીને, રણ જેવાં સુક્કાં ખેતરોમાંથી માટી અને ઘાસ વાળીવાળીને, મહામહેનતે પાશેર, અર્ધો શેર ઘાસનાં બીજ ભેગાં કરતાં જોઉં છું. એ અઢી આનાના રોજ સારુ પાંચપાંચ, દશદશ ગાઉ દૂરથી ઘરબાર છોડીને આવેલા સેંકડો પુરુષોને સડક ઉપર અને ચૂનાની ભઠ્ઠી ઉપર આખો દિવસ પથ્થર ફોડતા નિહાળું છું. કાંઈ પણ બિછાના વગર કડકડતી ટાઢમાંથી કાંઈક બચવા માટે તાપણી પાસે ધરતીમાતનું શરણું લઈને સૂતેલી અને પોતાનાં બાળકોને પોતાના આછાં કપડાંથી અને દૂંઠાળાં અંગથી ઢાંકવાનો મિથ્યા પ્રયત્ન કરતી સ્ત્રીઓની કલ્પના મગજને ભમાવે છે. આ સ્થિતિ જોઈ કુદરત પણ લાજે, તો શું મનુષ્ય નહીં શરમાય?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરની સ્થિતિમાંથી ભીલ સેવા મંડળની સ્થાપના થઈ. પૂ. ઠક્કરબાપાને તેમાં કામ કરવા માટે ઉત્તમ સેવકો મળ્યા. તેમાંના કેટલાકનાં નામ નીચે મુજબ છે: (૧) શ્રી. સુખદેવભાઈ ત્રિવેદી (૨) શ્રી. લક્ષ્મીદાસ મંગળદાસ શ્રીકાન્ત (૩) શ્રી. પાંડુરંગ ગોવિંદ વણીકર (૪) શ્રી. ડાહ્યાભાઈ નાયક (૫) શ્રી. અંબાલાલ વ્યાસ વગેરે.

ભીલ સેવા મંડળનો ઇતિહાસ જોતાં જણાય છે કે તે અનેક સંકટો વટાવી, આશાનિરાશા વચ્ચે ઝોલાં ખાતું પણ એકધારું સંગીન કાર્ય કરતું આવ્યું છે.

આપણે આગળ જોઈ ગયા કે, ભીલ સેવા મંડળ મુખ્યત્વે ભીલોની સામાજિક તથા આર્થિક ઉન્નતિ માટે અથાક પ્રયત્નો કરી રહ્યું છે. તે સાથે મોટા પાયા ઉપર શિક્ષણ પ્રવૃત્તિ, સહકારી પ્રવૃત્તિ, દારૂબંધીનો પ્રચાર, દવાદારૂની સહાય (Medical Relief) વગેરે અનેક પ્રવૃત્તિઓ ચલાવી રહ્યું છે. ગુજરાતમાં દેશી રાજ્યોના વિલીનીકરણને લીધે, આ મંડળનું કાર્યક્ષેત્ર દિનપ્રતિદિન વધુ વિસ્તૃત થવા લાગ્યું છે.

આશ્રમો (Hostels)

ભીલ સેવા મંડળની દેખરેખ નીચે કુલ નવ આશ્રમો ચાલે છે: (૧) જેસાવાડા (૨) મીરાખેડી (૩) દાહોદ (૪) ઝાલોદ (૫) દુધિયા (૬) સંતરામપુર (૭) ઝધડિયા (૮) રાજપીપળા અને (૯) ખેડબ્રહ્મા. આ ઉપરાંત જેસાવાડા અને મીરાખેડીમાં સ્થાનિક શાળાઓ ચલાવવામાં આવે છે. નવે આશ્રમોમાં થઈને છાત્રો (boarders)ની સંખ્યા લગભગ ૨૬૦ જેટલી છે. સામાન્ય રીતે આ વિદ્યાર્થીઓ પોતે જ રાંધે છે અને અન્ય ગૃહકાર્ય કરે છે. સને ૧૯૫૧–૫૨માં ત્રણ વિદ્યાર્થીઓએ 'પી. એસ. સી.'ની પરીક્ષા પસાર કરી છે. બે વિદ્યાર્થીઓએ ખેતીવાડીની શાળાનું શિક્ષણ પૂરું કર્યું છે. ત્રણ વિદ્યાર્થીઓએ 'એસ. એસ. સી.'ની પરીક્ષા પસાર કરી છે. ૨૫ વિદ્યાર્થીઓએ માધ્યમિક શાળાનું શિક્ષણ પૂરું કર્યું છે. અને ત્રણ વિદ્યાર્થીઓ કૉલેજમાં શિક્ષણ લઈ રહ્યા છે. એક વિદ્યાર્થીએ બી. એ. જી.ની પરીક્ષા પસાર કરી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળા

મંડળીની દેખરેખ નીચે કુલ ૯૩ શાળાઓ ચાલે છે. તેમાંની ૨૮ શાળાઓ દાહોદ–ઝાલોદનાં ગામડાંઓમાં ચાલે છે. ૪૦ શાળાઓ સંત તાલુકામાં અને ૨૫ શાળાઓ બારીઆ તાલુકામાં ચાલે છે. આ શાળાઓમાં શિક્ષણ લેતા કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૩,૧૬૫ની છે. તેમાંથી સરેરાશ હાજરી ૭૫ ટકા જેટલી રહે છે.

આ વિભાગમાં કુલ ૧૪૪ પ્રૌઢશાળાઓ ચાલે છે, જેમાંની ૩૦ ભીલ સેવા મંડળની સહાયથી શરૂ કરવામાં આવી છે. પ્રૌઢશાળામાં શિક્ષણ લેતા પ્રૌઢોની કુલ સંખ્યા લગભગ ૩,૯૫૦ની છે.

મંડળની દેખરેખ હેઠળ ચાલતી સહકારી મંડળીઓ અંગે આપણે તે અંગેના પ્રકરણમાં જોઈ ગયા છીએ. તેથી અહીં તેનું પુનરાવર્તન કરવાની જરૂર નથી.

આ ઉપરાંત, આ મંડળ સરકારને જૂનાં પણ ખેતીને કામમાં આવે એવાં તળાવો બંધાવવા માટે સહકાર આપી રહ્યું છે. આ મંડળ તરફથી દારૂબંધીનો પ્રચાર ઠીક ઠીક થઈ રહ્યો છે, અને દારૂબંધી સફળ કરવા માટે મંડળ સરકારને સારો સાથ આપી રહ્યું છે.

મલેરિયા, ચામડીના રોગ વગરે માટે કેટલીક ખાસ દવાઓ જુદા જુદા આશ્રમો અને શાળાકેન્દ્રોમાં રાખવાની જોગવાઈ કરી છે અને એ રીતે ભીલોને 'દફીય સહાય' કરવામાં આવે છે.

સર્વોદય કેન્દ્ર

આ ઉપરાંત, સરકારે સર્વોદય યોજનાનું કાર્ય પણ મંડળને સોંપ્યું છે. આ કામકાજ તા. ૧૬–૬–'૪૯થી શરૂ થયું છે. તેમાં ઝાલોદ તાલુકાનાં ૩૨ ગામો અને દાહોદ તાલુકાનાં ૧૩ ગામો મળી ૪૫ ગામો લેવામાં આવ્યાં છે. આ ૪૫ ગામોને પાંચ કેન્દ્રમાં વહેંચી દેવામાં આવ્યાં છે અને તેની મધ્યસ્થ કચેરી મીરાખેડીમાં રાખવામાં આવી છે. દરેક કેન્દ્રની વિગત નીચે મુજબ છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેન્દ્રનું નામ	કાર્યકર્તાઓની સંખ્યા	ગામોની સંખ્યા
૧ મીરાખેડી	૩	૯
૨ બિલવાણી	૨	૧૦
૩ કારઠ	૨	૯
૪ રતીઆળી	૨	૯
૫ શણાપુર	૨	૮
કુલ	૧૧	૪૫

આ યોજનાની વ્યવસ્થા કરવા માટે નવ સભ્યોની એક સમિતિ નીમવામાં આવી છે.

સર્વોદય યોજનાની વિકાસ પ્રવૃત્તિઓએ આ વિભાગના ખેડૂતોને રસ લેતા કર્યાં છે. તેઓની આર્થિક, સામાજિક અને કેળવણી-વિષયક ઉન્નતિ અર્થે, યોજના તરફથી નીચેની વિકાસ–પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે:

(૧) ખેતી સુધારણા (૨) કેળવણી (૩) ગૃહઉદ્યોગ (૪) પશુ ઉછેર (૫) મરઘાં ઉછેર (૬) પ્રચાર અને (૭) સામાજિક પ્રચાર.

ખેતી સુધારણા

સર્વોદય કાર્યકર્તાઓના પ્રયત્નથી વર્ષ દરમ્યાન ૩૨૫ નવા કાચા કૂવાઓનું ખોદકામ કરાવવામાં આવ્યું છે. ૧૮૨ ચાલુ જૂના કૂવા ઊંડા ઉતારી વધુ જમીન પિયત હેઠળ આણવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિને લીધે ૬૦૦ એકર જમીન પિયત હેઠળ લાવવામાં આવી છે. તેથી દર વર્ષે દોઢસો ટન અનાજનું વધુ ઉત્પન્ન લઈ શકાશે. આ કાર્યને વધુ વેગ મળે અને ગરીબ ખેડૂતોને પ્રોત્સાહન મળે એ હેતુસર યોજના તરફથી ૫૦ ખેડૂતોને ફક્ત રૂા. ૧,૦૦૦ની મદદ આપવામાં આવી છે. કાચા કૂવાઓ હોવાથી પ્રતિ વર્ષ કૂવાની ઉપરની માટી અંદર પડે છે. આવા કૂવાને દર ત્રણ વર્ષે ગળાવવા પડે છે. કાચા કૂવા પાછળ દર વર્ષે લાકડાનો ખર્ચ બચાવવા તેને પાકા કરવા એ વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારું છે. આ પરિસ્થતિને ધ્યાનમાં લઈ યોજના તરફથી ૮ કૂવા પાકા કરવા માટે રૂા. ૧,૬૦૦ની નાણાંકીય સહાય માલના રૂપમાં આપવામાં આવી હતી. કૂવાઓનું ચણતરકામ કાર્યકર્તાઓની દેખરેખ હેઠળ ખેડૂતોને કરી આપવામાં આવ્યું છે. અછતના વખતમાં કૂવા ઊંડા ઉતારી સાફ કરાવવામાં આવે તો ભવિષ્યમાં પાણીની તંગી ઓછી થાય અને વધુ પ્રમાણમાં પિયત કરી શકાય. એ કાર્યને વધુ ઉત્તેજન મળે તે હેતુથી, યોજના તરફથી ખેડૂતોને કૂવા ખોદવા માટે જરૂરી ઓજારો જેવાં કે તીકમ, પાવડા, નરાજ, છીણુા વગેરે નજીવા દરે ભાડે આપવામાં આવ્યાં હતાં. તેનાથી ૧૮૨ કૂવા ઊંડા ઉતાર્યા છે.

સર્વોદય યોજના હસ્તક ખોદાયેલા કૂવાની વિગત

પ્રકાર	કૂવાની સંખ્યા	પિયત હેઠળ આણેલી જમીન એ. ગુંઠા	લોક ભાગ રૂા.	સર્વોદય ભાગ રૂા.	કુલ ખર્ચ રૂા.
ખોદાવેલ કાચા કૂવા	૩૨૫	૬૦૦·૦	૫૮,૪૫૫	૨,૦૪૦	૬૦,૪૯૫
જૂના કૂવા ઊંડા ઉતાર્યા	૧૮૨	૫૧-૩૦	૧૫,૭૧૦	...	૧૫,૭૧૦
પાકા કરાવેલા કૂવા	૮	...	૭,૧૨૮	૧,૬૦૦	૮,૭૨૮

શાકભાજી

જેમ જેમ કૂવાઓ વધતા ગયા તેમ તેમ ખેડૂતોને પોતાના કુટુંબના વપરાશ માટે શાકભાજી ઉગાડવા સમજાવવામાં આવ્યા. વળી તેમને પ્રોત્સાહન મળે તે માટે શરૂઆતનાં બે વર્ષ તેઓને શાકભાજીનાં બી મફત આપવામાં આવેલાં. દર વર્ષે ૫૦ થી ૬૦ એકર જમીનમાં શાકભાજી ઉગાડવામાં આવે છે. ભીલ ખેડૂતો વધારાની શાકભાજી વેચી સારા પ્રમાણમાં પૈસા મેળવે છે. વળી તેમને દાહોદમાં શાકભાજી વેચવા લઈ જવા માટે મોટર લૉરીની પણ સગવડ કરી આપવામાં આવે છે. તપાસના વર્ષમાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેડૂતોએ શાકભાજીના વેચાણમાંથી રૂા. ૩૭૮૬૦)ની ઉપજ લીધી છે. આ રીતે, સર્વોદય યોજનાની મદદ હેઠળ લગભગ ૧૩૮ ભીલ ખેડૂતોએ કુલ ૫૮ એકર ૩૦ ગુંઠામાં શાકભાજી ઉગાડ્યાં હતાં.

આ ઉપરાંત, ૧૨ ખેડૂતો પાસે બે એકર જમીનમાં આદુનું વાવેતર કરાવવામાં આવ્યું હતું અને ૩૮ ખેડૂતો પાસે ૧૫ એકર જમીનમાં શકરિયાનું વાવેતર કરાવવામાં આવ્યું હતું.

ખાતર

વર્ષ દરમ્યાન ૧૩૭ કમ્પોસ્ટના નવા ખાડા ખોદાવવામાં આવ્યા હતા, ૧૩ ખાડા પદ્ધતિસર ભરાવવામાં આવ્યા હતા અને ભરેલા ૨૦૦ ખાડા સરખા કરાવવામાં આવ્યા હતા. વળી વર્ષ દરમ્યાન છાણિયા ખાતરના ૩૨૦ ખાડા સરખા કરાવ્યા હતા અને ૬૦ ખાડા નવા ખોદાવવામાં આવ્યા હતા.

જમીનનું ધોવાણ

ધોવાણ અટકાવવા પાળા બાંધી તેને વધુ ફળદ્રુપ બનાવવા પ્રચાર કરવામાં આવ્યો હતો. વર્ષ દરમ્યાન ૧૦૦ એકર જમીનમાં પાળા બાંધવામાં આવ્યા હતા.

ખેતી વિકાસ

જિલ્લાના ખેતીવાડી અધિકારીની મદદ લઈ છ ગામો પસંદ કરી એક યોજના તૈયાર કરવામાં આવી હતી. આ ગામો ઉપરાંત, યોજનાનાં બીજાં ગામોમાં પણ તે અંગે પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી, જે નીચે મુજબ છે:

(૧) સુધારેલા બીની વહેંચણી :— ૧૪૮ એકર જમીનમાં 'સમેરી' મકાઈનું વાવેતર કરાવવામાં આવ્યું હતું. વળી ૨૮ એકરમાં 'ક ૧૪૮' ડાંગરનું વાવેતર કરાવવામાં આવ્યું હતું. ૧૦ એકર જમીનમાં નિફાડ–૪ અને ૪૫ એકર જમીનમાં કેનફાડ ઘઉંનું વાવેતર કરાવવામાં આવ્યું હતું.

(૨) શણનો પડવાસ :— કૂવાવાળા ખેતરમાં શણનો પડવાસ કરી જમીન સુધારવા માટે ભીલ ખેડૂતોને સમજાવવામાં આવ્યા હતા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામે ૨૯૦ એકર જમીનમાં શણનો પડવાસ કરાવવામાં આવ્યો હતો. વનમહોત્સવ દરમ્યાન ખેડૂતો પાસે ૩,૫૦૭ જુદી જુદી જાતનાં ઝાડ રોપાવવામાં આવ્યાં હતાં.

કેળવણી અને સમાજ શિક્ષણ

કેટલાંક માબાપોને સમજાવીને તેમનાં બાળકોને સર્વોદય વિસ્તારમાં ચાલતી પ્રાથમિક શાળામાં દાખલ કરાવ્યાં. વળી સ્કૂલ બોર્ડ તરફથી ગામડાંઓમાં ૭ નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરાવી. પ્રૌઢો માટે ૩૭ સમાજિક શિક્ષણના વર્ગો ચલાવવામાં આવ્યા હતા, જેમાં ૮૧૦ મોટેરાંને લખતાં વાંચતાં શીખવવા ઉપરાંત ભજનો, રાસ દાંડિયા અને રમત ગમતનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. બાળ સંસ્કાર સિંચન અર્થે બાલમંદિર પણ ચલાવવામાં આવે છે.

ગૃહઉદ્યોગ

વસ્ત્રસ્વાલંબન માટે તેમ જ નવરાશના વખતમાં કાંઈ મજૂરી કે કામધંધો મળી રહે તે માટે સર્વોદય વિસ્તારમાં તૂટક તૂટક ૧૦૦ રેંટિયા ચલાવવામાં આવ્યા હતા અને ખેડૂતોએ ૫૩૪ આંટી સૂતર કાંત્યું હતું તથા ૩૨૮ ચોરસ વાર ખાદી વણવામાં આવી હતી.

આજુબાજુનાં ગામડાંના ખેડૂતોને તલનું ચોખ્ખું તેલ અને ખોળ પૂરાં પાડવાની દૃષ્ટિએ મીરાખેડીમાં બે ઘાણી ચાલુ કરવામાં આવી છે; અને વર્ષ દરમ્યાન ૪૦ ઘાણી ખેડૂતોને કાઢી આપી હતી. તેમ જ ૬૯૫ મણ તલ પીલવામાં આવ્યા હતા.

પશુ ઉછેર

આપણે આગળ જોઈ ગયા કે આ પ્રદેશમાં ઢોર ઘણાં દૂબળાં છે. તેમની સંખ્યા વધારે છે, તેથી ઢોરની ઓલાદ સુધારવાની દૃષ્ટિએ સર્વોદય યોજના તરફથી ૧૪ ગામોમાં ૧૪ કાંકરેજી આખલા મૂકવામાં આવ્યા છે. આ ચૌદ આખલા પૈકી સાત આખલા ખેડૂતોને અર્ધી કિંમતે આપ્યા છે. આ ઉપરાંત મીરાખેડીમાં ગૌશાળા પણ શરૂ કરવામાં આવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરઘાં ઉછેર

આ વિભાગમાં આદિવાસી ખેડૂતો મરઘાં પાળે છે. તેઓ મરઘાં ઉછેરવામાં રસ લે છે. અહીંની દેશી મરઘાંની ઓલાદમાં ઈંડાં મૂકવાની શક્તિ ઓછી છે. આ ધંધાની ખિલવણી કરવામાં આવે તો મરઘાં ઉછેરથી ખેડૂતની કમાણીમાં વધારો થાય અને તેની આર્થિક સ્થિતિ સુધરે. મરઘાં ઉછેર ખાતા તરફથી દેશી મરઘાંની ઓલાદ સુધારવા યોજનાનાં ગામોમાં ૨૫ વ્હાઈટ લેગ્હોર્ન મરઘાં ખેડૂતોને મફત આપવામાં આવ્યાં હતાં. વર્ષ દરમ્યાન યોજના તરફથી ખેડૂતોને વધુ ૨૫ વ્હાઈટ લેગ્હોર્ન મરઘાં ઓછા દરે મંગાવી આપવામાં આવ્યાં હતાં, અને તેનાથી ફળેલી મરઘીઓએ ૧,૫૦૪ વર્ણશંકર બચ્ચાં આપ્યાં હતાં. આ ઉપરાંત સર્વોદય તરફથી મીરાખેડીમાં "મરઘાં ઉછેર કેન્દ્ર"ની સ્થાપના કરવામાં આવી છે. તેમાં ૮૧ મરઘાં રાખવામાં આવ્યાં છે.

સહકાર પ્રચાર

સર્વોદય યોજનાનાં ૪૫ ગામો પૈકી ૪૦ ગામડાંમાં ખેતી વિષયક શરાફી મંડળીઓ દ્વારા, ખેડૂતોને વ્યાજના ઓછા દરે નાણાં આપવામાં આવે છે. નાણાં ઉપરાંત તેઓને બી વગેરે પૂરાં પાડવામાં આવે છે અને ખરીદ વેચાણ સંઘ મારફત ખેડૂતોને ખેતીની પેદાશ સારા ભાવે વેચી આપવાની ગોઠવણ કરી આપવામાં આવી છે.

આ ઉપરાંત સર્વોદય યોજના હસ્તક છાયણ ગ્રૂપ જંગલ મજદૂર સહકારી મંડળીનું સંચાલન કરવામાં આવ્યું હતું.

સામાજિક સંસ્કાર

સર્વોદય યોજના હસ્તક જુદાં જુદાં કેન્દ્રોનાં ગામોમાં સભાઓ તથા ભજન મંડળીઓ દ્વારા દારૂનિષેધ, વધુ અનાજ ઉગાડવા, સહકારી ધોરણે ખેતી કરવા, કેળવણી, ખેતી સુધારણા, સામાજિક સુધારણા, અને આરોગ્ય વિષે ખેડૂતોને સમજણ આપી પ્રચાર કરવામાં આવે છે.

અન્ય પ્રવૃત્તિઓ

જિલ્લા લોકલ બોર્ડ તથા ગામ લોકોની મદદથી રસ્તાઓનું સમારકામ કરવામાં આવે છે. તેમ જ કેટલીક જગ્યાએ નાનાં નાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તળાવો સુધરાવવાનું પણ કામ કરવામાં આવે છે. વળી ગ્રૂપ ગ્રામ પંચાયતો સ્થાપવાનું પણ કામ શરૂ થયું છે.

આ સર્વોદય યોજનાનું કાર્ય તો હમણાં નવું શરૂ કરવામાં આવેલું અને ખીલતું છે, પણ તે કઈ દિશામાં કાર્ય કરી રહ્યું છે અને તે ભીલોની આર્થિક સ્થિતિ સુધારવામાં શો ફાળો આપી શકશે એનો કાંઈ ખ્યાલ મેળવી શકાય તે દૃષ્ટિથી, તેનું થોડું કાર્ય હોવા છતાં, વિગતવાર આપણે જોયું. આ બધાં કાર્યો ભીલ સેવા મંડળનાં પેટા કાર્યો જ ગણી શકાય.

આમ, ભીલ સેવામંડળની ઉપરની બધી પ્રવૃત્તિઓને લક્ષમાં લેતાં, દાહોદ ઝાલોદ અને તેને લાગેલા પ્રદેશના સમગ્ર વાતાવરણમાં અને ભીલ પટેલિયા ભાઈઓમાં તથા ખેડૂતોમાં અમુક ચોક્કસ પરિવર્તન થયું છે એમ પ્રતીત થયા વગર રહેતું નથી. પરંતુ ભીલોમાં સાચી જાગૃતિ આણવા અને બીજા સમાજની હરોળમાં લાવવા માટે હજી વર્ષો સુધી અથાગ તપસ્યા કરવાની જરૂર છે, અને તે માટે સાચા અને ઉચ્ચ કક્ષાના સેવકોની ઘણી જરૂર છે.

આ ભીલ સેવા મંડળનો રજત મહોત્સવ તા. ૧૫ ઑક્ટોબર ૧૯૫૦માં આપણા રાષ્ટ્રપતિ શ્રી. રાજેન્દ્રબાબુના પ્રમુખપણા હેઠળ ઊજવવામાં આવ્યો હતો. તેમાં ઓરીસા, મધ્ય ભારત, આંધ્ર અને દિલ્હી જેટલે દૂરનાં સ્થાનેથી કાર્યકર્તાઓ ભાગ લેવા આવ્યા હતા.

પૂ. ઠક્કરબાપા ભીલ સેવા મંડળ પાસે આશા રાખતાં જણાવે છે કે, “મને વિશ્વાસ છે કે ભીલ સેવા મંડળ, દેવની જેના ઉપર ઓછી કૃપા ઊતરી હોય તેવા આપણા બંધુઓ માટે રચનાત્મક સામાજિક કામ કરવાની દેશના યુવાનોને પ્રેરણા આપશે અને એ રીતે આપણે પ્રાપ્ત કરેલા સ્વરાજના પાયા સંગીન બનાવી ગુજરાતના તમામ પછાત વર્ગોનું તેમના સુસંસ્કૃત ભાઈબહેનો સાથે ઝડપી સમીકરણ કરશે.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫
ઉપસંહાર

જીવમાત્રને પોતાનું જીવન ટકાવી રાખવાની તાલાવેલી હોય છે. જો મનુષ્યની ઓછામાં ઓછી, પણ આવશ્યક એટલી પ્રાથમિક જરૂરિયાતો પૂરી પડી રહે તો જીવવા પૂરતું તેનું જીવન ટકી રહે. પણ જ્યારે મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો પણ પૂરી ન થઈ શકે ત્યારે શું? ત્યારે કેવળ મૃત્યુ, ભૂખમરો અથવા ગુલામી પરિણમે છે. એવી સ્થિતિમાં માણસ જીવતો હોવા છતાં તે જીવતો હોતો નથી. તેનું જીવન એ જીવન હોતું નથી. આજે ગરીબો અને પછાત વર્ગની આ જ દશા છે. ભીલ સેવા મંડળની તપસ્યાને લીધે અહીંના ભીલોની આટલી હદ સુધીની દશા રહી નથી. છતાં હજી કંઈક અંશે છે. તે પ્રમાણ દિનપ્રતિદિન ઘટતું જાય છે. ભવિષ્ય आशाजनक લાગે છે, પણ તે માટે હજી વર્ષો લાગશે. હજી દુષ્કાળના સમયમાં ભીલોની પરિસ્થિતિ ઉપર જણાવ્યા જેવી જ થાય છે. આ મુલક દુષ્કાળનો સીધો શિકાર છે. વારંવાર તે આ પ્રદેશને ઘેરી વળે છે તે આપણે આગળ જોઈ ગયા. દુષ્કાળના સમયમાં ભીલોની શી દશા થાય છે તેનું આબેહૂબ ચિત્ર પૂજ્ય ઠક્કરબાપાએ ૧૯૩૩માં દોર્યું હતું.

પણ આજે તો આપણી સરકાર છે એટલે દુષ્કાળ પડતાં જ તેને માટે વખતસર ચાંપતા ઇલાજો લેવામાં આવે છે અને અનેક રીતે રાહતકાર્યો મોટા પાયા પર શરૂ કરવામાં આવે છે.

આપણે આગળનાં પ્રકરણોમાં ભીલોના જીવનની સ્થિતિ જોઈ. હવે એ બધાં પ્રકરણોના સાર રૂપે, મુદ્દાવાર વ્યવસ્થિત રીતે, તે ઉપર ફરી એક વાર નજર નાખી જઈએ.

(૧) ભીલો પછાત અને અજ્ઞાન છે.

(૨) ભીલો ઘણા બેકાર છે. તેમની પાસે નથી પૂરતી જમીન કે નથી પૂરતું કામ. તેમનું જીવનધોરણ ઘણું નીચું હોવા છતાં તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખેતીમાંથી પોતાનો પૂરતો નિર્વાહ ચલાવી શકતા નથી. આવક કરતાં સરેરાશ દોઢું ખર્ચ થાય છે. આ સ્થિતિ લગભગ ૭૦ ટકા ભીલોની છે, અને દેવાદાર વર્ગ પણ ૭૦ ટકા છે. આમ તેઓની આર્થિક સ્થિતિ સારી નથી.

(૩) દારૂબંધીની તેમની આર્થિક સ્થિતિ ઉપર સારી અસર થઈ છે. લગભગ ૧૦ ટકા ખર્ચ થતો અટક્યો છે. અર્થાત્ ૧૦ ટકાની બચત થઈ છે.

ઉપરની સ્થિતિ જોતાં જણાઈ આવે છે કે, ભીલોની આર્થિક સ્થિતિ સુધારવાની પ્રથમ જરૂર છે. તે માટે ભીલ સેવા મંડળ આજ ૨૮ વર્ષથી પોતાથી બનતા બધા પ્રયત્નો કરતું આવ્યું છે અને કરતું રહેશે. પણ અહીં આપણે સમગ્ર રીતે ભીલોની ઉન્નતિ અંગે સંક્ષિપ્તમાં વિચાર કરી લઈએ.

સુધારાનું મૂળ તો છેવટે વ્યક્તિ જાગૃતિ સુધી જાય છે. સમાજ તથા બીજાં બાહ્ય બળો તેને માટે સંજોગો નિર્માણ કરી આપે, તેને અનેક તક આપે, પણ જ્યાં સુધી વ્યક્તિ એ તક ઉઠાવવાનું મહત્ત્વ સમજી નથી ત્યાં સુધી તે તકનો લાભ ઉઠાવી શકતી નથી. જ્યાં સુધી વ્યક્તિને પોતાને જ સુધરવાની અથવા આગળ વધવાની ભૂખ જાગી નથી ત્યાં સુધી તેને માટે કરવામાં આવેલા સઘળા પ્રયત્નો નિષ્ફળ જાય છે. એટલે કોઈ પણ વ્યક્તિ, કોમ, સમાજ કે રાષ્ટ્ર હોય, તેનામાં સૌથી પ્રથમ જાગૃતિ આણવાની જરૂર છે. જ્યારે ભીલોમાં આત્મવિશ્વાસ જાગે, તેનામાં જાગૃતિ આવે, તેની પોતાની સ્વતંત્ર વિવેકશક્તિ ખીલે, ગ્રાહ્યા-ગ્રાહ્યનો વિચાર કરતો થાય, તેને પોતાને જ પોતાની આર્થિક સ્થિતિ સુધારવાની ભૂખ જાગે, અને તેનું મહત્ત્વ સમજતો થાય તો જ તેને માટે કરવામાં આવેલા પ્રયત્નો સંતોષકારક રીતે સફળ થાય. આનો અર્થ એ નથી કે, ભીલોમાં પૂરેપૂરી જાગૃતિ ન આવે ત્યાં સુધી કાંઈ બીજી સુધારણા—પ્રવૃત્તિઓ ન કરવી. પણ સૌથી વિશેષ જોર જાગૃતિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(Enlightenment) ઉપર આપવાની જરૂર છે, અને તે જાગૃતિ આણવા માટે ઉચ્ચ કક્ષાના, એટલે કે કેવળ ઘણું ભણેલા જ નહીં, પણ જેનું હૃદય આદિવાસીઓ પ્રત્યેના પ્રેમથી અને સહાનુભૂતિથી તરબોળ હોય અને રાત દિવસ તેઓના ઝૂંપડે ઝૂંપડે નિઃસ્વાર્થ સેવાવૃત્તિથી ઘૂમતા હોય તેવા સેવકોની જરૂર છે. તે કેવળ દલીલોથી જ પ્રજામાં જાગૃતિ આણવા ન મથે. સાથે સાથે પોતાના સંગીન જીવનથી પણ આદિવાસીઓના જીવનને જાગ્રત કરવા સમર્થ હોવા જોઈએ. સાથે સાથે તેમની મદદમાં વિશાળ પાયા ઉપર કામ કરનારી સંસ્થા હોવી જોઈએ. આને પરિણામે, જેમ જેમ ભીલો સમજતા થશે તેમ તેમ સુધરતા જશે. પોતાની ખેતી સમૃદ્ધ કરવા મથશે. પોતાનાં ઢોર સુધારવા મહેનત કરશે અને બીજા ઉદ્યોગો કરવા પણ તૈયાર થશે.

સમાજમાં દરેકને પૂરતાં કામ અને રોટી મળવાં જ જોઈએ અને એ સિદ્ધાંતને લક્ષમાં રાખી યોજનાઓ ઘડવી જોઈએ. જો એ સિદ્ધાંતને એક બાજુ રાખી યોજનાઓ ઘડવામાં આવે તો તે યોજના કદી પ્રજાનું સાચું કલ્યાણ નહીં કરી શકે. આજે ભીલોને પૂરતી રોટી અને કામ આપવાની ઘણી જરૂર છે. આજે તો તેમને પૂરતી રોટી મળતી નથી અને તેમની પાસે પૂરતું કામ નથી. તેઓ આજે કામ વિનાના બેકાર છે. તે ટાળવા આજે અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. જમીન સુધારણા માટે, ઉત્પન્ન વધારવા માટે, જે જે પ્રયત્નો થઈ રહ્યા છે તેનો આપણે આગલાં પ્રકરણોમાં ઉલ્લેખ કરી ગયા છીએ. તેમની બેકારી ટાળવા કેટલાક ઉદ્યોગો, ગૃહઉદ્યોગો અથવા હસ્ત ઉદ્યોગો વિકસાવવા પણ પ્રયત્નો થઈ રહ્યા છે. તે સિવાયના કેટલાક ઉદ્યોગો, જેનો આપણે આગળ ઉપર ઉલ્લેખ કર્યો નથી અને આ પ્રદેશમાં ખીલી શકે તેવા છે, તે ઉપર આપણે થોડો વિચાર કરી લઈએ.

આ પ્રદેશમાં ઉનાળામાં ખાખરાનાં પાન પુષ્કળ થાય છે. તેમાંથી 'પતરાળાં' સારાં બને છે. જો ભીલોને આ ધંધામાં વાળવામાં આવે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને ઉનાળામાં એક સારો હસ્તઉદ્યોગ મળી રહે અને ઉનાળા પૂરતી બેકારી ટળે. વળી એનાથી તેમની વાર્ષિક આવકમાં સારો વધારો થઈ શકે. કારણ કે અહીંનાં શહેરોની કેટલીક વિધવા બહેનો એ ધંધામાંથી રૂા. ૭૫ થી રૂા. ૧૫૦ દર વર્ષે પેદા કરે છે. પતરાળાંની માંગ દૂર દૂરના ભાગોમાંથી પણ આવે છે. પતરાળાંના વેચાણની જોગવાઈ સહકારી મંડળી દ્વારા કરી આપવી જોઈએ.

અહીંનાં જંગલોમાં લાખનાં જંતુઓ ઉછેરી શકાય તેમ છે. પણ ભીલો તેથી ઘણા અપરિચિત છે. આ ધંધો પણ મોટા પાયા પર વિકસાવી શકાય તેમ છે. આ ઉપરાંત અહીં ગુંદર પણ પુષ્કળ થાય છે, જે વેપારીઓ ભીલો પાસે સસ્તા દરે પડાવી લે છે. આવું જ મધ અંગે થાય છે. કૃત્રિમ માળાઓમાં મધમાખીનો ઉછેર કરવાની તાલીમ ભીલોને આપવામાં આવે તો એ દ્વારા પણ તેમને એક ઉદ્યોગ મળે અને તેમની આવકમાં વધારો થઈ શકે. ગુંદર અને મધનું વેચાણ સહકારી મંડળીઓ દ્વારા થવું જોઈએ.

દરેક ભીલ મરઘાં (કૂકડાં) પાળે છે, પણ તેની કાળજી રાખતો નથી. જો તે તેને કાળજીથી ઉછેરે અને તેની જાત સુધારવાનો પ્રયત્ન કરે તો તેના વેચાણ દ્વારા તેને સારી રોકડ આવક થઈ શકે. આ ઉદ્યોગ પણ મોટા પાયા પર ખીલવી શકાય એમ છે. ઈંડાં, મરઘાં વગેરેનું વેચાણ પણ સહકારી મંડળીઓ દ્વારા કરવામાં આવે તો તેમને તેના યોગ્ય દામ મળી શકે. આજે તેઓ મરઘાં, ઈંડાં વગેરે શહેરમાં આવી વેચે છે, પણ તેને યોગ્ય ભાવ મળતો નથી. મરઘાં ઉછેરના ઉદ્યોગની જેમ બકરાં–ઘેટાં ઉછેરનો ઉદ્યોગ પણ મોટા પાયા પર ખીલવી શકાય તેમ છે. આવું જ ઢોર અંગે થઈ શકે તેમ છે. ગાય–ભેંસની જાત સુધારી, તેમ જ પૂરતો ખોરાક પૂરો પાડી, દૂધનું ઉત્પન્ન વધારવું અને આજુબાજુનાં અમુક ગામોનાં જૂથ વચ્ચે નાની નાની સહકારી ડેરી ખોલી ત્યાંથી દૂધનું વેચાણ કરવાની વ્યવસ્થા ઊભી કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રીતે ત્યાં માખણ, ઘી વગેરે પદાર્થો બનાવી ગ્રામજનોને તથા આજુબાજુનાં શહેરોને શુદ્ધ દૂધ, ઘી, માખણ વગેરે પૂરાં પાડી શકાય અને ભીલોની આવક વધારી શકાય. વળી આ જ સહકારી ડેરીઓને પોતાના કબ્જા હેઠળનાં ગામોનાં ઢોરની સુધારણા વગેરેનાં કામો સોંપવામાં આવે તો આ ક્ષેત્રમાં સારી પ્રગતિ થઈ શકે એમ છે.

આ પ્રદેશમાં કપાસ બહુ થતો નથી. તેથી રેંટિયાનો ઉદ્યોગ મોટા પાયા પર ચાલી શકે તેમ નથી. છતાં ખેડૂતોની બેકારી ટાળવા પૂરતો ખીલવી શકાય તેમ છે અને તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. પતરાળાં બનાવવાં, મધમાખી ઉછેરવી, લાખનાં જંતુઓ ઉછેરવાં વગેરે તાલીમ શાળાઓમાં પણ છોકરાઓને આપવી જોઈએ. તે સાથે સીવણ, સુથારીકામ અને ખાદીકામ વગેરેને પણ યોગ્ય સ્થાન આપવું જોઈએ. આ ઉપરાંત પ્રૌઢોને ઉપરના ઉદ્યોગો શીખવવા અમુક મુદ્દતી વર્ગો પણ ખોલવા જોઈએ.

આ રીતે, ભીલોનું જીવનધોરણ ઊંચે લાવવાની જરૂર છે. એટલે કે સુસંસ્કૃત કહેવાતા લોકોમાં જે નિરુપયોગી ખર્ચ કરવામાં આવે છે તેવો ખર્ચ ભીલો પણ કરતા થાય, બિન-ઉપયોગી ચીજો ખરીદતા થાય, કેવળ ભૌતિક સુખમાં વિશેષ પડે એવું કહેવાનો અર્થ નથી. પરંતુ બીજી માનવ પ્રજાની સમાન કક્ષાએ પહોંચવા જીવનને આવશ્યક એટલી વસ્તુઓ તેમને સરળતાથી મળવી જોઈએ, અથવા તે ખરીદવા સમર્થ થવા જોઈએ. આજે તો તેઓ ભર શિયાળે જેવી તેવી એક ચાદર ઓઢી આજુબાજુ તાપણી કરી પડ્યા રહે છે અને ભર ઉનાળે બપોરે ધગધગતી ધૂળમાં ઉઘાડા પગે ચાલ્યા જાય છે. તે પૂરતા પ્રમાણમાં કપડાં પહેરતો થવો જોઈએ તેમ જ બીજી જરૂરિયાતોથી વંચિત ન રહેવો જોઈએ. આજે તો આર્થિક અવદશાને લીધે, પોતે જીવનધોરણ સુધારવા ઇચ્છતો હોય તોપણ સુધારી શકે તેમ નથી.

કોઈ પણ પ્રજાની ઉન્નતિનો આધાર કેવળ પૈસા ઉપર રહેલો નથી. કેવળ બહારની પૈસાની મદદ કર્યા કરવાથી તે પ્રજાનું માનસ દિનપ્રતિદિન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલામ થતું જશે અથવા બેદરકાર અને કાળજી કે ચીવટ વગરનું થતું જશે. આર્થિક મદદની જરૂર છે, પણ તે અમુક સમય પૂરતી જ છે. સંક્રાંતિકાળ અથવા પરિવર્તનના કાળમાં તેની જરૂર રહે છે અને તે આપવી યોગ્ય છે. પણ જ્યારે તે કાળ વીતી જાય અને છતાં બહારથી તેને આર્થિક મદદ મળતી જ રહે તો તેમાં તે પ્રજાનું નૈતિક અહિત થાય છે. સંક્રાંતિકાળ દરમિયાન પણ પ્રજાને ભાન કરાવતા રહેવું જોઈએ કે, બહારની મદદ તો કેવળ થોડા સમય પૂરતી જ છે, બાકી તેમના પ્રશ્નો તેઓએ પોતે જ હલ કરવાના છે અને પોતાના ખર્ચે જ કરવાના છે. બાળક ખાતાં શીખ્યું ન હોય તો મા તેને ખાતાં શીખવે છે. તેના મોઢામાં કોળિયો મૂકે છે. પણ જ્યારે તેનામાં ખાવાની પૂરેપૂરી શક્તિ આવી હોય ત્યારે પણ મા તેને પોતાના હાથે ખવડાવ્યા કરે તો કાં તો બાળક ખાતાં ન શીખે, ખાવાની શક્તિ હોવા છતાં તે 'મા'ની જ આશા રાખે અને મા ખવડાવે ત્યારે જ ખાય એમ બને. અથવા બીજું પણ પરિણામ એ આવે કે, બાળકમાં જ્યારે ખાવાની શક્તિ આવે ત્યારે પણ જો મા તેના મોઢામાં કોળિયા મૂક્યા કરે તો માતાની આંગળીઓને બાળક કદાચ જાણતાં અજાણતાં કરડી નાંખે. આવું જ પરિણામ કાયમને માટે આર્થિક સહાય કરતા રહેવાથી આવે છે. જેમ જેમ પ્રજા શક્તિમાન થતી જાય તેમ તેમ બહારની આર્થિક સહાય ઓછી કરતા જવું અને તેને પોતાના પગ પર નિર્ભર થતાં શીખવવું અને તે દિનપ્રતિદિન વધુ ને વધુ સ્વાવલંબી થાય એવા પ્રયત્નો કરવા ઇષ્ટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિશિષ્ટો

૧

આદિવાસીઓની વસ્તી

હિંદના ભાગલા અને દેશી રાજ્યોનાં વિલીનીકરણ પછીની હિંદના આદિવાસીઓની પ્રાંતવાર વસ્તી નીચે મુજબ છે :

'એ' વિભાગનાં રાજ્યો

પ્રાંતનું નામ	ભીલોની વસ્તી (આદિવાસીઓ)	કુલ વસ્તી	ટકા
૧ આસામ	૨૬,૦૭,૨૦૦	૭૬,૮૫,૧૦૦	૩૩.૯
૨ બિહાર	૫૧,૬૫,૪૦૦	૩,૬૫,૪૫,૦૦૦	૧૪.૧
૩ મુંબઈ	૨૭,૧૨,૨૦૦	૨,૦૩,૮૪,૦૦૦	૯.૨
૪ મધ્ય પ્રદેશ	૪૪,૩૯,૮૦૦	૧,૯૬,૪૮,૦૦૦	૨૨.૬
૫ મદ્રાસ	૫,૬૨,૦૦૦	૪,૯૮,૨૫,૦૦૦	૧.૧
૬ ઓરિસ્સા	૩૫,૦૮,૫૦૦	૧,૩૭,૬૮,૮૦૦	૨૫.૪
૭ પંજાબ	....	૧,૨૬,૯૭,૦૦૦	.....
૮ ઉત્તર પ્રદેશ	૨,૯૨,૮૦૦	૫,૫૮,૬૯,૮૦૦	૨૫.૪
૯ પશ્ચિમ બંગાળ	૧૩,૫૮,૭૦૦	૨,૧૮,૫૨,૪૦૦	૬.૫

'બી' વિભાગનાં રાજ્યો

૧ હૈદ્રાબાદ	૬,૭૮,૧૦૦	૧,૬૩,૩૮,૬૦૦	૪.૧
૨ જમ્મુ અને કાશ્મીર	૨૯,૪૦૦	૪૦,૨૨,૦૦૦	૦.૭
૩ મધ્ય ભારત	૧૦,૯૬,૪૦૦	૭૧,૪૧,૦૦૦	૧૫.૪
૪ મૈસુર	૯,૪૦૦	૭૩,૨૯,૦૦૦	૦.૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫ પેપ્સુ	— —	૩૪,૨૪,૦૦૦	—
૬ રાજસ્થાન	૧૫,૫૦,૪૦૦	૧,૩૦,૮૨,૦૦૦	૧૧.૦
૭ સૌરાષ્ટ્ર	૧,૯૦૦	૩૫,૬૫,૦૦૦	૦.૦૮
૮ ત્રાવણકોર કોચીન	૧,૩૭,૯૦૦	૭૪,૯૩,૯૦૦	૧.૦

‘સી’ વિભાગનાં રાજ્યો

પ્રાંતનું નામ	આદિવાસીઓની સંખ્યા	કુલ વસ્તી	ટકા
૧ અજમેર	૯૧,૫૦૦	૫,૮૪,૦૦૦	૧૫.૬
૨ ભોપાલ	૭૧,૦૦૦	૭,૮૫,૦૦૦	૯.૦
૩ કૂર્ગ	૧૯,૦૦૦	૧,૬૯,૦૦૦	૧૧.૬
૪ દિલ્હી	— —	૯,૧૮,૦૦૦	— —
૫ હિમાચલ પ્રદેશ	— —	૯,૩૫,૦૦૦	— —
૬ કચ્છ	૧,૪૦૦	૫,૦૦,૦૦૦	૦.૩
૭ મણિપુર	૧,૫૨,૮૦૦	૫,૧૨,૮૦૦	૨૯.૮
૮ ત્રિપુરા	૩૩,૬૦૦	૫,૧૩,૦૦૦	૬.૪
૯ વિંધ્ય પ્રદેશ	૨,૦૯,૦૦૦	૩૫,૬૯,૦૦૦	૫.૯

‘ડી’ વિભાગનાં રાજ્યો

૧ આંદામાન ટાપુઓ	૧૧,૦૦૦	૩૩,૮૦૦	૩૨.૯

કુલ વસ્તી

કુલ	૨,૪૭,૪૦,૧૦૦	૩૧,૮૧,૮૧,૨૦૦	૭.૮

ઉપરના આંકડાઓ ભારતીય આદિમજાતિ સેવક સંઘ તરફથી ૧૯૫૧માં બહાર પડેલા ‘એક્ટ એન્ડ ઓર્ડર્સ ઑફ ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા’માંથી લીધા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

ગ્રામધીરધારનો પ્રયોગ*

પંચમહાલના આદિવાસીઓની ઉન્નતિ કરવા માટે ગ્રામધીરધારનો એક પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે. તે કેવળ પ્રયોગાવસ્થામાં છે. તેની સફળતા નિષ્ફળતા અનુભવને અંતે જ કહી શકાય. પરંતુ તે પ્રયોગ અને તે પાછળ રહેલી કલ્પના આદિવાસીઓ અને ગામડાંના પ્રશ્નોના ઉકેલની દૃષ્ટિએ રસપ્રદ છે. વળી તેમાંથી બીજા માર્ગો સૂઝી આવવા સંભવ લાગે છે. તેથી તે અંગેની થોડીક વિગતો રજૂ કરવી અહીં અસ્થાને નહીં લેખાય.

આ પ્રયોગ દાહોદ પાસે જેસાવાડા વિભાગમાં શરૂ કર્યો છે. આ ગાળાનાં ગામોમાં કેવળ આદિવાસીઓની વસ્તી છે. તેઓ ઘણા પછાત, અજ્ઞાન અને ગરીબ છે. તેઓ દારૂના શિકાર બનેલા છે. તેમ જ શાહુકારોના શોષણમાં ફસાયેલા છે. પરિણામે અજ્ઞાનતા, ગરીબી, અર્ધ ભૂખમરો અને દેવાદાર સ્થિતિમાં જીવન વિતાવે છે. તેઓ જ્યાં સુધી શિક્ષિત ન થાય, દારૂ ન છોડે અને શાહુકારના શોષણમાંથી ન છૂટે ત્યાં સુધી કદી સુખી થઈ શકે તેમ નથી. આમાંના ત્રીજા મુદ્દા અંગે શરૂ કરેલા કામની કેટલીક વિગત નીચે મુજબ છે :

અહીંના ખેડૂતોને મુખ્યત્વે ત્રણ બાબત માટે દર વર્ષે દેવું કરવું પડે છે : (૧) બી અને અનાજ માટે (૨) કપડાં માટે અને (૩) કેટલીક બીજી જરૂરિયાતો માટે. તે બદલ તેમને દોઢું વ્યાજ આપવું પડે છે.

આ જરૂરિયાતોને પહોંચી વળવા માટે, આ વિભાગમાં સહકારી મંડળીઓ શરૂ કરવામાં આવી છે અને તે બીજી એવી મંડળીઓની

---

* 'શિક્ષણ અને સાહિત્ય'ના ૧૯૫૪ના નવેમ્બર માસના અંકમાં પ્રગટ થયેલા 'ગ્રામધીરધારનો એક પ્રયોગ' નામના લેખમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખામણીમાં સારી ચાલે છે. પણ તેનાથી ખેડૂતોની મુશ્કેલીઓનો ઉકેલ આવતો નથી. (તેનાં કારણોનો ઉલ્લેખ સહકારી મંડળીઓ અંગેના પ્રકરણમાં આવી ગયો છે.) આથી શાહુકારી ધીરાણ અને શોષણ ચાલુ રહે છે. તેનો ઉકેલ કરવા માટે નીચેનો પ્રયોગ શરૂ કરવામાં આવ્યો છે.

અહીંના લોકો છૂટાછવાયા દસ પંદરના જૂથમાં થોડાં થોડાં ઘરો બાંધીને રહે છે. તેને ફળિયાં કહે છે. અહીં (જેસાવાડા) નજીકના બાવકા ગામના પાંડેર ફળિયાને આ કામ માટે પસંદ કર્યું છે. તેમાં નાનાં મોટાં કુલ ૨૬ કુટુંબ વસે છે. તે બધા જાતે આદિવાસી (ભીલ) છે. તેમનો ધંધો ખેતીનો છે. તેમાં થોડા ઘણા પાસે પૂરતી જમીન છે, અને તેઓ સુખી છે. બાકીના જેમ તેમ કરી પોતાનું ભરણપોષણ કરે છે.

આ ગામમાં કુલ ૧૦ માણસની એક કમિટી નીમી છે; અને તેમને મુખ્યત્વે ગામના અનાજનું, કપડાંનું અને રોકડ નાણાં પૂરા પાડી આપવાનું કામ સોંપવામાં આવ્યું છે.

સામાન્ય રીતે લોકોને જ્યારે ઘરમાં પોતાના જીવનનિર્વાહ માટે અનાજ ખૂટે છે ત્યારે તેમને શાહુકાર પાસેથી દાણા વ્યાજે લાવવા પડે છે અને તે બદલ દોઢું વ્યાજ દાણાના રૂપમાં આપવું પડે છે.

અનાજ

તપાસ કરતાં જણાયું છે કે, ઉપરોક્ત ૨૬ કુટુંબોમાંથી લગભગ ૧૬ કુટુંબને બધું મળીને દર વર્ષે શાહુકારો પાસેથી પોતાના જીવનનિર્વાહ માટે તેમ જ બી માટે, સરેરાશ ૮ માણી અનાજ, અનાજના રૂપમાં લાવવું પડે છે; અને તે બદલ બધું મળીને કુલ ૧૪ માણી અનાજ શાહુકારોને પાછું આપવું પડે છે. એટલે કે દર વર્ષે સરેરાશ ૬ માણી અનાજ આ ફળિયામાંથી શાહુકાર લઈ જાય છે. આ અટકાવવા માટે, આ ફળિયામાં એક નાનો અનાજનો કોઠો ખોલ્યો છે. તેમાં કુલ ૧૨ માણી અનાજ બધાએ ભેગા મળી, પોતાની શક્તિ અનુસાર આપી એકઠું કરવાનું નક્કી કર્યું છે. આ કોઠાનો બધો હિસાબ દસ માણસની નીમેલી કમિટી રાખશે. કેવળ જીવનનિર્વાહ માટે જેની પાસે દાણા ખૂટે તેને આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઠામાંથી દાણા આપવાનું ઠરાવવામાં આવ્યું છે. એટલે કે જ્યારે કોઈ વ્યક્તિ પાસે પોતાના જીવનનિર્વાહ માટે દાણા ખૂટે ત્યારે હંમેશ મુજબ શાહુકાર પાસે ન જતાં ઉપરોક્ત કમિટી પાસે જઈ પોતાની હકીકત રજૂ કરે. તેની સત્યાસત્યતા અંગે કમિટી વિચાર કરે અને તેને તેના જીવનનિર્વાહની જરૂરિયાત પૂરતા દાણા આપે. દા. ત. એક કુટુંબ પાસે હોળી ઉપર દાણા ખૂટ્યા અને તેને ઘેર પાંચ માણસ ખાનારાં હોય તો તેમને ત્યાં બીજું નવું ધાન ન પાકે તે સમય સુધી, તેમના જીવનનિર્વાહ માટે કેટલું અનાજ જોઈએ તેનો હિસાબ ગણી કમિટી તેમને કોઠામાંથી દાણા પૂરા પાડે.

આ વ્યવસ્થાને લીધે જીવનનિર્વાહ માટે પ્રાથમિક જરૂરિયાત પૂરતા દાણા માટે ખેડૂતને શાહુકાર પાસે નહીં જવું પડે. તેમને ગામના કોઠામાંથી અનાજ મળી રહેશે. આમ અનાજનો ઉપાડ કરવા બદલ અનાજ લેનારે હાલ પૂરતું દોઢું અનાજ પાછું આપવાનું રહેશે. જો કોઈ વ્યક્તિની શક્તિ તેટલું આપવાની નહીં હોય તો કમિટી તે અંગે વિચાર કરશે. હાલ દોઢું અનાજ પાછું આપવાનું છે. તે કોઠાને મજબૂત કરવા પોતાના ફાળા તરીકે આપવાનું છે. છતાં તે અંગે ગામલોકો નિર્ણય ફેરવી શકે છે.

ઉપર જોઈ ગયા તે મુજબ, કુલ ૮ માણી અનાજ, જે અત્યાર સુધી શાહુકાર પાસેથી લાવવામાં આવતું તે ગામના કોઠામાં જ બચશે. ગામનું ધન અને ધાન ગામમાં જ જળવાશે.

કપડાં

કપડાં માટે ચરખા દ્વારા સ્વાવલંબનનો પ્રયોગ કરવો જોઈએ. પણ હાલ તુરત તે માટે નીચેની વ્યવસ્થા કરી છે:

ઉપરોક્ત ૨૬ કુટુંબમાંથી ૧૮ કુટુંબોને કપડાં માટે દર વર્ષે કુલ આશરે રૂા. ૯૦૦) કપડાંવાળા શાહુકારનું કપડાં પેટે દેવું કરવું પડે છે અને તે બદલ શાહુકારને કુલ રૂા. ૧,૪૦૦) ભરવા પડે છે. એટલે કપડાં માટે કુલ રૂા. ૫૦૦) વધારાના – વ્યાજના શાહુકારને ચૂકવવા પડે છે. (જોકે સારાં કુટુંબોને કપડાં માટે દેવું કરવું પડતું નથી.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલ એવું નક્કી કરવામાં આવ્યું છે કે, કોઈએ કપડાંવાળા શાહુકાર પાસેથી કપડું ન ખરીદવું. કપડાં માટે બને તો જેસાવાડા યુનિયનમાં બંદોબસ્ત કરવો. અથવા તો કોઈક કપડાંના વેપારી સાથે તે અંગે નક્કી કરવું. અથવા આ અંગે બીજો યોગ્ય બંદોબસ્ત કરવો. કપડું ખરીદવા સૌ કોઈ સાથે જ જાય એવી કલ્પના કરી છે. (એટલે કે, જેને કપડાં માટે દેવું કરવું પડે છે તે ૧૮ કુટુંબો જ) તેઓ મંડળીના નામે એટલે કે ફળિયાની સંયુક્ત જવાબદારીએ તેની શાખ ઉપર લગભગ રૂા. ૯૦૦)નું કપડું ઉધાર આણે, અને તે બદલ વેપારી અથવા સંસ્થાને વાજબી વ્યાજ આપવાની શરત કરવામાં આવે. આ પ્રમાણે જોગવાઈ ઊભી કરવામાં આવશે. એ પ્રમાણે થઈ શકશે તો દર વર્ષે કપડાં માટે આપવા પડતા વધારાના–વ્યાજના રૂા. ૫૦૦) કપડાંવાળા શાહુકારને ત્યાં જતા બચશે. જોકે આ મંડળીઓ, ઉધાર માલ લાવી આપવા બદલ, જે સભ્યોએ એ માલ ઉધાર લીધો હશે તેમની પાસેથી હાલ પૂરતું તો દોઢું વ્યાજ લેવાનો આગ્રહ રાખશે અને તે પૈસા મંડળી પાસે જ જમા થશે. એટલે આ વર્ષે લગભગ રૂા. ૫૦૦) કપડાંના વ્યાજના તણાઈને શાહુકારના ઘરમાં જવાને બદલે ગ્રામ મંડળીની પાસે બચશે. જોકે ઓછામાં ઓછા રૂા. ૫૦) તો ઉધાર માલ લાવવા બદલ કદાચ જશે, તોપણ રૂા. ૪૫૦) તો ઓછામાં ઓછા બચશે જ.

રોકડ નાણાં

અહીંના લોકોને કેટલીક વાર રોકડ નાણાંની જરૂર પડે છે અને તે માટે તેમને શાહુકાર પાસે જવું પડે છે. તેમાંથી પણ બચવા માટે પગલું ભરવામાં આવ્યું છે. તે માટે ઉપરનાં ૨૬ કુટુંબે, એટલે કે, દરેક સભાસદે રૂા. ૧૦) કાઢવાનું નક્કી કર્યું છે. એ રીતે, કુલ રૂા. ૨૬૦) ભેગા થશે. આ પૈસામાંથી રૂા. ૨૦૦) કમિટીનો મુખ્ય માણસ બેંકમાં મૂકી રાખશે અને વધારાના રૂા. ૬૦) પોતા પાસે સિલક રાખશે. જ્યારે કોઈને રોકડ નાણાંની જરૂર પડશે ત્યારે તે કમિટી પાસે જશે. પોતાની હકીકત સંભળાવશે. તે ઉપર કમિટી વિચાર કરશે અને યોગ્ય લાગશે તો તેને જોઈતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપિયા પેલા હાથ સિલક તરીકે રાખેલા રૂા. ૬૦)માંથી આપશે. આ રીતે લેવડદેવડમાં જ્યારે હાથ સિલકના રૂા. ૬૦) પૂરા થશે ત્યારે ફરી રૂા. ૫૦) બેંકમાંથી ઉપાડી પોતા પાસે રાખશે. આ રીતે આ વર્ષ દરમ્યાન કુલ રૂા. ૨૬૦)નું ધીરાણુ થશે. આ પ્રમાણે જે સભ્ય નાણું ઉઠાવશે તેને તે બદલ હાલ પૂરતું દોઢું વ્યાજ આપવાનું રહેશે. તે વ્યાજ રૂપે નહીં, પણ પોતે લાભ ઉઠાવ્યો તે બદલ વધારે ફાળો ભર્યા રૂપે. આ વસ્તુ કમિટીએ જ ઠરાવી છે. તેને યોગ્ય લાગે તો તે વ્યાજ લેવાનું સદંતર ઉડાવી શકે છે. અથવા તો અમુક માટે માફ પણ કરી શકે છે.

આ પ્રમાણે દર વર્ષે રૂા. ૨૬૦) નું ધીરાણુ થશે. તેનું લગભગ રૂા. ૧૦૦) જેટલું વ્યાજ આવશે એવું ધારવામાં આવ્યું છે.

આ પ્રમાણે, દર વર્ષે શાહુકારને ત્યાં આ ફળિયામાંથી અંદાજે ૬ માણી અનાજ એટલે કે ઓછામાં ઓછું રૂા. ૨૦૦) અનાજ રૂપે, રૂા. ૪૫૦) કપડાં પેટે અને રૂા. ૧૦૦) રોકડ નાણું ઉધાર આપવા બદલ, એટલે કે કુલ રૂા. ૭૫૦) આ ફળિયામાંથી, જે દર વર્ષે શાહુકારના ઘરમાં કેવળ વ્યાજ પેટે જ જતા હતા, તે હવે ગામલોકો પાસે જ રહેશે. તે મંડળીની મૂડી બનશે.

ઉપર મુજબના કોઠાઓ અને મંડળો ફળિયાવાર ગામવાર વિકેન્દ્રિત ઢબે કરવાથી ગામ લોકો સરળતાથી તે સાચવી શકે અને ચલાવી શકે. તે નાના પાયા પર હોવાથી ગોટાળા કે ગોલમાલ ઊભી ન થાય અને પરસ્પર સહાય કરવાની વૃત્તિ કેળવાય તથા સંપ વધે એવી સંભાવના આ યોજનામાં રહેલી છે. સવાલ છે તેના ચલાવનારનો. શરૂઆતમાં તેને યોગ્ય માર્ગદર્શન મળી રહેવું જોઈએ અને તેનો પાયો જામવો જોઈએ. પછી ગામ લોકો પોતાની મેળે ઉપાડી લેશે એવી અપેક્ષા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

આદિવાસીઓમાં કામ કરતી કેટલીક સંસ્થાઓ

૧ ભીલ સેવા મંડળ, દાહોદ. જિ. પંચમહાલ (ગુજરાત)
૨ સ્વરાજ આશ્રમ, વેડછી. પો. વાલોડ. જિ. સુરત
૩ આદિવાસી સેવા મંડળ, ૫૧, મહાત્મા ગાંધી રોડ, મુંબઈ
૪ આંધ્ર શ્રમિક ધર્મરાજ સભા, કોવ્વુર (Kovvur) જિ. પ. ગોદાવરી (આંધ્ર)
૫ શક્તિ આશ્રમ, પો. શક્તિ આશ્રમ, જિ. ગોલપારા (Goalpara)
૬ સંથાલ પહાડી સેવા મંડળ, વિદ્યાનાથ, દેવઘર (Deoghar) જિ. સંથાલ પરગણું
૭ ટ્રાઈબલ વેલ્ફેર વર્ક ઑફ સર્વન્ટ ઑફ ઇન્ડિયા સોસાયટી, પુથીઆરા (કાલિકટ)
૮ માળવા ભીલ સેવક સંઘ, ઇન્દોર (મધ્ય ભારત)
૯ મીરઝાપુર વેલ્ફેર વર્ક્સ ઑફ સર્વન્ટ ઑફ ઇન્ડિયા સોસાયટી, સરસા (અલ્લાહાબાદ)
૧૦ આદિમ જાતિ સેવા મંડળ, પો. હીનૂ. રાંચી (બિહાર)
૧૧ પશ્ચિમ ખાનદેશ ભીલ સેવા મંડળ, નંદરબાર. જિ. પશ્ચિમ ખાનદેશ
૧૨ વનવાસી સેવા મંડળ, (મધ્ય પ્રદેશ)
૧૩ ઇરુલ અપલિફ્ટ સંઘ, કોઇમ્બ્ટૂર (મદ્રાસ)
૧૪ નવજીવન મંડળ, બોનાઈગઢ, વાયા પાનપોશ (બેન્ગૉલ નાગપુર રેલવે) ઓરીસા
૧૫ આંધ્ર રાષ્ટ્ર એરુકાલા (Erukala) મહાસંઘ, ઈપુરીપાલમ (Ipuripalam)
૧૬ આસામ ટ્રાઈબલ વેલ્ફેર વર્ક, બારામ (Baram. Dt. Kamarup)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૭ ગ્રામ સેવા કુટિર, સેન્ધવા (Sendhwa, Madhya Bharat)
૧૮ આદિમ જાતિ સેવક સંઘ, ડુંગરપુર (રાજસ્થાન)
૧૯ ટ્રાઇબલ વેલ્ફેર વર્ક ઑફ સર્વન્ટ ઑફ ઇન્ડિયા સોસાયટી, ઠક્કર આશ્રમ, રાયગઢ (Rayagadh, Dt. Koraput, Orissa)
૨૦ Chenchus Association, Gurzala, Dt. Guntur
૨૧ રાજસ્થાન સેવા સંઘ (રાજસ્થાન)
૨૨ વાંસવાડા જિલ્લા સેવક સંઘ, પ્રતાપપુર, જિ. વાંસવાડા (રાજસ્થાન)
૨૩ ભારતીય આદિમ જાતિ સેવક સંઘ, હૈદ્રાબાદ બ્રાંચ, ૩૨૭ બી. ૬, સુલ્તાન બજાર, હૈદ્રાબાદ (દક્ષિણ)
૨૪ ભારતીય આદિમ જાતિ સેવક સંઘ, તામિલનાડ બ્રાંચ, ઈરોડ, મદ્રાસ
૨૫ અશોક આશ્રમ, કાલસી (Kalsi) જિ. દહેરાદૂન (U. P.)

૪

ઉપયોગમાં લીધેલાં પુસ્તકોની યાદી

1. Aboriginals By Verrier Elvin
2. Loss of Nerve ,, ,, ,,
3. The Problem of Aborigines in India By A. V. Thakkar
4. The Aborigines "So Called" — And their Future By C. S. Ghurye
5. Acts and Orders of Government of India, L. M. Shrikant
6. Excluded Areas (under the New Constitution) Z. A. Ahmed
7. Tribes of India Part I } Published by Bhartiya
8. ,, ,, ,, Part II } Adimjati Sevak Sangh
9. The Western India Adivasi Workers' Federation
10. Welfare Work among the Tribal People

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

11. Socio-Economic Survey of Poona Part I & II
12. Rural Economy of Gujarat By M. B. Desai
13. Tribes and Castes of Bombay State Vol. I
14. Privileges Provided by Government for Backward Classes
15. Report of the Conference of the Social Workers & Anthropologists for Tribal People in India 1948
16. Annual Reports of the Bharatiya Adimjati Sevak Sangh of 1948, 1949-50-51
17. Annual Report of the working of Backward Class Department
18. Notes on the Aboriginal Problems in Mandla Dt. By W. V. Grigson
19. Indian Journal of Social Work (November 1950)
20. Journal of Gujarat Research Society 1942 vol. iv
21. Imperial Gazetteer of India vol. I (For Bombay P.)
22. ,, ,, of Bombay Province vol. 9 (Population)
23. Gazetter of Kheda and Panchmahals 1909-11-26-35
24. Settlement Report for the Dohad Jhalod Taluka
25. Report on the Aboriginal and Hill Tribes of the Partially Excluded Area in the Province of Bombay By D. Symington I. C. S.

૨૬. મારું ગામડું, બબલભાઈ મહેતા

૨૭. માતર તાલુકાની આર્થિક તપાસ, જે. સી. કુમારપ્પા

૨૮. ભૂવેલની તપાસ, વિમળ શાહ અને સરલા શાહ

૨૯. શેરથાની આર્થિક તપાસ, વિઠ્ઠલદાસ કોઠારી

૩૦. ખેડૂતપોથી, ,, ,, અને નગીનભાઈ શેઠ

૩૧. ગુજરાતના પંચમહાલ જિલ્લાના ભીલો, વણીકર

૩૨. ભીલ સેવા મંડળનો ૧૯૨૨ થી ૧૯૫૦ સુધીનો રિપોર્ટ

૩૩. પશ્ચિમ હિંદ આદિવાસી સેવક સંઘ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

34. An Overall Plan and Rural Development By J. C. Kumarappa
35. Panchmahal's Forest's Revised Working Plan

૫

તપાસની પ્રશ્નાવલી

ગામનું નામ
કુટુંબના મુખ્ય માણસનું નામ
મુખ્ય ધંધો અને તેમાં કેટલો સમય આપે છે?
મદદગાર ધંધો ,, ,, ,,
મુખ્ય ધંધામાં રોકાયેલા માણસોની સંખ્યા
કુલ જન સંખ્યા, પુરુષ, સ્ત્રી, ઉંમર, શું કામ કરે છે, ભણતર કેટલું, પરણેલાં કે કુંવારાં, કેટલી ઉંમરે, વિશેષ
કુલ જમીન કેટલી છે?
કેટલી જમીન ખેડે છે?
ભાગની જમીન કેટલી?
માલકીની જમીન કેટલી?
ગણોતે રાખેલી જમીન કેટલી?
ગીરો મૂકેલી જમીન કેટલી?
પડતર કેટલી?
આ ઉપરાંત બીજી કઈ જાતની?
જમીનના માલિકને શું આપે છે?
જમીનમાં ખાતર કેટલું અને કયું નાખ્યું?
પોતાનું ખાતર કેટલું થયું?
ખાતર બનાવવા માટે શી વ્યવસ્થા છે?
વેચાતું ખાતર કેટલું નાખ્યું (મણ)?

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમીનને પાણી પાવાની શી સગવડ છે?
કૂવા કેટલા છે? પાકા કે કાચા?
ગયે વરસે કયો કયો પાક થયો અને કેટલો?
તેની આગળના વરસે કયો કયો પાક થયો હતો અને કેટલો?
સામાન્ય વરસમાં કેટલો અને કયો કયો પાક થાય છે?
સારા વર્ષમાં " " "
ખરાબ વર્ષમાં શું થાય છે?

ઘઉં, ચણા, તુવર, મગફળી, ડાંગર, મકાઈ, ડુંગળી, અડદ, શાકભાજી, મરચાં વગેરે

કયો કયો અને કેટલો પાક વેચ્યો અને શા ભાવે?— છેલ્લાં ત્રણ વર્ષનો
ઢોર — ભેંસ, પાડાં, પાડી કેટલાં વેચ્યાં અથવા ખરીદ્યાં? શા ભાવે?
બળદ, વાછડાં કેટલાં વેચ્યાં અથવા ખરીદ્યાં? શા ભાવે?
ગાય, વાછડી કેટલાં વેચ્યાં અથવા ખરીદ્યાં? શા ભાવે?
બકરાં, બકરી બચ્ચાં કેટલાં કેટલાં વેચ્યાં? શા ભાવે?
મરઘાં કેટલાં? કેટલાં ઈંડાં થાય? કેટલાં બચ્ચાં થાય? વેચ્યાં શા ભાવે?

કેટલું દૂધ થાય છે? પીવામાં કેટલું વાપરો? વેચવામાં કેટલું? ઘી કેટલું થાય?

ઢોરનું રોકડ ખર્ચ કેટલું? ઘાસનું? ખોળનું? મીઠાનું? અન્ય.

ખેતીનું રોકડ ખર્ચ? વાર્ષિક? મહેસૂલ? ખાતર? મજૂરી? રખવાળી? ઓજાર? લુહારનું? કુંભારનું ખર્ચ?

દેવું કેટલું? શાહુકારનું દેવું કેટલું? તેનો દર કેટલો? મુદત?
સહકારી મંડળીનું દેવું કેટલું? વ્યાજનો દર? મુદત?
દેવું શા માટે કર્યું? અદર અંદરની ખાનગી લેવડદેવડ કેટલી અથવા લેણું દેણું કેટલું?
તગાવી કેટલી લીધી? તેનો હપતો કેટલાનો? શાને માટે તગાવી લીધી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાકનો ખર્ચ કેટલો? બાર મહિને કેટલું અને કયું કયું અનાજ વાપરો છો?

એ ટંકના રોજનો ધાનનો કુલ વપરાશ કેટલો?

કપડાંનું ખર્ચ કેટલું?

લગ્નનું કેટલું?

મરણનું કેટલું?

ગાડીભાડાનું કેટલું?

દવાદારૂનું ખર્ચ કેટલું?

બડવૈનું ખર્ચ કેટલું? ભૂવાબાપાનું કેટલું?

વાસણોનું ખર્ચ કેટલું? માટીનાં વાસણ કેટલાં છે? કાંસાનાં વાસણ કેટલાં છે?

પિત્તળનાં વાસણ કેટલાં છે? થાળી, વાડકો, લોટો, ડોલ વગેરેની સંખ્યા?

પહેલાં દારૂનું ખર્ચ કેટલું થતું હતું?

તમાકુનું ખર્ચ કેટલું? બીજાં વ્યસનોનું ખર્ચ કેટલું?

દીવાસળી, તેલ, મસાલા, ખાંડ, ચા, રમકડાં, ગોળ, કેરોસીન વગેરેનું ખર્ચ કેટલું?

ખેતીનાં સાધનો (ઓજારો) કયાં કયાં છે? હળ, કોશ, કોદાળી, પાવડો, તગારાં, દાતરડાં, તીકમ, કુહાડી વગેરે તેમ જ ઘંટી અને માટીની કોઠી

બળતણનું ખર્ચ કેટલું? લાકડાંનું ખર્ચ કેટલું?

ગાડાં છે કે નહીં? તેનો શો શો ઉપયોગ થાય છે? ભાડે ફેરવવામાં આવે છે કે નહીં? કેટલો સમય ફેરવો છો? શું મજૂરી મળે છે?

ઉનાળામાં બીજી શાની શાની મજૂરી કરો છો? કેટલા દિવસ?

મજૂરીનો દર શો?

કેટલા આંબા છે? કેટલાં ફળ ઊતરે છે? કેટલાં વેચો છો? શા ભાવે વેચો છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરાંત બીજાં ક્યાં ફળઝાડો છે? તેનાં ફળ શા ભાવે વેચો છો? કેટલાં વેચ્યાં?

જંગલમાંથી ખાખરાનાં પાન કે સૂકાં લાકડાં તથા છાણાં વીણી વેચો છો?. શા ભાવે? કેટલાં વેચ્યાં?

બીજી કઈ કઈ વસ્તુ વેચો છો?

કાળા બજારમાં કેટલું ધાન વેચ્યું? સરકારને કેટલું વેચ્યું? શા શા ભાવે વેચ્યું?

ઘરનું અનાજ કેટલું ખાધું? બહારથી રેશનનું કેટલું આણ્યું? શા ભાવે? કાળા બજારનું કેટલું ખરીદ્યું? શા ભાવે?

દેસાઈ કે શાહુકારને અનાજના રૂપમાં શું શું આપો છો? ક્યારે ક્યારે કેટલું આપ્યું?

ઘરમાં ઘરેણાં કેટલાં? કથીરનાં કેટલાં અને ચાંદીનાં કેટલાં? કિંમત કેટલી?

કુલ મિલકત કેટલી? સ્થાવર કેટલી? બીજી મિલકત કેટલી?

હાલમાં કોઈ વેઠ કરાવે છે? કોણ, ક્યારે અને શા માટે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધિપત્રક

પાન	પેરા	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૯	૧	૧૧	હાથીલા	હઠીલા
૩૧	૩	૧૩	સા...	સાથે
૩૪	૨	૧૨	knd	and
૩૯	૧	૬	ડગે છે	ઠગે છે
૪૦	૨	૧૭	કેટલું = કેચું	કેટલું = કેત્રું, કેટલું
૪૧	૧	૩	શું વાંચે છે?– હું વાંચે છે.	શું વાંચે છે.= હું વાંસે સે?
૮૦	૧	મથાળું	સૂકી નદી બંધ યોજના	બંધ યોજનાઓ
૮૩	૪	૩	ચડસાનો	ચડસનો
૮૩	૪	૪	ચડસા	ચડસ
૧૪૯	૧	૬	શણાપુર	રાણાપુર

૨

પા. ૧૨૮ ઉપર 'વાર્ષિક નફા–તોટાની સ્થિતિનું પૃથક્કરણ'ને કોઠો નીચે પ્રમાણે સુધારવો :

	ખાદ્ય	ખોટ કુટુંબની સંખ્યા	ટકા
	૧ થી ૧૦૦	૧૧	૧૫
	૧૦૧ ,, ૨૦૦	૧૫	૨૧
	૨૦૧ ,, ૩૦૦	૧૭	૨૩
	૩૦૨ ,, ૫૦૦	૫	૭
	૫૦૧ ,, ૧૦૦૦	૧	૨
કુલ		૪૯	૬૮

લગભગ ૬૮ ટકા ભીલોને ખાધ આવે છે અને રૂા. ૧૦૧ થી ૩૦૦ સુધીની ખાધ લગભગ ૪૪ ટકાને આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મહાદેવભાઈ સ્મારકમાળાનાં બીજાં પ્રકાશનો

ગાંધીજી – એક અધ્યયન

શાંતિલાલ મગનલાલ દેસાઈ

ગાંધીજીના જીવનનાં વિવિધ પાસાંઓની તલસ્પર્શી છણાવટ કરતો મહાનિબંધ. શ્રી મગનભાઈ દેસાઈની પ્રસ્તાવના સાથે.

કિં. રૂ. ૪–૦–૦ ટ. ર. ૦–૧૦–૦

ગુજરાતનું ગોધન

કમલાપતિ અંબાલાલ શુકલ

ગુજરાતનાં છ પશુઉછેર ક્ષેત્રોની આ નિબંધમાં તપાસ કરીને ગોઉછેરનો પ્રશ્ન વિચાર્યો છે. સાથે ઉપયોગી કોઠાઓ અને માહિતી જોડ્યાં છે.

કિં. રૂ. ૧–૪–૦ ટ. ર. ૦–૫–૦

મજૂર કલ્યાણ પ્રવૃત્તિ

હીરાલાલ ભગવાનદાસ જરીવાળા

માલિકો, મજૂર સંઘો, અને સરકાર તરફથી મજૂરોની ઉન્નતિ માટે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનું આ નિબંધમાં અવલોકન કરવામાં આવ્યું છે. શ્રી મોહનલાલ વ્યાસની પ્રસ્તાવના સાથે

કિં. રૂ. ૧–૧૨–૦ ટ. ર. ૦–૪–૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ માળાનાં બીજાં પુસ્તકો

૧. ગાંધીજી – એક અધ્યયન —શાંતિલાલ દેસાઈ ૪–૦–૦

૨. ગુજરાતનું ગોધન —કમલાપતિ શુક્લ ૧–૪–૦
[ગુજરાતનાં પશુઉછેર ક્ષેત્રોની તપાસ]

૩. મજૂર કલ્યાણ પ્રવૃત્તિ —હીરાલાલ જરીવાલા ૧-૧૨-૦
[અમદાવાદ શહેરને મધ્યમાં રાખીને
કરેલી તપાસ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar